જોઇસ માયર

માનવ મન કુરુક્ષેત્ર પુસ્તકના લેખીકા



# યુદ્ધ યહોવાનું છે

ભક્તિ દ્વારા જીવનના સંઘર્ષ જીતવા

# યુદ્ધ
# યહોવાનું
# છે

# યુદ્ધ યહોવાનું છે

## ભક્તિ દ્વારા જીવનના સંઘર્ષ જીતવા

## જોઈસ માયર

JOYCE MEYER
MINISTRIES
Nanakramguda, Hyderabad 500 008

Battle Belongs to the Lord - *Gujarati*

*Printed at*

CAXTON PRINTERS,
Hyderabad - 500 004.

# અનુક્રમણિકા


વિભાગ ૧: યુદ્ધ યહોવાનું છે

| | | |
|---|---|---|
| ૧ | તબક્કો — ૧ ઈશ્વર પાસેથી સીધેસીધુ સાંભળો | ૯ |
| ૨ | તબક્કો — ૨ ઈશ્વર પર અવલંબિત રહો | ૧૭ |
| ૩ | તબક્કો — ૩ પોતાનું સ્થાન ગ્રહણ કરો | ૨૩ |
| ૪ | તબક્કો — ૪ ઈશ્વર છુટકારો લાવે છે | ૩૫ |

વિભાગ ૨: ભક્તિ દ્વારા રૂપાંતર

| | | |
|---|---|---|
| ૫ | એલિયાએ સ્થાન ગ્રહણ કરી રાખ્યું | ૪૭ |
| ૬ | યુદ્ધ નહિ — આરાધના | ૫૧ |
| ૭ | સ્વરૂપ બદલો | ૬૩ |
| ૮ | આરાધના અને પ્રાર્થના | ૭૧ |
| ૯ | આરાધના અને બદલાવ | ૮૫ |
| ૧૦ | શુદ્ધ અંતકરણથી આરાધના કરો | ૯૧ |
| ૧૧ | પરિવર્તન અને રૂપાંતર | ૯૯ |
| ૧૨ | સતત નિહાળો અને આનંદ કરો | ૧૦૯ |
| ૧૩ | ઈશ્વર આપણા માટે છે | ૧૧૫ |
| ૧૪ | ઈશ્વર પૂરું પાડશે | ૧૨૧ |
| ૧૫ | ઈશ્વર મારા પક્ષે છે ! | ૧૨૭ |
| ૧૬ | સ્થાનમા રહો | ૧૩૭ |
| ૧૭ | ઈશ્વર તેની સાથે હતો | ૧૪૩ |
| ૧૮ | શેતાન એટલે ભૂંડાઈ, પરંતુ ઈશ્વર એટલે ભલાઈ | ૧૪૭ |
| | સમાપન | ૧૫૭ |
| | ઈશ્વર સાથે વ્યક્તિગત સંબંધ માટે પ્રાર્થના | ૧૬૧ |
| | નોંધ | ૧૬૫ |

# વિભાગ
# ૧

## યુદ્ધ યહોવાનું છે

# અધ્યાય
# ૧

## તબક્કો - ૧
## ઈશ્વર પાસેથી સીધેસીધુ સાંભળો

ઈશ્વર આપણને સંપૂર્ણપણે ભયથી મુક્ત કરવા ચાહે છે તેઓ નથી ઈચ્છતા કે આપણે યાતનામાં જીવીએ અને જે તેઓ કરવાનું જણાવે તે કરતા બીક આપણને અટકાવે છે. જ્યારે આપણને ઈશ્વરના બિનશરતી પ્રેમની ઊંડી સમજ આવશે. આપણને દેખાશે  દેખાશે કે આપણા વીષેની દરેક બાબતની કાળજી ઈશ્વર લે છે. જેમ આપણે અનુભવીએ છીએ કે તે હંમેશા આપણી સંભાળ કરે છે અને આપણી જરૂરિયાત પૂરી કરે છે આપણે હળવાશ અનુભવવા માડીએ છીએ. આ રીતે છેવટે આપણને ઈશ્વર ભયમાંથી મુક્ત કરશે.

*પ્રેમમાં ભય નથી (ચિંતાયુક્ત ધાસ્તીનું અસ્તિત્વ નથી) પણ પૂરો વિકસીત પ્રેમ (સંપૂર્ણ, ક્ષતિરહીત) ભયને દૂર કરે છે અને દરેક જોખમના નિશાનને કાઢી મુકે છે. કેમ કે ભય પોતાની સાથે શિક્ષાનો વિચાર લાવે છે અને તેથી જે ભયભીત છે તે પ્રેમમાં સંપૂર્ણ થયેલા નથી (તે પ્રેમમાં સંપૂર્ણ, ક્ષતિરહીત વિકસતો નથી.)*

*૧ યોહાન ૪:૧૮*

જ્યારે આપણે આપણા ભયના બદલે ઈશ્વર પર લક્ષ આપીશું ત્યારે ઈશ્વર આપણા વતી કાર્ય કરશે. ભયની લાગણી અથવા ભયયુક્ત વિચારો તો શેતાન આપણને ઈશ્વરની આપણા જીવનની ઈચ્છાથી અને તેના માર્ગથી આડા રસ્તે જવા લાવે છે આપણા જીવનમાં

જુદા જુદા સમયે બીક લાગે પરંતુ આપણે ઈશ્વર પર વિશ્વાસ રાખવાનું પસંદ કરીએ અને કદાચ જરૂર પડે તો 'ગભરાતા પણ કરીએ.' 'ગભરાતા પણ કરવું' પધ્ધતિ ઈશ્વરે મને ઘણા વર્ષો અગાઉ પ્રગટ કરી હતી. જ્યારે મે જોયુ કે તેમણે યહોશુઆને યહોશુઆ ૧માં કહ્યું.

કહ્યું, 'ગભરાતો ના' ખરેખર તો તેઓ યહોશુઆને ચેતવણી આપતા હતા કે ભય તેને અટકાવવા પ્રયાસ કરશે પરંતુ ભયને તેના પર કાબુ લેવા દેવાને બદલે તેને ઉત્તેજન આપવામાં આવ્યું કે બળવાનને બહુ હિંમતવાન થા અને આગળ વધવાનું ચાલુ રાખ.

*કેમ કે ઈશ્વરે આપણને ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુદ્ધિનો આત્મા આપ્યો છે* — *૨ તિમોથી ૧:૭*

જ્યારે કંઈ પણ મુશ્કેલી આવે તો મોટે ભાગે પ્રથમ આપણને ભય લાગે છે. શેતાન આપણા ભેજામાં 'હવે શું થશે'નું ઇન્જેકશન મુકે છે અને મોટે ભાગે આપણે શક્ય સર્વ ખરાબ પરિણામો વિચારવા માડીએ છીએ. જેવુ આવુ બને કે તરત જ આપણે સમજી લેવાનું કે શું બની રહ્યું છે – શેતાન આપણને ઈશ્વરની ઇચ્છામાં અને આપણા જીવન માટેની તેની સારી યોજનામાં આગળ વધતા અટકાવવા પ્રયત્ન કરી રહ્યો છે.

જ્યારે આપણને બીક લાગે અથવા ભયયુક્ત વિચારો આવવા લાગે કે પ્રથમ બાબત આપણે કરવાની તે તો પ્રાર્થના છે. હું હંમેશા કહુ છું 'દરેક બાબત માટે પ્રાર્થના કરો ને કશાથી ગભરાશો નહી'. આપણે જ્યાં સુધી ભયના આત્મા પર લાગણી અને માનસીક રીતે વિજય ન મેળવીએ ત્યાં સુધી ઈશ્વરના સાનિધ્યમાં બેસી જ રહેવાનું જ્યારે આપણે ઈશ્વરના સાનિધ્યમાં બેસીએ છીએ એટલે કે આપણે ભય પર નહિ પરંતુ તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ તે જે છે તે માટે તેની આરાધના કરીએ છીએ અને આપણા માટે જે સારુ ઈશ્વરે કર્યું છે કરે છે ને કરવાના છે તે માટે પ્રશંસા કરીએ છીએ.

ઈશ્વરે આપણા માટે આશીર્વાદ અને નવી તકો રાખી મુક્યા છે. તેને સ્વીકારવા આપણે વિશ્વાસનું પગલું ભરવું પડશે. તેનો અર્થ કે મોટે ભાગે આપણે જે કરવા ઇચ્છતા નથી તે કરવું અથવા આપણું મન એવું વિચારતુ કે આમ કદી થઈ જ ના શકે તે કરવું પરંતુ આપણો ઈશ્વર પરનો ભરોસો ને આદર તે આપણા વ્યક્તિગત ઇચ્છા વિચાર ને અનુભવથી વધુ ઊંચા હોવા જોઈએ.

સારુ શ્રેષ્ઠ સંપૂર્ણ ઉદાહરણ લૂક અધ્યાય ૫માં મળે છે પિતર અને ઈસુના બીજા શિષ્યો આખી રાતથી માછલી પકડતા હતા. તેમણે કશું પકડયું નહોતુ તેઓ થાકીને લોથપોથ થઈ ગયા હતા. તેમને ઊંઘની જરૂર હતી. મારી ખાત્રી છે કે તેઓ ભૂખ્યા હતા. હમણાંજ તેમણે જાળ ધોવાનું ને તેને ગોઠવવાનું મોટુ કામ પૂરું કર્યું હતુ. ઈસુ તે સરોવરના કિનારે દેખાયા અને પૂછયું કે શું તમારે માછલીનો મોટો જથ્થો પકડવો છે તો તેમણે ફરી જાળો ઊંડા પાણીમાં નાખવી પડશે. પિતરે ઈસુને જણાવ્યું કે તેઓ નિર્ગત થઈ ગયા છે તેમણે ઘણી મહેનત કરી ને કશું પકડાયુ નથી પરંતુ 'તારા કહેવાથી અમે ફરીથી જાળ નાખીશું.'' આવા પ્રકારના વર્તાવની

અપેક્ષા ઈશ્વર આપણી પાસે રાખે છે આપણને આવું કરવાની ઈચ્છા ન થાય, આપણે તેમ ન કરવું હોય, આપણને લાગે કે આ સારો વિચાર નથી. આપણને બીક લાગે કે આમાનું કંઈ કાર્ય નથી સારો વિચાર પરંતુ આપણા ભય અથવા લાગણીઓના બદલે આપણે આજ્ઞાધીન થવા તૈયાર રહેવું જોઈએ.

આપણને છીછરા પાણીમાં રાખવા માટે શેતાન વિવિધ પ્રકારના ભયનો ઉપયોગ કરે છે પરંતુ જો કે ભય લાગતો હોય તે છતાં ઈશ્વર પર ધ્યાન કેન્દ્રિત કરો અને તેના શબ્દો અનુસાર આશીર્વાદ મેળવવા માટે ઊંડા પાણીમાં હંકારી જવાનું છે.

*એ પછી મોઆબીઓ, આમ્મોનીઓ તથા તેમની સાથે કેટલાક મેઉનીઓ યહોશાફાટની સાથે યુધ્ધ કરવા માટે આવ્યા. ૨ કાળવૃત્તાંત ૨૦:૧*

શું તમારી પાછળ કોઈ 'ઓ' પાછળ પડયા છે ? આ ફકરામાં મોઆબીઓ, આમ્મોનીઓ અને મેઉનીઓ યશોફાટ અને યહૂદાહના લોકોની પાછળ પડયા હતા. જૂના કરારના બીજા ભાગોમાં યબૂસીઓ, હિત્તીઓ, કનાનીઓ ઈશ્વરના લોકોને અડચણ કર્તા હતા.

પરંતુ આપણી પાછળ 'બીકો', 'બિમારીઓ', 'ગરીબીઓ', 'ખરાબ લગ્નવાળાઓ', 'દબાણ હેઠળ આવનારાઓ', 'ખણખોદીયા', 'પડોશીઓ', 'અસલામતીઓ', 'નકારનારાઓ' અને એવા બીજા 'ઘણાઓ' પડયા છે.

તમારી આસપાસ કેટલા –ઓ' પાછળ પડયા છે ? ભલે ગમે તેટલા પાછળ પડયા હોય ચાલો જોઈએ યહોશાફાટ રાજાએ પોતાનું ધ્યાન ઈશ્વર પર કર્યું અને આ બધા '–ઓ' જેઓ ઊંચા થઈ તેના પર અમલ કરવા માગતા હતા તે તરફ ધ્યાન ન આપ્યું.

## ઈશ્વર પાસેથી 'શબ્દ' શોધો.

*કોઈએ આવીને યહોશાફાટને ખબર આપી કે (મૃત) સમુદ્રને પેલે પારથી એટલે અરામમાંથી તારી વિરુદ્ધ એક મોટી ફોજ આવે છે તેઓ હાસસોન – તામાર (એટલે એન ગેદી)માં છે.*

*આથી યહોશાફાટે ભયભીત થઈને (તેની મહત્ત્વની જરૂરિયાત તરીકે નક્કી કરી) યહોવાની શોધ કરવા લાગ્યો અને તેણે આખા યહૂદિયામાં ઉપવાસ કરવાનો ઢંઢેરો પિટાવ્યો. ૨ કાળવૃત્તાંત ૨૦ : ૨,૩*

જ્યારે યહોશાફાટને ખબર પડી કે '–ઓ' તેની વિરુદ્ધ આવી રહ્યા છે ત્યારે સૌપ્રથમ તે ભયભીત થઈ ગયો. પરંતુ તે પછી તેણે બીજુ કાંઈક કર્યું. તેણે યહોવાની શોધ કરવાનું નક્કી કર્યું ને તેનું સાંભળવા નિર્ણય લીધો. અને આ હેતુ માટે સમસ્ત યહૂદિયામાં ઉપવાસ જાહેર કર્યો. તેને ખબર હતી કે ઈશ્વર પાસેથી સાંભળવાની તેને જરૂર છે. તેને રણનીતિની જરૂર

હતી. અને સફળ થવાય તેવી રણનીતિ માત્ર ઈશ્વર જ આપી શકે.

મુશ્કેલીના સમયે લોકો પાસે દોડી જવાને બદલે આપણે ઈશ્વર પાસે દોડી જવાની ટેવ પાડવી જોઈએ. આપણે જાતે અથવા લોકોના મન શોધવાને બદલે ઈશ્વરને શોધવા જોઈએ. તમે પોતાને પૂછો, ‘જ્યારે હું મુશ્કેલી આવે ત્યારે હું ફોન પાસે જાઉં છું કે ઈશ્વર પાસે જાઉં છું ?’ ઈશ્વર કદાચ સલાહ માટે કોઈ વ્યક્તિ પાસે આપણને દોરી જાય પરંતુ આપણે હંમેશા તેના પ્રત્યેનો આપણો આદર ને ભરોસો દર્શાવતા તેની પાસે જવું જોઈએ.

ભયનો સામનો કરવા માટેની ઈશ્વરની રણનીતિનો પ્રથમ તબક્કો ઈશ્વરનું સાંભળો છે. રોમન ૧૦:૧૭ શીખવે છે કે વિશ્વાસ સાંભળવાથી આવે છે અને ઈશ્વરનું વચન સાંભળવાથી આવે છે આ કલમ ઈશ્વરના લેખીત શબ્દની વાત નથી કરતો પરંતુ ઈશ્વરના બોલેલા શબ્દની વાત કરે છે. નવા કરારની મૂળ ગ્રીક ભાષામાં શબ્દ ‘રેમા’ છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે આપણે ઈશ્વરનું સાંભળીએ છીએ, વિશ્વાસ આપણા હ્રદયને ભરી દે છે અને ભયને બહાર હાંકી કાઢે છે. યહોશાફાટ જાણતો હતો કે ઈશ્વર પાસેથી સાંભળવાની તેને જરૂર છે અને આપણી પણ તે જ જરૂરિયાત છે.

ઈશ્વરે આપણા ઊંડે અંદર શાંતિ આપી, આપણને તે સર્જનાત્મક વિચાર આપી શકે. આપણી દુઃખી લાગણીઓને તે શાંત કરી દે, તે આપણને ખાત્રી આપે છે. ઈશ્વર વિવિધ માર્ગે વાત કરે છે પરંતુ જો આપણે તેને શોધીશું તો તે મળશે. જો આપણા બધા માર્ગોમાં તેની આણ સ્વીકારીશું તો તે આપણને આગેવાની આપી દોરશે. (નીતિવચન ૩:૫,૬)

તમારા બધા જ ઓળખીતા તમને ઈશ્વર પર ભરોસો રાખવા જણાવે છે તમારી પણ તે જ ઈચ્છા છે પરંતુ તે ‘કેવી રીતે’ બાબત તમને તેમ કરતા ટાળે છે. ભય તમારી સામે ચીસો પાડી તમને બીવડાવે છે. તમારા મિત્રો કહે છે ‘બધુ બરોબર થઈ જશે’ પરંતુ કોઈ રીતે ભયને તે ભેદી શકતો નથી. જ્યા સુધી ઈશ્વર તમારા અંતરમાં તમને કહે, ‘તું મારા પર ભરોસો રાખ. હું સંભાળી લઈશ, બધુ સબસલામત થશે.’

૧૯૮૯માં હું રોજીંદા ચેકઅપ માટે ડૉકટર પાસે ગઇ તેણે મારી છાતીમાંનાની રસોળી જોઈ અને મને તાત્કાલીક બાયોસપ્સી માટે મોકલી. હું તો વિચારતી હતી કે કશું થયું નથી પરંતુ તપાસતા માલુમ પડયું કે ખૂબ જ ઝડપથી વધતુ કેન્સર મને થયુ છે તેથી તાત્કાલીક શસ્ત્રક્રિયા કરાવવી હીતાવહ હતી.

મને યાદ છે મારા મકાનના હૉલમાં હું આંટા મારતી હતી અને એટલી બધી ગભરાઈ ગઈ હતી કે હું પડી જવાની હતી. મારા ઘુંટણો સ્થિર રહી શકતા નહોતા દરરોજ રાત્રે પથારીમાં સુતા મને ભારે મુશ્કેલી પડતી હતી અરે જ્યારે ઊંઘી જતી ત્યારે તે આરામદાયક, સ્વસ્થ નિંદ્રા નહોતી. ઘણી બધી વાર હું ઝબકીને જાગી જતી અને ભય મારા મગજને સતાવતો હતો.

'કેન્સર' શબ્દ મહામોટો ભય લાવે છે ભલેને મારા કુટુંબના સભ્યો અને મિત્રોએ મને જણાવ્યું કે ઈશ્વર તારી સંભાળ કરશે છતાંએ હું ભય સાથે સંઘર્ષમાં હતી. એક દિવસે પરોઢીએ સવારે ત્રણ કલાકે ઈશ્વરે મારા અંતઃકરણમાં વાત કરી, 'જોઈસ તું મારા પર ભરોસો રાખી શકે છે.' તે પછી મને મને પેલા બિમારીના ભયનો અનુભવ થયો નથી વધુ સારવાર માટે કેન્સરના ટેસ્ટના પરિણામની રાહ જોતી હતી ત્યારે પણ મને ખાત્રી હતી હું ઈશ્વરના હાથમાં છું અને ગમે તે થશે ઈશ્વર મારી સંભાળ રાખશે.

મારે વધુ સારવારની જરૂર નહોતી. અને સમજાયું કે શરૂઆતમાં જ જાણ થવાથી ઈશ્વરે મારું જીવન બચાવ્યું. અને અંતમાં ભયભીત થવાને બદલે મેં પ્રભુનો આભાર માન્યો અને શેતાન લડાઈમાં ફરીથી હાર્યો.

## યહોશાફાટને ઈશ્વર પાસેથી સાંભળવાની જરૂર હતી.

જ્યારે યહોશાફાટને સમાચાર મળ્યા કે મોટુ લશ્કર યહૂદાહ પર આક્રમણ કરી રહ્યું છે ત્યારે તેને ખબર હતી કે શું કરવાનું છે. તેણે માણસોની, મિત્રોની કુટુંબની યા સલાહકારોની સલાહ શોધવાની નહોતી પરંતુ ઈશ્વરનું સાંભળવાનું હતું.

કદાચ અગાઉ ઘણી લડાઈ યહોશાફાટ લડયો હશે – તો પછી અગાઉ વાપરેલી રીત જ તે કેમ નથી વાપરતો ? ભૂતકાળમાં જે રીતનો ઉપયોગ કારગત નીવડયો હોય તે હાલની કટોકટીમાં ઈશ્વરના અભિષેક વીના કારગત નીવડી ના શકે. તે જૂની રીતને અભિષેક કરી શકે છે. પરંતુ અગાઉ કદી ન આપેલ એવી નવી તાજી દોરવણી પણ આપી શકે આપણે રીત તરફ નહીં. ખરી પરંતુ ઈશ્વર તરફ જોવાનું છે. ઈશ્વર રીતનો ઉપયોગ કરે છે પરંતુ તે રીતમાં કોઈ તાકાત નથી ઈશ્વર તેના દ્વારા કાર્ય કરે છે. આપણે કોઈ રીત પર યા ભય પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકીએ નહીં. આપણુ ધ્યાન, પૂરવઠાનો મૂળ સ્ત્રોત ઈશ્વર અને માત્ર ઈશ્વર એકલાજ છે. આપણા ઉત્તર ઈશ્વર સાથેના સબંધમાં છે, નહીં કે, કોઈ રીત યા પધ્ધતિમાં છે.

*અફસોસ છે તેઓને કે જેઓ સહાયને માટે મિસર ચાલ્યા જાય છે અને જેઓ ઘોડાઓ પર આધાર રાખે છે અને રથો પુષ્કળ હોવાથી તેમના પર ભરોસો રાખે છે અને સવારો ઘણા હોવાથી તેમના પર આધાર રાખે છે પણ ઈસ્રાએલના પવિત્ર ઈશ્વર તરફ તેઓ દ્રષ્ટિ કરતા નથી ને યહોવાને શોધતા નથી અને તેની સલાહ લેતા નથી !યશાયાહ ૩૧ : ૧*

'અફસોસ' ખરેખર શું છે તે હું શોધી શકી નથી પરંતુ હું જાણું છુ મારે તે નથી જોઈતું. અફસોસ દેખીતી રીતે દુઃખદાયક બાબત છે, તે તકલીફ ને વેદના છે. જ્યારે આપણે ઈશ્વરને શોધીએ છીએ આપણને શાંતિ ને આનંદ મળે છે. તો પછી શા માટે દુનિયા પાછળ ભટકવું જેનું પરિણામ અફસોસ પસંદ કરીએ ?

## <u>યહોશાફાટની અતી આવશ્યકતા</u>

યહોશાફાટને ખબર હતી કે ઈશ્વર પાસેથી સાંભળ્યા વીના તે કશું કરી શકશે નહિ. તેને "અતીઆવશ્યક" કહેવાય છે. એવી અમુક બાબત હોય કે જેના વીના ચલાવી લેવાય પરંતુ બીજી અતિ આવશ્યક હોય છે.

તમે પણ યહોશાફાટ જેવી સ્થિતીમાં મુકાયા હશો તમારે પણ ઈશ્વરના વચનની જરૂર હશે. તમને પણ પેલા ડુબતા પુરુષ યા સ્ત્રીની માફક લાગે છે આ ત્રીજી છેલ્લી ડૂબકી છે. તમારે બચવા માટે ઈશ્વરના વ્યક્તિગત વચનની અતી આવશ્યકતા છે.

તમારી સાંભળવાની મરજી છે તેથી વિશેષ ઈશ્વર તમારી સાથે વાત કરવા આતુર છે. તમારો સમય ફાળવી તેને શોધો અને તમે કદી નિરાશ થશો નહીં.

યહોશાફાટે યહૂદાહ પ્રાંતમાં ઉપવાસ જાહેર કર્યો અને યહૂદાહના લોકો ઈશ્વરની મદદ મેળવા પૂરા દિલથી તેને વિનવવા લાગ્યા.

*યહૂદિયાના લોકો યહોવાની સહાય માગવા સારુ એકઠા થયા; એટલે યહૂદિયાના સર્વ નગરોમાંથી તેઓ યહોવાની શોધ કરવા (તેમની સ્વઈચ્છાથી પોકાર કરવા) એકઠા થયા.*

*યહોશાફાટે યહોવાના મંદિરના નવા ચોક આગળ યહૂદિયા તથા યરૂશાલેમના લોકોની સભામા ઊભા થઈને કહ્યું કે,*

*હે અમારા પિતૃઓના દેવ યહોવા શું તું સ્વર્ગવાસી દેવ નથી ? શું તું વિદેશીઓના સર્વ રાજ્યો પર અધિકારી નથી ? તારા હાથમાં એટલું બધુ બળ તથા પરાક્રમ છે કે કોઈ તારી સામે ટકવાને સમર્થ નથી.* *૨ કાળવૃત્તાંત ૨૦ : ૪-૬*

યહોશાફાટે ઈશ્વર તરફ પોતાની વફાદારી દર્શાવવા ઉપવાસ જાહેર કર્યો. થોડા ટંક ભોજન ગુમાવી ઈશ્વરને શોધવા સમય ફાળવવો તે ખરાબ વિચાર નથી. તમારું ટેલિવીઝન બંધ કરી જે સમય તમે તે જોવામાં ગાળતા તે ઈશ્વર સાથે વિતાવવો ખરાબ વિચાર નથી. બહાર જઈને મિત્રોની આગળ એના એજ રોદણાં રડવા કરતા સાંજે ઘરે રહી વધારાનો સમય ઈશ્વર સાથે ગાળવો જોઈએ. આ બાબતો અને બીજુ બધુ દર્શાવે છે કે આપણે ઈશ્વરનું સાંભળવું અતિ આવશ્યક છે. હું શીખી છું કે શોધ કરવીનો અર્થ છે પાછળ પડી જવું, ઝંખના કરવી, પૂરી તાકાતથી મચી પડવું. બીજા શબ્દોમાં કહીએ તો પેલા ભૂખે મરતા માનવી જે જીવવા ખોરાક માટે હયાતીયા મારે છે તેમ વર્તીએ છીએ.

મારે ઊમેરવું છે કે જ્યારે આપણે તકલીફમાં મુકાઈએ ત્યારે જ નહિ પરંતુ દરેક સમયે ઈશ્વરને શોધવા જોઈએ. એક વખતે ઈશ્વરે મને જણાવ્યું કે ઘણા લોકોને હંમેશા પ્રશ્નો જ હોય

છે કારણ તે જ સમયે તેઓ ઈશ્વરને શોધે છે તેમણે મને બતાવ્યું કે જો ઈશ્વર પ્રશ્નો દૂર કરી દે તો લોકોને તેમના માટે સમય નથી. તેમણે કહ્યું, 'તમે હંમેશા ભારે જરૂરતમાં હો તેમ જો મને શોધશો તો હકીકતમાં તમે જરૂરતની સ્થિતીમાં નહી આવો.' મને લાગે છે આ સારી સલાહ છે અને બધાને તે અનુસાર વર્તવા હું ખાસ ભલામણ કરું છું.

## ઈશ્વર સાથે તેમની વાત કરો

યહોશાફાટે ઈશ્વર સાથે વાત કરતા પોતાની મુશ્કેલી સીધેસીધી ન જણાવી. પરંતુ ઈશ્વર કેવા શક્તિમાન છે તે જણાવ્યું. તેણે પોતાનું ધ્યાન પોતાની મુશ્કેલીના ભય પરથી ઈશ્વરના ઉપર લગાવ્યું.

*હે અમારા પિતૃઓના દેવ, યહોવા, શું તું સ્વર્ગવાસી દેવ નથી ? શું તું વિદેશોના સર્વ રાજ્યો પર અધિકારી નથી ? તારા હાથમાં એટલું બધું બળ તથા પરાક્રમ છે કે કોઈ તારા સામે ટકવાને સમર્થ નથી.* *૨ કાળવૃત્તાંત ૨૦:૬*

આપણે આપણા પ્રશ્નો ઈશ્વરને જણાવવાના બદલે આપણે તેમના વીષે તેમને કહીએ. તે કોણ છે તે જણાવીએ, તેમના નામની શક્તિ અને તેના પુત્ર ઈસુના રક્તના પરાક્રમ અને જે મહાન કાર્યો તેમણે કર્યા છે જે તે કરી શકે છે અને જે તેમણે કર્યા છે તે તેમને કહીએ આ પ્રમાણે તેની સ્તુતિ અને પ્રશંસા કર્યા બાદ તેને આપણો પ્રશ્ન જણાવીએ. મારા બાળકો મારી પાસે માત્ર પોતાની મુશ્કેલીઓની વાત કરવા આવે તે મને ગમશે નહી – મારી ઈચ્છા છે કે તેઓ મારી સાથે સંગત કરે.

અત્યારે જ મને અમુક લોકો યાદ આવે છે કે જેઓ મુશ્કેલીમાં હોય ત્યારે મને બોલાવે છે તેથી મને દુઃખ લાગે છે. મને એવું લાગે છે કે તેઓ ખરેખર મારી કાળજી લેતા નથી. પરંતુ હું તેમના માટે શું કરું તેજ ઈચ્છે છે. મને ખાત્રી છે કે તમને પણ આવો અનુભવ થયો હશે. આ લોકો પોતાને મિત્રો ગણાવે છે પરંતુ વાસ્તવિક્તામાં તેઓ મિત્રો નથી. મિત્ર દુઃખના સમય માટે છે પરંતુ તેઓ તે માટે નથી. મિત્ર તરીકે જેમની સાથે આપણે સંબંધમાં છીએ તેમની સાથે સમય ગાળવો તેમની કદર કરવી જરૂરી છે હું જેને 'લેનારા' કહું છું તેવા લોકો આપણે બનવું જોઈએ નહિ. તેઓ તો માત્ર લીધા જ કરે છે કદી આપતા નથી.

મારે ઈશ્વરના દોસ્ત બનવું છે. તેણે ઈબ્રાહીમને પોતાનો મિત્ર કહ્યો મારે તેવા થવું છે. ઈશ્વર માત્ર મારા પ્રશ્ન નિવારક નથી તેઓ મારુ સર્વસ્વ છે અને હું તેમની શબ્દોથી કરી શકાય તેથી વિશેષ પ્રશંસા કરું છું.

## <u>હવે ઈશ્વર અમારી મુશ્કેલીઓ જુઓ</u>

*હે અમારા દેવ શું આ દેશના મૂળ રહેવાસીઓને તારા ઈસ્ત્રાએલ લોકની આગળથી હાંકી કાઢીને તેં તે દેશ સદાને માટે તારા મિત્ર ઈબ્રાહિમના વંશજોને આપ્યો નથી ?*

*તેઓ તેમાં રહ્યા ને તેઓએ તેમાં તારા નામને સારું તારું પવિત્રસ્થાન એવા વિચારથી બાંધ્યું છે કે, જો કંઈ પણ આપત્તિ, એટલે તરવાર કે ન્યાયશાસન કે મરકી કે દુકાળ અમારા ઉપર આવ્યાથી અને આ મંદિર આગળ તથા તારી હજૂરમાં ઊભા રહીએ (કેમ કે આ મંદિરમાં તારું નામ છે) ને અમારી વિપત્તિમાં અમે તારી પ્રાર્થના કરીએ, તો તું તે સાંભળીને અમારો બચાવ કરશે.*

*હવે મે આમ્મોનીઓ મોઆબીઓ, તથા સેઈર પર્વતના લોકો ઉપર ઈસ્ત્રાએલને મિસર દેશમાંથી નીકળતી વખતે તેં હલ્લો કરવા ન દીધો, પણ તેઓ ફંટાઈને બીજે માર્ગે ગયા અને તેઓનો નાશ ન કર્યો;*

*જો તેં અમને જે તારા વતનનો વારસો આપ્યો છે તેમાંથી અમને કાઢી મૂકવાને તેઓ આવ્યા છે. જો તેઓ અમને કેવો બદલો આપે છે !*

*૨ કાળવૃત્તાંત ૨૦: ૭-૧૧*

આ યુધ્ધના શબ્દો છે જો ઈશ્વર આ દ્વારા આપણને શું કહે છે તે સાંભળીશું તો આપણે કંઈક શીખશું અને આપણી રણનીતિ સદા માટે બદલી નાંખીશું અને વિજય ઉપર વિજય મેળવીશું.

પ્રાર્થનામાં ઈશ્વરની મહાનતા, આત્મા, સામર્થ્ય ને અજાયબતાની કબુલાત કર્યા બાદ ‘યહોશાફાટ ઈશ્વરે ભૂતકાળમાં પોતાના લોકોનું રક્ષણ કરવા અને પોતાનું વચન પાળવા કેવા મહાભારત કાર્યો કર્યા છે તેનું વર્ણન કરે છે અને છેવટે છેલ્લે તે પોતાની વિનંતી રજુ કરે છે તે શરૂઆતમાં પોતાનો ભરોસો ખાત્રી ઈશ્વરમાં કબુલ કરે છે કે તમે પ્રશ્નોને હલ કરવા સક્ષમ છે. યહોશાફાટે ઘણા બધા શબ્દોમાં કહ્યું, “જુઓને અમારા દુશ્મનો અમારી વિરુદ્ધ ચઢી આવ્યા છે અને તમે જે વારસો આપ્યો છે તે તેઓ લૂંટી જાય છે. મને થયુ લાવ આ નાનકડો પ્રશ્ન તમને જણાવું. પરંતુ તમે તો ઘણા મહાન છો, મને ખબર છે કે સઘળું તમારા કાબુ હેઠળ છે.

જ્યારે આપણે ઈશ્વર પાસે મદદ માંગીએ છીએ ત્યારે સમજી લઈએ કે આપણે જ્યારે પહેલી વાર તેમને જણાવ્યું ત્યારે તેમણે સાંભળ્યું છે આપણે વારંવાર એકની એકજ વાતનું પ્રાર્થનામાં રટણ કરવાનું નથી. જો કે આપણને મનમાં સંતોષ થાય કે ખરેખર હવે કંઈક બનશે ત્યાં સુધી આપણી જરૂરત ઈશ્વરને જણાવ્યા જ કરીએ છીએ પરંતુ ઈશ્વરને કાર્ય કરવા તેવું આવશ્યક નથી.

પ્રશ્ન ઉપસ્થિત થયો તે અગાઉ ઈશ્વરે છુટકારાની યોજના બનાવેલી છે. જ્યારે દુશ્મન હુમલો કરે ત્યારે ઈશ્વરને નવાઈ લાગતી નથી. તે સ્વર્ગમાં હાથ મસળતા બેઠા નથી કે હવે હું શું કરું. આપણે તો માત્ર તેના પર, તેના સામર્થ્યની શક્તિ પર, ધ્યાન કેન્દ્રિત કરી તેની આરાધના, સ્તુતિ કરવાની કે તેનો ઉકેલ પ્રગટ થાય અને તેની પાસેથી દોરવણી અને શબ્દ સાંભળવા તૈયાર રહેવાનું છે.

# અધ્યાય
# ૨

## તબક્કો ૨ –
## ઈશ્વર પર અવલંબિત રહો

*હે અમારા દેવ, તું તું તેઓનો ન્યાય નહિ કરશે ? કેમ કે આ મોટું સૈન્ય જે અમારી વિરુદ્ધ આવે છે તેની સામે થવાને અમારામાં કંઈ શક્તિ નથી; અને અમારે શું કરવું તે પણ અમને સૂઝતું નથી; પણ અમે તો તારી તરફ જોઈએ છીએ.*

*૨ કાળવૃત્તાંત ૨૦:૧૨*

૧૨ કલમમાં યહોશાફાટ માટેની ઈશ્વરની રણનીતિનો બીજો તબક્કો આવે છે. અહીંઆ તે સંપૂર્ણપણે કબુલાત કરે છે કે તે પ્રશ્ન હલ કરી શકે તેમ નથી.

આપણા જીવનમાં જે પ્રશ્નો છે તેનું નિરાકરણ લાવવાની ક્ષમતા આપણામાં નથી તે સમજી લેવાની જરૂર છે. દરેક પ્રશ્નના ઉત્તર આપણી પાસે નથી. આપણે જે પરિસ્થિતીનો સામનો કરીએ છીએ તેને હલ કરવાની જાણકારી આપણી પાસે નથી. યહોશાફાટની માફક આપણને ખબર પડતી નથી કે શું કરવું જોઈએ.

આપણે જાતે ચક્કર ચલાવી જે જાણતા નથી તે કરવા ગધામજૂરી કરી થાકી જવું ને બેચેન બની જવું પડે તેના કરતા જે આપણે કરી શકતા નથી તે ઈશ્વરને કરવા ઈશ્વરુ જોઈએ.

ઘણા વર્ષો સુધી મારી જાતનું પરિવર્તનકરવામાં મને સફળતા મળી નહીં. મે ખોટી ટેવો

મૂકી ઈશ્વરા માટે ખૂબ જ પ્રયત્નો ને મહેનત કરી પરંતુ વારંવાર હું નિષ્ફળ રહી. મારા જીવનમાં જુદી જુદી બાબતો બદલવા મેં પ્રયત્નો કર્યા જેમ કે સમુદ્ધિ મેળવવા, સેવાની વૃદ્ધિ કરવા અને સાજાપણું પ્રાપ્ત કરવા. સતત હું આ 'ઓ' સાથે લડતી રહી. મને યાદ છે કે મે બધુ છોડી ઈશ્વરાનો નિર્ણય કર્યો કારણ મારી જાતે પોતાનું યુધ્ધ લડીને હું નિર્ગત બની ગઈ હતી.

નિયમીતપણે બધુ કર્યા બાદ એક દિવસે જાણે કે ખોટુ નાટક કરી ઈશ્વરને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો મે કાંઈક આવું કહ્યું, "ઈશ્વર હવે બહુ થયું હવે પૂરતુ છે મારું કંઈ વળતું નથી હવે તો હું છોડી દઉ છું. અને હવે આ હું કરવાની જ નથી."

બસ તેજ સમયે પવિત્ર આત્માનો અવાજ અંદરથી આવ્યો 'ખરેખર' ? તેના અવાજમાં ભારે ઉત્તેજના હતી. તેવું બને છે કારણ જ્યારે આપણે સંપૂર્ણપણે થાકી જઇને નક્કી કરીએ 'હવે હું મારા જાતે પ્રયત્ન કરીશ નહી હું તો પડતુ મુકુ છું અને ઈશ્વરને કરવા દો.' ત્યારે જ તે આપણામાં કાર્યની શરૂઆત કરે છે.

તમારા જાતે ઈશ્વર બનવાના પ્રયાસો તમને થકવી નાંખશે. તમારા સ્વપ્રયત્નો રહેવા દો ને કલમ ૧૨ ની જેમ યહોશાફાટે જે કર્યું તેમ કરો. તમે ઈશ્વર સમક્ષ કબુલ કરો કે તમારા દુશ્મનો સામે ઊભા રહેવાની તાકાત તમારામાં નથી અને શું કરવુ તે તમે જાણતા નથી પરંતુ તમે તેની તરફ દોરવણી અને છુટકારા માટે જુઓ છો.

## ત્રણ મહત્ત્વની કરવાની બાબતો

યહોશાફાટે ત્રણ મહત્ત્વની બાબતો કૂરી. ૧ તેણે કબુલ કર્યું કે દુશ્મનો સામે ઊભા રહેવાની તાકાત તેનામાં નથી. ૨ તેણે કબુલ્યુ કે શું કરવું તેની તેને ખબર નથી. ૩ તેણે કહ્યું તેની દ્રષ્ટિ ઈશ્વર તરફ છે.

આ ત્રણ બાબતો કહેવાથી યહોશાફાટ માટે ચમત્કારની શક્યતા ઊભી થઈ. અને તે માટે લાંબો સમય ગયો નહીં. માત્ર બાર કલમો પછી બન્યું. આપણામાંના મોટાભાગના બાર વર્ષે જે સિદ્ધ ન કરી શકીએ તે તેણે માત્ર બાર કલમમાં કરી બતાવ્યું.

## ઈશ્વર પર સંપૂર્ણ અવલંબનની સ્થિતી

ઈસુએ કહ્યું....મારાથી નીરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી. (યોહાન ૧૫:૫) જ્યારે પ્રથમ વાર મે આ શાસ્ત્રપાઠ વાંચ્યો મને સમજાતુ નહોતું કે તે કેવી રીતે સત્ય હોય શકે. હું તો સ્વતંત્ર મિજાજની વ્યક્તિ છું અને ઈશ્વરે મારા જીવન શરૂઆતમાં આ વચન દ્વારા વાત કરી ઈશ્વર પાસેથી પ્રાપ્ત કરવા માટેનો એક આત્મીક નિયમ છે કે સંપૂર્ણ રીતે ઈશ્વર પર અવલંબીત રહો. વિશ્વાસ વીના ઈશ્વરને પ્રસન્ન કરી શકાય નહીં. તે નહેર છે જે દ્વારા તેમની

પાસેથી બધુ પ્રાપ્ત કરીએ છીએ વિશ્વાસની વ્યાખ્યા છે સંપૂર્ણ માનવીય વ્યક્તિત્વમાં તેની શક્તિ જ્ઞાન ભલાઈ પર સંપૂર્ણપણે આધારીત રહેવું. (૨ તિમોથી ૧:૫ જુઓ)

આપણે ઈશ્વર પર ટેકો લઈ, સંપૂર્ણપણે આધાર રાખવાનો આપણી જાત પરનો બધો જ બોજ લઈને ઈશ્વર પર મુકી જ્યારે હું મોટી આરામખુરશીમાં બેસુ છું ખુરશી પર પૂરો આધાર રાખું છું કે તે મને પકડી રાખશે. તે નવાઈ જેવુ છે કે ઘણીવાર આપણે ઈશ્વર કરતા ખુરશી પર વધુ ભરોસો રાખીએ છીએ.

આપણે કહીએ છીએ કે ઈશ્વર પર આધાર રાખીએ છીએ, કદાચ આંશીક રીતે તેમ થાય છે પરંતુ સંપૂર્ણપણે તેમના પર આધાર રાખવામાં તકલીફ પડે છે. આપણી પાસે હંમેશા વૈકલ્પીક વ્યવસ્થા તૈયાર હોય છે કે કદાચ ઈશ્વર અસફળ થાય તો વાપરી શકાય.

ચાલો પુનરાવર્તન કરીએ. જ્યારે 'ઓ'' યહોશાફાટ સામે આવ્યા ત્યારે યુધ્ધ લડવા દોરવણી મેળવવા તેણે શું કર્યું ? પ્રથમ વાત તેણે ઈશ્વરની શોધ કરી. ગમે તે થાય હું ઈશ્વરને શોધીશ. આ પરિસ્થિતી એટલી બધી ગંભીર છે કે હું ઉપવાસ કરીશ કારણ મારે ઈશ્વરનું સાંભળવાની જરૂર છે.

પછી તે ઈશ્વરના ગુણો વીષે વાત કરવા લાગ્યો છેવટે તેણે પ્રશ્ન બતાવ્યો પરંતુ તે પહેલા સ્તુતિ ને આરાધના કર્યા. પછી જાહેરમાં તેણે ઈશ્વર પરના અવલંબનને કબુલ કર્યું જે ઘણીવાર આપણને કહેવુ મુશ્કેલ લાગે છે કે 'મને શું કરવું તેની ખબર પડતી નથી.'

આપણામાના ઘણા માટે એમ કહેવું, ''મને ખબર નથી શું કરવું'' તે મૂંઝવણભરી બાબત છે. આપણને એવું લાગે છે કે કંઈક માર્ગ કાઢવો આપણી ફરજ છે. જો આપણી પાસે કોઈ ઉત્તર ન હોય આપણને મુર્ખામી યા અધુરપ લાગે છે. તેના લીધે કંઈ કારગત ન થાય તો પણ આપણે કંઈને કંઈ પ્રયાસ કરીએ છીએ. માનવીને જન્મજાત એવી ઈચ્છા હોય છે કે શ્રેય પોતાને મળે. અને તેનું સારુ બોલાય પરંતુ ઈશ્વર કહે છે સઘળો મહિમા તેમનો છે. જો કે તે આપણને મહિમાવંત કરે છે. તે તો પોતાનો મહિમા આપણને આપે છે નહીં કે આપણે મેળવેલો મહિમા.

હું માનું છું કે શેતાન દરરોજ સવારે ભૂતોને આપણા ખભા પર બેસાડે છે કે તેઓ આપણા કાનમાં કહ્યા કરે 'આજે તું શું કરવાનો છે ? તું શું કરીશ ? તું શું કરવાનો છે ?

યહોશાફાટને મુર્ખામી લાગી નહોતી અને આપણને પણ ન લાગવી જોઈએ. તેણે ઈશ્વરને કહ્યું, ''અમને ખબર નથી શું કરવું અને જો અમે કરવા ઈચ્છીએ તો પણ તે કરવાની પૂરતી શક્તિ તાકાત અમારામાં નથી.'' આવું કહીને તેણે પોતાની જાત ઈશ્વરના અવલંબન પર મૂકી દીધી તેણે યુધ્ધની શરૂઆતમાં જ તે કર્યું – જેટલા વહેલા આપણે ઈશ્વર પર અવલંબીશુ તેટલી જલદી વિજય હાસલ થશે.

આપણા જીવનમાં ઈશ્વરની મદદ વિના કશુ બદલી શકાય નહિ. આપણે પોતાને, આપણા સાથીદારને, આપણા કુટુંબને મિત્રો કે આપણા સંજોગોને બદલી શકતા નથી. 'ખચીત કચીત તેના વિના આપણે કશું કરી શકતા નથી.'

ઈશ્વરને ઈશ્વર ન બનવા દઈ આપણે શાંતિ અને આનંદ ગુમાવીએ છીએ. જે બાબતો વીષે આપણે વિચારી પણ ના શકીએ. તે કરવાનો પ્રયત્ન કરીએ છીએ. એવી ઘણી બાબતો છે કે આપણા માટે જે ઘણી ઊંચી ને ઊંડી છે. અજાયબ ઈશ્વર માટે કશુ મુશ્કેલ નથી પરંતુ આપણા માટે ઘણી બધી બાબતો મુશ્કેલ ને અજાયબ જેવી છે. ઈશ્વર અનંતકાળીક છે, પરંતુ આપણે નાશવંત સિમીત માનવી છીએ. ઈશ્વર જ્ઞાનનો ભંડાર છે પરંતુ આપણું જીવન સિમીત છે. ૧ કરિંથી ૧૩:૯ કરે છે આપણું જીવન અપૂર્ણ અથવા ત્રુટક છે. આપણને અમુક ખબર છે પરંતુ આપણે બધુ જ જાણતા નથી. એવી બાબતો છે જેમને આપણે પડતી મુકવી પડે. આપણે બધું જ જાણી શકીએ નહી પરંતુ આપણે આ સ્તર પર પહોંચી શકીએ કે જે જાણકાર છે તેને ઓળખી લઈએ : જ્યારે તે સ્તર પર પહોંચીએ છીએ ત્યારે આપણે ઈશ્વરના વિશ્રામમાં પ્રવેશ કરીએ છીએ. જેના લીધે આપણા જીવનમાં આનંદ આવે છે ગીતશાસ્ત્ર ૧૧૩:૧ દાઉદ લખે; હે યહોવા મારુ મન ગવિષ્ઠ નથી, મારી આંખો અભિમાની નથી, વળી મોટી મોટી બાબતોમાં અને જે વાતોને હું પહોંચી શકતો નથી તેમાં, હું હાથ ઘાલતો નથી. ઈશ્વર ઇચ્છે છે કે આપણે આવું વલણ રાખીએ.

''પ્રભુ મને ખબર નથી મારે શું કરવું, અને જો હું જાણતો હોય તોપણ કરી શકતો નથી. પરંતુ પ્રભુ મારી દ્રષ્ટિ તમારા પર છે. હું તો તમે આ પરિસ્થિતીમાં કંઇક કરો તેની વાટ જોઈશ – કારણ કે હું તો કાંઈજ કરી શકુ તેમ નથી.'' આવુ કહેવાથી છુટકારાનો અનુભવ થાય છે.

જ્યારે આપણે અશક્ય અથવા અઘરી પરિસ્થિતીનો સામનો કરીએ છીએ ત્યારે આપણા મગજમાં પેલી રેકર્ડ વાગે છે, 'તું શું કરી શકવાનો ?' 'તું શું કરી શકવાનો ?' 'તું શું કરી શકવાનો ?' આપણા મિત્રો કદાચ પૂછશે 'મેં તારા વીષે સાંભળ્યું હવે તું શું કરીશ ?

તે સમયે આપણે તેમને કહેવાનું, 'હું તો ૨ કાળવૃત્તાંત ૨૦માં યહોશાફાટે જે કર્યું તે કરીશ. હું તો તે ઈશ્વરને સોંપી દઉ છું અને તેની વાટ જોઈશ. તે કંઈક અજાયબ જેવું કરશે અને તેને જોવાનો આનંદ હું માણીશ !

## <u>ઈશ્વરની વાટ જુઓ</u>

*યહૂદિયાના સર્વ લોકો, તેઓના બાળકો, તેઓની સ્ત્રીઓ, તથા તેઓના છોકરા યહોવાની આગળ ઊભા રહ્યા.* *૨*
*કાળવૃત્તાંત ૨૦:૧૩*

મને સાચેજ આ કલમ ગમે છે હું તેને તાકાતવાળી કલમ ગણું છું. ઈશ્વરની વ્યવસ્થામાં

શાંત ઊભા રહેવું તે કાર્ય છે. તે આત્મિક કાર્ય છે. મોટે ભાગે આપણે કુદરતી ક્ષેત્રમાં કાર્ય કરીએ છીએ અને આત્મિક ક્ષેત્રે કશું કરતા નથી. પરંતુ ઈશ્વરની વાટ જોવી અને ઈશ્વર સમક્ષ ઊભા રહેવામાં યહોશાફાટે આત્મિક કાર્ય કર્યું. તે કહેતો હતો "પ્રભુ તમે આ પરિસ્થિતી માટે કાંઈક કરો ત્યાં સુધી હું વાટ જોવાનો છું તે દરમ્યાન હું તો જીવનની મઝા માણીશ ને તમે કાર્ય કરો તેની વાટ જોઈશ."

શેતાન આપણા આનંદને ધિક્કારે છે. તે આપણને જે કરવા ઉકસાવવા માગે છે તેની વિરુદ્ધની બાબત છે. તે તો ગુસ્સો, કાબુ બહારની લાગણીઓ આંસુ, સ્વદયા, કચકચ, ફરિયાદ પરિસ્થિતી માટે ઈશ્વરને અને બીજાને દોષ ઈશ્વરાનું જોવા ઇચ્છે છે. નહેમ્યાહ ૮:૧૦ કહે છે "યહોવાનો આનંદ એજ મારું સામર્થ્ય છે."

જ્યારે ઈશ્વર આપણા પ્રશ્નોનું નીરાકરણ લાવે છે તેની વાટ જોઈએ છીએ ત્યારે જીવનમાં આનંદ માણવો તે બીનજવાબદારીભરી બાબત નથી ઈસુ કહે છે : **'ચોરી કરવા, મારી નાખવા તથા નાશ કરવા સિવાય બીજી કોઈ મતલબથી' ચોર આવતો નથી. તેઓને (તમને) જીવન મળે અને જીવનનો આનંદ માણે તથા પુષ્કળ જીવન મળે (તેની ભરપુરીમા, તે છલકાઈ જાય ત્યાં સુધી) માટે હું આવ્યો છું.'** (યોહાન ૧૦:૧૦)

આપણને એવું પરિક્ષણ થાય છે કે જો કોઈ ઉત્તર શોધવાનો પ્રયત્ન ન કરવો અથવા ચિંતા ન કરીએ તો આપણે આપણું કામ કરતા નથી. પરંતુ આપણે તે પરિક્ષણનો સામનો કરવાનો, કારણ તેનાથી આપણે છુટકારામાં મદદના બદલે અટકાવ આવે છે.

મહામોટું સૈન્ય તેમનો ગુલામ બનાવવાને દેશનો વિનાશ કરવા આવ્યું હતું ત્યારે યહૂદિયાના સર્વ લોકો ઈશ્વરની સમક્ષ ઊભા રહ્યા.

આખો વખત શેતાન તેમની સમક્ષ ઘાંટા પાડીને કહેતો હતો, 'તમે શું કરશો?' 'તમે શું કરશો ?' 'તમે શું કરશો ?' પરંતુ તેઓ ઈશ્વર સમક્ષ વાટ જોતા ઊભા રહ્યા.

યશાયાહ ૪૦:૩૧ વાંચીએ છીએ. યહોવાની વાટ જોનાર નવું સામર્થ્ય પામશે. તેઓ ગરૂડની પેઠે પાંખો પ્રસારશે; તેઓ દોડશે, ને થાકશે નહિ; તેઓ આગળ ચાલશે, ને નિર્ગત થશે નહિ.

જ્યારે ઈશ્વર આપણને દિશા દર્શાવતા સૂચના આપશે ત્યારે વાટ જોતા જોતા આપણને સામર્થ્ય મળશે. જેઓ યહોવાની વાટ જુએ છે તેઓને ઉત્તર મળે છે અને તેઓ જ ઈશ્વર પાસેથી મેળવીને સામર્થ્ય સહીત ઈશ્વરની દિશા મુજબ ચાલશે.

## ઉત્તર માટે વાટ જોવી

*ત્યારે આસાફના કુટુંબનો લેવી યાહઝીએલ કે જે માતાન્યાના પુત્ર યેઈએલના પુત્ર બનાયાના*

*પુત્ર ઝખાર્યાનો પુત્ર હતો; તેના ઉપર સભાની મધ્યે યહોવાનો આત્મા આવ્યો.*

*તેણે કહ્યું હે યહૂદિયાના તથા યરૂશાલેમના સર્વ રહેવાસીઓ, તથા હે યહોશાફાટ રાજા તમે સર્વ સાંભળો, યહોવા તમને કહે છે કે, આ મોટા સૈન્યને લીધે તમારે બીવું નહિ કે ગભરાવું નહિ; કેમ કે યુધ્ધ તમારું નથી પણ દેવનું છે.*

*૨ કાળવૃત્તાંત ૧૪, ૧૫*

જ્યારે યહૂદિયાના સર્વ લોકો યહોવાની સમક્ષ એકઠા થયા ત્યારે તેમાનો એક પ્રબોધ કરવા લાગ્યો. તેઓ ઈશ્વરની વાટ જોતા હતા માટે ઈશ્વરનો આત્મા તેના પર ઉતર્યો.

જ્યારે આપણે ઈશ્વરને શોધવાનું અને તેની વાટ જોવાનું શીખશું તે આપણને ઉત્તર આપશે. તે ઉત્તર ખૂબ જ સાદો અને સરળ હશે. ઈશ્વરે યહૂદાહને કહ્યું કે ગભરાશો નહિ કારણ યુધ્ધ તેમનું યુધ્ધ નથી પરંતુ ઈશ્વરનું છે આ કાંઈ રહસ્યમય અથવા વધુ આત્મિક લાગતું નથી પરંતુ તેમણે તે સાંભળવાની જરૂર હતી.

યહોશાફાટ અને બધા લોકો માટે આથી વિશેષ સારા સમાચાર કયા હોય શકે લડાઈ તમારી નથી પરંતુ ઈશ્વરની છે. તેનો અર્થ એમ નથી કે તેમણે કશું કરવાનું નહોતું. તેનો અર્થ કે ઈશ્વરે તેમણે શું કરવાનું તે જણાવવાના હતા. તેઓ ઈશ્વરના સામર્થ્ય ને રીતમાં તે કરવાના હતા પરંતુ લડાઇતો તેઓજ જીતવાના હતા.

તે આપણે જોઈશુ ઉત્તેજનના વચનો કહ્યા બાદ સૂચના આપે છે આપણને ઈશ્વર શું કરવું જોઈએ તે જણાવે ત્યાં સુધી વાટ જોવી જોઈએ. અને પછી તે તેમની વાટ જોતા દરમ્યાન જે તાકાત મેળવી છે તેમાં તે કાર્ય કરવાનું છે.

## અધ્યાય
## ૩

# ત્રીજો તબક્કો
# પોતાનું સ્થાન ગ્રહણ કરી લો

*આવતીકાલે તમે તેઓની સામે નીકળી પડો; તેઓ સીસને ઘાટે થઈને ચઢી આવે છે; તેઓ તમને યરૂએલના અરણ્યની ખીણને છેડે સામા મળશે.*

*આ લડાઈમાં તમારે યુધ્ધ કરવું નહિ પડે, હે યહૂદિયાના તથા યરૂશાલેમના લોકો સ્થિર થઈને ઊભા રહો, અને યહોવા તમારું કેવું રક્ષણ કરે છે જે જુઓ, બીશો નહિ, તેમ ગભરાશો પણ નહિ, કાલે નીકળીને તેઓની સામે જાઓ; યહોવા તમારી સાથે છે.*

*૨ કાળવૃત્તાત ૨૦: ૧૬, ૧૭*

યુધ્ધમાં તેમણે કયાં સ્થાન ગ્રહણ કરવાનું હતું (મોરચો બાંધવાનો હતો) તે આ ફકરામાં સુચવ્યું છે. હું હંમેશા વિચારું છું કે તેમનો અને આપણો મોરચો સ્થિર થઈને ઊભા રહેવું છે. જો કે આ સાચુ છે પરંતુ ઈશ્વર તરફથી બીજી સૂચના અપાઈ છે, યહોશાફાટે ભૂમિ સુધી મુખ નમાવીને નમન કર્યું અને ભજન કર્યું ઓહ ! ભજન તેમનો ખરો મોરચો હતો અને ભજનમાં તેઓ સ્થિર ઊભા રહ્યા. આપણો મોરચો આપણા ઘુંટણો પર છે – આદરભાવથી ભૂમિ સુધી મુખ નમાવવું તે મોરચો છે. ઘૂંટણ ટેકવેલા ને હાથઊંચા કરેલા તે મોરચો છે. દાઉદે ઈશ્વરને કહ્યું, ''તે મારા હાથને યુધ્ધ કરતા શીખવે છે.'' હું માનું છું કે તેને ભજનમાં હાથ ઊંચા કરવાનું અને ઈશ્વરને સમર્પિત થવાનું શીખવવામાં આવ્યું હતું. તેને ખબર હતી આ મોરચાની સ્થિતી છે.

*યહોવા મારો ખડક છે, તેને ધન્ય હો; તે મારા હાથને યુધ્ધ કરતા ને મારી આંગળીઓને લડતા શીખવે છે.*

*ગીતશાસ્ત્ર ૧૪૪:૧*

કદાચ દાઉદ જ્યારે પોતાના સંગીતના વાદ્યા વગાડતો ત્યારે તેની આંગળીઓ લડતી હતી. સ્તુતિ ભજન, ગીતો, ઈશ્વરનું વચન, આનંદ – આ બધા જ યુધ્ધના હથિયાર છે.

જૂના કરારનો શબ્દ કોષ વાઈન લીખીત છે, તેમાં સ્તુતિ વ્યાખ્યામાં નીચેના શબ્દો નોધેલા છે 'મહિમા, સ્તુતિ, સ્તુતિના ગીત, સ્તુતિ યોગ્ય કાર્યો." [૧] અને નવા કરારના શબ્દ કોષમાં સ્તુતિની વ્યાખ્યામાં ગ્રીક શબ્દ સમજાવતા તેને "પ્રાથમિક રીતે વાર્તા, ક્રમ બધ્ધ વર્ણન કહ્યું છે" [૨] વળી તે આગળ જણાવે છે કે 'સ્તુતિ' છે. તેના મહિમાના અનુસંધાનમાં ઈશ્વરને લાગુ પડે છે (તેના ચારિત્ર્ય અને કાર્યનું પ્રાકટ્ય છે.) [૩] બીજા શબ્દોમાં કહીએ તો સ્તુતિનો અર્થ છે ઈશ્વરની ભલાઈ, કરુણા, મહાનતા વીષે વાત કરવી અથવા ગીત ગાવાં.

જૂના કરારમાં આરાધનાનું વર્ણન 'સાક્ષાત દંડવત્ પ્રણામ' [૪] કરેલ છે. નવા કરારમાં આરાધનાની વ્યાખ્યામાં નમસ્કાર કરવા આદરભાવ દર્શાવવા નો સમાવેશ છે. આ શબ્દમાં ગ્રીક ભાષાના બે શબ્દોથી બન્યા છે. 'કોના પ્રત્યે' અને 'ચૂંબન કરવું'. 'કોઈને અર્પણ ચઢાવવા અથવા આદરભાવ દર્શાવવા' ઈશ્વરની પ્રત્યે. [૫] પ્રેરિતોના કૃત્ય ૧૭:૨૫માં શબ્દનો અર્થ દર્શાવતા 'સેવા કરવી, કામ કરવું' ઈશ્વર 'તેની આરાધના કરવી.' અમુક ભાષાતરકાર આ શબ્દ પણ વાપરે છે. [૬] વાઈન જણાવે છે કે (૧) બાઈબલમાં ઈશ્વરની આરાધનાની વ્યાખ્યા આપેલ નથી. ઉપરના ક્રિયાપદોને જોતા લાગે છે કે તે માત્ર સ્તુતિ પૂરતી મર્યાદિત નથી. વિસ્તૃત રીતે કહીએ તો તેને ઈશ્વરના અસ્તિત્વનો તેમની રીત તેમની પ્રકૃતિ, ગુણો, માર્ગો, દાવાઓ જે સ્તુતિને આભારમાથી ઉદ્ભવે છે અથવા આવો સ્વીકાર કરવાથી વ્યક્ત થાય છે. [૭]

આ પાયાની અને સાદી વ્યાખ્યા છે. પરંતુ મને લાગે છે કે તેની જ આપણે જરૂર છે. જો ઈશ્વરે આરાધનાની વ્યાખ્યા બાઈબલમાં આપી નથી તેનો અર્થ કે તે જાણતા હતા કે લોકોમાં તેની સમજ જન્મજાત છે.

*કેમ કે અમારી લડાઈના હથિયાર સાંસારિક નથી (દેહ અને રક્તના હથિયાર) પણ દેવની સહાયથી કિલ્લાઓ તોડી પાડવાને ને નાશ કરવાને સમર્થ છે.*

*૨ કરિંથી ૧૦:૪*

આપણા હથિયાર સાંસારિક નથી. તે એવા નથી કે જેને જગત સમજી શકે અથવા આ

સાંસારિક ક્ષેત્રમાં જે બધુ છે તે કામ કરી શકે તેમ નથી. પરંતુ ઈશ્વરના રાજ્યમાં તે કાર્ય કરી શકે. જ્યારે ઇઝરાએલીઓ યુધ્ધમાં જતા ત્યારે તેઓ મોટે ભાગે યહૂદાને પ્રથમ હરોળમાં રાખતા. યહૂદાનું કુળ સ્તુતિનું પ્રતિનીધિત્વ કરે છે આતો યહૂદાહ શબ્દનો અર્થ છે. આપણે જગત કહે તેમ નહીં પરંતુ ઈશ્વરની રીતે લડાઈ લડતા શીખવાની છે. **કેમ કે આપણું યુધ્ધ રકત તથા માંસની સામે નથી પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓને સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાના આત્મિક લશ્કરોની સામે છે.** (એફેસી ૬:૧૨)

આપણું યુધ્ધ રક્ત અને માંસના બનેલા માણસો સામે નથી તે તો શેતાન સામે છે. જે આપણા આત્માનો શત્રુ છે. તેથી આપણે રણભૂમિમાં જે સ્થાન ગ્રહણ કરવાનું તે છે આત્મિક ક્ષેત્રમાં સ્થિર ઊભા રહી ઈશ્વરની ભક્તિ કરવાની છે.

*એ માટે દેવના સર્વ હથિયાર સજી લો, કે તમે ભૂંડે દહાડે ભયજનક સ્થિતિમા સામા થઈ શકો, અને બને તેટલું સર્વ કરીને તેની (કટોકટીની માંગણીઓ) તેની સામે ટકી શકો. (ઊભા રહી શકો.)*

*એફેસી ૬:૧૩, ૧૪*

જ્યારે મને સમજાયુ કે યુધ્ધમાં આપણું સ્થાનતો ભક્તિ છે ત્યારે હું અચંબામાં પડી ગઈ. મને ખબર નથી કે મને આ પહેલા કેમ ન દેખાયુ કદાચ શેતાને મારી સમજણને દેહના કાર્યોમાં વ્યસ્ત રાખી બંધ કરી દીધી હતી. જે કામમાં ન આવે તે શા કામના ?

ઊભા રહેવુ એટલે કે ઈશ્વરના આ વિશ્રામમાં પ્રવેશવું અથવા રહેવું. આ શારીરિક રીતે નહીં પરંતુ આત્મિક રીતે આરામની વાત છે. જ્યારે હું મારા સ્થાને ઊભી છું એટલે કે મુકી ઈશ્વરાનો હું ઇન્કાર કરું છું. હું સતત એ જ માનું છું કે ઈશ્વર મને છોડાવશે. હું તેનામાં રહું (ચાલુ બેસુ) છું.

એફેસી ૬ આપણને કહે છે ઊભા રહો... બની શકે તેટલું સર્વ કરીને તેની સામે ઊભા રહો. ક. ૧૩

આપણા આત્મિક શત્રુઓ સાથેના યુધ્ધમાં આપણે ખ્રિસ્તમાં ઊભા રહેવાનું છે. તેનામાં રહેવાનું ને આરામ કરવાનો તે તો આરાધના અને સ્તુતિ છે.

જ્યારે તમે કટોકટીનો સામનો કરો અને શું કરવું તે ન જાણતા હો ત્યારે ઈશ્વરે યહોશાફાટને તથા તેના લોકોને જે સૂચના આપી તે કરો. તમે ઊભા રહો (આરાધના) શાંત રહો અને પ્રભુનું તારણ જુઓ. તમારી જાતને એકત્ર કરો શાંત થઈ જાવ. તમારા મગજને

ઉત્તર શોધવાનો પ્રયત્ન કરતા અટકાવો. તમારુ ધ્યાન ઈશ્વરમાં કેન્દ્રિત કરો.

તમારું મુખ ખોલી તમારા હ્રદયમાં જે ગીત છે તે ગાવ. ઈશ્વરે તેના વચનમાં કહ્યું છે કે તે આપણને છુટકારાનું ગીત આપશે. ઈશ્વર આપણને તે આપે છે પરંતુ શેતાન સામે તે અસરકારક બને માટે તેને ગાવ.

*તું મારી સંતાવાની જગા છે, તું મને સંકટમાંથી ઉગારશે; ઉધ્ધારના સ્ત્રોત્રો મારી તું આસપાસ ગવડાવશે. સેલાહ (વિરામ અને શાંતિથી તે વીષે વિચારો.)*

*ગીતશાસ્ત્ર ૩૨:૭*

ઈશ્વરે યહોશાફાટને કહ્યું કે નિરાશ થઈશ નહિ. નિરાશા, ભય, ચિંતા, બીક, ડરનું મિશ્રણ છે આમાનું એક ‘બીકણો’ ધ્યાન ખેચવા પ્રયાસ કરે છે આપણે આ બધા વિચારો ને લાગણીઓની વિરુદ્ધ જવાની જરૂર છે.

*...આવતીકાલે નીકળીને તેઓની સામે જાઓ; યહોવા તમારી સાથે છે*

*૨ કાળવૃત્તાંત ૨૦:૧૭*

આપણે શાંત ઊભા રહેવાનું અને પેલા બધા ભયની વિરુદ્ધ ઈશ્વરની આરાધનાથી જવાનું છે. ચર્ચની સભામાં આપણે એકત્ર મળીને કરીએ તેજ આરાધના કરી તેમ નથી. તે તો આપણા દૈનિક જીવનમાં જીવવાનું છે – ખાનગી આરાધના જે આપણ દરેકે દિવસ દરમ્યાન કરવાની જરૂર છે.

બાઈબલમાં આરાધનાની શારીરિક મુદ્રા દર્શાવેલી છે ઈશ્વરે યહોશાફાટ અને યહૂદાના લોકો સાથે પ્રબોધક દ્વારા વાત કર્યા બાદ, લોકોએ ઘૂંટણે પડીને આરાધના કરી આપણે હંમેશા નીચા વળી શકીએ નહિ કારણ એવા સ્થળે હોઈએ જ્યાં તે યોગ્ય ન હોય પરંતુ આપણા હ્રદયમાં ગમે તે સમયે ને સ્થળે આરાધના કરી ંશકીએ.

## <u>આરાધનામાં શારીરિક મુદ્રા</u>

*એ સાંભળીને યહોશાફાટે ભૂમિ સુધી મુખ નમાવીને નમન કર્યું, અને સર્વ યહૂદિયા તથા યરૂશાલેમના રહેવાસીઓએ યહોવાનું ભજન કરીને તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.*

*૨ કાળવૃત્તાંત ૨૦:૧૮*

હું માનું છું કે આ કલમ શારીરિક મુદ્દ દર્શાવે છે જે નિયમીત રીતે ઈશ્વર સામે આપણે

કરવી જોઈએ. જેમ મે કહ્યું તેમ હંમેશા આ ન કરી શકીએ પરંતુ ઈશ્વરની સમક્ષ આદર ને આરાધનામાં નમી પડવાની ટેવ પાડવી જોઈએ. હું માનું છું કે ખરેખર તો તે આપણા માટે સારુ છે કે વ્યક્તિગત ઘૂંટણીએ પડીએ. આપણે ઈશ્વર સમક્ષ નમ્રતાની સ્થિતીની યાદ દર્શાવે છે.

મેં 'આરાધના' શબ્દનો અભ્યાસ કર્યો છે અને શોધી કાઢ્યું છે કે તેને વિવિધ રીતે વર્ણવી શકાય છે. દેખીતી રીતે તે તો હૃદયનો પ્રતિભાવ છે જે પ્રથમ બહાર વ્યક્ત થાય છે પરંતુ વારંવાર જે શબ્દ આરાધના વ્યક્ત કરે છે તે તો બાહ્ય શારીરિક સ્થિતી દર્શાવે છે. જેમ ૨ કાળવૃત્તાંત ૨૦:૧૮માં જોવાનું મળે છે.

## ઊભા રહો અને ઈશ્વરનું સ્તુતિ કરો

*કહાથીઓના તથા કોરાહીઓના વંશજોમાંના લેવીઓ અતિ મોટા સાદે ઈસ્ત્રાએલના દેવ યહોવાની સ્તુતિ કરવા સારુ ઊભા રહ્યા.*

*૨ કાળવૃત્તાંત ૨૦:૧૯*

આ પરિસ્થિતીમાં શું બન્યુ છે તેનું ચિત્ર લો. પ્રથમ બધા પ્રભુની આગળ નમી પડે છે. પછી તેમાના અમુક ઊભા રહે છે અને મોટા અવાજે ઈશ્વરની સ્તુતિ કરે છે.

આપણે કેવી મુદ્રામાં છીએ તેની નહીં પરંતુ આપણે દરરોજ નિયમીત આરાધના કરવી જોઈએ. આપણે ઈશ્વરની આરાધના કરવી જોઈએ કારણ તે આપણી ભક્તિને યોગ્ય છે અને આપણે એ સમજી લેવું જોઈએ કે શેતાન આરાધના ધિક્કારે છે તેનાથી તે હારી જાય છે.

અમુક લોકો એવું માને છે કે શેતાન એક સમયે સ્વર્ગમાં આરાધનાનો મુખ્ય સંચાલક ઈશ્વરદૂત હતો. તેણે ઈશ્વર વિરુદ્ધ બળવો કર્યો અને તેને નીચે નાખી ઈશ્વરામાં આવ્યો અને તેનું આખુ શરીર સંગીતના વાદ્યોનું બનેલું હતું તેથી જ્યારે પણ તે હલનચલન કરે ત્યારે સંગીત વાગતું સ્વાભાવિક છે તે આરાધનાની ઈર્ષા કરે છે તે ઈર્ષાળું છે તેના બળવા અને અભિમાનના લીધે તેણે આ પદ ગુમાવી દીધુ છે. (જુઓ હઝકીએલ ૨૮: ૧૩, ૧૪, ૧૭)

## વિશ્વાસ કરો ને સ્થિર રહો

*તેઓ સવારમાં વહેલા ઊઠીને તકોઆના અરણ્યમાં ગયા; તેઓ ચાલતા હતા તે દરમિયાન યહોશાફાટે ઊભા રહીને કહ્યું કે, હે યહૂદિયા તથા યરૂશાલેમના રહેવાસીઓ, મારું સાંભળો, તમારા દેવ યહોવા પર વિશ્વાસ રાખો, ને તમે સ્થિર થશો, તેના પ્રબોધકોનું માનો ને તમે આબાદ થશો. (અથવા સફળ થશો)* *૨ કાળવૃત્તાંત ૨૦:૨૦*

તેમણે પ્રભુની આરાધના અને સ્તુતિ કર્યા બાદ લોકો દુશ્મનને મળવા ગયા. કૃપા કરીને ખાસ નોંધ લો તેમણે આરાધના અને સ્તુતિ કર્યા બાદ તેઓ દુશ્મન સામે ગયા.

જ્યારે તેઓ જતા હતા ત્યારે યહોશાફાટે તેમને યાદ ઈશ્વરડાવ્યું કે અગાઉથી ઈશ્વરનું વચન જે તેમને મળ્યું હતું તે યાદ કરો ને શંકા ન કરશો.

આપણામાંના અમુકને ફરી પાછા ઈશ્વરે જે વચન આપ્યું છે ત્યાં જવુ પડશે. ઈશ્વર આપણને દિલાસાના વચનો અથવા દોરવણીના વચન જણાવે અને આપણે ઘણા ઉત્તેજીત થઈ જઈએ, વિશ્વાસ સહીત, હિંમતવાન બની એવુ વિચારીશું કે દુશ્મન પર વિજય હાંસલ કરીશું. છતાંએ આપણે તે વચન ભૂલી જવાશે અને ફરી પાછા જવાની જરૂર પડશે. તિમોથી ગભરાઈ ગયો અને નિરાશ થઈ ગયો હતો અને પાઉલ તેને ઉત્તેજન આપતા કહે છે, તારી દિક્ષા સમયે વડીલોના હાથ મુકવાથી જે દાન મળ્યું હતું તે યાદ કર.

યહોશાફાટે લોકોને કહ્યું કે તેઓ પ્રબોધકની વાત માને અને પ્રબોધકના વચન યાદ કરે જે તેમણે યુધ્ધના દિવસ પહેલા કહ્યા હતા કે આ યુધ્ધ તેમનું નહી પરંતુ યહોવાનું છે. હું તમે દુશ્મનનું ન સાંભળો તે માટે ઉત્તેજન આપું છું. તે જુઠો અને જુઠાનો બાપ છે. તે નિરાશ કરનારો છે ને એવું કહે છે ‘તારો છુટકારો કદી થશે નહિ. ઈશ્વરના લેખીત વચન વાંચો અથવા તેણે જે વચન તમને અગાઉ આપ્યું છે અને યાદ રાખો કે ઈશ્વર જૂઠું બોલી શકતા નથી. તેના વચનો ખાત્રીદાયક છે અને આપણે તેમના પર આધાર રાખીશું.

તમે સ્થિર રહો, અને તમારો છુટકારો થશે આપણે વિશ્વાસથી અને ધીરજથી આ વચનનો વારસો પામીશું.

## <u>સ્તુતિ કરો</u>

*તેણે લોકોને એ બોધ આપ્યા પછી સૈન્યની આગળ ચાલતા ચાલતા યહોવાની આગળ ગાયન કરનારાઓને, પવિત્ર વસ્ત્ર પહેરીને તેની સ્તુતિ કરનારાઓને, તથા યહોવાનો આભાર માનો કેમ કે તેની કૃપા સદાકાળ ટકે છે, એ સ્તોત્ર ગાનારાઓને ઠરાવ્યા. ૨ કાળવૃત્તાંત ૨૦:૨૧*

યહોશાફાટ અને તેના લોકો માટેની રણનીતિના આ તબક્કાનું હાર્દ આ કલમમાં છે યહોવાની આગળ ગાઓ તેની સ્તુતિ કરો અને તેનો આભાર માનો આ સ્તુતિ કરનારાઓએ કહ્યું યહોવાનો આભાર માનો કેમ કે તેની કૃપા સદાકાળ ટકે છે !

મુશ્કેલીના સમયે ગાવાનું કે આભાર માનવાની વાત ગમશે નહી પરંતુ મારુ માનો આપણે તેજ કરવાનું છે. ઘણી બાબતોનો આપણા મનથી કંઇ અર્થ સમજાતો નથી પરંતુ

તેનો અર્થ એ નથી કે તે ના કરીએ. આપણે આપણા મન પર વધુ પડતો આધાર રાખીએ છીએ અને સમજતા નથી વર્ષોથી દુનિયાની વ્યવસ્થામાં જીવવાના લીધે આપણા મગજ પ્રોગામ થઇ ગયેલા છે. બાઇબલ રોમન ૧૨:૨માં કહે છે કે આપણા જીવન માટે ઈશ્વરની સારી ઈચ્છાનો અનુભવ કરવા માટે આપણે ઈશ્વરના વચનથી સંપૂર્ણ રૂપાંતરીત થવુ પડશે.

મારા પોતાના અનુભવ અને મારા મિત્રના અનુભવ પરથી હું તમને ઉદાહરણ આપવા ચાહુ છું ઘણા વર્ષો અગાઉ મને સખત માથાનો દુઃખાવો થતો હતો તેથી ડૉકટરે મને અમુક દવાઓ પીવાને આપી હતી. દવાને લીધે મને જાણે માથામાંથી ટ્રેન પસાર થતી હોય તેવું લાગતું. માથામાં મને સતત સણકા આવતા અને જાણે થતુ હું ગાંડી બની જઈશ.

એક દિવસ દવા લીધા પછી તે રાત્રે હું ઊંઘી શકી નહી. હું બેચેન બની ગઈ મારા માથામાં રણકા આવતા અને શેતાન મને જુઠુ કહેવામાં વ્યસ્ત બની ગયો હતો. મારા કુટુંબમાં અમુકને માનસિક રોગ હતો તેથી શેતાન તેનો લાભ ઉઠાવી મને કહેતો કે તું પણ ગાંડી થઈ જઈશ. રાત્રીના બે કે ત્રણ વાગ્યા હતા બધુ જ શાંત હતુ ડેવ ભર નિંદ્રામાં હતા મને લાગ્યું કે હું દુનિયામાં દુઃખ સાથે એકલી દુખી થઈ ગઇ છું. મને લાગ્યું કે હું વધુ બિમાર થવાની છું તેથી બાથરૂમમાં ગઇ.

હું બાથરૂમમાં નીચે પડીને કમોડની સીટના ટેકે માથુ રાખી બેઠી હતી, તેજ વખતે મારા અંતરમનમાંથી ગીતનો અવાજ સંભળાયો, અને પવિત્ર આત્માને મેં કહેતા સાંભળ્યુ 'ગીત ગા.' મેં વિચાર્યું ગીત ગાઉ ?

મને ગાવાનું મન નહોતું બધુ છોડી ઈશ્વરાનું, ફેકી ઈશ્વરાની ઈચ્છા થઇ. કંઇ પણ કરીને ઊભી થઇને ગા ગમે તેમ 'ગીત ગા' હું હતાશ બની ગઇ રડવા જેવી થઈ ગઈ, પોતાની દવા ખાવા લાગી, મારા પતિ ડેવ પર ગુસ્સે થઇ કે હું અહીં દુઃખમાં છું તે નિરાંતે ઊંઘે છે. આપણે આપણી લાગણી મુજબ વર્તીને જીવનમાં ઈશ્વરના વિજયનો અનુભવ કરી શકતા નથી.

જે ગીત મારા મનમાં ગુંજતું હતું તે તો ઘણું જૂનું ગીત હતું. તેના શબ્દો હતા 'બગીચામાં' ' ઘણા વર્ષોથી મેં તે સાંભળ્યું નહોતું. તેણે મને ઈસુના ગેદસેમાનેના બગીચાના દુઃખોની યાદ તાજી કરાવી. જો તેઓ સહન કરી શકયા તો હું પણ કરી શકીશ ને ઈશ્વરને આજ્ઞાધિન બનીને મેં ભેંસાસુર અવાજમાં ગાવાનું શરૂ કર્યું. અવાજ એટલો કકર્શ હતો કે એમ ન લાગે કે હું ગાઉ છું પરંતુ હું દેવને આધીન થઈ અને સારી બની ગઇ.

બીજુ ઉદાહરણ એક મિત્રનું છે હિસાબોની તપાસ થતી હતી તેમના ત્યાં રેડ પડી હતી.

તેમણે હિસાબમાં કશા ગોટાળા નહોતા કર્યા છતાં જે બહેન ઓડિટ કરવા આવ્યા હતા તેઓ મિત્રભાવ દાખવતા નહોતા ને ગમે ત્યાં ભૂલ શોધવા પ્રયાસ કરતા હતા. તેની બે વાર તપાસ થઇ ગઇ હતી. આજે ત્રીજીવાર તે તપાસ માટે જતા હતા. જયારે તે ત્યાં શું કહેવું ને કરવું તે વીષે વિચારતા હતા અને અચાનક પોતાનું લખેલુ એક કાવ્ય તેમને યાદ આવ્યું. તેમણે કહ્યું તે ગીતનો વિચાર મગજમાંથી જતો જ નહોતો તે બેચેન બની ગયો કારણ તેણે ચર્ચાની યોજના બનાવવાની હતી ગાવાનું નહોતું.

આ ભાઈ આરાધના આગેવાન હતા તેથી ગીત લખવા ને ગાવું તે સામાન્ય બાબત હતી. પરંતુ તેને લાગ્યું આ તે માટેનો સમય નથી. તેમણે તે ગીત અટકાવવાનો પ્રયત્ન કર્યો ને દેવને કહ્યું, ‘પ્રભુ અત્યારે કંઇ ગીત તૈયાર કરવાનો વખત નથી.’ છેવટે દેવે તેનું ધ્યાન મેળવ્યું અને તેને દર્શાવ્યું કે આતો છુટકારાનું ગીત છે પરંતુ તેણે તે ગાવું પડશે. આ ગીતના શબ્દો જણાવતા હતા કે દેવને સંકટને સમયે આપણુ રક્ષણ ને છોડાવનાર છે.

આખા રસ્તે ગાતો ગાતો તે ગયો. જયારે તે ઓફિસે આવ્યો ત્યારે તો તે આનંદિત બની ગયો હતો ને તેને ઘણો રસપ્રદ સમય રહ્યો. તેણે કહ્યું પેલા અધિકારી બાનું એટલા બધા ગુંચવાયેલા અને મૂંઝાએલા હતા  કે તે શું શોધી રહ્યા છે તે પણ દેખાતું નહોતું. તે તો ખૂબ જ મિત્રભર્યા ને આનંદમાં તેણીની સાથે વાત કરવા બાનુ લાગ્યા પરંતુ તો નિસ્તેજને ચીડાયેલા જ રહ્યા. પછી અચાનક બોલી ઉઠ્યા ‘સારુ હવે પછી તમને બોલાવીશ જાવ ' ત્રણ અઠવાડિયા પછી ટપાલમાં તેમને પત્ર ળ્યો કે હવે કેસ બંધ કરવામાં આવે છે કે કારણ બધુ બરોબર છે.

મારી આશા છે કે આ બે ઉદાહરણ દ્વારા તમને મુશ્કેલી સમયે ગાવાનું ઉત્તેજન મળશે ને જે કરવાનું પરિક્ષણ થાય છે તે નહી કરો.

જેમ મેં મારા બાથરૂમમાં કર્યું અથવા મારા મિત્રએ ડ્રાઇવીંગ કરતા કર્યું તેવુ જ કદાચ યહોશાફાટને માર્ગમાં તેવીજ લાગણી થતી હશે પરંતુ યહોશાફાટ આજ્ઞાધીન બન્યો અને તે કારગત નીવડેલું આપણે જોઈશું.

## <u>માત્ર આરાધના</u>

જ્યારે જીવનમાં કશી જરૂર હોય ત્યારે ઈશ્વર પાસે તેને માટે ભીખ માંગવાના બદલે ઈશ્વરની આરાધના કરીએ બાઇબલ કહે છે તમારી પાસે નથી કારણ તમે માંગતા નથી (યાકુબ ૪:૨) માટે આપણે માગવાની જરૂર છે – આપણી વિનંતીઓથી તેને માહિતગાર કરો – તે માટે ભીક્ષાના ભાવમાં આવવાની જરૂર નથી. આપણે વિશ્વાસી છીએ ભીખારી નથી.

માત્થી ૬ આપણને શીખવે છે કે આપણી પ્રાર્થનામાં એકના એક શબ્દો દોહરાવવાની જરૂર નથી કે આપણા ઘણા બોલવાથી ઈશ્વર સાંભળશે. પ્રમાણ કરતા ગુણવત્તા મહત્વની છે. આપણને ઘણીવાર એવી ભૂલ ભરેલી માન્યતા છે કે જો લાંબી પ્રાર્થના કરીશું તો તે અસરકારક બનશે પરંતુ તેમ નથી.

વ્યક્તિગત રીતે મને લાગે છે કે ઘણીવાર આપણે એટલું બધુ બોલીએ છીએ કે હવે શું માંગીએ છીએ તેની જ ખબર રહેતી નથી. મારી પ્રાર્થનામાં ઘણીવાર એટલી બધી વાત કરું છું કે ગુંચવાઈ જાઉ છું. થોડા વર્ષ અગાઉ ઈશ્વર આ બાબતે મારી સાથે વ્યવહાર કરતા હતા ને મને કહેતા હતા કે જેની જરૂર હોય તે શક્ય એટલા ઓછા શબ્દોમાં માંગ. આ તો નવું શિસ્ત શીખવાનું હતું પરંતુ હું તેમ કરવા લાગી અને બાકીનો સમય તેની હાજરીમાં અથવા આરાધનામાં ગાળવા લાગી. તેથી મને વધુ તાજગી મળી ને અસરકારક બન્યું. હજુ ઘણી બધી વાર પાછી પેલી જુની ઘરેડમાં સરકી જાઉ છું કે સારું છે પરંતુ ઈશ્વર મને યાદ કરાવે છે કે સાદાઈમાં સામર્થ્ય છે.

આપણે માત્ર પ્રભુની પ્રાર્થના જોવાની છે. તેના શિષ્યોએ કહ્યું, 'પ્રભુ અમને પ્રાર્થના કરતા શીખવ' અને ઈસુએ જે નમૂનો રજુ કર્યો તે ખૂબ જ સાદો ને છે પરંતુ ચોક્કસ કામ થઈ જાય છે. ઈશ્વરને હૃદયનું વિશ્વાસપણું જોઈએ છે પ્રામાણીક હૃદય વીનાનો ખાલી કાલા શબ્દોનો ઢગલો નહીં.

હું એવું સૂચન નથી કરતી કે તમે ઈશ્વર સાથે વધારે સમય ન ગાળો પરંતુ તે સફળ આરાધના ને વાટ જોવામાં ને વાત કરવામાં ગાળો.

મને લાગે છે કે આપણી જરૂરિયાતને મેળવવાના શ્રેષ્ઠ રીત છે કે જેની જરૂર હોય તે માગી લો અને પછી તે જે છે ને આપણી જરૂરત માટે તેની આરાધના કરો. તે માત્ર આપણને જેની જરૂર હોય તે આપતો નથી. – આપણને તો તેની આવશ્યકતા છે.

આપણને શાંતિની જરૂર છે તે આપણી શાંતિ છે તે આપણો સંતોષ ન્યાયીપણું, સબળ પ્રમાણ છે. તે ઈશ્વર પૂરું પાડનાર યહોવા યિરેહ છે. ઈશ્વરનો આનંદ આપણું સામર્થ્ય છે. તે માત્ર આનંદ આપતા નથી તે આપણો આનંદ છે આશા અને માર્ગ છે.

એક બાબત મેં મારા જીવનમાં બનતી જોઈ છે કે જે ઈશ્વરના ગુણ માટે હું તેની આરાધના કરું છું તે મારા જીવનમાં મુક્ત થતુ હું અનુભવું છું. જો આપણે કૃપાની જરૂર હોય તો ઈશ્વરની દયા ને કૃપા માટે તેની આરાધના ને સ્તુતિ કરવા લાગો. જો આર્થિક જરૂરિયાત છે તો સ્તુતિને આરાધના કરો કે તેણે વચન આપ્યું છે કે અમને કશા સારા વાનાથી અછત રહેશે નહિ (જુઓ ગીતશાસ્ત્ર ૮૪:૧૧) આપણે આનંદીત બનીએ કારણ તે આપણો ઘેટાંપાળક છે માટે કશાની ખોટ પડનાર નથી.

તમે કદાચ આવુ કહેવા માગતા હશો. “પિતાજી ઈસુના નામમાં હું આવું છું તમારી ભવ્યતા માટે આરાધના કરું છું. પ્રભુ હું જાણું છું કે તમે બધુ જ કરી શકો છો. મને યાદ છે ભૂતકાળમાં હંમેશા તમે મને મદદરૂપ બન્યા છો અને મને છોડાવી છે અને તમારા મારા જીવનના ભલાઈને માટે આભાર. તમે પ્રભુ મારા મદદગાર, મારુ સામર્થ્ય, મારો ઊંચો કિલ્લો, સંકટને સમયે શરણસ્થાન, તમે મારા સંતાવણી જગા છો.

તમે વિશ્વાસુ અને તમારામાં વિશ્વાસ કરવાનું હું પસંદ કરું છું. પિતાજી તમે જાણો છો અત્યારે મારે તમારી જરૂર છે. મારા શત્રુઓ મારી વિરુદ્ધ ઊઠયા છે અને શું કરવું તે હું જાણતો નથી. જો કે મને ખબર હોય તોપણ તમારા વીના તે કરવાની શક્તિ મારામાં નથી પ્રભુ હું તમારી વાટ જોઉ છું, મને વિજય આપો પ્રભુ યુધ્ધ મારું નથી પરંતુ તમારું છે.

“તમારી રીતે મને છોડાવો. મારી નહિ તમારી ઈચ્છા પૂરી થાવ મારા સમયો તમારા હાથમાં છે. હવે પ્રભુ હું તમારી સ્તુતિ અને આરાધના કરું છું કારણ કોઈપણ વ્યક્તિ અથવા શેતાનની તાકાત મારા માટેની તમારી યોજનાને બદલી શકશે નહિ. હું તમારો આભાર માનું છું કે તમે અત્યારેજ મારો છુટકારો કરવાની પ્રક્રિયામાં છો અને હું મારી નજરે છુટકારો જોઈશ જયારે હું વાટ જોઉં છું તે સમયે શાંતિ આપવા બદલ આભાર. પડતું નહિ મૂકવા તાકાત આપવા બદલ આભાર જો કે હાલમાં દુશ્મન મારા પર સતત દબાણ કરે છે છતાં આત્માના ફળમાં ચાલવા માટે મારી મદદ કરો. જીવનના માર્ગમાં દોરી જનાર સાંકડા માર્ગમાં મને ચલાવો. તમારા પરનો પ્રેમ દર્શાવવા મારી પાસે શબ્દો નથી.”

પછી કોઈ જરૂરતનો વિચાર આવે તરત પ્રભુની સ્તુતિ, આરાધના કરો અને તેનો આભાર માનો કે ઈશ્વર તમારીપ્રાર્થનાના ઉત્તર આપનાર છે ને તમને વિજય આપે છે.

આવા પ્રકારની પ્રાર્થના ખરેખર તમને ઉત્તેજન આપશે અને તમારા વિશ્વાસને વધારશે.

## આરાધના દ્વારા છુટકારો

આરાધના દ્વારા છુટકારો મળે છે. ઘણીવાર આપણને માનસિક અને લાગણીના ક્ષેત્રમાં છુટકારાની જરૂર હોય છે. જયારે આપણે પ્રભુની આરાધના કરીએ છીએ.

ત્યારે માનસિક અને લાગણીના બોજા જે આપણને દબાવી રાખે છે તેમાંથી છુટકારો મળે છે. ઈશ્વરની ભયાવહતા તેને ગળી જાય છે.

વહેલી સવારે આરાધના કરો, ‘મારુ સૂચન છે કે પથારીમાંથી ઊઠયા પહેલા સ્તુતિ કરો. કામ ઉપર જતા તૈયાર થતાં સ્તુતિ કરો, કામ પર જતા રસ્તામાં સ્તુતિ કરો. તમને નવાઈ પામી જશો તેવા ફેરફારો ઘરમાં ને વ્યવસાયના સ્થળે થશે આરાધના કાર્ય થઈ શકે તેવું વાતાવરણ ઊભુ કરે છે.

કચકચ, ટીકા, અને ભૂલ શોધ્યા કરવી – નકારાત્મક છે તે એવું વાતાવરણ તૈયાર કરે છે જ્યાં શેતાન કાર્ય કરી શકે પરંતુ આરાધના તેનાથી તદ્દન વિરુદ્ધનું કાર્ય કરે છે. ઘણા લોકો ઢસરડા કરતા આખા રસ્તે કચકચ કરે છે કાયમ લોકોની નિંદા કરે છે. પોતાના અધિકારી અથવા કામ બાબતે ફરિયાદો કરે છે પરંતુ હું તમને ખાત્રી આપું છું કે તેમની કચકચને ટીકા ટીપ્પણીથી કોઈ સુધારો થવાનો નથી ઉલટું તે બગડશે.

ઈશ્વરના પ્રત્યે આભાર અને કૃતજ્ઞતાના દર્શાવવાથી આપણામાં ફેરફાર થાય છે. આપણી નોકરી માટે ઈશ્વરનો આભાર માનો ઘણા લોકોએ તેમ કર્યું નથી. ઘણીબધી વાર હું પ્રભુનો આભાર માનું છું કે મારે રસ્તા પર સુવુ પડતુ નથી કે પછી ખોરાક માટે લાઈનમાં ઊભા રહેવુ પડતુ નથી. જે તમારી પાસે જે નથી તેના પર પર નહી પરંતુ છે. તેના પર ધ્યાન કેન્દ્રિત કરો.

*આભાર માનતા માનતા તેની ભાગળોમાં, અને સ્તવન કરતાં તેનાં આંગળામાં આવો, તેનો આભાર માનીને તેના નામને ધન્યવાદ આપો.*

*ગીતશાસ્ત્ર ૧૦૦:૪*

*હું સર્વસમયે યહોવાને ધન્યવાદ આપીશ; મારે મુખે તેની સ્તુતિ નિરંતર થશે.*

*ગીતશાસ્ત્ર ૩૪:૧*

આરાધના આપણું રૂપાંતર કરે છે ઈશ્વર આપણામાં જે કાર્ય કરી રહ્યા છે તે કાર્ય ઈશ્વરની આરાધના કરવાથી વધુ ને વધુ દશ્યમાન બને છે અને ઈશ્વરના મહિમાના નવા સ્તર પર આપણે પહોંચીએ છીએ જે તેના શ્રેષ્ઠ મહિમાનું પ્રકટીકરણ છે. બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વર પોતાના આરાધક પર ભલાઈ રેડે છે.

ઈશ્વરે જે વચન તમને આપ્યું છે જે વાત તમને કરી છે તે ભૂલશો નહિ. જે બાબતનું વચન ઈશ્વરે આપ્યું છે અને તેના પ્રગટ થવાની તમે વાટ જુઓ છો તે દરમ્યાન તમારા દિવસ અને રાતને હકારાત્મક વલણ, સ્તુતિ, આભાર અને આરાધનાથી ભરી દો.

આ આપણા માટેનું ઈશ્વરનું વચન જ્યારે આપણે ભૂલી જઈએ છીએ ત્યારે નિરાશા, હાર, નકારાત્મકતા, ક્રોધ, અને ધીરજ ગુમાવી બેસીએ છીએ. જે હૃદયમાં હોય તે સ્વાભાવિક રીતે મુખ દ્વારા બહાર આવે છે. ઈશ્વરનું વચન શીખવે છે કે આપણે જે લઈએ છીએ તે કરીએ છીએ ઈશ્વર જે વચનોનું અસ્તિત્વ નથી તેનું અસ્તિત્વ છે તેમ કહે છે. (રોમન ૪:૧૭) આપણે તેમના નમૂનાને અનુસરીને તેવું જ કરવાનું છે.

જ્યારે આરાધના કરીએ છીએ તે પ્રાપ્ત કરવાની સ્થિતી છે.

# અધ્યાય
# ૪

# ચોથો તબક્કો
# ઈશ્વર છુટકારો લાવે છે

*તેઓએ ગાયનનો તથા સ્તુતિ કરવાનો પ્રારંભ કર્યો, એટલે યહોવાએ આમ્મોનીઓ, મોઆબીઓ તથા સેઈર પર્વતના લોકો, જેઓ યહૂદીયાની સામે લડવા આવ્યા હતા, તેઓના માર્ગમાં કેટલાક માણસોને સંતાડી રાખ્યા; અને તેઓએ માર ખાધો.*

*૨ કાળવૃત્તાંત ૨૦:૨૨*

આ કલમ કહે જ્યારે યહૂદાહના લોકો ઈશ્વરની સ્તુતિ કરતા હતા ત્યારે તેમના દુશ્મનો પર છુપાએલા લોકોએ હુમલો કર્યો અને દુશ્મનો અંદરોઅંદર કપાઇ મર્યા. સ્તુતિ દ્વારા લોકો ગુંચવાઈ ગયા.

મને લાગે છે કે આ ચોક્કસ ખૂબ જ અચંબાજનક સારા સમાચાર છે ! તેનો વિચાર કરો. તેમણે ભયમાં રહેવા કરતા ઈશ્વરને શોધવાનું પસંદ કર્યુ. તેમણે ઈશ્વરને કહ્યું કે તમે ભયાવહ ઈશ્વર છો, તેઓ ઊભા રહ્યા અને ઈશ્વરની વાટ જોઈ ઈશ્વરે તેમના વચન સાથે પ્રબોધક મોકલ્યો કે યુધ્ધ તમારું નથી ઈશ્વરનું છે. ઈશ્વરે તેમને કહ્યું તમારુ સ્થાન ગ્રહણ કરી શાંત ઊભા રહો. તેણે આરાધના અને સ્તુતિ કરી. યહોશાફાટે ગીત ગાવા સ્તુતિ કરવા ગવૈયા નીમ્યા હતા, અને ઈશ્વરે તેમના દુશ્મનોને એવી ગુચવી નાંખ્યા કે તે અંદરો અંદર લડીને મરી ગયા.

ન્યાયાધીશના પુસ્તકમાં બીજુ ઉદાહરણ જોવાનું મળે છે જેમાં સામાન્ય રીતે જે રણનીતિ કારગત ન નીવડે તે દ્વારા લોકોનો છુટકારો કરાયો હતો.

ત્યારે યરૂબ્બઆલ, એટલે ગિદિયોન તથા તેની સાથેના સર્વ લોકોએ મળસકે ઊઠીને હારોદના ઝરાની સામે છાવણી કરી;

*અને મોરેહ પર્વતની પાસે તેઓની ઉત્તર ગમની ખીણમાં મિદ્યાનીઓએ છાવણી કરી હતી.*

*યહોવાએ ગિદિયોનને કહ્યું, તારી સાથેના લોકો એટલા બધા છે કે તેઓ વડે હું મિદ્યાનીઓને તેઓના હાથમાં સોંપવા ઈચ્છતો નથી, રખેને ઈસ્ત્રાએલ મારી આગળ ફૂલાશ મારીને કહે કે, મારા પોતાના જ હાથે મને ઉગાર્યો છે.*

*માટે હવે તું જા, અને લોકોને જાહેર કર કે, જે કોઈ ભયભીત તથા ધ્રુજતો હોય, તે ગિલયાદ પર્વત આગળથી પાછો જાય. ત્યારે લોકોમાંથી બાવીસ હજાર પાછા ગયા એટલે દશ હજાર રહ્યા.*

*ન્યાયાધીશ ૭: ૧-૩*

ગિદિયોન જે મોટા યુધ્ધનો સામનો કરવાનો હતો તેને વધુ માણસો પૂરા પાડવાને બદલે, ઈશ્વર તેને કહે છે કે તેને વિજય અપાવવા માટે આ લોકો વધારે છે. ઈશ્વર આપણી શક્તિ કરતા આપણી નબળાઈ દ્વારા સારી રીતે કાર્ય કરે છે. ઘણીવાર નૈર્સગીક રીતે થયા કરે છે કે ઈશ્વરના વિજયની વાત નથી રહેતી. જો પ્રભુ સિવાય બીજો કોઇ હશે તો ચમ્તકાર થશે નહીં. ઈશ્વર ગિદિયોનને કહેતા હતા તેઓ જાતેજ પોતાનામાં ખૂબ જ બળવાન હતા અને તે ગિદીયોનને એવી સ્થિતીમાં લાવવા ઇચ્છતા હતા કે જ્યાં તેઓ સંપૂર્ણપણે ઈશ્વર પર આધાર રાખે.

માનવીનું અભિમાન અને ફુલાશ તેની શ્રેષ્ઠ બાબતને બગાડી નાંખે છે. તેથી ઈશ્વરે આપણને નમ્ર અને તેના બળવાન હાથ નીચે રાખવા પડે છે કે આપણે સંપૂર્ણપણે તેના પર આધાર રાખીએ. ઈસ્ત્રાએલ તેમના મિસરમાંથી નિર્ગમન બાદ વારંવાર તેમાંથી પસાર થયા છે. તેઓ સંપૂર્ણ રીતે ઈશ્વર પર આધાર રાખતા અને ઈશ્વર તેમને મદદ કરતા. પછી તેઓ સ્વનિર્ભર બની જતા, અનઆજ્ઞાંકિત ને બળવાખોર બની એવુ વિચરતા કે અમારે 'ઈશ્વરની જરૂર નથી.' પછી તેમના સંજોગો ફરીથી પાછા વિપરીત બની જતા પછી તેવો ઈશ્વર પર વિશ્વાસ કરતા અને ત્યારે ઈશ્વર તેમના દુશ્મનોને હરાવતા પરંતુ જ્યારે વિશ્વાસ કરતા નહીં ત્યારે દુશ્મનો તેમને હરાવતા હતા.

## <u>ભયભીતને ઘરે જવા દો</u>

યહોવાએ ગિદિયોનને સૂચના આપી કે તેમાંના જેઓ ભયભીત હોય તેઓ પાછા જાય તેમાંના ૨૨,૦૦૦ પાછા ગયા અને દુશ્મનનો સામનો કરવા ૧૦,૦૦૦ બાકી રહ્યા.

આ આપણને દર્શાવે છે કે ભયભીત લોકો સંખ્યામાં વધારે હતા. કેટલી બધી વાર એવું બને છે કે ઈશ્વર કાંઇક કરવા માટે આપણા હ્રદયમાં પ્રેરણા કરે છે અને ભયના લીધે આપણે

શરૂ કરતા અચકાઈએ છીએ અને આપણે બે મનવાળા બની જઈએ છીએ ? જેમ મે અગાઉ કહ્યું તેમ આપણને ભય લાગશે પરંતુ ભયભીત થયા હોવા છતાં આપણે કરી શકીશું. ઈશ્વર કહે છે, 'ગભરાઈશ મા, કારણ હું તારી સાથે છું.' આ પહેલા નંબરનું કારણ છે કે જેના લીધે ભય સામે ઘૂંટણ ટેકવી આપણું ભાવિ તેને નક્કી કરવા ઈશ્વરાનું નથી. જો આપણે ઈશ્વર પર વિશ્વાસ રાખીશું તે આપણી સાથે રહેશે અને આપણું રક્ષણ કરશે.

યહોવાએ ગિદિયોનને કહ્યું, લોકો હજીપણ વધારે છે, તેઓની પાણીની પાસે લાવ, ને ત્યાં હું તારે સારું તેઓની પરીક્ષા કરીશ, અને જેના સંબંધી હું તને કહું કે ફલાણો તારી સાથે જશે, તેજ તારી સાથે જાય, અને જેના સંબંધી હું તને કહું કે ફલાણો તારી સાથે જશે નહિ, તે ન જાય.

*માટે લોકોને તે પાણીની પાસે લાવ્યો, અને યહોવાએ ગિદિયોનને કહ્યું, પ્રત્યેક જણ જે કૂતરાની માફક જીભથી લખલખાવીને પાણી પીએ, તેને તું કાઢ; અને પ્રત્યેક જણને જે પાણી પીવા સારું ઘૂંટણિએ પડીને ઉબડો વળે તેને પણ તેમ જ કર.*

*અને જે લોકોએ મોઢે હાથ લગાડીને પાણી લખલખાવ્યું, તે ત્રણસો હતા, પણ બાકીના સર્વ લોકો પાણી પીવાને ઘૂંટણિએ પડીને ઉબડા વળ્યા હતા.*

*પછી યહોવાએ ગિદિયાનને કહ્યું, જે ત્રણસો માણસે પાણી લખલખાવીને પીધુ, તેઓની હસ્તક હું તમને ઉગારીશ ને મિદ્યાનીઓને તારા હાથમાં સોંપીશ, અને બાકીના સર્વ માણસો પોતપોતાને ઘરે પાછા જાય.* *ન્યાયી ૭: ૪-૭*

જ્યારે મેં પહેલી વાર આ વાંચ્યું ત્યારે મેં વિચાર્યું, 'આ લખલખાવીને પીવાનું અને ઘૂંટણે પડવાની શી બાબત છે ?' મને બરાબર સમજાયું નહિ તેથી મેં ઈશ્વરને પૂછ્યું કે મને આ બાબત સમજાવો જે બીજુ બાઇબલ હું ખાસ વાપરતી નથી તે બાઇબલની ખાસ નોંધ તરફ ઈશ્વરે મારું ધ્યાન દોર્યું.

દશ્ય કાંઇક આવું હતું : ગિદિયોનના સર્વ લોકો તરસ્યા હતા. જ્યારે તેમણે પાણી જોયું ત્યારે તેમાંના અમુક દોડીને ત્યા પહોંચી ગયા ને ઘૂંટણ ટેકવીને પાણીમાં મોં મૂકીને પીવા લાગ્યા. જ્યારે બીજાઓએ હાથમાં પાણી લીધુ ને પાણી મોં પાસે લાવીને પીધુ. જેઓએ હાથમાં પાણી લઈને પીધું તેઓ જ્યારે પાણી પીતા હતા ત્યારે આજુબાજુ જોઈને દુશ્મનનું ધ્યાન રાખી શકતા હતા. તેઓ કાર્યને માટે જાગૃત અને તૈયાર હતા. જ્યારે જેમણે ઘૂંટણે પડીને પાણીમાં મોં નાખ્યું તેઓ પોતાની તરતની જરૂર જોતા હતા અને દુશ્મનનું ધ્યાન રાખવાની બાબત ભૂલી ગયા હતા.

ત્રણસો જેમણે લખલખાવી પાણી પીધુ તેમણે ડહાપણ અને સતકર્તા બતાવી હતી. ઈશ્વર આવા પ્રકારના લોકો દ્વારા કાર્ય કરે છે.

## મુશ્કેલીનો પ્રતિકાર કરો

જ્યારે  ઈશ્વર આપણને કાંઇક કરવા આવે છે ત્યારે તે આપણા જીવનને માગે છે. આપે આપણી પોતાની જરૂરિયાતમાં એટલા બધા વ્યસ્ત થઇ જવું નહીં કે ઈશ્વરે  જે કરવા આપ્યું છે તે કરતા અટલી જઈએ.

આપણી એવી પ્રકૃતિ છે કે આપણે ઘણી બાબતોમાં ગુંચવાઈ જઈએ છીએ. પાઉલે તિમોથીને કહ્યું હતું કે કોઈ સૈનિક સાંસારીક કામમાં ગુંથાતો નથી. આ જગતની બાબતોમાં ગુંચવાય જઈએ નહિ. આપણે જગતમાં છીએ પરંતુ જગત પર પ્રેમ કરવા અથવા જગીક બનવાનો અને તેમાં વધારે પડતા વ્યસ્ત થવાનો પ્રતિકાર કરીએ.

આપણા જીવનમાં ઈશ્વરના તેડાને પૂર્ણ કરતા અન્ય બાબતોની વ્યસ્તતા આપણને માર્ગથી ચલિત કરશે અને અટકાવશે. ઘણીવાર આપણે બીજાઓના પ્રશ્નમાં વ્યસ્ત બની જઈએ છીએ. જો કે આપણે સક્રીય થઇને લોકોને મદદરૂપ બનવું હોય છે પરંતુ આપણે આપણા તેડા બાબતે સમતુલન રાખવું જોઈએ. દૈવી સક્રીયતા અને વ્યસ્તતા વચ્ચે ફેર છે. આપણી પોતાની જરૂરિયાતમાં વ્યસ્ત થઈ જઈએ. આપણે પોતાના જ કામમાં એટલા વ્યસ્ત થઈ જઈએ કે ઈશ્વરની ઇચ્છા ચુકી જઇએ. ટુંકાણમાં કહીએ તો ગિદીયોનના સૈનિકો માટે તેવું જ બન્યું તેઓ ઘૂંટણીએ નમીને પાણીમાં મોં નાખી પીવા લાગ્યા. તેઓ પોતાની તરસ છીપાવવા એટલા બધા અધીરા બની ગયા કે ઈશ્વરની તેમની માટેની ઇચ્છા ચુકી ગયા. આપણે અન્ય બાબતોમાં વ્યસ્ત થઈ ને ફસાઈ જવાથી સાવધાન રહેવું જોઈએ.

*...તો આપણી આસપાસ શાહેદોની એટલી મોટી વાદળારૂપ ભીડ છે. માટે આપણે પણ દરેક જાતનો બોજો તથા વળગી રહેનાર પાપ જે આપણને જકડી રાખે છે તેને નાખી દઈને આપણે સારું ઠરાવેલી શરતમાં ધીરજથી, સહન કરતા, સ્થિર રહીને અને સક્રીય રીતે દોડીએ.*

*હેબ્રી ૧૨:૧*

જો આપણે ઈશ્વર માટે કંઇક કરવા ઇચ્છીએ છીએ તો પ્રત્યેક મુશ્કેલીનો પ્રતિકાર કરો હું તમને એક ઉદાહરણ આપીશ.

અમારી સેવાની વૃદ્ધિ થતા અમારે સેવાના મુખ્ય મથક માટે અમુક જમીન ખરીદી મકાન બાંધવાની જરૂર ઊભી થઇ. આતો ઘણો મોટો પહાડ સમ પ્રોજેક્ટ હતો. અમે વૃદ્ધિ અટકાવીએ અથવા નવુ મકાન બાંધીએ તે સિવાય કોઈ પસંદગી નહોતી. અમે એવું તૈયાર મકાન શોધતા હતા કે જ્યા જઈ કાર્ય થાય પરંતુ તેવું યોગ્ય મકાન અમને મળી શક્યું નહિ.

શરૂઆતમાં મિલ્કત ખરીદીને મકાન બનાવવાની બાબતનો હું પ્રતિકાર કરતી હતી કારણ તેમાં ઘણું કામ પડે તેમ હતું. હું તો એમ કહ્યા કરતી હતી કે, મારી પાસે પૂરતું કામ છે બાંધકામમાં મારે પડવુ નથી અને મારી અગ્રિમતા પ્રાર્થના, અભ્યાસ, પ્રચાર, શિક્ષણ અને લેખન કાર્ય હતું તેમાંથી મારે ચલીત થવું નહોતું.

જો કે મારી પ્રકૃતિ મુજબ તો જે કાંઈ ચાલી રહ્યું છે તેમાં સ્વાભાવિક રીતે જોડાઈ જવુ આસાન હતું પરંતુ મેં મારા પતિ ડેવને કહ્યું કે, મકાન બાંધકામની પરવાનગી, મકાનના નકશા બનાવવા વગેરે આ કાર્ય માટે મારો અભિષેક થયો નથી 'હું વ્યસ્ત થવા માંગતી નથી' ડેવ તેવા કાર્યો માટે અભિષીક્ત છે અને તેમને તે ગમે છે તેથી મારે પોતાને શિસ્તમાં લાવવી પડી હું તેનાથી અળગી રહી જેથી હું મારા તેડા પર લક્ષ આપી શકું.

જ્યારે એવી કોઈ બાબત તમારે કરવાની આવે જે તમારી અગ્રીમતાથી તમને અળગા કરી દો તો કોઇને શોધી કાઢો અને તેમને તે સોંપી દો અથવા જરૂર પડે તો નાંણા આપીને બીજા પાસે તે કામ કરાવી લો.

એવા ઘણા પ્રસંગ આવ્યા જ્યારે મારે આક્રમક બનવું પડયું કે તે મને અંદર ડુબાડી દેશે. માટે પોતાને અને બીજા લોકોને વારંવાર કહેવું પડ્યું કે 'હું આ પ્રોજેક્ટમાં વ્યસ્ત થવાની નથી.' જો કે અમુક બાબતોમાં મારે જોડાવું પડે છે તેમાં મને વાંધોનથી પરંતુ હું તેમાંજ રહેવા નથી માંગતી, આ મકાનનો પ્રોજેક્ટ પાંચ વર્ષ ચાલ્યો અને હું સુંદર મકાન માટે આભારી છું. તે સુંદર મકાન છે વળી તેના બધા નાંણા ભરપાઈ થઇ ગયા છે તે તેને વધુ સુંદર બનાવે છે.

હું તેમાં સામેલ થવા ચાહતી નહોતી તેથી કોઈ કોઈ વાર શું બની રહ્યું છે તે હું જોતી અને વિચારતી 'મને પેલુ ગમતુ નથી.' પરંતુ હું તરત પોતાને યાદ ઈશ્વરડાવતી અથવા ડેવ મને યાદ કરાવતા કે તેમાં સામેલ ન થવાનો મારો નિર્ણય છે તેથી બધુ કંઇ મારી ધારણા મુજબ ન બની શકે. પાંચ વર્ષના સમયગાળાના પ્રોજેક્ટમાં વ્યસ્ત ન થવાનું ફાયદાકારક રહ્યું ને જે થોડી બાબતો જરૂરી હતી તે હું કરી શકી.

મેં એ શોધી કાઢયું છે કે હું જાતે જ બધુ કરું ને પોતાને દબાણ ને તનાવમાં રાહું અથવા હું બીજાઓ પર વિશ્વાસ રાખી તેમને અધિકાર આપુ. મારી રીત સિવાય બીજી ઘણી રીતે એજ કાર્ય થઈ શકે છે. આપણે બધા જુદા જુદા રસ્તે એકજ સ્થળે પહોંચી શકીએ છીએ તેથી આપણા નિર્ધારીત સ્થળે પહોંચીએ તે મહત્ત્વનું છે હું તમને ઉત્તેજન આપું છું કે તમને મદદ માટે બીજા લોકોને જવાબદારી અને અધિકાર આપો. પરંતુ જો જવાબદારી સોંપશો ને અધિકાર નહીં આપો તો તેઓ કંટાળી જશે અને આખરે તમે જે ઇચ્છો છો તે ખરેખર થઇ શકશે નહિ.

આપણ જીવનોમાં જે થવાની જરૂર છે તે માટે ઈશ્વરના અભિષીક્ત લોકો છે. જો જે

માટે ઈશ્વરે તેમને મોકલ્યા છે તે તમે નહીં કરવા દો તો તમે અને તેઓ બંને કંટાળી જશો.

જ્યારે મકાનનને રંગરોગાનની વાત આવી ત્યારે હું સામેલ થઇ કારણ તે મારું મનપસંદ કામ હતું ને થોડા સમયનું કામ હતું. બીજી બધુ કાર્ય મારા પતિએ કર્યું ને તે ખૂબ જ સુંદર કાર્ય થયું હતું.

આપણે અમુક અમુક સમયે આપણી પ્રવૃતિની તપાસ કરવી જોઈએ ને ખાત્રી કરી લેવી જોઈએ કે આપણે આપણી અગ્રીમતા મુજબ કાર્યમાં છીએ જો કદાચ આપણને લાગે કે એવી કોઈ પ્રવૃત્તિમાં ફસાઈ ગયા છીએ જે આપણે માટે ને ઈશ્વર માટે ફળવંત નથી તો ફરીથી ગોઠવણ કરીએ ને મુખ્ય કાર્યમાં સામેલ થઇ જઇએ.

## ઈશ્વર તરફ તમારી દૃષ્ટિ રાખો

*માટે લોકોએ પોતાનું ભાથું તથા પોતાના રણશિંગડા પોતાના હાથમાં લીધાં, અને તેણે સર્વ ઈસ્ત્રાએલીઓને તેમના તંબુએ મોકલી દઈને તે ત્રણસો માણસોને રાખ્યા, અને મિદ્યાનીઓની છાવણી તેની નીચેની ખીણમાં હતી. તેજ રાત્રે એમ બન્યું કે યહોવાએ તેને કહ્યું કે, ઊઠ, છાવણી પર ઊતરી પડ, કેમ કે મેં તે તારા હાથમાં સોંપી દીધી છે.*

*પણ જો તું જતા બીતો હોય તો તું તારા દાસ પુરાહને લઈને છાવણી પાસે ઊતરી જા.*

*તેઓ જે કહેતા હોય તે સાંભળ; અને પછી છાવણી પર ઊતરી પડવાને તારા હાથ બળવાન થશે. ત્યારે તેના દાસ ફરાહને લઈને છાવણીમાંના શસ્ત્રધારીઓની સોથી છેવાડી ટુકડી નજીક આવ્યો.*

*મિદ્યાનીઓ તથા અમાલેકીઓ તથા પૂર્વ દિશાના સર્વ લોકો ખીણની અંદર તીડની માફક સંખ્યાબંધ પડેલા હતા; અને તેઓના ઊંટ સમુદ્રના કાંઠાની રેતીની પેઠે અગણિત હતા.*

*ગિદિયોન ત્યાં આવ્યો ત્યારે જુઓ ત્યાં આગળ એક માણસ પોતાના મિત્રને સ્વપ્ન કહી સંભળાવતો હતો ને, કહેતો હતો કે, જો, મને સ્વપ્ન આવ્યું, અને જો જવની એક રોટલી મિદ્યાનની છાવણી ઉપર ધસી પડી, ને એક તંબુની પાસે આવીને તેણે તેને એવો ઊથલાવી નખ્યો કે તે તંબુ જમીનદોસ્ત થઈ ગયો.*

*ન્યાયાધીશ ૭: ૮-૧૩*

ઈશ્વર પાસેથી ગિદિયોનને જે વચનની જરૂર હતી તે તેને મળ્યું – માત્ર આજ સમયે સ્વપ્ન દ્વારા તે આવ્યું છે. ગિદિયોનને આવા ઉત્તેજનદાયક વચનોની જરૂર હતી કારણ કે ૩૨,૦૦૦થી તેનું સૈન્ય માત્ર ૩૦૦ બની ગયું હતું. દુશ્મનોનું સૈન્ય મોટા સમુદાય જેવું હતું અને તેઓની છાવણી એટલી મોટી હતી કે જાણે સમુદ્રી રેતી હોય. સ્વપ્ન દ્વારા ઈશ્વર ગિદિયોનને જણાવવા ઈચ્છતા હતા કે અલૌકિક શક્તિ દ્વારા ઈશ્વર દુશ્મનના સૈન્યને તહસનહસ કરી નાખશે.

ક ૧૩માં જવની રોટલીના ઉલ્લેખ વીષે એમ્પલીફાઈડ બાઈબલની નોંધ દર્શાવે છે કે 'ગિદિયોન અને તેનું કુટુંબ અથવા કદાચ સમસ્ત સૈન્યઓના બીન મહત્ત્વનો ઉલ્લેખ કરતા જવની રોટલીનો ઉલ્લેખ કર્યો છે.

આજે પણ જવની રોટલી 'બીજા લોટ'થી જુદી જ ગણાય છે. આ નોંધમાં બિશપ જોસફ હોલનું લખાણ નોંધેલું છે કે "પોતાને જવની રોટલી જેવો સાંભળતા તેને તકલીફ પડી નહી હોય. ભલે આપણને ગમે તેવા નીચા ગણવામાં આવે પરંતુ આપણે વિજયી નીવડવાના છીએ."

આ બાબત આપણને ઉત્તેજન આપે છે કે આપણા યુધ્ધ જીતવા નૈસર્ગિક તાકાતની બહુ જરૂર નથી. આપણી પાસે કેટલા સાધનો છે તેની ગણતરી આવશ્યક નથી. માત્ર આપણી દૃષ્ટિ ઈશ્વર તરફ રાખવાની છે

ઈશ્વરે ગિદિયોનને દર્શાવ્યું કે નકામી એવી જવની રોટલી દુશ્મનની છાવણીને મહાત કરવા ઉપયોગી છે તેથી તે તેનો ઉપયોગ કરી શકશે. ઈશ્વર ગિદિયોનનું અપમાન કરવા ઈચ્છતા નહોતા તે તો જે સ્થાને આપણે બધાએ હોવું જોઈએ ત્યાં તેને લાવવા પ્રયત્ન કરતા હતા – ઈશ્વર વીના તે કશું કરી શકે તેમ નથી.

## <u>વચન મેળવો આરાધના કરો</u>

*તેના સાથીએ ઉત્તર આપ્યો, એતો ઈસ્ત્રાએલના માણસ યોઆશના દીકરા ગિદિયોનની તરવાર વગર બીજું કંઈ નથી; મિદ્યાનને તથા તેના સર્વ સૈન્યને દેવે તેના હાથમાં સોંપ્યા છે.*

*જ્યારે ગિદિયોને એ સ્વપ્નનું કથન તથા તેનો અર્થ સાંભળ્યા. ત્યારે એમ થયું કે તેણે દેવની આરાધના કરી, અને ઈસ્ત્રાએલની છાવણીમાં પાછા આવીને તેણે કહ્યું ઊઠો; કેમ કે યહોવાએ મિદ્યાનના સૈન્યને તમારા હાથમાં સોંપ્યું છે.*

*યહોશુંઆ ૭: ૧૪, ૧૫*

જેવું ગિદિયોનને ઈશ્વરનું વચન મળ્યું કે તરત એ તો એવી રીતે બોલવા લાગ્યો કે યુધ્ધમાં વિજય મળી ગયો છે. તે તો ઈશ્વરનો આભારસ્તુતિ કરવા લાગ્યો કે વિજય હાંસલ કરેલ હકીકત બની ગઈ હોય. ઈશ્વરના વિજયને જાહેર કરતા અગાઉ તેણે યુધ્ધના પરિણામની રાહ જોઈ નહીં.

મને નવાઈ લાગે છે કે ઘણીબધી વાર ઈશ્વર જે લોકોનો ઉપયોગ કરે છે તેઓ ભજન કરવાનું બંધ કરે છે મને મહાન પાઠ શીખવાનો મળ્યો છે અને હું પ્રાર્થના કરું છું આ પુસ્તક વાંચનાર દરેક પર તેવી જ અસર થાય. આપણે પેલા ૯૦% કોઢીયા જેવો સાજા થયા બાદ સ્તુતિ કરવા રોકાઈ ના શક્યા તેવા ન બનીએ. દસમાંથી માત્ર એકજ આભાર માનવા રોકાયો.

ઈસુએ કહ્યું, બીજા નવ કયાં છે ? બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે આપણે ભજન કરતા નથી ત્યારે ઈશ્વર તેની નોંધ લે છે.

નિર્ગમનના પુસ્તકમાં ઈસ્ત્રાએલીઓના શત્રુઓ લાલસમુદ્રમાં ડૂબી ગયા બાદ તેમને યોગ્ય ગીત ગાયું.

તેણે (ઈશ્વરે) ઘોડાને તથા તેના સવારને સમુદ્રમાં ફેંકી દીધા છે (નિર્ગમન ૧૫:૧) પરંતુ તેમણે આ ગીત નદીની ખોટી દિશામાં ગાયું. તેઓ બધા ઉત્તેજીત બની ગયા હતા. તેઓની ખંજરી બહાર કાઢી ગીત ગાતા અને નૃત્ય કરતા હતા ઈશ્વરની મહાનતા લાંબુ વર્ણન તેમણે કર્યું. પરંતુ આતો તેના સામર્થ્યના પ્રકટીકરણ બાદ તેમણે કર્યું તેમણે યોગ્ય ગીત ગાયું પરંતુ નદીની ખોટી દિશામાં ગાયું.

વિજય મળ્યા બાદ ઈશ્વરનો આભાર ને સ્તુતિ ન કરવા તે કરુણ બાબત છે. પરંતુ અગાઉ ભજન કરી ગિદિયોને યોગ્ય કર્યું તેણે માત્ર ઈશ્વરના વિજયની વાત સાંભળી હતી અને તેણે ભજન કર્યું. આવા પ્રકારનો વર્તાવ વધારાનો એક માઇલ ચાલવા જેવી વાત છે ઈશ્વરનું ધ્યાન તેના તરફ ખેંચાય છે.

ઈસ્ત્રાએલીઓ અરણ્યમાં લાંબો સમય ભટકયા તેનું કારણ તેમની ભજનની રીતમાં દેખાય છે. જો તેમણે અરણ્યમાં યોગ્ય ગીત ગાયું હોત તો ૪૦ વર્ષ રહેવું ન પડત તેઓ લાલ સમુદ્ર પસાર કરી કદાચ બે અઠવાડિયામાં વચનના દેશમાં પહોંચી ગયા હોત પુર્નનિયમના પુસ્તકમાં નોંધેલું છે કે અગીયાર દિવસની સફર કરવા માટે તેમને ચાલીસ વર્ષ લાગ્યા.

મને એ જોઈને આનંદ થાય છે કે ઘણા બધા લોક જેઓ ઈસુ પાસે સાજાપણું મેળવા આવતા હતા તેઓ કશું માગ્યા અગાઉ તેમના પગે પડીને તેમનું ભજન કરતા હતા.

*અને પહાડ પરથી તે ઉતર્યો ત્યારે અતિઘણા લોક તેની પાછળ ગયા.*

*અને જુઓ, એક કોઢિયાએ આવીને તેને પગે લાગીને કહ્યું, ઓ પ્રભુ, જો તું ચાહે તો તું મને શુદ્ધ કરી શકે છે.*

*ત્યારે તેણે હાથ લાંબો કર્યો, ને તેને અડકીને કહ્યું હું ચાહું છું, તું શુદ્ધ થા, અને તરત તે પોતાના કોઢથી શુદ્ધ થયો.*

*માત્થી ૮: ૧-૩*

*અને જુઓ, એક કનાની સ્ત્રીએ તે સીમમાંથી આવીને બૂમ પાડીને તેને કહ્યું કે, ઓ પ્રભુ દાઉદના દીકરા, મારા પર દયા કર, મારી દીકરી ભૂતથી બહુ પીડા પામે છે.*

*પણ તેણે તેને કશો જવાબ આપ્યો નહિ; અને તેના શિષ્યોએ આવીને તેને વિનંતી કરી કે, તેને વિદાય કર, કેમ કે તે આપણી પાછળ બૂમ પાડયા કરે છે.*

*પણ તેણે ઉત્તર દીધો કે, ઈસ્ત્રાએલના ઘરના ખોવાયેલા ઘેટાં સિવાય બીજા કોઈની પાસે હું મોકલાયો નથી.*

*પછી તેણે આવીને તેને પગે લાગીને કહ્યું કે, ઓ પ્રભુ, મને મદદ કર.*

*પણ તેણે ઉત્તર દીધો કે, છોકરાની રોટલી લઈને કૂતરાને નાખવી વાજબી નથી.*

*પણ તેણે કહ્યું કે, ખરું પ્રભુ, કેમ કે કૂતરાં ના બચ્ચાં તો પોતાના માલિકના મેજ પરથી બાળકોજે કકડા પડે છે તે ખાય છે.*

*ત્યારે ઈસુએ તેને ઉત્તર દીધો કે, ઓ બાઈ, તારો વિશ્વાસ મોટો છે ; જેવું તું ચાહે છે તેવું તને થાઓ, અને તેજ ઘડીએ તેની દીકરી સાજી થઈ.*

*માત્થી ૧૫: ૨૨-૨૮*

*અને જ્યારે તેઓ લોકોની ભીડ પાસે આવ્યા ત્યારે માણસે તેની પાસે આવીને તેની આંગળ ઘૂંટણ ટેકવીને કહ્યું કે,*

*ઓ પ્રભુ, મારા દીકરા પર દયા કર કેમ કે તેને ફેફરાનું દરદ છે, ને તે ઘણો પીડાય છે; કેમ કે તે ઘણીવાર અગ્નિમાં, ને ઘણીવાર પાણીમાં પડી જાય છે.*

*અને તેને હું તારા શિષ્યોની પાસે લાવ્યો હતો, પણ તેઓ તેને સાજો કરી ન શકયા.*

*ત્યારે ઈસુએ તેને ઉત્તર દીધો કે ઓ અલ્પવિશ્વાસી તથા આડી પેઢી, ક્યાં સુધી હું તમારી સાથે રહીશ ? ક્યાં સુધી હું તમારું સહીશ ? તેને મારી પાસે અહીં લાવો.*

*પછી ઈસુએ તે ભૂતને ધમકાવ્યું; અને તે તેનામાંથી નીકળ્યું અને છોકરો તે ઘડીએ સાજો થયો.*

*માત્થી ૧૭ : ૧૪-૧૮*

આ દરેક ઉદાહરણમાં આપણે જોઈએ છીએ કે વિજય અગાઉ ભજન આવે છે.

## <u>યહોવાને યુદ્ધ લડવા દો</u>

*અને તે ત્રણસો માણસોની તેણે ત્રણ ટુકડીઓ કરી, ને તે સર્વના હાથમાં તેણે રણશિંગડા તથા ખાલી વાડા તથા ઘડામાં દીવા આપ્યા.*

*પછી તેણે તેઓને કહ્યું, તમે મારી તરફ નજર રાખીને હું કરું તેમ કરજો, અને જુઓ, જ્યારે હું છાવણીના સૌથી છેવાડા ભાગ જઈ પહોંચું, ત્યારે જેમ હું કરું તેમ તમે પણ કરજો.*

*હું તથા મારી સાથેના સર્વ લોક જ્યારે રણશિંગડું વગાડીએ ત્યારે આખી છાવણીની આસપાસ તમે પણ રણશિંગડા વગાડીને પોકારજો કે, યહોવાની તથા ગિદિયોનની જે !*

*એમ ગિદિયોન તથા તેની સાથેના સો માણસ વચલા પહોરના આરંભમાં છાવણીના સૌથી છેવાડા ભાગ આગળ આવ્યા, તે વખતે માત્ર થોડી જ વાર ઉપર નવો પહેરો મુકાયો હતો, અને તેઓએ રણશિંગડા વગાડીને પોતાના હાથમાંના ઘડા ફોડી નાખ્યાં.*

*પછી ત્રણે ટુકડીઓએ રણશિંગડા વગાડયા, તથા ઘડા ફોડી નાખ્યા, ને ડાબે હાથે દીવા પકડયા, ને જમણા હાથમાં વગાડવાના રણશિંગડા લીધા, તરવાર વાપરવાની કોઈ તક આપી નહીં અને તેઓએ એવો લલકાર કર્યો કે યહોવાની તથા ગિદિયોનની તરવારની જે !*

*ન્યાયાધીશ ૭ : ૧૯-૨૦*

આ શબ્દો પર ધ્યાન આપો. "તરવાર વાપરવાની કોઈ તક આપી નહીં." ઈશ્વરે ગિદિયોનના નાનકડા સૈન્યને મિદ્યાનીઓના ચઢીયાતા બળવાન સૈન્ય સામે યુધ્ધ કરવા મોકલ્યા. ઈશ્વરે હેતુપૂર્વક દરેક માણસના બંને હાથમાં કશુક પકડાવી દીધું કે તે – તરવાર કાઢી પોતાની રીતે લડવા ના માડે. ઈશ્વરે ૩૦૦ ભય વિનાના માણસોને મોકલ્યા જેઓ તેમને કહેવામાં આવ્યું હતું તેજ કરવા કટિબધ્ધ હતા અને તેણે તેમને હેતુપૂર્વક બંને હાથમાં કંઈક પકડાવી દીધું કે તેમને જાતે લડવાની કોઈ શક્યતા જ ન રહે તેમણે તો માત્ર આટલું જ કરવાનું હતું ઘડા ફોડી મશાલો પકડી પોકારવાનું કે, 'યહોવાની તથા ગિદિયોનની તરવાર જે !' બીજા શબ્દોમાં કહીએ તો તેમણે અજવાળું પ્રકાશતા ઈશ્વરની સ્તુતિ કરવાની હતી.

યહોશાફાટ કરતા ગિદિયોનને જુદી સુચના અપાય હતી. તેથી આપણા માટે દરેક વખતે ઈશ્વરનું સાંભળવું મહત્ત્વનું છે. આપણે બીજા કોઈકે કર્યું માટે કરી શકીએ નહિ જો કે તેમને માટે તે કારગત નીવડ્યુ હશે પરંતુ હંમેશા આપણે માટે સફળ થશે તેવું નથી.

## <u>શું બન્યું (પરિણામ)</u>

*અને સર્વ માણસ પોતપોતાની જગાએ છાવણીની ચોતરફ ઊભા રહ્યા અને આખુ સૈન્ય નાઠું; તેઓએ હોકારો પાડીને તેમને નસાડીમૂક્યા.*

*તેઓએ તે ત્રણસો રણશિંગડા વગાડયા, અને યહોવાએ પ્રત્યેક માણસની તરવાર તેના સાથીની સામે તથા આમા સૈન્યની સામે લાગુ કરી દીધી, અને સૈન્ય સરેરાહ તરફ બેથ-શિટ્ટાહ સુધી, તથા ટાબ્બાથ પાસેના આબેલ - મહોલાહથી સરહદ સુધી નાસી ગયું.*

*ન્યાયાધીશ ૭: ૨૧,૨૨*

યહોશાફાટ સાથે જે થયું હતું તેવું જ થયું. જયારે ઈશ્વરના સૈન્યએ જેમ ઈશ્વરે તેમને કહ્યું તેમ કર્યું ત્યારે દુશ્મન જાતેજ એકબીજાને કાપવા માંડયા.

ફરી એકવાર ઈશ્વરની રણનીતિ વિશ્વાસથી કાર્યરત કરતા સંપૂર્ણ સફળતા મળી.

# વિભાગ
# ૨

# ભક્તિ દ્વારા રૂપાંતર

## અધ્યાય
## ૫

# એલિયાએ સ્થાન ગ્રહણ કરી રાખ્યું

*એલિયા સ્વભાવે આપણા જેવો લાગણી, ઉત્તેજના, આપણા જેવા બંધારણવાળો માણસ હતો પણ વરસાદ ન વરસે તેવી તેણે આગ્રહથી પ્રાર્થના કરીને વિનંતી કરી; અને ત્રણ વર્ષ ને છ મહિના સુધી પૃથ્વી પર વરસાદ વરસ્યો નહિ.*

*અને પછી તેણે ફરી પ્રાર્થના કરી; એટલે આકાશમાંથી વરસાદ પડયો, અને ધરતીમાંથી સારો પાક નીપજ્યો.*

*યાકુબ ૫: ૧૭,૧૮*

૧ રાજા ૧૭:૧ ઈશ્વરનો પ્રબોધક એલિયા દુષ્ટ રાજા આહાબને જણાવે છે કે આ વર્ષોમાં ઈશ્વરના વચન મુજબ ઈસ્ત્રાએલ દેશમાં વરસાદ પડશે નહિ.

તે દુકાળના સમય દરમ્યાન ઈશ્વરે એલિયાની સંભાળ કરી. પ્રથમ કરિંથના નાળામાં સંતાઈ રહ્યો અને કાગડા દ્વારા ખોરાક પૂરો પાડયો. (કલમ ૨-૬) ત્યાર પછી, નાળું સુકાઈ ગયું અને એલિયા પાસે પીવાનું પાણી નહોતું, ત્યારે ઈશ્વરે એલિયાને સારફાથ નગરમાં ગરીબ વિધવાને ત્યાં મોકલ્યો ત્યાં ઈશ્વરે ચમત્કારીક રીતે એલિયા, વિધવા અને તેના દિકરાના માટે દેશમાં ફરી પાછો વરસાદ ન વરસ્યો ત્યાં સુધી પૂરું પાડયું. (કલમ ૭-૧૪)

આ પછી ઈશ્વર એલિયાને આહાબ રાજાને આવનાર વરસાદની જાણ કરવા મોકલે છે. આહાબ ખૂબ જ  દુષ્ટ રાજા હતો જયાં કંઈ દુષ્ટતા હોય ત્યાં દુકાળ અને અછત હોય

છે. જ્યારે લોકો ઈશ્વરની સેવા કરતા નથી ત્યારે તેઓ દૈહિક અને આત્મિક બંને રીતે અછતનો અનુભવ કરે છે.

## એલિયાનો આહાબને સંદેશો

*પછી એલિયાએ આહાબને કહ્યું કે, ઉપર જઈને ખા તથા પી, કેમ કે પુષ્કળ વરસાદનો અવાજ સંભળાય છે.*

*૧ રાજા ૧૮:૪૧*

આહાબને પોતાની તાકાત દર્શાવવા ઈશ્વરે ઈસ્ત્રાએલ દેશ પર દુષ્કાળ અનાવૃષ્ટિ મોકલ્યા હતા. તે તેઓને દર્શાવવા ઈચ્છતા હતા કે આહાબ અને તેની દુષ્ટ પત્ની ઈઝબેલ તેમના દુષ્ટ માર્ગોથી ફરે અને તેઓ નહી ફરે તો સંજોગો સારા રહે.

ત્રણ વર્ષના દુકાળ પછી ઈશ્વર એલિયા પ્રબોધકને આહાબ પાસે મોકલે છે કે હવે વરસાદ વરસશે.

તેથી એલિયા આહાબને જઈને જણાવે છે કે હવે વહેલો તૈયાર થઈ જા કારણ મને પુષ્કળ પાણીનો અવાજ સંભળાય છે. તું બરાબર તૈયાર થઈ જાય કારણ મૂશળધાર વરસાદ વરસશે.

એલિયા ઈશ્વરનો પ્રબોધક અને સેવક હોવાથી આહાબ અને ઈઝબેલ તેની હજુરમાં ઊભા રહી શકયા નહિ. તમે કદી એવું નોંધ્યુ છે કે દુષ્ટ લોકો કોઈ જે કારણ વગર તમારો તિરસ્કાર કરે છે ? તમે જેનું પ્રતિનીધિત્વ કરો છો તેમની સામે તેઓએ બળવો કર્યો છે. માટે તેઓ તમારો ધિક્કાર કરશે. એલિયાએ આહાબને માત્ર દેખા દીધી અને તે ગુસ્સે થવા માટે પૂરતી હતી. જો કે આહાબને વરસાદની જરૂર હતી પરંતુ તે ઈચ્છતો નહોતો કે એલિયાહ ખરો પડે અને જાણે કે પરિસ્થિતી તેના કાબુમાં છે તેજ જવાબદાર છે તેવું માનતો હતો.

હું એવું નથી માનતી કે કુદરતી રીતે એલિયાએ વરસાદનો અવાજ સાંભળ્યો હશે. તેણે કુદરતમાંથી નહીં પરંતુ આત્મામાં વિશ્વાસથી અવાજ સાંભળ્યો હશે. તે ઈશ્વરના આત્માનો અવાજ સાંભળતો અને તે માનતો હતો કે ઈશ્વર આપણી સમક્ષ શું પ્રગટ કરવાના છે તેનું પ્રકટીકરણ અગાઉથી તેને અપાયું હતું.

## શેતાન સમક્ષ તેનો ઢંઢેરો પીટો

જે પ્રમાણે એલિયાએ દુષ્ટ રાજાની સમક્ષ જાહેર કર્યું કે વરસાદ વરસશે નહિ તેવી જ રીતે આપણે શેતાનને કહેવાનું છે કે ઈશ્વરના વચન મુજબ આપણું જીવન કેવું બનશે.

આ પ્રમાણે કહો, “શેતાન મને તને કહેવા દે તું એક માર્ગે મારી સામે આવીશ તો

સાત રસ્તે તારે નાસવું પડશે. તને અત્યારે એવુ લાગે કે તું વિજય થયો છે પરંતુ તું ગંભીર ભૂલ કરે છે. ખોટી વ્યક્તિને પસંદ કરી છે. હું તો ઈશ્વરની છું અને તે જાતે જ મારી સંભાળ લે છે."

થોડા સમય અગાઉ મારા પતિ ડેવ અને હું કસોટીના કાળમાંથી પસાર થયા કારણ એકજ સમયે ઘણી બાબતો અમારી વિરુદ્ધ બની. એક દિવસે ડેવ આવીને કહ્યું, "શેતાન ભલે વિચારતો હોય કે મારે મઝા છે પરંતુ થોડા સમયમાં તેને સજા થશે."

જ્યારે શેતાન અને તેના હુમલાનો સામનો આપણે કરીએ છીએ ત્યારે આવુંસ્થાન ને પ્રતિભાવ આપણે આપવાનો છે. શેતાન આપણા પર આવનાર ભયાનક ઘટનાઓ વીષે જણાવે તેના બદલે શેતાનને ઈશ્વરે આપણા માટે સારા કામનું આયોજન કર્યું છે તે અને શેતાનના કેવા ભયંકર દિવસો આવનાર છે તે તેને જણાવીએ.

જ્યારે ઈશ્વરે નક્કી કર્યું કે પૃથ્વી પર હવે વરસાદ મોકલવાનો સમય છે ત્યારે સૌ પ્રથમ તેમણે પોતાના પ્રબોધક એલિયાને આહાબ રાજાને જણાવવા મોકલ્યો કે ઈશ્વર પોતાના લોક માટે શું કરનાર છે.

તમારે 'આહાબ' એટલે કે શેતાનને જણાવવાનું છે નહીકે તમારા મિત્રોને કહેવાનું કે શેતાન તમારે માટે શું કરે છે. તેને જણાવો કે ઈશ્વર તમારા માટે ને તેના માટે શું કરવાના છે. શેતાનને યાદ કરાવો કે ઈશ્વર ન્યાયી છે અને જે કાંઈ ખોટું છે તેને ઈશ્વર બરાબર કરશે ને તમારા જીવનમાં ન્યાય સ્થાપશે તેને જણાવો કે જો તે તમારી આસપાસ ફર્યા કરશે તો તેને ગીતો, હાસ્ય, ઈશ્વરનું વચન, સ્તુતિ, આરાધના ને આભાસ્તુતિ સંભળાશે.

શેતાનને વળતો જવાબ આપતા શીખો. તે આપણી સાથે વાતચીત કરવામાં વ્યસ્ત રહે છે પરંતુ આપણે સામે તેની સાથે વાત કરીશું તો તેની બોલતી બંધ થઇ જશે.

## <u>તમારા સ્થાન પર ટકી રહો</u>

*.....અને એલિયા કાર્મેલના શિખર પર ચઢી ગયો. અને જમીન પર નીચા વળીને તેણે પોતાનું મુખ પોતાના ઘૂંટણો વચ્ચે રાખ્યું.*

*અને તેણે પોતાના ચાકરને કહ્યું કે, ઉપર જઈને સમુદ્ર તરફ નજર કર, તેણે ઉપર જઈને નજર કરીને કહ્યું કે, કંઈ પણ નથી. તેણે કહ્યું કે, ફરી સાત વાર જા.*

*અને સાતમે વખતે એમ થયું કે તેણે કહ્યું કે, જો માણસની હથેલી જેટલો નાનો મેઘ સમુદ્રમાંથી ઉપર ચઢે છે. તેણે કહ્યું કે, ઉપર જઈને આહાબને કહે કે, તારો રથ જોઈને નીચે ઉતરી પડ કે, વરસાદ તને અટકાવે નહિ.*

*થોડીવારમાં એમ થયું કે આકાશ મેઘ તથા વાયુથી અંધરાયુ, ને વરસાદ બહુ વરસ્યો.*

*૧ રાજા ૧૮: ૪૨-૪૫*

આહાબની આગળ જાહેર કર્યું કે મુશળધાર વરસાદ પડશે તે પછી એલિયા કાર્મેલ પર્વતની ટોચ પર ગયો. પછી તે પોતાનું માથુ જમીન ઉપર નમાવી ઘૂંટણે પડયો.

આરાધનાની સ્થિતીમાં રહીને એલિયા એ એલિયાએ સ્થાન ગ્રહી રાખ્યું પોતાના સેવકને વરસાદ શરુ થયો નહિ ત્યાં સુધી ઘણીવાર તેને જોવા મોકલ્યો.

સાતવાર તેનો સેવક ખરાબ સમાચાર લાવ્યો પરંતુ એલિયા પોતાની સ્થિતીમાંથી ઊઠયો નહિ. તમે કલ્પના કરો જ્યારે સમાચાર મળતા હતા કે કશું બનતુ નથી ત્યારે એલિયાને કેવું લાગ્યું હશે. 'અરે નાનું વાદળુય દેખાતું નથી.' પરંતુ દરેક વખતે એલિયાએ કહ્યું 'પાછો જા' નકારાત્મક અહેવાલ મળ્યા છતાં એલિયાએ પડતુ મુકયું નહિ તે તો પોતે જે સ્થિતીમાં હતો – ઈશ્વરની આરાધનામાં – જ લાગુ રહ્યો.

આરાધના આપણા વિશ્વાસને વધારે છે. શંકા એલિયાને પડતુ મુકવા કારણભૂત બને પરંતુ તેની આરાધનાએ તેને મજબૂત બનાવ્યો. રોમન ૪ આપણને જણાવે છે કે ઈબ્રાહિમ માટે આશા રાખવા માટે કોઈ માનવીય કારણ નહોતું. શંકા ને અવિશ્વાસ તેની વિરુદ્ધ હતા પરંતુ તે ઈબ્રાહિમને હરાવી શક્યા નહીં. ઈશ્વરની સ્તુતિને મહિમા કરીને તે બળવાન બન્યો. આજ બાબત (સ્તુતિ એ મહિમા) બાઈબલમાં દરેક માટે કાર્ય કરતી વાંચીએ છીએ. તેથી ખાત્રીપુર્વક આપણે માની શકીએ કે તે આપણા માટે પણ કાર્ય કરશે.

એલિયાનો સેવક તેને કહેતો હશે, 'એલિયા આ વખતે તમે ચુકી ગયા છો કશું થવાનું નથી કારણ એકય વાદળુ દેખાતું નથી.' પરંતુ દરેક વખતે એલિયા કહેતો હશે 'પાછો જા.' તેણે પડતું મુકવાનો ઈન્કાર કર્યો.

છેવટે એલિયાના સેવકે પાછા આવીને કહ્યું કે 'માણસની હથેલી જેટલી વાદળી નજરે પડે છે.'

આ સાંભળી એલિયાએ બુમ પાડી, હાલેલૂયા ! આહાબને જઈને કહે "જલદી ઘર ભેગો થા કારણ વરસાદ પડવાનો છે."

જ્યારે તમે ઈશ્વરની આરાધના કરશો ત્યારે તે પવિત્ર આત્માનો વરસાદ તમારા પર મોકલશે અને તે બધાજ 'આહાબ" અને બધાજ 'ઓ' ને તમારા જીવનમાંથી હટાવી દેશે. માત્ર તમારું સ્થાન ગ્રહણ કરો ને ઈશ્વરની સ્તુતિ કરો ને બદલાવ જોયા અગાઉ તેનો મહિમા કરો ને બદલાવ થયા બાદ પણ સ્તુતિ કરો.

જો તમે આ કરશો, જો તમે આ પુસ્તકમાંથી ઈશ્વરનું વચન સ્વીકારશો ને સતત તમારા જીવનમાં લાગુ કરશો હું તમને ખાત્રી આપું છું કે તમે તમારા જીવનમાં આશીર્વાદ અને હકારાત્મક ફેરફાર જોઈ શકશો. જો તમે શેતાનની બધી તાકાત પર વિજયવાન બનવા ઈચ્છો છો તો ઈશ્વરની અજાયબ રણનીતિને અનુસરો.

## અધ્યાય
## ૬

# યુદ્ધ નહિ — આરાધના

*કેમ કે આપણુ યુધ્ધ રક્ત તથા માંસની સામે નથી .........*

*એફેસી ૬:૧૨*

આત્મિક યુધ્ધમાં આપણે એ યાદ રાખવું પડશે કે આપણું યુધ્ધ રક્ત અને માંસની સામે નથી — એટલે કે બીજા લોકોની વિરુદ્ધ નથી પરંતુ શેતાન અને તેના દૂતોની સામે છે.

હું આમા ઉમેરો કરીને કહેવા માગુ છું કે આપણું યુધ્ધ આપણી આસપાસના લોકોની વિરુદ્ધ નથી તથા આપણી પોતાની સાથે પણ નથી.

કદાચ મોટામાં મોટું જો કોઈ યુધ્ધ આપણે લડતા હોઈએ તો તે તો આપણી પોતાની સાથેનો સંઘર્ષ છે. આપણે આત્મિક રીતે જે કક્ષાએ પહોંચવુ જોઈએ. તેની સાથે હાલની આત્મિક સ્થિતીની સરખામણી કરીએ છીએ. આપણે એ વિચારોમાં સંઘર્ષ કરીએ છીએ અને જેટલું જીવનમાં હાંસલ કર્યું છે તેથી વિશેષ કરવાનું હતું. આપણને નાણાંકીય ક્ષેત્રે અથવા બીજી બાબતોમાં નિષ્ફળતા લાગે. પરંતુ એક હકીકત છે. આપણે સંઘર્ષ કરીને કે વ્યાકુળ થવાથી કશું બદલી શકવાના નથી. યાદ રાખો માત્ર ઈશ્વર આપણું યુધ્ધ લડી શકે અને જીત મેળવી શકે છે. આ જુદા પ્રકારનું યુધ્ધ છે પરંતુ તે હકીકતમાં યુધ્ધ છે અને તેની સાથે પણ જીવનના બીજા યુધ્ધોની માફક જ વર્તાવ કરવાનો છે.

આપણા માટે પોતાની જાત બાબતે પ્રમાણિક બની આપણા પાપ, નિષ્ફળતા, આપણી

અક્ષમતા, દોષપાત્રતા સ્વીકારવી અને છતાં એમ જાણવું કે ઈશ્વર સાથે આપણે યોગ્ય સંબંધમાં છીએ કારણ કે ઈસુએ આપણા માટે મરણ પામી અને સજીવન થઈને બધુ યોગ્ય કર્યું છે. તે સ્વીકારવું ઘણું મુશ્કેલ બને છે. આપણે જે કાર્યો કરીએ છીએ અને આપણે ખ્રિસ્તમાં શું છીએ તે બંનેને જુદી જુદી રીતે જોવાં જોઈએ.

ઉદ્ધાર એ આપણો સર્વશ્રેષ્ઠ ભયાવહ આશીર્વાદ છે. છતાંએ મને એવું લાગે છે કે ઘણાં ખ્રિસ્તીઓ સ્વર્ગમાં જશે કારણ કે તેમનો નવો જન્મ થશો છે. પરંતુ તેઓ આ જીવનયાત્રાનો આનંદ માણી શકતા નથી. કારણ તેઓ પોતાની જાતમાં અને ઈશ્વરમાં આનંદ માણતા શીખ્યા નથી.

તેઓ પોતાની જાતમાં આનદ માણી શકતા નથી. તેનું કારણ એ છે કે તેઓ સતત પોતાની અધુરપો બાબતે પોતાની જાત સાથે ખાનગી આંતરિક સંઘર્ષમાં હોય છે. તેઓ ઈશ્વરમાં આંનદ માણી શકતા નથી કારણ મોટા ભાગે તેઓ એવી ઠાલી કલ્પનામા રાચે છે કે ઈશ્વર તેમનાથી નાખુશ છે. ઉલટાનું તેઓ પોતાની ભૂલોના લીધે સતત પોતાના પર ક્રોધીત રહે છે. તેઓ હંમેશા પોતાની સાથે મલ્લયુધ્ધ કરતા હોય છે, હંમેશા લડાઈમાં હોય છે. હંમેશા સંઘર્ષમાં જીવે છે.

જો તમે પોતાની જાત સાથે યુધ્ધમાં છો તો આ ઈશ્વરનું વચન ખાસ તમારા માટે જ છે.

## શું તમે જાતે સ્વ-કસોટી છો ?

મેં એક વખતે ‘શું તમે પોતાને માટે કસોટીરૂપ છો ?’ તે શિર્ષક હેઠળ શિક્ષણ આવ્યું હતું.

આપણે હંમેશા આપણી ઘણી બધી કસોટી વીષે વાત કરીએ છીએ પરંતુ મોટેભાગે મોટામાં કસોટી આપણે જાતેજ છીએ. આ પૃથ્વી પર શેતાન અથવા બીજી કોઈ વ્યક્તિ કરતા આપણે પોતે જ પોતા માટે મોટામાં મોટી મુસિબત છીએ.

અગાઉ આ પુસ્તકમાં આપણે આરાધનાની શક્તિની ચર્ચા કરી છે. અહીં આપણે તે જ વિષયને વધુ તપાસીશું. ખાસ કરીને આપણે આરાધના કરીને પોતાને કેવી રીતે બદલી શકીએ તે જોઈશું. અને આપણે પોતાના તરફ જોઈ ક્ષતી મુશ્કેલીમાં વધારો કરવાના બદલે ઈશ્વર તરફ જોઈને કેવી રીતે બદલાઈશું તે જોઈશું.

## આપણું રૂપાંતર થાય છે

*પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કર્તા તેજ રૂપમાં રૂપાંતર પામીએ છીએ.*

*૨ કરિંથી ૩:૧૮*

મારે બદલાવું છે અને મને ખાત્રી છે કે તમારે પણ બદલાવું છે. મારા વર્તાવમાં બદલાવ થયેલો મારે જોવો છે. મારે નિયમીત પ્રગતિ જોવી છે. ઉદાહરણ તરીકે મારે વધુ સ્થિર બનવું

છે, મારે વધુ પ્રેમમાં જીવવું છે અને બીજા બધા આત્માના ફળ પેદા કરવા છે. જો કે મારો દિવસ સારો ગયો ન હોય તે છતાં, અને મને સારું ન લાગતુ હોય તોપણ હું બીજાઓ પ્રત્યે માયાળું ને ભલી બનવા ઇચ્છું છું. જ્યારે ઘણુ બધુ મારી વિરુદ્ધ જતુ હોય અને જીવનમાં બધુ બરોબર ન હોય તોપણ મારે જીવનમાં સ્થિર થવુ છે અને ઇસુ ખ્રિસ્તના ચારિત્ર્ય મારા દ્વારા પ્રગટ કરવું છે.

આપણે જાતે તે કરી શકીએ નહિ પરંતુ આપણને મદદગાર, પવિત્ર આત્મા અપાયો છે કે જે ઈસુખ્રિસ્ત જેવા બનવાના આપણા આ સાહસમાં સહાયકર્તા બને છે. યાદ રાખો આપણે જાતે પોતે કંઇ કરી શકવાના નથી.

જ્યારે બધી બાબતો આપણી ઇચ્છા મુજબ થતું ન હોય તેમ છતાં આપણામાં રહેલા પવિત્ર આત્માના સામર્થ્યથી આપણે માયાળુ, ભલા ને પ્રેમાળ બની શકીએ છીએ. જ્યારે આપણી આસપાસ બધુ ઉથલપાથલ થઈ આપણી વિરુદ્ધ બધુ બની જાય અને આપણને ધીરજ ગુમાવી ગસ્સે થવા ને બેચેન થવા મજબુર કરે તેવા સંજોગોમાં આપણે શાંત રહી શકીએ છીએ.

થોડા વર્ષો અગાઉ અમારા નાના દિકરાએ ડ્રાઇવીંગ લાયસન્સ લીધું. તે કાર ચલાવતા શીખ્યો તે અગાઉ અમે તેના માટે કાર લઇને ગેરેજમાં મુકેલી તેથી તે જાતે ડ્રાઇવીંગ કરવા આતુર આતુરતાપૂર્વક આતુર હતો.

ખરેખર તો દરેક જુવાન વ્યક્તિની માફક તેણે પણ લાયસન્સ મેળવ્યા પછી પ્રથમ રાત્રીએ કાર ક્યા લઇ જવી તેની યોજના કરી હતી.

શહેરના બીજા વિભાગમાં જે શાસ્ત્રઅભ્યાસ જૂથમાં તે સંકળાયેલો ત્યાં જવાની તેની ઇચ્છા હતી. આ સ્થળ ઘણુ દૂર હતું. વળી તે વખતે બહાર બરફ પડતો હતો તેથી ડેવે કહ્યું કે તે કાર ન લઇ જાય.

પછી તેણે કહ્યું કે બાઇબલ અભ્યાસથી પાછો આવ્યા બાદ શું તે કાર લઇ જઇ શકે અને અમે કહ્યું તે લઈ જઈ શકશે. પરંતુ જ્યારે તે ઘરે પાછો આવ્યો ત્યારે તો વધુ પડતો હતો અને ફરી પાછું અમે તેને કાર લઇ જવા ના પાડી માટે તે નિરાશ થયો.

તેનો મિત્ર તે સાંજે અમારી સાથે રોકાયો હતો અને તેમની યોજના હતી કે બીજા દિવસે વહેલી સવારે તેઓ કાર લઇ બહાર જશે. જ્યારે ડેવ ઊઠયા ને તૈયાર થયા એટલામાં તો છોકરાઓ કાર રસ્તાપર કાઢીને જવાની તૈયારી કરતા હતા. ડેવને કંઇ જવાનું હતું તેથી તે તેમની આગળ ગયા. જ્યારે તે રસ્તા પર ગયા ત્યારે તેમણે જોયું તો હજુ બરફ પડતો હતો અને બરફના લીધે બધુ લપસણું બની ગયું હતું. તેથી ડેવે મને ફોન કરીને કહ્યું કે ડેનીને કાર લઇ બહાર જવા દઇશ નહિ. મારે તેને આ માઠા સમાચાર આપવા નહોતા માટે હું ફોન તેની પાસે લઇ ગઇ કે તારા પપ્પાની વાત સાંભળ કે ઘરે જ રહેજે. જો કે ડેની ઘણોજ નિરાશ થઇ ગયો અને તે ઘણો ગુસ્સે થયો. તેણે તો પોતાનું ધાર્યું જ કરવું હતું જો કે ઊંડે

અંતરમાં તે જાણતો હતો કે આવું કરવું ડહાપણભર્યું નથી.

મેં તમને આ વાર્તા એટલા માટે કહી કે આ આપણો સ્વાભાવિક વર્તાવ હોય છે. આપણી લાગણી ઉશ્કેરાય જાય છે ને બધી દિશામાં ઉડવા માડે છે.

મેં ડેનીને શાંત રહેવા કહ્યું મેં કહ્યું, ''આતો તારી જિંદગીનો એકજ દિવસ છે. તારી કાર ચલાવવા બીજા ઘણા દિવસો તને મળશે.'' મેં તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ભવિષ્યના આશીર્વાદો માટે તૈયાર કરવા ઈશ્વર આપણને કેવી રીતે કસોટીઓમાંથી પસાર કરે છે.

મારી ઉત્તેજનની વાત તેને કંઇ મદદરૂપ સંઘર્ષ નહિ આરાધના બની નહિ પરંતુ મને બરોબર ખબર હતી તેને કેવું લાગતુ હતુ કારણ સેકડો વાર હું તેમાથી પસાર થઇ હતી. અને કદાચ તમે પણ પસાર થયા હશો.

મારા જીવનનો વ્યક્તિગત લક્ષ્ય એ છે કે મારી રીતે કામ ન થાય તોપણ હસતા રહેવું. વર્ષો દરમ્યાન મારામાં સુધારો થયો છે પરંતુ હું સાક્ષી આપી શકું છું કે જ્યાં સુધી હું શીખી નહીં કે હું પોતાને બદલી શકતી નથી ત્યાં સુધી હું કોઇ હકારાત્મક પ્રગતિ કરી શકી નહીં. મારે ઈશ્વર પાસે જવું પડયું ને તેની વાટ જોવાનું ને આરાધનાનું સ્થાન લેવું પડયુ અને શીખવું પડયું કે તે મારા માટે લડાઈ લડશે.

મારે ઘણા બદલાવની જરૂર હતી. બાળપણમાં મારો જાતિય, માનસિક, ભાવનાત્મક શોષણ અત્યાચાર થયું હતું. અને તેના પરિણામે મારે ઘણા પ્રશ્નો હતા. હું અધિકાર સામે બળવો કરતી ખાસ, કરીને પુરુષ અધિકારી સામે મારો વર્તાવ ખરાબ હતો. હું લોકો પર વિશ્વાસ કરતી નહોતી. મને મારા માટે દુઃખ થતું હતું. ઘણા બધા પ્રશ્નો સાથે મેં મારા ખભા પર પટ્ટી લગાડી હતી કે જગત મારુ ઋણી છે.

તમને જે કદી ભરપાઇ કરી શકનાર નથી તેની પાસે ઉઘરાણી કરવામાં જિંદગી વેડફશો નહિ. ઈશ્વર કરે છે તે આપણો બદલો લેનાર છે, સચ્ચાઇ સિદ્ધ કરનાર, ભરપાઈ કરી આપનાર છે. તેણે હકીકતમાં વચન આપ્યું છે તે આપણી અગાઉની મુશ્કેલીઓના બદલામાં બમણો આશીર્વાદ આપશે. પરંતુ આપણે તેમના પર વિશ્વાસ મુકવો પડશે અને આપણે સ્વપ્રયત્ન પડતા મુકવા પડશે.

હાજી મારે ઘણા પ્રશ્નો છે પરંતુ જ્યારે પાછલા વર્ષોનો વિચાર કરું છું ત્યારે હું ઘણી બદલાઈ ગઇ છું. મારા પતિ ડેવ તેની સાક્ષી આપી શકે તેમ છે. જ્યારે ૧૯૬૬માં લગ્ન કર્યા ત્યારે તે મને ગુસ્સે કરતા તો હું બે થી ત્રણ અઠવાડિયા અબોલા રાખતી. પરંતુ હવે થોડી ક્ષણોથી વધારે ગુસ્સે રહી શકતી નથી. મારો ઉછેર એવા ઘરમા થયો હતો જ્યાં બધા જ ક્રોધ અને બીકથી પ્રભાવિત હતા. તેથી મારે જે જોઇતુ હોય તે મને ન મળે ત્યારે તેવોજ

વર્તાવ કરતા શીખી હતી. પરંતુ ઈશ્વરે મને હવે વર્તવા અને પ્રતિસાદ આપવા માટેની નવી રીત શીખવી છે.

હું બદલાઈ છું પરંતુ ઘણા વર્ષો સુધી હું મારી જાત સાથે લડતી રહી હતી — હું પોતાને ચાહતી નહોતી, એવું માનતી કે ઈશ્વર મારા પર ગુસ્સે ને મારાથી નાખુશ છે. હું હંમેશા પોતાને ગુનેગારને દોષીત માનતી હતી અને તે ખરેખર પીડાદાયક બાબત હતી ખરેખર હું કદી જ હળવાશ અનુભવતી નહોતી.

મેં ખરેખર બદલાવા પ્રયત્નો કર્યા પરંતુ બહુ સફળતા મળી નહીં. અને છેવટે મને ઈશ્વરની કૃપા વીષે શીખવાનું મળ્યું અને પોતાની કૃપાથી મારું રૂપાંતર કર્યું હું પોતાના સંઘર્ષથી બદલાઈ શકી નહીં.

જ્યારે હું પાછળ જોઉં છું ત્યારે મને લાગે છે કે મેં લાંબી મજલ કાપી છે પરંતુ તે બધુ ધીમે ધીમે બન્યું. તે રીતે ઈશ્વર આપણને બદલે છે. તે આપણને કશુંક પ્રગટ કરે છે પછી આપણે નિર્ણય કરીએ ત્યાં સુધી તે રાહ જુએ છે કે આપણે તેના પર વિશ્વાસ મુકીએ. પછી તે આપાણામાં પોતાના ચારિત્ર્ય ઘડતરનું કાર્ય કરે છે.

બદલાવ માટે કેટલો સમયગાળો થાય તેનો આધાર (૧) ઈશ્વર જેને પ્રશ્ન  યા સમસ્યા કહે છે તેની સાથે સમંત થવામાં આપણને કેટલો સમય લાગશે તે  (૨) આપણે બહાના કાઢવાનું અને બીજા કોઈ પર દોષ મુકવાનું પડતું મુકવામાં કેટલો સમય લગાડીશું. (૩) કેટલો સમય આપણું જ હાંકે રાખી જાતે જ સુધરવાનું મુકી દઈશું. (૪) કેટલો સમય તેના વચનના અભ્યાસમાં, તેની વાટ જોવામાં, આરાધનામાં અને ખરેખર વિશ્વાસ કરીશું કે તે આપણામાં કાર્ય કરશે માં લગાડીશું તે પર છે.

ઈશ્વર આપણામાં આપણા કુટુંબોમાં અને સંજોગોમાં હંમેશા કાર્ય કરવા માગે છે. તે હંમેશા હાજર છે. તે પોતાને 'હું છું' કહેવડાવે છે. તે 'હું હતો' અથવા 'હું હોઈશ' નહીં પરંતુ 'હું છું' છે જે હમણાં જ અત્યારે જ આપણા જીવનોમાં કાર્ય કરવા તત્પર છે. તેઓ સજ્જન છે પોતાનો માર્ગ આપણા જીવનમાં બળજબરીથી બેસાડશે નહીં. તેમને આમંત્રણ આપવું પડે આપણે તેમના મહાન હાથમાં હળવાશ અનુભવીશું. ત્યારે તે વિશ્વના પતન અગાઉના પોતાના મૂળ ઈરાદા જેવા આપણને બનાવશે. જો આપણે તેમના હાથમાં બધુ મુકી દઈશું તો તે સુંદર કાર્ય કરશે.

## ઈશ્વરને પરવાનગી આપો

જેમ જેમ આપણા વિશ્વાસને છુટો કરીએ છીએ તેમ આપણે ઈશ્વરને કાર્ય કરવાની પરવાનગી આપીએ છીએ. જો તમે ઈશ્વરને પર વિશ્વાસ રાખો તો તમે આ પુસ્તક વાંચો છો તે દરમ્યાન તે તમારું પરિવર્તન કરી શકે છે જ્યારે તમે તેની હજુરમાં બેસશો અને તેમનો આનંદ માણશો. ત્યારે તે તમારામાં અને તમારી પરિસ્થિતીમાં કાર્ય કરશે.

આપણે પોતાને બદલવા ખૂબ પરિશ્રમ ને સંઘર્ષ કરીએ છીએ. આપણે કોઈ કોઈ વાર તો આપણે જેવા છીએ તે માટે આપણે ગાંડા બની જઈને પોતાની જાતને ધિક્કારવા લાગીએ છીએ.

પ્રથમવાર મારું શિક્ષણ 'યુધ્ધ યહોવાનું છે.' તે સાંભળીને અમારી નાની દિકરી આન્દ્રાનું નાટકીય ને કાયમી પરિવર્તન થયું. તેણીને સમજાયું કે પોતાને બદલવા તે ઈશ્વર પર જરાય આધાર રાખતી નહોતી. પોતાની અપૂર્ણતા માટે તે પોતાના પર ગુસ્સે રહેતી હતી પરતુ પોતા પરનો આ ગુસ્સો એવી રીતે બહાર વ્યક્ત થતો કે બીજાઓ સમજતા કે તે તેમના પર ક્રોધીત છે. તેણીને ખરાબ મિજાજ, ગુસ્સો, અને બેચેની પસંદ નહોતી પરંતુ સંદેશો સાંભળ્યો ત્યાં સુધી તે બદલાવની તાકાત નહોતી ધરાવતી.

જે કોનફરન્સમાં મેં પ્રથમ વાર આ સંદેશો આપ્યો ત્યારે સાંભળીને તે હૈયાફાટ રડવા લાગી. તેણીને સમજાયુ કે તે ઈશ્વરની આરાધના અથવા વિશ્વાસ કરતી નહોતી. તેના બદલે તો તે પોતાને બદલવાનો પ્રયત્ન કરતી હતી જેથી તેને સારું લાગે ને તે બાબતે ગૌરવ લઈ શકે. તે સાંજે તેને અજાયબ છુટકારાનો અનુભવ થયો અને આ સિદ્ધાંતોનો અમલ કરવાથી તેના સારા પરિણામ આવ્યા છે.

ઘણા લોકો સંપૂર્ણ દેખાવાની ઈચ્છામાં સળગી જાય છે. જ્યારે ભૂલ કરે કે તરત પોતાને ધિક્કારે છે. આ સ્વ ધિક્કાર ને સ્વ નકાર મોટી સમસ્યા મોટી સમસ્યા છે આ પ્રકારનું વલણ તેમના માટે સમસ્યારૂપ છે ને ઈશ્વર સાથેના સંબંધ માટે સમસ્યા કરે છે વળી બીજાઓના સંબંધમાં પ્રશ્નો ખડા કરી દે છે આપણા બધા સંબંધોનો પાયો આપણે પોતા માટે શું અનુભવીએ છીએ તે પર છે જો આપણે પોતાની જાત સાથે બરોબર રહી શકતા નથી તો બીજાઓ સાથેના વ્યવહારમાં પણ મુશ્કેલી સર્જાશે.

હું માનું છું કે શિક્ષક ને લેખક તરીકે મારી ભૂમિકા એ છે કે લોકોને બદલવામાં મદદરૂપ બનું પરંતુ તે મને તેઓ જે સ્તરે છે અને જ્યાં જવાના છે ત્યાંના પ્રવાસમાં આનંદ અનુભવે માટે મદદરૂપ બનુ હકીકતમાં આખુ પુસ્તક મેં આ વિષય માટે લખ્યું છે પુસ્તકની યાદીમાંથી તેને શોધી કાઢી નકલ મેળવી લેશો.

મને લાગે છે જીવનની મહાન કરૂણતા એ છે કે જીવવું અને જીવનનો આનંદ માણવો નહિ. જો તમને હંમેશા તમારી ચિંતા રહે છે તો તમે જીવનની મઝા માણતા નથી. બાઈબલ કહે છે આપણું યુધ્ધ રક્ત અને માંસની સામે નથી. તમારું યુધ્ધ તમારી જાત સાથે નથી. તેના દુષ્ટતાના આત્મિક લશ્કરોની સામે, અંધકારની તાકાતના બળો સામે છે જેમણે પાછલા વર્ષોમાં તમને છેતરીને પોતાનો ગઢ તમારામાં બનાવી દીધો છે. ઈશ્વરના વચનના સત્ય દ્વારા નિયમીત રીતે આ છેતરામણા સત્યોને ખુલ્લા કરવામાં આવ્યા છે. બાઈબલ કહે છે જો આપણે તેમના વચનમાં સતત રહીશું તો સત્ય આપણને મુક્ત કરશે. ઈશ્વરની રણનીતિને વળગી રહો અને તમને પરિણામ જોવાના મળશે.

ઈશ્વર એક મહિમામાંથી બીજામાં આપણું રૂપાંતર કરે છે પરંતુ તમે જે મહિમામાં હાલમાં છો તેમાં આંનદ માણવાનું ભુલી જશો નહિ તમે તો આગળ ધપી રહ્યા છો. તમારો મહિમાની સરખામણી તમારા મિત્ર તથા કુટુંબીના મહિમા સાથે કરશો નહિ. આપણ પ્રત્યેકને અલગ

વ્યક્તિત્વ છે અને તે આપણ દરેક સાથે જુદી જુદી રીતે વર્તે છે. તે આપણી જરૂરત મુજબ આપણી સાથે વર્તાવ કરે છે.

તમને દરરોજના ફેરફાર દેખાશે નહીં પરંતુ તમે નોધ લો પાછલા વર્ષો તરફ જોશો તો જરૂર તમારામાં ચોક્કસ ફેરફાર દેખાશે. હું તમારા વિશ્વાસને જાગૃત કે તમને ફેરફાર ન દેખાય છતાંએ વિશ્વાસ કરો કે ઈશ્વર કાર્ય કરી રહ્યા છે તેમના વચન મુજબ એલિયાની માફક આત્મિક પરિણામ ન જોઇએ ત્યાં સુધી પડતુ ન મુકીએ. જ્યારે શેતાન અથવા મિત્રો જણાવે કે કોઈ ફેરફાર નથી છતાં આપણે વાટ જોવાનું ચાલુ રાખવાનું અને ઈશ્વરની આરાધના કરવાની અને નિરાશાજનક અહેવાલની અવગણના કરવાની.

યાદ રાખો આપણે વિશ્વાસ કર્યા બાદ જોઈએ છીએ નહીં કે પહેલા. આપણે જે છીએ તે માટે સ્તુતિઅને ઈશ્વરની આરાધના કરવાને બદલે આપણે જે નથી તે માટે સંઘર્ષ ને પ્રયાસ કર્યા કરીએ છીએ. જેમ આપણે જે તે છે તે માટે તેની આરાધના કરીશું તેમ આપણા જીવનમાં છુટકારો અનુભવીશું જે આપણે કદી સ્વબળે મેળવી શક્યા ન હોત.

ઈશ્વરની આરાધના દ્વારા ગુંચવણમાંથી છુટકારો મળે છે. બધીજ ગોંધી રાખેલી, વિચિત્ર, લાગણીશીલ બાબતો જેમને જવાની જરૂર છે તે નાશ પામશે. જેમ જેમ ઈશ્વરની આરાધના કરીશું તેમ તેમ ઈશ્વરનું ચારિત્ર્ય આપણા જીવનમાં મુક્ત થશે અને આપણા જીવનોમાં તે પ્રગટ થવા માડશે.

મારે માયાળું બનવા માટે સંઘર્ષ કરવો પડતો હતો. હું કરડી કડક, દબાવનાર વ્યક્તિ હતી. લશ્કરના સુબેદારના જેમ હુકમ આપનારની માફક બીજાને કચરાટોપલીનો કચરો નાંખવાનું કહેતી હતી. મારે એવા બનવું નહોતું પરંતુ ગમે તેટલા પ્રયાસ હું બદલાવા કરતી લોકો મને પૂછતા કે શા માટે હું કડકાઈથી જ વાત કરું છું.

મારી સાથે એવોજ વર્તાવ રખાયેલો માટે હું તેમ કરતી હતી. જેમ જેમ ઈશ્વરના ચારિત્ર્યનો અભ્યાસ કર્યો, હું શીખી કે ઈશ્વર તેવા નહોતા, અને મારે પણ તેવા બનવું નહોતુ પરંતુ હું બદલાઈ શકતી નહોતી. હું બદલાતી નહોતી તેનું કારણ એ હતું કે હું જાતે બદલાવા પ્રયાસ કરતી હતી. હું તે માટે ઈશ્વર પર ભરોસો રાખતી નહોતી. હું તો વિશ્વાસીના બદલે હાંસલ કરનાર બની ગઇ હતી.

દરરોજ હું મારી યોજના બનાવતી અને હંમેશા મારી યોજના નિષ્ફળ જતી તેથી હું આગલા દિવસ કરતા વધુ ગુસ્સે થતી. તેથી અમુક પ્રસંગે મારા માટે ઈશ્વરના વચનનો અભ્યાસ ખરેખર યાતના સમ હતો. ઈશ્વરના વચનનો અભ્યાસ કર્યા અગાઉ મારે સમસ્યાઓ હતી પરંતુ હું તે જાણતી નહોતી. હું વિચારતી મારા સિવાય બીજા બધાને સમસ્યાઓ છે. ઈશ્વરના વચનનો અભ્યાસ કર્યા બાદ હું શીખી કે મારી ઘણી બધી સમસ્યાઓ છે પરંતુ તે બદલવાને હું શક્તિમાન નહોતી. પરંતુ જેમ મેં ઈશ્વરના વચનનો અભ્યાસ કર્યો મેં તેની રણનીતિ શોધી કાઢી. તેથી જો આપણે મુક્ત થવા ઇચ્છીએ છીએ તો ઈશ્વરના વચનનો અભ્યાસ સતત કરો.

કદાચ જો મેં જલદી પડતુ મુકયુ હોત અને વચનમાં રહી ન હોત તો હું એક દુઃખી વ્યક્તિ હોત. ઈશ્વરનો આભાર કે જો કે આપણે પડતુ મુકવા ઇચ્છીએ છીએ તોપણ તે તેવું કરવા દેતા નથી. આપણે અવિશ્વાસુ રહીએ તોપણ ઈશ્વર વિશ્વાસુ રહે છે. (૨ તિમોથી ૨:૧૩)

મેં કહ્યું તેમ જ્યારે ઈશ્વરના ગુણો માટે તેમની આરાધના કરીએ છીએ તેઓને આપણા જીવનમાં મુક્ત કરવામાં આવે છે. તેમાંનો એકગુણ માયાળુપણુ છે. કલ્પના કરો શું બન્યું ? જેમ હું ઈશ્વર જે છે તે માટે તેમની આરાધના કરવા લાગી તેમ તેમણે મારું રૂપાંતર કર્યું અને હવે હું તોછડા સ્વભાવની નથી રહી.

તમારા જીવનના અમુક ક્ષેત્રમાં તમે ચાહો છો તેવા તમે નથી. તો તે ક્ષેત્રમાં ઈશ્વરની આરાધના કરવા લાગો જેમ તમે તેના ચારિત્ર્યના ગુણો માટે આરાધના કરશો – તેમનું વિશ્વાસુપણું, તેમની વફાદારી, તેમની ભલાઈ, તેમનું માયાળુપણુ, તેમનો પ્રેમ, તેમની કૃપા, તેમની સહનશીલતા, તેમની ક્રોધ કરવામાં ઢિલાશ, તેમની કૃપા કરવામાં ઉતાવળ, તેમની ધીરજ – તમે જે માટે તેમની આરાધના કરશો તે ગુણ તમારા જીવનમાં પ્રગટ થવા માંડશે.

## આપણું લક્ષ્ય ખ્રિસ્ત સમાન બનવું

*કેમ કે જેઓને તે અગાઉથી જાણતો હતો (જેઓના વીષે સભાન હતો અને અગાઉથી પ્રેમ કરતો હતો) તેઓને વિષે તેણે અગાઉથી ઠરાવ્યું (તેમને અગાઉથી અભિષિક્ત કર્યા) કે તેઓ તેના દીકરાની પ્રતિમા જેવા થાય (અને આંતરિક રીતે તેના જેવા બને) જેથી તે ઘણા ભાઈઓમાં જ્યેષ્ઠ થાય.*

*રોમન ૮:૨૯*

ખ્રિસ્તી તરીકે આપણા જીવનનું એક નંબરનું લક્ષ ખ્રિસ્ત જેવા બનવાનું હોવું જોઈએ. ઇસુ ખ્રિસ્ત પિતાની વ્યક્ત થયેલી પ્રતિમા છે અને આપણે તેના પગલામાં ચાલવું જોઈએ. તેઓ વિશ્વાસના અગ્રેસર તરીકે આપણને ઉદાહરણ બતાવવા આવ્યા કે આપણે કેવી રીતે જીવવું કેવો વ્યવહાર રાખવાનોછે.

જેમ ઇસુએ લોકો સાથે વર્તાવ કર્યો તેવો વર્તાવ આપણે કરવા પ્રયાસ કરવાનો છે આપણા જીવનનું લક્ષ સફળ વેપારી યા ખ્યાતિ મેળવવાનું નથી. સમૃદ્ધિ, લોકપ્રિયતા અથવા મોટી સેવા નહીં પરંતુ ખ્રિસ્તસમાન બનવું તે છે. ખ્રિસ્તી તરીકે વિશ્વને માત્ર ઉપદેશ સાંભળવાનો નથી પરંતુ આપણે જે વિશ્વાસ કરીએ છીએ તે માટે ખ્રિસ્ત આપણામાં છે તે મેળવવા લોકો ભૂખ્યા ને તરસ્યા બને. બાઈબલ આપણો ઉલ્લેખ 'મીઠા' તરીકે કરે છે જે માણસોને તરસ્યા બનાવે છે. અને 'પ્રકાશ' જે અંધકારને ખુલ્લો પાડે છે.

ઘણાં ખ્રિસ્તીઓ પોતાના વાહન પર અથવા એવા ઘરેણા પહેરે છે જે દર્શાવે છે કે તેઓ ઈસુ ખ્રિસ્તમાં માને છે. વિશ્વ આપણા સ્ટીકર અને ખ્રિસ્તી આભુષણથી પ્રભાવિત થનાર નથી તેમને તો દૈવી વર્તાવવાળા ફળ જોવાં છે.

બીજાને ઉપદેશ કરે ને તે પોતાના જીવનમાં કાર્ય ન કરતું હોય તેનું નહીં પરંતુ જે ઉપદેશ કરે તે ખ્રિસ્તી તરીકે જીવનમાં જીવી બતાવે તેવું લોકો જોતા ઈચ્છે છે.

બાઈબલ બદલાવ વીષે વાત કરે છે. જેમ જેમ આપણે ઈશ્વરનું વચન વાંચીએ છીએ તેમનું વચન આપણને એક મહિમામાંથી બીજા મહિમામાં દોરી જાય છે. આપણે લેખીત શબ્દમાં તેમની પ્રતિમા જોઈએ છીએ અને તે આપણા માટે અરિસો બને છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણા જીવનો બાઈબલના પ્રકાશમાં જોઈએ છીએ અને સમજાય છે કે બદલાવની જરૂર છે.

જ્યારે આપણે જરૂરી ફેરફાર માટે ઈશ્વરને ઈચ્છા વ્યક્ત કરતા શોધીએ ને ઝંખીએ છીએ, ધીમે ધીમે તે આપણને બદલીને વધુ ને વધુ તેમના જેવા બનાવે છે.

ઘણીવાર હું આવું સ્ટીકર જોઉં છું : કૃપા કરી મારા માટે ધીરજ રાખો, ઈશ્વરનું કાર્ય હજુ પૂર્ણ થયું નથી. ખરેખર તો ઈશ્વરનું કાર્ય પૂર્ણ થયું છે તેણે ક્રુસ પર મૃત્યુ પામી તે પૂર્ણ કર્યું છે. માત્ર આપણે તે પર વિશ્વાસ કરવાનો છે. અને તે રીતે તેને સ્વીકારવાનું છે. તેમનું કાર્ય પૂર્ણ થયું છે પરંતુ અનુભવની રીતે આપણા દૈનીક જીવનમાં તે કાર્ય થઈ રહ્યું.

બાઈબલ કહે છે જેણે આપણામાં શુભ કાર્યનો આરંભ કર્યો છે તે તેને પૂર્ણ કરશે.

*'જેણે તમારામાં સારા કાર્યનો આરંભ કર્યો છે તે ખ્રિસ્ત ઈસુના દહાડા સુધી (તેમના આગમનના સમય સુધી) તેનો વિકાસ (સારા કાર્યમાં) કરશે અને ક્ષતિરહીત અને તેને તમારામાં સંપૂર્ણ કરશે તેવો મને ભરોસો ને ચોક્કસ ખાત્રી છે.*

*ફિલિપી ૧:૬*

જ્યારે હું ખ્રિસ્તસમાન બનવાની જરૂર જણાવું છું, એટલે જે લક્ષ્ય આપણે હાંસલ કરવાનું છે તેની વાત કરું છું. બીજાઓને સાક્ષી આપવા માટે આપણે સંપૂર્ણ બનવું આવશ્યક નથી પરંતુ આપણે જગીક, અથવા દૈહિક જીવન જીવીને તેમને આપણા વિશ્વાસથી પ્રભાવિત કરવાની અપેક્ષા રાખી શકીએ નહિ.

આપણે જીવનમાં શું હાસંલ કરવા ઈચ્છીએ છીએ તે અગત્યનું છે. ઘણીવાર ખ્રિસ્તીઓ તરીકે આપણે પણ જગત જેવી ઝંખના રાખે છે તેજ ઝંખીએ છીએ માત્ર ખ્રિસ્તીની છાપ તે પર લગાડીએ છીએ આ બાબત મને ચિંતીત કરે છે.

ઉદાહરણ તરીકે

હું લક્ષ કેન્દ્રિત વ્યક્તિ છું જેને દર્શન ને હેતુ છે. હું હાઇસ્કુલમાં ખૂબ જ સફળ છોકરી તરીકે પસંદ થઇ હતી. ૧૯૭૬માં ઈશ્વરે મારા જીવનને સ્પર્શ કર્યો અને મને પવિત્ર આત્માથી ભરપૂર કરી. ઈશ્વર સાથે અતિગંભીર અને સમર્પિત સંબંધમાં મેં પ્રવેશ કર્યો નવ વર્ષની ઉંમરે મેં ઇસુનો તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. હું કિશોરાવસ્થામાં નિયમીત ચર્ચમા જતી હતી. અને ચર્ચ કેન્દ્રિત ઘણા કાર્યો કરતી હતી. અમે યોગ્ય કલબમાં હતા, અમે ચર્ચની ઘણી સમિતીમાં સક્રીય હતા છતાંય જો પ્રમાણિકતાથી કહું તો મારું જીવન જે અવિશ્વાસીઓ સાથે હું કામ કરતી ને જાણતી હતી તેમનાથી જુદુ નહોતું.

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા ને સેવામાં તેડુ મળ્યા બાદ મેં મારુ સમર્પણ વધુ ઘેરું બનાવ્યું પરંતુ ઘણા વર્ષો બાદ મને સમજાયું કે હું ખોટી બાબતો તરફ દોડી રહી છું હું સેવામાં સફળ થવા ઇચ્છતી હતી, મારું જીવન આશીર્વાદ સમ બને તેવું ઇચ્છતી હતી પરંતુ મારા હૃદયમાં ખ્રિસ્ત સમાન બનવાની ઝંખના નહોતી.

મારી ઇચ્છા બદલાવાની જરૂર હતી પરંતુ તે માટે કશી કિંમત ચુકવવા તૈયાર નહોતી એમ ઇચ્છતી હતી કે ‘એમજ બની જાય’ આત્મિક પરિપકવતા માટે કિંમત ચુકવવા મારી તૈયારી નહોતી.

## કિંમત ચુકવવી

હવે ખ્રિસ્તે આપણે સારુ દેહમાં દુઃખ સહ્યું છે, માટે તમે પણ એવું જ મન અને ઇરાદો રાખીને (ધીરજથી દુઃખ ઉઠાવો ને ઈશ્વરને ખુશ કરવામાં નિષ્ફળ ન જાવ) હથિયારબંધ થાઓ, કેમ કે જેણે દેહમાં દુઃખ સહ્યું છે (ખ્રિસ્તનું મન રાખીને) તે (જાણીજોઈને કરાતા) પાપથી મુક્ત થયો છે. (તેણે પોતાને જગતને ખુશ કરવાનું બંધ કર્યું છે અને ઈશ્વરને ખુશ કરે છે.)

*કે જેથી તે ત્યાર પછી દેહમાંનો પોતાનો બાકી રહેલો વખત માનવીય અન્ન, મોજશોખ ઈત્યાદી માટેની લાલસા અને ઇચ્છા પ્રમાણે નહિ પરંતુ દેવની ઇચ્છા પ્રમાણે જીવન જીવે.*

*૧ પિતર ૪: ૧, ૨*

ખ્રિસ્તીઓમાં ‘બલિદાન’ અને ‘દુઃખ સહન’ બહુ લોકપ્રીય શબ્દો ગણાતા નથી. પરંતુ આતો બાઇબલના શબ્દો છે અને ઇસુ તથા તેમના પ્રેરિતોએ વારંવાર તે વીષે વાત કરી છે. આત્મિક પરિપકવતા અથવા ‘ખ્રિસ્ત સમાનતા’ પોતાના ‘સ્વમૃત્યુ’ વીના પ્રાપ્ત થઇ શકે નહીં.

સરળ રીતે કહીએ તો તેનો અર્થ કે જ્યારે આપણી ઇચ્છા અને ઈશ્વરની ઇચ્છા સામસામે આવી જાયત્યારે ઈશ્વરની ઇચ્છાને હા કહીએ ને પોતાની ઇચ્છાને ના કહીએ.

પાઉલ દરરોજ મૃત્યુ પામવા વીષે જણાવે છે. તેમણે આવું કાંઇક કહ્યું છે ‘‘હવેથી હું નહીં પરંતુ ખ્રિસ્ત મારામાં જીવે છે.’’ ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું કે જો તમે મારી પાછળ ચાલવા ઇચ્છો છો તો તમારે તમારો વધસ્તંભ દરરોજ ઊંચકીને ચાલવું પડશે. એમ્પલીફાઇડ બાઇબલમાં

ઈસુ જે વધસ્તંભની વાત કરે છે તેની સ્પષ્ટ વ્યાખ્યા આપી છે.

*અને ઈસુએ પોતાના શિષ્યો સુધ્ધા લોકોને પાસે બોલાવીને કહ્યું, જો કોઈ મારી પાછળ આવવાનો ઈરાદો રાખતો હોય, તો તેણે પોતાનો નકાર કરવો (ભૂલી જવું, અવગણના કરવી, માલિકી હક્ક છોડી દેવો, પોતાની દૃષ્ટિ અને રસ પડતા મુકવા) અને પોતાનો વધસ્તંભ ઊંચકવો અને (મારી સાથે શિષ્ય તરીકે જોડાઈને, અને મારા પક્ષમા રહીને) મારી પાછળ ચાલવું (મને સખત રીતે વળગીને સતત ચાલવું.)*

*માર્ક ૮:૩૪*

ઈસુ પાછળ ચાલવા અને તેમના જેવા બનવા માટે આપણે શું જોઈએ છે તે ભુલવું પડશે – આપણી યોજનાઓ, આપણો પોતાનો માર્ગ – તેના બદલે ઈશ્વર પર આધાર રાખવો પડશે કે તે આપણને પોતાની ઈચ્છા શી છે તે દર્શાવે.

તેમની ઈચ્છા હંમેશા આપણને ઘેરા આનંદ ને સંતોષમાં દોરી જાય છે પરંતુ આપણા જીવનમાં તેને સ્વીકારતા અને અનુભવતા વખત લાગે છે. શરૂઆતમાં જ્યારે આપણે બધુ છોડી દઈને આપણા જીવનમાં ઈશ્વર પ્રેરિત ફેરફાર લાવીએ છીએ ત્યારે દેહમાં દુઃખ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણા દેહને પોતાનું મન છે અને તે પોતાની યોજના પડતી મુકવા ઈચ્છતું નથી. તે બલિદાન આપવા, બેચેન બનવા રાહ જોવા કે માનવા તૈયાર નથી.

૧ પિતર ૪ જે આગળ નોંધેલ છે તે દર્શાવે છે આપણામાં ખ્રિસ્તનું મન હોવું જોઈએ જેમણે આપણે માટે દેહમાં દુઃખ સહન કર્યું. બીજા શબ્દોમાં આપણે કહેવું જોઈએ કે ઈશ્વરની ઈચ્છા માટે હું દુઃખ વેઠીશ કે ઈશ્વરની ઈચ્છા વીના દુઃખ વેઠું. જ્યારે આપણે કિંમત ચુકવવા તથા ઈશ્વરની ઈચ્છામાં જીવવા દુઃખ ઉઠાવતા તૈયાર થઈએ છીએ ત્યારે આ પ્રકારનું દુઃખ આપણને મહિમાવાન વિજયમાં દોરી જાય છે. આ દુઃખ કાળાંતરે જતુ રહે છે પરંતુ આપણે ઈશ્વરની ઈચ્છામાં રહીએ છીએ. આપણે એક પ્રકારના દુઃખ ને યાતના જે કદી જનાર નથી તેનો સામનો કરીશું.

જ્યારે દુઃખની વાત કરું છું ત્યારે હું ગરીબાઈ, માંદગી અને હોનારતનો ઉલ્લેખ કરી રહી નથી. હું તો દેહને પોતાની રીતે જીવવા મળતુ નથી. તે દુઃખનો ઉલ્લેખ કરું છું. આપણો દેહ, આત્મા-મન, ઈચ્છા લાગણીનો-હાડમાં સના બનેલો છે જેને જીવવાની ને વર્તવાની પોતાની આગવી પ્રણાલી છે. આપણામાં આ બધુ જ છે પરંતુ સૌપ્રથમ આપણે આત્મિક વ્યક્તિ છીએ અને ઈશ્વરે આપણને આત્માથી દોરવાવા તેડુ આપ્યું છે. આનો અર્થ કે જે વિશ્વાસી ખ્રિસ્તમાં જીવે છે તેના માનવીય આત્મામાં પવિત્ર આત્મા વાસો કરે છે તે પવિત્ર આત્માની દોરવણી મુજબ દોરાવવાનું છે. ખ્રિસ્તી જીવન માટે પવિત્ર આત્મા દોરનાર ને આગેવાને આપનાર પરિબળ છે કારણ તે આપણને સર્વ સત્યમાં અને ઈશ્વરની સંપૂર્ણ ઈચ્છામાં દોરી જશે.

હું તમને ખાસ ભલામણ કરું છું કે તમે કિંમત ચુકવવાની ઈચ્છા રાખો જેથી યોગ્ય ઇનામ મેળવી શકો.

# અધ્યાય
# ૭

# સ્વરૂપ બદલો

બાઈબલ સર્વાંગી પરિવર્તન અને સ્વરૂપ પરિવર્તનની વાત કરે છે. લૂક ૯માં ઈસુનું સ્વરૂપ પરિવર્તન થયું. તેઓ પિતર અને યોહાનને સાથે લઈને પહાડ પર પ્રાર્થના કરવા ગયા. જ્યારે તેઓ પ્રાર્થના કરતા ત્યારે હતા તેમના ચહેરાનું સ્વરૂપ બદલાઈ ગયું. તેમના વસ્ત્ર ચળકતા સફેદ બની ગયા. અને મૂસા તથા એલિયા ટૂંક સમયમાં થનાર તેમના મૃત્યુની વાત તેની સાથે કરતા હતા. જો કે પિતર, યાકુબ અને યોહાન અચંબામાં પડી ગયા કારણ આવું કદી તેમણે જોયું નહોતું. પિતર તો અહીં કાયમ રહેવા માંડવા બાંધવા તૈયાર થઈ ગયો છતાં ઈસુએ તેને કહ્યું કે તેમણે પહાડ પરથી નીચે લોકો મધ્યે જવું પડશે.

પિતર, યોહાન, અને યાકૂબ ઈસુ સાથે પહાડ પર ગયા અને મહાન બનાવના સાક્ષી બન્યા. ઈસુ નીચે જઈને લોકો મધ્યે કામ કરવા ઈચ્છતા હતા. પિતરને તો ત્યાં રહી જવું હતું અને બાકીનું જીવન આનંદ કરવો હતો.

નોંધ લો જ્યારે ઈસુ પ્રાર્થના કરતા હતા ત્યારે તેમનું સ્વરૂપ બદલાઈ ગયું જો કે બાઈબલ સ્પષ્ટ રીતે જણાવતું નથી કે તેઓ આરાધના કરતા હતા, પરંતુ હું માનું છું કે જ્યારે ઈસુ પ્રાર્થના કરતા ત્યારે આરાધના કરતા હતા. હું ચોક્કસપણે માનું છું કે તેમની પ્રાર્થનામાં વિનંતી કરતા સ્તુતિ વધારે થઈ હશે. અહીં આપણા માટે શિક્ષણ છે. જો આપણે જીવનમાં હકારાત્મક પરિવર્તન ઈચ્છીએ છીએ તો માંડવા બાંધવાના બદલે ચાલો પ્રાર્થના સ્તુતિ ને આરાધના કરીએ. આપણે પોતાનું બાંધવામાં એટલા બધા વ્યસ્ત બની જઈએ છીએ કે

ઈશ્વરના જે મહાન કાર્ય ને ઈરાદા શું છે તે બાબત સમજી શકતા નથી ઈશ્વર એવુ ઈચ્છતા નથી કે આપણે ખ્રિસ્ત સમાન બની જઈએ જેથી જીવનમાં વધુ આનંદ માણી શકીએ. તેની ઈચ્છા છે કે આપણે તેમની સાથે પ્રાર્થના અને વચનમાં સમય ગાળીએ અને સ્વરૂપ પરિવર્તનનો અનુભવ કરીએ. પછી લોકો જ્યાં છે ત્યાં પાછા જઈએ અને વધુ અસરકારક રીતે તેમને મદદરૂપ બનીએ.

## તમારા દિવસની દિશા બદલો

જો તમે સવારમાં ખરાબ મુડમાં ઊઠતા હો તો શ્રેષ્ઠ બાબત એ બની શકે કે તમે એક સ્થળ શોધી કાઢો અને ઈશ્વર સાથે સમય ગાળો. તેમની હાજરીમાં રહેવાથી આપણું રૂપાંતર થાય છે. આપણે ઈશ્વરને શોધવાનું શીખીને જે કાંઈ વર્તાવ યા વલણ ખ્રિસ્ત સમાન નહીં હોય તેને કાઢી નાખીશુ અને એમ કરીને શેતાને આપણે માટે જે નકારાત્મક યોજના દિવસ માટે બનાવી હવે તેને બદલી નાંખીશું.

તેના વિના આપણે કશું કરી શકતા નથી (યોહાન ૧૫:૫) પરંતુ તેનામાં અને તેના દ્વારા આપણે સર્વ કાંઈ કરી શકીએ છીએ. (ફિલિપી ૪:૧૩). હું શીખી છું કે મને હંમેશા લાગણી થશે પરંતુ તે મારા પર અમલ ચલાવી શકે નહી. તેમને હું મારા પર હામી થવા નહી દઉં. પરંતુ હું ઈશ્વરની મદદ મેળવીશ અને તે મને મારી લાગણીઓ દ્વારા નહીં પરંતુ આત્મામાં ચાલવા માટે શક્તિ આપશે.

જો કોઈ આપણી લાગણી દુભાવે તો શું ? બાઈબલ કહે છે આપણે એવા વધુ પડતા લાગણીશીલ બનવાનું નથી, આપણને જેઓ દુભવે છે તેમને ઝડપથી માફી આપવાની આજ્ઞા ઈશ્વરે આપી છે.

આપણે યોગ્ય કરવું હોય છે પરંતુ તે કરતા મુશ્કેલી પડે છે. તે સમયે પ્રાર્થનામાં ઈશ્વર સાથે સમય ગાળો, ઈશ્વરના વચનમાંથી તમે જેમાંથી પસાર થાવ છો તેવા વચનોનું મનન કરો. અને પરિણામ સ્વરૂપે તમને અને મને યોગ્ય કરવાની શક્તિ મળશે.

યાદ રાખો આપણે યુધ્ધમાં છીએ. આપણે ઈશ્વરના સૈન્યના સૈનિકો છીએ અને દરેક સમયે હથિયાર વાપરવા તૈયાર રહો આપણા હથિયાર તો પ્રાર્થના, આરાધના, સ્તુતિ અને ઈશ્વરના વચન છે.

## તમારા ચહેરાનું ધ્યાન રાખો.

*અને યહોવાએ મૂસાને કહ્યું કે,*

*હારુનને તથા તેના દીકરાઓને એમ કહે કે, તમે આ પ્રમાણે ઈસ્ત્રાએલ પુત્રોને આશીર્વાદ આપો : તેઓને તમે એમ કહો કે,*

*યહોવા તને આશીર્વાદ આપો, ને તારુ રક્ષણ કરો સંભાળો;*

*ધ્યાન રાખો યહોવા પોતાના મુખનો પ્રકાશ તારા પર પાડો, ને તને પ્રકાશિત કરો અને તારા પર કૃપા કરો (માયાળુ, દયાળુ, અને પસંદગી પામો);*

*યહોવા પોતાનું મુખ તારા પર ઉઠાવો, ને તને શાંતિ (હ્દયની સ્વસ્થતા અને સતત જીવન) આપો.*

*ગણના ૬: ૨૨-૨૬*

ઈસુનો ચહેરો પહાડ પર બદલાઈ ગયો હતો. આપણો દેખાવ જેવા આપણે દેખાઇએ છીએ તેવો છે. તે આપણું મુખ દર્શાવે છે. મંડળીમાં આજે આપણે આપણા ચહેરાની કાળજી લેવાની જરૂર છે.

ઈશ્વરના લોકો પર એક આશીર્વાદ તરીકે ઈશ્વરનો મુખનો પ્રકાશ તેમના પર પડતો હતો અને પોતાનું મુખ તેમના પર ઉઠાવતા હતા.

જ્યારે દુનિયા આપણને જુએ છે ત્યારે તેમને કંઇક જુદું દેખાવું જોઇએ. તેઓ આપણા હ્દયમાં જોઇ શકતા નથી કે આપણુ મન વાંચી શકતા નથી તેથી આપણો ચહેરો જ એકમાત્ર બાબત છે ને જરૂર છે.

જ્યારે ઈસુ ઈશ્વર પિતા સાથે પ્રાર્થના ને સંગત કરતા હતા ત્યારે તેમનો ચહેરો બદલાઇ ગયો એ આપણામાં પણ તેવું જ થવું જ જોઇએ.

આપણો ચહેરો કેવો છે તે મહત્ત્વનું છે. નોકરી પર આપણી દૃષ્ટિ કેવી છે તે મહત્ત્વનું છે. ઘરમાં કુટુંબમાં કેવા અવાજથી બોલીએ છીએ તે મહત્ત્વનું છે. આપણે એકબીજા સામે સ્મિત વેરીએ તે મહત્ત્વનું છે. આપણે ખુશમિજાજમાં રહીએ અને એકબીજા સાથે સારી રીતે વર્તીએ તે મહત્ત્વનું છે.

હું માનું છુ જ્યારે આપણે આરાધના કરીએ છીએ ત્યારે આપણે સારા દેખાઇએ છીએ. આરાધના મુખ પર સ્મિત લાવે છે. જ્યારે આપણે ઈશ્વરના આભાર સ્તુતિ અને આરાધના કરતા હોઇએ ત્યારે કરડો ચહેરો રાખવો મુશ્કેલ છે જો આપણે નિયમીત રીતે આ કરીશું તો આપણા ચહેરા પર તેમની હાજરી હશે અને આંતરિક બેચેની અને સંઘર્ષ નહીં હોય.

કદાચ આપણે ખાસ અભ્યાસક્રમ જેનું નામ હું 'ચહેરા સુધાર' ફેસીયલ આપીશ કરવો જોઈએ. આપણે વધારે સમય ઈશ્વરની આરાધનામાં ગાળીશું તો તેમનો મહિમા આપણા મુખ પર દેખાશે.

ખ્રિસ્તીઓ પ્રેમમાં જીવતા આનંદી લોકો છે. આપણે પોતાને પૂછવું જોઈએ 'શું મારા

ચહેરાને જોઈને લોકો મને ખ્રિસ્તી તરીકે ઓળખશે કે કેમ ?' મને યાદ છે એકવાર ફલોરીડામાં એક કોનફરન્સમાં હું ગઈ હતી. સવારમાં મકાનમાં પ્રવેશી હું આગળ વધતી હતી ત્યારે અને બહેને મને કહ્યું, 'તમે ઈસુની સાથે છો તેવું હું કહી શકું છું.'

તેણીની વાત સાચી હતી તે દિવસે સવારમાં ઘણો લાંબો સમય મેં શિક્ષણની તૈયારીને માટે ઈશ્વર સાથે પ્રાર્થનાને સંગતમાં ગાળ્યો હતો તેણી કેવી રીતે કહી શકી કે હું ઈસુ સાથે હતી ? મારા ચહેરાએ તેને તે દર્શાવ્યું કદાચ હું આનંદી, સંતુષ્ટ શાંત હતી, મને ખબર નથી તેણીએ ખરેખર શું જોયું પરંતુ મારા ચહેરાનો દેખાવ તેને જણાવતો હતો કે મેં ઈશ્વર સાથે લાંબો વખત ગાળ્યો છે.

## <u>અરજ કરતાં વધુ આરાધના</u>

*અને પહાડ પરથી તે ઊતર્યો, ત્યારે અતિ ઘણા લોક તેની પાછળ ગયા.*

*અને જુઓ, એક કોઢિયાએ આવીને તેને પગે લાગીને કહ્યું કે, ઓ પ્રભુ, જો તું ચાહે તો તું મને શુદ્ધ કરી શકે છે.*

*ત્યારે તેણે હાથ લાંબો કર્યો. ને તેને અડકીને કહ્યું હું ચાહું છું, તું શુદ્ધ થા. અને તરત તે પોતાના કોઢથી શુદ્ધ થયો.*

*માત્થી ૮ : ૧-૩*

મારા વતન અમેરિકામાં રક્તપિત નથી પરંતુ ઘણા દેશોમાં તેનું અસ્તિત્વ છે. જો કે આપણે શારીરિક રક્તપિતની સારવાર નથી કરતા પરંતુ ચોક્કસ ઘણા બધા આત્મિક રીતે રક્તપિતીયા છે.

ઘણી બધી વાર આપણે ઈશ્વર પાસે સાજાપણા માટે, છુટકારો, કંઈક નવીનતા માટે જઈએ છીએ અને પ્રથમ વાત જે કરીએ છીએ. તે છે, ''પ્રભુ મારે સાજાપણુ જોઈએ છે. હવે વેદના વેઠતી નથી. પ્રભુ તમે કાંઈક કરો. તમારે મારા સંજોગો બદલવા પડશે.''

પરંતુ જ્યારે આ માણસ પોતાના રક્તપિતથી સાજો થવા આવ્યો, પ્રથમ તે તેને પગે લાગ્યો અને તેનું ભજન કર્યું પછી તેણે કહ્યું, 'પ્રભુ તું ચાહે તો મને શુદ્ધ કરી શકે છે.'

અહીંયા એક અગત્યનો સંદેશ છે જે કદાચ આપણી ધ્યાન બહાર રહી જાય. માગ્યા અગાઉ આરાધના વિશેષ અને અરજ ઓછી હોવી જરૂરી છે.

ઈશ્વર પાસે વસ્તુઓ માંગવામાં વાંધો નથી. બાઈબલ આપણને તેમ કરતા શીખવે છે પરંતુ હું માનુ છું કે ઈશ્વર સાથેની આપણી વાતચીત ત્યાંથી શરૂ ના થવી જોઈએ. જે વાત પહેલી કહીએ તે દર્શાવે છે કે આપણા માટે શું મહત્ત્વનું છે.

બાઈબલમાં પ્રેરિત પાઉલની ઘણી પ્રાર્થનાઓ નોંધેલી છે તેનો અભ્યાસ કરવા ઈશ્વરે મને પડકાર આપ્યો. હું નવાઈ પામી ગઈ એટલું જ નહિ પરંતુ મને ખાતરી થઈ ગઈ કે મારી પ્રાર્થનામાં જે અગ્રીમતા હોવી જોઈએ તે નહોતી.

એફેસસના લોકોને માટે પાઉલે પ્રાર્થના કરી કે તેઓ ઈશ્વરના પ્રેમનો અનુભવ કરે અને જાણે અને તેમના માટે પ્રાપ્ત ઈશ્વરના પરાક્રમનું ખરૂ પ્રકટીકરણ તેમને મળે. ફિલિપીઓ માટે તેણે પ્રાર્થના કરી કે તેઓ શ્રેષ્ઠ પસંદગી કરે. કલોસ્સીઓ માટે તેણે પ્રાર્થના કરી કે તેઓની દરેક મુશ્કેલીઓ ધીરજથી આનંદથી સહન કરી શકે માટે જરૂરી તાકાત ને સામર્થ્ય તેમને પ્રાપ્ત થાય. તે ઉપરાંત બીજી ઘણી અજાયબ વાતો તેમને પ્રાપ્ત થાય. તે ઉપરાંત બીજી ઘણી અજાયબ બાબતો માટે તેણે પ્રાર્થના કરી. પરંતુ જ્યારે હું તેમની પ્રાર્થના તપાસુ છું ત્યારે મેં શોધી કાઢ્યું કે તેણે કદી કોઈ ભૌતિક વાનાની માંગણી કરી નથી. તેને ભૌતિક જરૂરત કરતા આત્મિક બાબતોની વધારે ચિંતા હતી. તેની પ્રાર્થનાઓ આભારથી ભરપુર હતી જે એક પ્રકારની સ્તુતિ ને આરાધના છે. દાખલા તરીકે તેણે કહ્યું, જ્યારે તેણે પ્રાર્થના કરી ત્યારે સેવામાં સાથીદારો માટે આભાર માન્યો. ઈશ્વરે આપણને જે સાથી સેવકો આપ્યા છે તે માટે આભાર માનવો જોઈએ. જેઓ આપણને જીવનમાં અને સેવામાં ઉપયોગી છે.

મારી ખાત્રી છે કે પાઉલે પોતાની ભૌતિક જરૂરિયાત જણાવી હશે પરંતુ દેખીતુ છે કે તેવી પ્રાર્થનામાં તે વધારે સમય નહોતો આપતો. આજ બાબત ઈસુની પ્રાર્થનામાં નજરે પડે છે. તે ભૌતિક જરૂરિયાતને માગણી માટે વધુ સમય ગાળતો નથી. બગીચામાં ઘૂંટણીએ પડીને તેણે ઈશ્વરની ઈચ્છા પૂરી કરવા શક્તિ માટે પ્રાર્થના કરી. જ્યારે લોકોની સેવા કરવાથી તે થાકી જતો ત્યારે તે પહાડ ઉપર જઈ પ્રાર્થના કરતા અને મારી ખાત્રી છે કે તે અરજ નહીં પરંતુ આરાધના કરતા હશે.

## <u>ઈશ્વરને મોટો મનાવો</u>

*મારી સાથે યહોવાને મોટો માનો, અને આપણે એકઠાં મળીને તેનું નામ બુલંદ માનીએ.*

*ગીતશાસ્ત્ર ૩૪:૩*

*હું ગીત ગાઈને દેવના નામનું સ્તવન કરીશ, અને હું આભારસ્તુતિથી તેને મોટો માનીશ.*

*ગીતશાસ્ત્ર ૬૯:૩૦*

મોટો મનાવો એટલે ‘પહોળી કરો’ જ્યારે આપણે ઈશ્વરને કહીએ છીએ, ‘હું તમને

મોટો મનાઉં છું.' આપણે એમ કહીએ છીએ કે, 'મારા જીવનના પ્રશ્નોને જરૂરિયાતો કરતાં તમે મારા જીવનમાં વિશેષ છો. મેં વર્ષો સુધી ઘણાં ગીતો ગાયા છે જે ઈશ્વરને મોટો માનો કહે છે પરંતુ શબ્દનો અર્થ સમજયા વીના ગાયા છે. આપણે જે સમજતા નથી તેવી ઘણી વાતો કરીએ છીએ અને ગીત ગાઈએ છીએ.

આપણે ઈશ્વરને મોટો માનો તેનો અર્થ કે આપણે આપણા જીવનની કોઈપણ બીજી બાબત કરતા તેને વિશાળ ગણીએ છીએ. જ્યારે આપણે આરાધના ને સ્તુતિ કરીએ છીએ ત્યારે આપણે તેજ કરીએ છીએ. આપણે કહીએ છીએ, 'તમે એટલા મોટા છો ને મહાન છો કે મારે તમારી આરાધના કરવી છે.' આરાધનાને પ્રથમ સ્થાન આપવાથી આપણે કહીએ છીએ કે, "મારે જેની જરૂર છે તે જરૂરત કરતાં તમે મોટા છો."

## <u>આરાધનાની તાકાત</u>

*લખેલું છે કે પ્રભુ કહે છે કે મારા જીવના સમ કે, દરેક ઘૂંટણ મારી આગળ વાંકો વળશે, અને દરેક જીભ "દેવને કબુલ કરશે (સન્માનને તેની સ્તુતિ કરશે.)*

*રોમન ૧૪:૧૧*

હું માનું છું કે જ્યારે આપણે આરાધના કરીએ છીએ ત્યારે તેમાંનો અમુક સમય આરાધનાની સ્થિતીમાં રહેવું જોઈએ. આપણા ઘૂંટણ નમાવી તેની સામે નમી જવું જોઈએ. તે તો આદર ને નમ્રતાની નિશાની છે. તે આપણા હ્દયના ભાવને વ્યક્ત કરતી બ્રાહ્ય નિશાની છે. શેતાન આપણા હ્દયમાં શું છે તે જોઈ શકતો નથી પરંતુ ઈશ્વરની સમક્ષ આરાધનામાં ઘૂંટણ ટેકવેલા આપણને તે જોઈ શકે છે.

ફિલિપી ૨:૭,૧૧ આપણે કહેવામાં આવ્યું છે કે ઈસુના નામે દરેક ઘૂંટણ નમશે આકાશમાં ને પૃથ્વી પર અને દરેક જીભ (સ્વાભાવિક અને ખુલ્લી રીતે) કબુલ કરશે. ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે. ઈશ્વરના મહિમાને સારુ અને ૧ તિમોથી ૨:૮ પ્રેરિત પાઉલ જણાવે છે કે મારી ઈચ્છા છે કે પુરુષો દરેક સ્થળે રીસ તથા વાદવિવાદ, ક્રોધ, કે ઝગડા, અથવા શંકા વિના (તેમના મનમાં) પવિત્ર હાથો ઊંચા કરીને પ્રાર્થના કરે.

હાથ ઊંચા કરવા તે આરાધનાની બીજી બ્રાહ્ય નિશાની છે. શા માટે આપણે આવી બ્રાહ્ય નિશાની કરવાની જરૂર છે ? શું આપણા હ્દયની ભાવના પૂરતી નથી ? મેં જેમ અગાઉ કહ્યું તેમ શેતાન આપણા હ્દયમાં શું છે તે જાણતો નથી પરંતુ આપણા હાવભાવ ચોક્કસ તેને દેખાશે અને આપણા શબ્દો તેને સંભળાશે જ્યારે આપણે ઈશ્વરની આરાધના કરીએ છીએ ત્યારે આપણા આસનને તે જોશે ને શબ્દો સાંભળશે શેતાન ગભરાવા માડશે. તે જાણે છે કે આરાધના કરનાર ઉપર તેનો કાબુ નથી ને તેમ તે છેતરી શકતો નથી.

શેતાન આપણા ઊંચા કરેલા હાથ જુએ છે અને જ્યારે આપણે ઘૂંટણીએ પડીએ છીએ ત્યારે તેને ખબર છે શું બની રહ્યું છે જો કે સ્વાભાવિક રીતે આતો આરાધનાના બ્રાહ્ય માળખું છે અને આપણને ખબર છે કે ખરા મનના વલણ બ્રાહ્ય રિવાજ નકામો છે આપણને જોવાનું છે કે બંને સાથે કામ કરે. અમારા હૃદયનો ભાવ આત્મિક ક્ષેત્રમાં વસ્તુ સ્થાપિત કરે છે અને આપણ વીના કાર્યો ને શબ્દો તેમને કુદરતી જગતમાં સ્થાપિત કરે છે.

એટલા કારણે જ બાઇબલ આપણને કહે છે કે આપણો ઉદ્ધાર થવા માટે આપણે હૃદયથી વિશ્વાસ કરવો પડે અને મોથી કબુલ કરવું પડે કે ઇસુ મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા.

*જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ અને દેવે તેને મૂએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ.*

*કારણ કે ન્યાયીપણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ રાખવામાં આવે છે, ને તારણને અર્થે મોથી કબૂલાત કરવામાં આવે છે.*

*રોમન ૧૦: ૯,૧૦*

આ મહત્ત્વના સિધ્ધાતને ભૂલી જવાના ભયમાં આપણે છીએ. આપણે વિશ્વાસથી તારણ પામ્યા છીએ. પરંતુ યાકૂબ જણાવે છે વિશ્વાસ કરણી વીના નકામો છે. જો હું મારા મનમાં માનું કે ઈશ્વર આરાધનાને યોગ્ય છે. પરંતુ આરાધનાનું કૃત્ય હું ના કરું તો તે મારા માટે કંઇ સારુ કરશે નહિ. હું કહું કે દશાંશ આપવામાં માનુ છું પરંતુ દશાંશ ન આપુ તો મને નાણાંકીય કોઈ મદદ મળશે નહીં.

પાણીનું બાપ્તિસ્મા આજ સિધ્ધાંતનું બીજુ ઉદાહરણ છે. ખ્રિસ્ત પાછળ ચાલવાની તે બાહ્ય નિશાની છે. બાઇબલ કહે છે, જ્યારે આપણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો ત્યારે આપણો નવો જન્મ થયો છે. પાણીનું બાપ્તિસ્મા વ્યક્તિ અને ઈશ્વર સાથે સંબંધ જોડનાર નથી તેનો નવા જન્મનો પરિણામ સ્વરૂપ બને છે એમ્પલીફાઇડ બાઇબલ કહે છે કે પાણીનું બાપ્તિસ્મા તો આપણે ઇસુ ખ્રિસ્તના પુનરુત્થાન દ્વારા જે વિશ્વાશ કર્યો છે તેનો બ્રાહ્ય નમૂનો છે.

હિંમતવાન બનો તમે કંઇક કરો અને તમારી સ્તુતિ ને આરાધનાને વ્યક્ત કરો. ઘણા બધા લોકો ઈશ્વર વીષે વાત કરતા નથી. તેઓનું કહેવું છે 'ધર્મ ખાનગી બાબત છે.' બાઇબલમાં હું એવી કોઇ વ્યક્તિને મળી નથી કે જે ઇસુને મળી હોય ને ખાનગી રાખી હોય.જ્યારે તે આપણાં હૃદય તેના શુભ સંદેશથી ભરી દે છે તે આપણા મુખમાંથી બહાર નીકળે જ છે. જ્યારે આપણે તેની સ્તુતિને આરાધના કરવા ઉત્તેજીત બનીએ છીએ ત્યારે

બ્રાહ્યઅભિવ્યક્તિ વીના તે શક્ય નથી. જે લોકો ચર્ચમાં લાંબા દિવેલીયા મો લઇને બેસે છે, કદી આનંદનો ભાવ વ્યક્ત કરતા નથી. તેમણે આરાધના ને સ્તુતિનો ખાસ અભ્યાસ કરવો જોઈએ કે બાઇબલમાં દાઉદ અને બીજાઓ કેવી રીતે ઈશ્વરની આરાધના કરતા હતા.

આરાધના એવી બાબત છે જે માટે ઈશ્વર યોગ્ય છે એટલું જ નહીં પરંતુ તે તાકાતવાન શક્તિ છે જે સ્વર્ગ, પૃથ્વીને નર્કને હલાવે છે. શેતાન આપણા ઘૂંટણ ખરી આરાધનામાં વળેલા જુએ છે એટલું જ નહીં પરંતુ સ્વર્ગ પણ તે જુએ છે. આરાધક ઈશ્વરનું ધ્યાન ખેંચે છે. સ્વર્ગ આરાધના ને સ્તુતિથી ભરાઈ ગયું છે.

*ત્યારે ચોવીસ વડીલો ને લમાર્ગમાં સ્વર્ગીય સાન્હેદ્રીમના સભ્યો રાજ્યાસન પર બેઠેલાને પગે પડશે ત્યારે પોતાના મુગટ નાખી દઈને, જે સદાકાળ જીવંત છે તેની આરાધના કરશે.*

*પ્રકટીકરણ ૪:૧૦*

પ્રકટીકરણમાં આ સ્વર્ગનું આ દશ્ય વારંવાર દર્શાવ્યુ છે. આપણે નિયમીત પ્રાર્થના કરીએ છીએ. જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાવ. તેથી આપણે જ્યારે પૃથ્વી પર છીએ ત્યારે સ્વર્ગીય સિદ્ધાંતોને આપણી આરાધનામાં લાગુ કરવા જોઈએ.

ભયાનક ખ્રિસ્તી બનો – ખ્રિસ્તસમાન બનો, તમારી આરાધના અરજથી વધારે હોય, ચિંતાના સાટામાં આરાધના લો અને ઈશ્વર માટે તમને શી લાગણી છે તે દર્શાવવા આક્રમક બની જાવ.

# અધ્યાય
# ૮

# આરાધના અને પ્રાર્થના

*તે તેઓની આ વાત કહેતો હતો, તેનામાં જુઓ, એક અધિકારી આવીને તેને પગે લાગીને કહે છે કે, મારી દીકરી હવે તો મરી ગઈ હશે, પણ તું આવીને પણ તું આવીને તારો હાથ તેના પર મૂક, એટલે તે જીવતી થશે.*

*માત્થી ૯:૧૮*

બરોબર આવુ જ બન્યુ, ઈસુ ત્યાં ગયા અને તે છોકરીને સ્પર્શ કર્યો અને તે જીવતી થઈ.

પરંતુ નોંધ કરો કે અધિકારીએ પ્રથમ શું કર્યું. છેલ્લુ નહિં સૌ પહેલા તેણે ચમત્કાર થાય ત્યાં સુધી રાહ જોઇ નહીં અને પછી વાંકા વળી ઈસુની આરાધના કરી નથી. તેણે પોતાની દિકરી માટે કશું કરવા તેને જણાવ્યું તે પહેલા તેની આરાધના કરી.

કેટલી બધી વાર આપણે પહેલા તેનું ભજન કર્યા વિના પરિવર્તન લાવવા કહીએ છીએ ? ''ઈશ્વર તમારે મારા કુટુંબનું પરિવર્તન કરવું પડશે, હવે જો તમે નહિ કરો તો હું ટકી શકીશ નહીં. તમારે તેમને બદલવા જ પડશે અને આજ કહીએ છીએ ......''

પરંતુ આના બદલે તેની સમક્ષ ઘૂંટણે પડી તેની આરાધના કરતા તેને માન, આભાર ને સ્તુતિ આપીએ તો શું બનશે ? જો કદાચ એક ડગલું આગળ વધી જો એલિયાએ કાર્મેલ પર્વત પર અથવા યહોશાફાટ ઈશ્વર તેને દુશ્મનો પર વિજય આપે તેની રાહ જોતો હતો

તેમ આપણું મો જમીન સુધી લંબાવી દઈએ તો કેવું ?

આપણે આમ કહેવાનું છે, ‘‘અને પ્રભુ હું તમારી આરાધના કરુ છું તમારા નામને મોટું મનાઉ છું તમે સ્તુતિને યોગ્ય છો. જ્યારે હું નબળો હોઉં છું ત્યારે તમે મને તાકાત આપો છો તમારા વિના હું જે ન કરી શકુ તે કરવાને શક્તિમાન બનાવો છે. મને ખબર છે પ્રભુ કે તમારા હૃદયમાં મારા માટે શ્રેષ્ટ બાબત છે. તમે ભલા છો અને મને ખબર છે કે તમારી ભલાઈ મારા જીવનમાં પ્રગટ થનાર છે. હું અત્યારે વિશ્વાસ કરું છું કે તમે મારા જીવનમાં મને, મારા કુટુંબને અને મિત્રોને બદલી રહ્યા છો. હું માનું છું કે જેઓનો નવો જન્મ થયો નથી થયો તેમની સાથે વ્યવહાર કરી રહ્યા છો. હું વિશ્વાસ કરું છું કે તેઓ તમારો સ્વીકાર કરશે ને પવિત્ર આત્માથી ભરપુર થશે અને તેમના જીવનથી તમારું ચારિત્ર્ય પ્રગટ કરશે. પ્રભુ હું અત્યારે જ તમે જે કાર્ય કરી રહ્યા છો તે માટે તમારી આરાધના કરું છું અને તમે વિશ્વાસુ છો.

તમે શું માનો છો શું થશે ? હું માનું છું કે આપણા જીવનો, પરિસ્થિતી, જેના પર પ્રેમ રાખીએ છીએ તે લોકોમાં જરૂરી ફેરફારો થવાની શરૂઆત થશે. ઈશ્વરની આરાધના કર્યા બાદ ફેરફાર થાય છે નહીકે પહેલા !

## આરાધના અને વિશ્વાસ

અને જુઓ એક કનાની સ્ત્રીએ તે સીમમાંથી આવીને બૂમ પાડીને, (મોટા અવાજે, ઉતાવળથી) આજીજી કરીને, ભીખ માગતા કહ્યું કે, અને પ્રભુ દાઉદના દીકરા મારા પર દયા કર; મારી દીકરી ભૂતથી બહુ પીડા પામે છે.

*પણ તેણે તેને કશો જવાબ આપ્યો નહિ, અને તેના શિષ્યોએ આવીને તેને વિનંતી કરી કે, તેને વિદાય કર, કેમ કે તે આપણી પાછળ બૂમ પાડયા કરે છે.*

*માત્થી ૧૫: ૨૨, ૨૩*

મને લાગે છે કે આ સ્ત્રીને ઇસુએ ઉત્તર આપ્યો નહિ કારણ તેણે હજુ તેની આરાધના કરી નહોતી. તેણી તેની પાછળ ચાલતી હતી ને પહેલા જરૂર જણાવતી હતી.

*પણ તેમણે ઉત્તર દીધો કે, ઈસ્ત્રાએલના ઘરના ખોવાયેલા ઘેટાં સિવાય બીજા કોઈની પાસે હું મોકલાયો નથી.*

*માત્થી ૧૫:૨૪*

તેણીને મદદ કરવાને બદલે ઈસુ તે સ્ત્રીના વિશ્વાસનો સામનો કરવા લાગ્યા.

*પછી તે આવીને તેને પગે લાગીને કહ્યું કે ઓ, પ્રભુ મને મદદ કરો !*

*પણ તેણે ત્તર દીધો કે છોકરાની રોટલી લઈને કુતરાને નાખવી વાજબી (યોગ્ય, બની શકે સારૂ) નથી.*

*માત્થી ૧૫:૨૫,૨૬*

પછી જ્યારે એકવાર તેણે આરાધના કરી ઈસુ તેના વિશ્વાસને પડકારે છે પરંતુ તેણીનો નકાર કરતા નથી.

*પણ તેણે ઉત્તર દીધો કે, ખરું, પ્રભુ, કેમ કે કૂતરાં તો પોતાના ધણીઓના મેજ પરથી જે કકડા પડે છે તે ખાય છે.*

*ત્યારે ઈસુએ તેને ઉત્તર દીધો કે, ઓ બાઈ, તારો વિશ્વાસ મોટો છે, જેવું તું ચાહે છે તેવું તને થાઓ, અને તેજ ઘડીએ તેની દીકરી સાજી થઈ.*

*માત્થી ૧૫: ૨૭,૨૮*

આ સ્ત્રીના હક્કમાં ચમત્કાર બન્યો તે અગાઉ બે બાબતો સ્થાપીત થઇ (૧) તેણીએ વિશ્વાસ કર્યો (૨) તે ઈશ્વરની આરાધના કરવા લાગી.

## પધ્ધતિ કરતા વિશેષ

પ્રાર્થનાના ઉત્તર માટે કોઇ નવા નિયમો ને રીત હું રજુ નથી કરતી. મેં અગાઉ કહ્યું તેમ ઈશ્વર હૃદયને જુએ છે, હૃદયની પ્રમાણિક્તા તેમના માટે સૌથી મહત્ત્વની બાબત છે. અરજ કર્યા અગાઉ પ્રથમ ઈશ્વરની આરાધના કરો.

એ કાંઇ જાદુઇ છડી યા મંત્ર નથી કે આ રીત અપનાવવાથી તમે ચાહો તે મળી જશે. જ્યાં સુધી ખરા હ્રદયથી ને ભાવથી આભાર ને સ્તુતિ થતા નથી ત્યાં સુધી સારા પરિણામની અપેક્ષા રાખવાની વાત ભૂલી જવી. સવારે ઊઠીને ઘૂંટણે પડીને સ્તુતિને આરાધના કરવાથી કાંઇ આપણે ચાહિએ તેમ જીવનમાં બધુ બદલાય જતુ નથી.

માત્ર ઊંધા પડી જવાથી અથવા હાથ ઊંચા કરવાનો એવો અર્થ નથી કે તમે પ્રાર્થનામાં જે કાંઇ માંગો તે તમને મળશે.

આ કાંઇ પ્રભુ પાસેથી જે જોઇએ તે મેળવવા માટેની કોઇ નવી રીત અથવા પધ્ધતિ નથી. જો તે રીતે તેને લઇને વાપરશો તો કશું થશે નહીં.

હ્દયનો યોગ્ય ભાવ - જે પ્રમાણિક્તાથી ને નીખાલસતા એ રીતે ઈશ્વરના પર પ્રેમ કરનાર ને તેની ઇચ્છા ચાહનાર છે – તે શક્તિનો પાયો છે. તે પછી પધ્ધતિનો ઉપયોગ શક્તિ વહેવડાવવા થઇ શકે છે. આ હ્દયની સર્વ ઇચ્છામાં સર્વ પ્રથમ ઈશ્વર અગ્રસ્થાને હોવા

જોઇએ. તે હંમેશા "શું પાછળના કેમને જુએ છે." બીજા શબ્દોમાં કહીએ તો તે આપણે શું કરીએ છીએ તે નહીં પરંતુ આપણે શા માટે કરીએ છીએ તે જુએ છે.

જો આપણે આંતરિક ને બ્રાહ્ય રીતે ઈશ્વરની આરાધના કરીશું કારણ કે તે સ્તુતિ અને આરાધનાને યોગ્ય છે તો અને જો આપણે માનીશું કે માત્ર તેજ એક છે જે આપણા પ્રશ્નોનું નીરાકરણ કરી શકે અને આપણી જરુરત પૂરી પાડી શકે તોજ અને માત્ર તોજ આપણને હકારાત્મક પરિણામ જોવાના મળશે અને આપણી પ્રાર્થનાના ઘણા ઉત્તર પ્રાપ્ત થશે.

## <u>ખરી આરાધનાની આવશ્યક્તા</u>

પણ એવી વેળા આવે છે, અને હાલ આવી છે કે, જયારે ખરા પ્રમાણીક ભજનારા આત્માથી તથા સત્યતાથી બાપનું ભજન કરશે. કેમ કે એવા ભજનારાઓને બાપ ઈચ્છે છે.

*દેવ આત્મા છે, અને જેઓ તેને ભજે છે, તેઓએ આત્માથી તથા સત્યતાથી તેનું ભજન કરવું જોઇએ.*

*યોહાન ૪: ૨૩, ૨૪*

કોઇવાર આપણે પ્રભુમંદિરમાં જઇએ છીએ અને ત્યાં લોકોમાં આરાધનાનો મજબૂત ભાવ અનુભવીએ છીએ. આપણને એવો અનુભવ થાય છે કે તેઓ ખરેખર, સાચેજ વાસ્તવિક્તામાં ઈશ્વરની હાજરીમાં ઊંચકાયા છે ને આરાધના કરે છે. પરંતુ ત્યાં એવા અમુક લોકો પણ હશે જેઓ માત્ર મો હલાવતા હશે અને પૂરા હૃદયથી સ્તુતિ ને આરાધનામાં જોડાયા નહિ હોય. આપણા હૃદયો તેનાથી ઘણા દૂર હોય ત્યારે આપણે હોઠોથી તેને માન આપી શકીએ નહિ.

એક માણસે પોતાના દર્શનની વાત કરી હતી, એક વખતે લોકો ખૂબ ભાવથી ઈશ્વરની સ્તુતિને આરાધના હતા તે સમયે તે સભામાં ગયો. આ વાતાવરણમાં ઈશ્વરે તેની સાથે વાત કરીને કહ્યું કે, "હું અહીં જેઓ ખરેખર મારુ ભજન કરતા હશે તે બતાવીશ. તેમના પ્રકાશ ઉપર રેલાતો હશે."

આ ભાઈએ કહ્યું, સમસ્ત સભાજનોમાંથી માત્ર ત્રણ કે ચાર વ્યક્તિઓમાંથી પ્રકાશ રેલાતો હતો. બાકીના સભાજનો આરાધવાના ક્રિયાકાંડમાંથી પસાર થતા હતા. ને તેમના મન તો બીજે ભટકતા હતા.

જયારે આપણે ઘરે ભજન કરીએ છીએ ત્યારે આપણને ખલેલ ઓછી પડે છે જો કે

આપણા મનને તો બીજા બાબતો તરફ ભટકી જવાની ટેવ હોય છે. આપણે આપણા મનને શિસ્તમાં લાવવાનું કે આરાધના દરમ્યાન તે ભટકી ન જાય.

હું હંમેશા લોકોને વિનંતી કરું છું કે પ્રભુમંદિરમાં સમયસર આવો કે જેથી જેઓ સ્તુતિને આરાધના કરે છે તેમને ખલેલ પહોંચે નહિ.

જો કદાચ આપણે સમયસર આવી શક્યા ન હોઈએ તો સ્તુતિને આરાધના પુરી થાય તેની રાહ જોતાં પ્રભુમંદિરની પાછળ ઊભા રહેવું અને તેં રીતે આપણે ઈશ્વર અને માણસો પ્રત્યે આપણું માન ને આદર દર્શાવીએ છીએ. એવા પ્રભુમંદિરોમાં ગઈ છું જ્યાં સ્તુતિ આરાધનાના સમયે દરવાજા બંધ કરી ઈશ્વરામાં આવે છે. અને જેઓ મોડા આવે તેમણે અંદર પ્રવેશવા રાહ જોવી પડે. ત્યાં તેમને માઈકમાં સ્તુતિને આરાધના સંભળાશે પરંતુ પોતાની જગા શોધવા જતાં બીજાને ખલેલ ન પહોંચે માટે તેઓ બહાર ઉભા રહેશે. કોઈને આ વાત જરા કઠણ લાગે પરંતુ તેથી લોકોને સમયસર આવવા ઉત્તેજન મળશે.

બીજો વિકલ્પ એ છે કે હોલમાં પાછળના પ્રવેશ દ્વાર પાસે અમુક ખાલી બેઠકો હોય ત્યાં બીજાને ખલેલ પહોંચ્યા સિવાય ચુપચાપ આવીને બેસી જાવ.

આપણે બધા કોઈ કોઈ વાર મોડા પડીએ છીએ પરંતુ અમુકને મોડા આવવાની ટેવ હોય છે. સભા ગમે તે સમયે શરૂ કરો તેઓ મોડા જ આવે.

આપણું ધ્યાન સરળતાથી બીજે જતુ રહે તે ખૂબ જ ખરાબ બાબત છે. ઈશ્વર સાથે ઘનિષ્ટ ઊંડી સ્તુતિ ને આરાધવામાં પ્રવેશતા શેતાન આ નબળાઈનો ઉપયોગ કરી આપણને અટકાવે છે. ધ્યાન રાખો મે 'ઘનિષ્ટ' 'ઊંડી' શબ્દ વાપર્યો છે. માત્ર ગીતો ગાવાં અને ખરેખર ઈશ્વરની હાજરીમાં ખોવાય જવું તેમાં આભ જમીનનો ફેર છે. આપણે પૂરા હૃદયથી ઈશ્વરની સ્તુતિને આરાધના કરીએ છીએ.

ઘણીવાર કોનફરન્સમાં આરાધના દરમ્યાન અટકીને તેઓ જે ગાય છે તેના શબ્દો તરફ લોકોનું ધ્યાન દોરું છું. હું કહી શકું છું કે ઘણા તો આમતેમ લોકોમાં ડાફોળીયા મારતા માત્ર શબ્દો બોલતા હોય છે ને જુએ છે કે બીજા બધા શું કરે છે. મને તે ગમતુ નથી અને હું જાણું છું કે જો તેઓ ખરેખર ધ્યાન કેન્દ્રિત કરી સ્તુતિ આરાધના નહિ કરે તો તેનો કોઈ લાભ થનાર નથી. હું ઉત્તેજન આંપુ તે આરાધનાને પ્રાર્થના હું જોઉં છું કે વાતાવરણમાં મોટો ફેરફાર થાય છે. લોકો ખલેલ ન પહોંચે માટે પ્રયત્નશીલ બને છે. અને પરિણામે વધુ અભિષેક અથવા પવિત્ર આત્માની હાજરી રૂમમાં પ્રવેશ કરે છે.

ટૂંકાણમાં કહીએ તો સૌપ્રથમ આપણે ખાત્રી કરી લેવી જોઈએ કે આપણા હૃદયનો ભાવ યોગ્ય છે પછી આપણે તે વ્યક્ત કરીએ જેથી શેતાન જુએ કે આપણે ભજન કરીએ છીએ.

## કાર્ય ઢંઢેરા તરીકે

*કેમ કે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, અને આ પ્યાલો પીઓ છો, તેટલી વાર તમે પ્રભુના આવતા સુધી (પુનરાગમન) તેનું મરણ પ્રગટ કરો છો અને મહત્ત્વ દર્શાવો છો.*

*૧ કરિંથી ૧૧:૨૬*

હું વ્યક્તિગત રીતે માનું છું કે પ્રભુભોજન દ્વારા જે આંતરિક છે તેનું બ્રાહ્ય પ્રકટીકરણ છે. બાઈબલ કહે છે જેટલી વાર આપણે રોટલી ખાઈએ છીએ અને પ્યાલામાંથી પીએ છીએ તેટલી વાર આપણે ખ્રિસ્તના શરીરને, તેના રક્તને યાદ કરીએ છીએ અને તેના પાછા આવતા સુધી તેના મૃત્યુને પ્રગટ કરીએ છીએ.

આપણે એ સમજી લેવુ જોઈએ કે જ્યારે આપણે પ્રભુભોજનમાં ભાગીદાર બનીએ છીએ ત્યારે આપણે વિશ્વાસને કાર્ય દ્વારા પ્રગટ કરીએ છીએ અને માત્ર આપણે કશુંય કહીએ છીએ તે નહી પરંતુ હ્રદયમાં વિશ્વાસથી તે વાત માનીએ છીએ.

લોકો ઘણીવાર હવે છે 'મારુ મન ખરૂ છે' પરંતુ લોકો મનને વાંચી શકતા નથી તેઓતો આપણા કાર્યો જુએ છે. આતો કોઈ પતિ પોતાની પત્નીને કહે તને ખબર હોવી જોઈએ કે હું તને પ્રેમ કરું છું તેથી પરણ્યો છું ખરૂને ? છતાં તેના પ્રત્યે કોઈ ભાવ દર્શાવતો નથી. અને તેણી તેની વાત માને એવું કોઈ કારણ આપતો નથી. તેવી મુર્ખ વાત છે એ મહત્ત્વનું છે કે આપણે હ્રદયથી માનીએ છીએ તે વાત આપણા કૃત્ય દ્વારા પ્રગટ કરીએ.

જ્યારે પણ પ્રભુભોજન લઉં છું ત્યારે હંમેશા કહું છું કે, 'પ્રભુ ઈસુ આ રોટલી જ્યારે હું લઉં છું ત્યારે હું તમને મારી જીવંત રોટલી તરીકે લઉં છું. જ્યાં સુધી હું તમારું જમીશ ને સંગત રાખીશ હું કદી આ અસંતુષ્ટ બનીશ નહીં. આ પ્યાલો પીઉં છું ત્યારે તમારું જીવતું પાણી હું પીઉં છું. જ્યાં સુધી હું તમારું પીશ ને તમારી સંગત રાખીશ ત્યાં સુધી બહારના સંજોગો ગમે તેવા હશે પરંતુ હું તેનાથી વિચલીત થઈ નહિ. આ ભોજનમાં ભાગીદાર બની પ્રભુ હું જાહેર કરું છું કે મારા જીવનમાં ખરેખર સુખી ને ભરપુર થવા માટે મારે તમારી જરૂર છે.

આપણે જ્યારે આ પ્રમાણે વર્તાવ કરીશું. શેતાન બેચેન બનવા માડશે. શેતાન જાણે છે જો આપણે પ્રભુના આવા નીકટના સંબંધમાં આવી જઈશું તો તે આપણા પર કાબુ રાખી શકશે. નહીં.

## કાર્યથી તે પ્રગટ કરો

*હે સઘળા લોકો, તાળી પાડો, જયજયકારના નાદથી ઈશ્વરની આગળ આનંદ કરો.*
*ગીતશાસ્ત્ર ૪૭ : ૧*

ઈશ્વરની આગળ આરાધના વ્યક્ત કરવા માટે બાઈબલ આપણને સુચવે છે કે સંગીતના વાજિંત્રો વગાડો, નૃત્ય કરો અને બધી બ્રાહ્ય ક્રિયાઓ દ્વારા તમારી આરાધનાને વ્યક્ત કરો. આપણને તેની જરૂર છે. તે આપણા જીવનમાં છુટકારો લાવશે તેનાથી ઈશ્વરને માન મળે છે અને શેતાનને હરાવવામાં મદદ મળે છે.

એમ કહેવું કે, 'ઈશ્વર તમે જાણો છો મને તમારા માટે કેવી લાગણી છે. માટે તેનો દેખાવ કરવાની જરૂર નથી' તે પૂરતુ નથી. આ બાબત તો આના જેવી છે. સારુ પ્રભુ તમે જાણો છો હું તમારા પર વિશ્વાસ કરું છું માટે હવે ખરેખર મારે બાપ્તિસ્મા લેવાની જરૂર નથી. અથવા એમ કહ્યું કે "ઈશ્વરને ખબર છે કે હું મારા પાપો માટે દુઃખી છુ માટે મારે મારા પાપોની કબુલાત કરી તેનો પસ્તાવો કરવાની જરૂર નથી. આતો દેખીતી રીતે મૂર્ખતા છે, દરેક ખ્રિસ્તી સંપ્રદાયના લોકો એક બાબતમાં સમંત થાય છે કે પાપોની કબુલાત ને બાપ્તિસ્મા એ જરૂરી બાબત છે.

સમસ્ત વિશ્વમાં પ્રખ્યાત એક મંડળીને વર્ષોથી હું ઓળખુ છું અને દરેક ભજનસેવાના ભાગરૂપે અમે ભજનસંગ્રહમાંથી ગીતો ગાતા હતા પરંતુ કોઈ બ્રાહ્ય ભાવ વ્યક્ત કરતા નહોતા, નાચ યા હાથ ઊંચા કરતા નહોતા. હકીકતમાં તો જો આને કોઈ ખોટુગણાવે તો બાઈબલને આ સંબંધી વાત કરે છે અને છતાંએ આ મંડળી અને બીજી ઘણી મંડળીઓ એવુ માને છે કે પૂજયભાવ દર્શાવવો તેજ યોગ્ય આરાધના ગણાય. ચોક્કસ આપણે શાંત અને પૂજયભાવના સમયની આવશ્યક્તા છે પરંતુ આરાધના દરમ્યાન આપણી લાગણીઓ મુક્ત કરવાની પણ જરૂર છે.

હું બેકાબુ લાગણીવેડાની વાત નથી કરતી આપણે જાણીએ છીએ કે અમુક લોકો માંગ 'લાગણીશીલ આવે'માં આવી જાય છે અને તેઓ અડચણરૂપ બની જાય છે. આપણે તો સમતુલનની જરૂર છે. ભૂતકાળમાં અમુક વ્યક્તિઓ વધુ પડતી લાગણીશીલ બની ગઈ તેથી સાંપ્રદાયિક મંડળીએ લાગણીને વ્યક્ત કરવાની બાબતને સમુળગી કાઢી નાખી છે. હું વ્યક્તિગત રીતે માનું છું કે જો આપણે સ્તુતિ અને આરાધના દરમ્યાન યોગ્ય રીતે પોતાની લગાણીઓ વ્યક્ત કરીશું તો આપણે કદાચ તેને બીજા સમયે અયોગ્ય રીતે વ્યક્ત નહીં કરીએ. આપણી લાગણીઓ આપણા શરીર, મન, ઈચ્છા અથવા આત્માનો જ એક હિસ્સો છે. ઈશ્વરે આપણને લાગણીઓ આપી છે અને શરીરના બીજા હિસ્સાની માફક તેની પણ સંભાળ કરવાની છે. આપણે લાગણીઓથી નિયત્રિંત થવાનું નથી કારણ તેઓ ક્ષણિક અથવા આધાર રખાય તેવી નથી પરંતુ તેમને હાંકી કાઢવાથી આપણે સંપૂર્ણ બની શકીએ નહિ.

જે મંડળીની વાત હું કરુ છુ ત્યાં હું ભાગ લેતી હતી તે દરમ્યાન ઘણી વખત મારી લાગણીઓ અંદર ઉછળી રહી હતી. મને લાગ્યુ કે મારે તેમને કોઈને ને કોઈ રીતે વ્યક્ત કરવી જોઈએ પરંતુ કેવી રીતે કરવુ તે માટે કશી ખબર પડતી નહોતી. તેથી મને લાગ્યુ કે લોકોને પોતાની લાગણીઓ અને પોતાનો પ્રેમ ઈશ્વરને સમતુલિત રીતે વ્યક્ત કરતા ના શીખવવું તે એક કરૂણ બાબત છે. કોઈ બાબત પોતાની સમતુલા ગુમાવી દે તેવી હોય તેથી ગભરાઈને

તેની કાઢી નાખવી તે ખોટું છે.

આપણે દરેક આપણી સાંપ્રદાયિક મંડળી માટે કહી શકીએ કે "ભાઈ અમારી તો આ રીત છે;" મને લાગે છે કે આ યોગ્ય પ્રતિભાવ નથી. આપણે હંમેશા વૃદ્ધિ માટે ખુલ્લા રહેવુ જોઈએ અને તેનો અર્થ છે ફેરફાર ઈસુએ કહ્યુ કે તેવો નવો દ્રાક્ષારસ જૂની મશકમાં ભરી શકતા નથી તેનો અર્થ કે અમુક જુની મશકને જવું પડશે. તેમણે જૂની ઘરેડને 'અલવિદા' કરવું પડશે અને નથી બાબતો પકડી લેવી પડશે. આ જ્ઞાન અને પ્રકટીકરણ તે પ્રગતિશીલ છે. કદાચ કોઈ બાબત હલનચલન કરતી નથી તો તે મરવાની અણી પર છે.

હું જાણે ન્યાય કરવા માંગતી નથી પરંતુ ઈશ્વરનું વચન સચ્ચાઇ માટે માર્ગદર્શક છે. જે બાબતો મે તમને જણાવી તેને શાસ્ત્રનું પ્રમાણ છે માટે આપણે બધાએ તેને આધીન થવું જોઈએ.

જો તમે એવી મંડળીમાં જતા હો જ્યા સ્વતંત્ર આરાધનાને વ્યક્ત કરવી સ્વીકાર્ય ન હોય તો તમે તમારા ઘરે, વ્યક્ત કરતી સ્તુતિ આરાધના કરો તે માટે ઉત્તેજન આપુ છુ. હું તમને દરેકને ઉત્તેજન આપુ છુ કે તમે પ્રાર્થના કરો કે હકારાત્મક ફેરફારો થાય અને દરેકને ખરી રીતે ઈશ્વરની આરાધના જેના માટે તે યોગ્ય છે તેમ કરતા શીખવાનું મળે.

## શબ્દો વડે તે જાહેર કરો

*"માટે તે દ્વારા આપણે ઈશ્વરને સ્તુતિરૂપ યજ્ઞ એટલે તેનું નામ કબુલ, કરનાર, સ્વીકારનાર અને મહિમા આપનાર હોઠોના ફળનું અર્પણ નિત્ય કરીએ."*
*હેબ્રી ૧૩:૧૫*

દુશ્મન સામેનું બળવાન શસ્ત્ર તે આપણા મુખની કબુલાત છે નીતિવચન ૧૮:૨૧ શીખવે છે કે જીવન અને મરણની તાકાત જીભમાં છે. આપણે આપણા માટે જીવન બોલીએ ને શેતાનની યોજનાના નાશ માટે પોકાર કરીએ. દાખલા તરીકે આભારના શબ્દો શેતાન માટે નાશ કારક છે. આભારવશ વ્યક્તિ ઈશ્વરની ભલાઈની વાત કરે તેને તે ધિક્કારે છે.

હેબ્રી ૪:૧૨ શીખવે છે કે ઈશ્વરનું વચન બેધારી તરવાર જેવું છે. હું માનું છું કે તરવારની એક ધારથી શેતાન હરાવાય છે અને બીજી ધારથી સ્વર્ગીય આશીર્વાદોને કાપવામાં આવે છે એફેસી ૬:૧૭માં આપણને કહ્યું છે અસરકારક આત્મિક લડાઈ લડવા માટેના શસ્ત્રસરંજામના એક ભાગ તરીકે આત્માની તરવાર જે વચન છે તેને ધારણ કરો.

ગીતકર્તા દાઉદે આવુ વિધાન વારંવાર કર્યું છે, હું યહોવા વીષે કહીશ તે મારો આશ્રય અને મારો કિલ્લો છે, મારો ઈશ્વર જેના પર હું આધાર રાખુ છું અને તેનામાં હું વિશ્વાસપૂર્વક

ભરોસો રાખુ છું, કદાચ આપણે નિયમીત રીતે પોતાને પૂછવું જોઈએ કે, 'શું ઈશ્વર માટે હું શું કહુ છું ?' આપણે તેમના માટે ખરી વાત કહેવાની છે માત્ર વિચારવાનું નથી. કોઇ વ્યક્તિ કદાચ વિચારે 'હું ઈશ્વર વીષે બધી સારી બાબતો વિચારું છું. પરંતુ શું તમે એવું કાંઈ બોલો છો જે તમને મદદરૂપ થાય ? મોટાભાગે લોકો અમુક બાબત માનવાનો દાવો કરે છે. પરંતુ પોતાના મૂખથી તેથી વિરુદ્ધ વાત બોલે છે.

આપણે જોરથી બોલાવાની જરૂર છે. યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે આપણે બોલવું જોઈએ પરંતુ એ વાતની કાળજી રાખો કે તમે તે જ કરો છો. ઈશ્વરની સાથેની સંગતના સમયમાં મૌખિક કબુલાત એક હિસ્સો બની જાય ઘણીવાર સવારમાં હું ચાલવા જાઉ છું તે દરમ્યાન હું મોટેથી પ્રાર્થના, ગીત અને ઈશ્વરના વચન બોલુ છું. જ્યારે પણ હું બોલુ છું જેમકે 'ઈશ્વર મારા પક્ષમા છે માટે તેણે આપેલ સર્વ હું કરી શકું છું.' અથવા 'ઈશ્વર ભલા છે અને મારા માટે તેમની સારી યોજના છે.' આશીર્વાદો મારી પાછળ આવે છે અને મારા જીવનને ભરપૂર કરશે. આ તો શેતાનને ધારદાર તરવારનો વાર કર્યા બરાબર છે.

તમારો આભાર, સ્તુતિ અને આરાધનાને શબ્દોમાં મુકો સ્તુતિ અને આરાધનાથી ભરપુર ગીતોને મોટેથી ગાઓ શેતાન સામે અમુક આક્રમણ પગલા ભરો.

## હાથ ઊંચા કરવામાં રહેલુ પરાક્રમ

*હે ઈશ્વર, તુ મારો ઈશ્વર છે; હું તને વહેલો શોધીશ; જ્યાં પાણી હોતુ નથી. એવા સૂકા તથા ખેદજનક દેશમાં મારો આત્મા તારે સારુ તલપે છે, મારો દેહ તારે વાસ્તે તલપે છે.*

*તેથી તારુ સામર્થ્ય તથા ગૌરવ જોવા માટે, મે પવિત્રસ્થાનમાં તારા ભણી જોયું છે.*

*કેમ કે તારી કૃપા જીવન કરતા ઉત્તમ છે, મારા હોઠો તારી સ્તુતિ કરશે.*

*હું આવી રીતે મરણ પર્યત તને ધન્યવાદ આપીશ. હું તારેનામે મારા હાથ જોડીને ઊંચા કરીશ.* *ગીતશાસ્ત્ર ૬૩: ૧-૪*

બલિદાન અને ખ્રિસ્તી વિશ્વાસ બંને હંમેશા જોડાયેલા છે જૂના કરારમાં જુદા જુદા પ્રકારના બલિદાન ચઢાવવાના હતા. દાઉદ ગીતશાસ્ત્ર ૧૪૧:૨માં જણાવે છે કે, હાથોનુ ઊંચા થવુ તે સંધ્યાકાળના યજ્ઞ જેવું છે.

શાસ્ત્રમાં બીજી ઘણા સંદર્ભો હાથ ઊંચા કરવાની બાબત દર્શાવે છે ઈશ્વરની હજૂરમાં હોઈએ ત્યારે તેમ કરવું સ્વાભાવિક છે. મારા માટે તે આરાધના, આદરભાવ અને સમર્પણની અભિવ્યક્તિ છે. આપણે હંમેશા ઈશ્વરને તથા તેમની આપણા માટેની યોજનાને સમર્પિત થવુ જોઈએ.

તમારે તમારા હાથ ઊંચા કરી અને સ્તુતિના વચનો આખો દિવસ બોલવા જોઈએ. નોકરીના સ્થળે, બાથરૂમમાં જઈને થોડીક્ષણ પ્રભુની સ્તુતિ કરો. જ્યારે સમર્પિત થઈએ છીએ ત્યારે ઈશ્વર બધુ પોતાના હાથમાં લઈ લે છે. તે સજ્જન છે અને આપણા પર પોતાની ઇચ્છા ઠોકી બેસાડતા નથી.

આપણે તેમના પર આપણો ભરોસો મુકીએ તેની તેઓ રાહ જુએ છે. હું તમને ઉત્તેજન આપુ છુ કે તમે તમારા હાથ ઊંચા કરી ઈશ્વરને સ્તુતિના શબ્દોનું અર્પણ ચઢાવો. તે દ્વારા શેતાનને હરાવવામાં મદદ મળશે તમને સારુ લાગશે અને ઈશ્વર પ્રસન્ન થશે.

જેમણે કહીએ જીવનમાં ઈશ્વરની સ્તુતિ અને આરાધના કરવા હાથ ઊંચા નહીં કર્યા હોય તેમને બંધીત લાગણી મુક્તિનો અનુભવ થશે. (નિરાંત હાશ અનુભવશો) જ્યાં સુધી આપણે તેમ નથી કરતા ત્યાં સુધી આત્મિક રીતે આપણામાં કંઈક ખુટે છે. આપણો આત્મા આક્રમણ રીતે ને જાહેરમાં આરાધના કરવા આતુર હોય છે. આવુ કર્યા અગાઉ હું તો ઘણા વર્ષોથી ખ્રિસ્તી હતી. મારે શું કરવાની જરૂર છે તે માટે જરૂરી શિક્ષણ મારા પાસે નહોતું પરંતુ સ્તુતિ આરાધનામાં એક મુક્તિની હું ઝંખના કરતી હતી.

## <u>**એક સ્તુતિ વિરામ લો**</u>

*તારા યથાર્થ ન્યાયવચનોને લીધે હું રોજ સાત વાર અને આખો દિવસ તારી સ્તુતિ કરું છું.*
*ગીતશાસ્ત્ર ૧૧૯:૧૬૪*

કોઈકોઈ વાર આપણા કામની વચ્ચે અટકીને આપણે હાથ ઊંચા કરી તેની સ્તુતિ કરીએ અથવા એક ક્ષણ અટકીને ઘૂંટણે પડી પ્રભુને કહીએ 'પ્રભુ હું તમને ચાહું છું.' તેનાથી વિશેષ કોઈ બાબતથી ઈશ્વર પ્રસન્ન થશે નહીં. જે શાસ્ત્રપાઠ ઉપર ટાંક્યો છે તે જણાવે છે ગીતકર્તા દિવસમાં સાત વાર અને આખો દિવસ ઈશ્વરની સ્તુતિ કરે છે.

ઉદાહરણ તરીકે વિચારો કે કોઈ વેપારી કે જે મોટી કંપનિનો પ્રમુખ છે, તે દિવસ દરમ્યાન બે કે ત્રણ વાર પોતાની ઓફિસનું બારણું બંધ કરી તાળુ મારી ઘૂંટણે પડી અને પ્રાર્થના કરે 'પ્રભુ તમારી આરાધના કરવા હું ચાહું છું. પિતાજી તમે મને વેપાર, ધન, સફળતા આપ્યા છે તે મોટી વાત છે પરંતુ મારે તમારી આરાધના કરવી છે.

તમારા નામને મોટુ મનાવવુ છે. તમે અજાયબ જેવા છો. માટે તમારી જરૂર છે પ્રભુ હું તમારી આરાધના કરુ છું પવિત્ર આત્મા હું તમારા આરાધના કરું છું આ કેટલું શોભાયમાન લાગે છે.

હું માનું છું કે વેપારી જો આમ કરશે તો તેણે પોતાના વેપારમાં નાણાંકીય બાબતમાં અથવા સફળતા બાબતે કંઈ જરૂર રહેશે નહિ.

*પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે. માત્થી ૬:૩૩*

જો ઘર સંભાળનાર પત્ની આવી રીતે સમય આપશે તો તેને માટે ઘણા ફળવંત અને શાંતિના દિવસો આવશે. એવુ કાંઈ જ નહીં હોય જે જેને 'સ્તુતિ વિરામ' લેવાથી ખૂબ જ ફાયદો થયો ન હોય.

ઈશ્વરને માન આપવા 'સ્તુતિ વિરામ' લો તે સાથે સાથે મેં કહ્યું તેમ જ્યારે પણ ખૂબ તનાવ હેઠળ હો, અથવા થાકી ગયા હો, અથવા ગુંચવાઈ ગયા હો અથવા બધુ મુકી ઈશ્વરા વિચારતા હો ત્યારે 'સ્તુતિ વિરામ' લો. આવુ કરવાથી આપણે ઈશ્વર પરની આપણી સંપૂર્ણ આધીનતા દર્શાવીએ છીએ. આપણે યાદ રાખીએ તેમણે કહ્યું છે. "…..મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી." (યોહાન ૧૫:૫)

## <u>શા માટે ઘૂંટણે પડવું ?</u>

*જ્યારે દાનિયેલે જાણ્યુ કે ફરમાન ઉપર સહી કરવામાં આવી છે, ત્યારે તે પોતાને ઘેર ગયો; (તેના ઓરડાની બારીઓ તો યરૂશાલેમ તરફ ઉઘાડી રહેતી હતી) અને તે અગાઉ કરતો હતો તેમ દિવસમાં ત્રણવાર ઘૂંટણિએ પડીને તેણે પ્રાર્થના કરી, ને પોતાના ઈશ્વરની આભારસ્તુતિ કરી. દાનિયેલ ૬:૧૦*

શા માટે આપણે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરવી જોઈએ ? જ્યારે આપણે તેમ કરીએ છીએ ત્યારે પોતાને નમ્ર કરીએ છીએ. આપણા આ કાર્ય દ્વારા દર્શાવીએ છીએ કે 'ઈશ્વર અમે તમારો આદર તે માન જાળવીએ છીએ.' હું કંઈ નથી ને તમે જ સર્વેસ્વ છો. તમારા વિના હું કશુજ યોગ્ય રીતે કરી શકતો નથી. તમારા વિના મને મદદ કરનાર કોઈ નથી માટે જો તમે મારી વહારે ન આવો. તો હું ખોવાય જાઉં."

શું તમને દાનિએલ અને સિંહોના બીલની વાર્તા યાદ છે ? રાજ્યમાં દાનિયેલના ઉચ્ચ હોદ્દા અને દાનિએલના વ્યક્તિત્વના લીધે દુશ્મનો તેની ઈર્ષા કરતા હતા. તેઓ જાણતા હતા કે દાનિએલ પ્રમાણીક વ્યક્તિ હતો માટે તેના પર કોઈ વ્યવહાર બાબતે દોષ મુકી શકાય તેવુ નહોતું. તેમણે વિચાર્યુ કે તેની ઈશ્વર પરથી આસ્થા પર હુમલો કરી તેને ગભરાવી દઈએ. તેમણે રાજાને મનાવી લીધો કે એવો હુકમ બહાર પાડો કે આવતા ત્રીસ દિવસ દરમ્યાન સમસ્ત રાજ્યમાં રાજા સિવાય બીજા કોઈ ઈશ્વર અથવા માણસની ભક્તિ થશે નહીં અને ન માનનારને સિંહોના બિલમાં નાખવામાં આવશે.

દાનિએલના દુશ્મનો જાણતા હતા કે દરરોજ દિવસમાં ત્રણવાર દાનિએલ યરૂશાલેમ તરફની બારી ઉઘાડી, ઘૂંટણે પડી ઈશ્વરની આરાધના અને સ્તુતિ કરે છે.

દાનિએલે આરાધના બાબતે સમજાવટ કરવાનો ઈન્કાર કર્યો. બીજી વખતે જ્યારે તેણે ઈશ્વરની આરાધના કરી તેના દુશ્મનોએ તેને પકડ્યો અને રાજા સમક્ષ રજુ કર્યો. હવે રાજા પાસે દાનિએલને સિંહના બિલમાં નાખ્યા સિવાય કોઇ વિકલ્પ નહોતો. મને વાર્તાનો આ ભાગ ગમે છે કે તેના રિવાજ મુજબ બારી ઉઘાડી તેણે પ્રાર્થના કરી બીજા શબ્દોમાં તે કશું સંતાડવા માગતો નહોતો. માણસના ભય કરતા ઈશ્વરનો આદર અને ભય વધુ મહાન છે તેમ તે માનતો હતો.

દાનિએલને સિંહોના બિલમાં જવું પડ્યું પરંતુ તે ઊંઘી ગયો અને સવારે ઈજાવિના બહાર આવ્યો કારણ કે ઈશ્વરે સિંહોના મોં બંધ કર્યા હતા. દાનિએલને સિંહો ગળી જાય તેના બદલે સિંહોના બિલમાં તેના દુશ્મનોને નાંખવામાં આવ્યા અને નાશ પામ્યા.

જ્યારે આપણા શત્રુઓ આપણને નુકસાન કરવા ષડયંત્ર રચે ત્યારે જો હું  અને તમે આરાધના કરીશું તો દાનિએલની માફક ઈજા પામ્યા વિના બહાર નીકળીશું.

## <u>સાજા થવાને માટે ઘૂંટણીએ પડો</u>

*અને તેઓ સમુદ્રને પાર ગેરસાનીઓના દેશમાં ગયા. અને તે હોડીમાંથી ઊતર્યો એટલે કબરસ્તાનમાંથી અશુદ્ધ આત્મા વળગેલો અધિકાર નીચે એક માણસ તેને મળ્યો.*

*તે કબરસ્તાનમાં રહેતો હતો; અને સાંકળોએ પણ કોઈ તેને બાંધી શકતો નહોતો.*

*કેમ કે તે ઘણીવાર બેડીઓએ તથા સાંકળોએ બંધાયો હતો, ને તે સાંકળો તોડી નાખતો બેડીઓ ભાંગી નાખતો, અને કોઇનામાં તેને વશ કરવાની અથવા અટકાવવાની તાકાત નહોતી.*

*અને તે નિત્ય રાતદહાડો પહાડોમાં તથા કબરોમાં ભય અને પીડાથી ચીસ પાડતો, અટ્ટહસ્ય કરતો અને પોતાને મારતો અને ઉઝરડા પાડતો અને પથ્થરોથી પોતાને ધાયલ કરતો હતો.*

*પણ ઈસુને દૂરથી જોઈને તે દોડી આવ્યો, ને તેને ઘૂંટણીએ પડીને પોતાનો આદરભાવ દર્શાવ્યો. માર્ક ૫:૧-૬*

તમે વિચારો છો કે તમારે સમસ્યાઓ છે પરંતુ આ ગરીબ માનવીની સમસ્યાની સરખામણીમાં તે કઈજ નથી. પરંતુ ઈસુને જોઈને તેણે શું કર્યું તેનું ધ્યાન રાખો. તે દોડ્યો અને ઘૂંટણીએ પડી તેમની આરાધના કરી બાકીની વાર્તા જણાવે છે કે ઇસુએ તેનામાંથી ભૂતોની સેના કાઢી અને આ માણસ સંપૂર્ણ રીતે મુક્ત થઈને ગયો.

ભલે ને તમારે ગમે તેટલા પ્રશ્નો હોય પરંતુ જો તમે નિયમીત રીતે ઈશ્વરની આરાધના અને ભક્તિ ઘૂંટણીએ પડીને અથવા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કરશો હું તમને ખાત્રી આપુ છું કે ઈશ્વર તમને વિજય અપાવશે.

કંઈક અજાયબ થાય ત્યારે જ આપણે પ્રભુની આરાધના કરવાની નથી યા તો આપણને

મન થાય અથવા ઉત્તેજીત થવાની ભાવીના થાય ત્યારે જ આરાધના કરવાની નથી.

આ સમયો આરાધના માટે સારા સમય છે પરંતુ ખાસ કરીને મુશ્કેલ સંજોગોમાં પણ આપણે આરાધના કરવી જોઈએ.

ઘણા લોકો આખો વખત બેબાકળા જેવા જ કેમ રહે છે તેનું કારણ ઈશ્વરે મને દર્શાવતા એક દિવસ કહ્યું કે તેઓ એવાજ સમયે મને શોધે છે. તેમણે મને કહ્યું, "જોઈસ જો તું મને હંમેશા બેબાકળી બનીને શોધીશ તો તારા જીવનમાં એવા આફતના સમય આવશે જ નહીં."

ઈસ્ત્રાએલી પ્રજાએ ઘણાં વર્ષો અરણ્યમાં ગાળ્યા જ્યાં ઈશ્વર તેમને યોગ્ય કાર્ય બાબતે શીખવતા હતા. મેં જેમ અગાઉ નોંધ્યુ છે તેમ અગીયાર દિવસનો પ્રવાસ કરવા તેમણે ચાળીસ વર્ષ ગાળ્યા. તેઓ આ દરમ્યાન સંકટના સમયે ઈશ્વરને શોધતા અને સારા દિવસોમાં ઈશ્વરને વિસરી જતા. જ્યારે તેઓ ઈશ્વરને શોધતા નહીં ત્યારે ઈશ્વર તેઓને દુશ્મનોને હવાલે કરી દેતા અને ફરીથી પાછા તેઓ ઈશ્વરને શોધતા. જ્યારે તેઓ ઈશ્વરની સલાહ લેતા ત્યારે વધુ બરોબર ચાલતુ પરંતુ ઈશ્વરની સલાહ ન લેતા ત્યારે મુશ્કેલી આવતી હતી. પૂર્નનિયમ ૮:૨ આપણે વાંચીએ છીએ **"અને નમાવવાને, તથા તેની આજ્ઞાઓ પાળવાની તારી ઈચ્છા (મન) છે કે નહિ તે જાણવા સારુ તારુ પારખું કરવાને યહોવા તારા ઈશ્વરે આ ચાળીસ વર્ષ સુધી જે આખે રસ્તે તને ચલાવ્યો છે તે તું પ્રમાણિકપણે યાદ રાખ."**

આજ્ઞાઓનો એક હિસ્સો એવું શીખવતો હતો કે દરેક સમયે તેની આરાધના કરવી પરંતુ ઘણા બધા લોકો આ પાઠ શીખ્યા નહીં. અને તેથી તેઓ વચનના દેશમાં પ્રવેશી શક્યા નહિ. ખરેખર તો મિસરથી વચનના દેશમાં પ્રવેશ કરવા નીકળેલા લગભગ ૧૦થી ૧૫લાખ લોકોમાંથી માત્ર બે જ વ્યક્તિ પ્રવેશ્યા આ સાચેજ, દુ:ખદાયક ને આઘાતજનક બાબત છે. આપણે વિચારીએ કે 'આવુ કેમ બન્યું ?' છતાંએ કેટલા લોકો દરરોજ જયવંત જીવન જીવે છે? વિજય એટલે સમસ્યાની ગેરહાજરી નહીં પરંતુ સમસ્યા ની અંદર પણ શાંતિ અને આનંદનો અનુભવ કરવો તે છે. વિજયનો અર્થ છે કે ભલે ને આપણા વ્યક્તિગત જીવનમાં સમસ્યા હોય તોપણ ઈશ્વરના રાજય માટે સતત સારા ફળ ઉત્પન્ન કરવા.

*યહોવા કહે છે કે, જે બળવાન પુરુષ, મનુષ્ય પર ભરોસો રાખે છે, ને મનુષ્યના બળ પર આધાર રાખે છે, અને યહોવા તરફથી જેનું હૃદય અને મન ફરી જાય છે તે શાપિત (મોટી ભૂંડાઈથી) છે.*

*તે રાનમાંની બોરડી જેવો અથવા નગ્ન વ્યક્તિ જેવો અથવા રાનમાં ત્યજી દેવાએલો જેવો થશે, અને હિત થશે ત્યારે તે તેના જોવામાં આવશે નહિ, ને તે અરણ્યની સૂકી જગાઓમાં ખારવાળા તથા વસતિહીન દેશમાં વાસો કરશે.*

*જે પુરુષ યહોવા પર શ્રદ્ધા રાખે છે, ને જેનો આધાર યહોવા છે, અને જેની આશા અને*

*વિશ્વાસ યહોવામાં છે તે (ખૂબ જ) આશીર્વાદિત છે.*

*તે પાણીની પાસે રોપેલા વૃક્ષના જેવો થશે, જે નદીની પાસે પોતાના મૂળ ફેલાવે છે, ને ગરમીનો વખત આવશે ત્યારે તેને કંઈ ડર રહેશે નહિ, પણ તેના પાંદડા લીલા રહેશે. તે સુકવણાના વર્ષમાં તે ચિંતાતુર ને બેચેન થશે નહિ ને તે ફળ આવ્યા વિના રહેશે નહિ. યર્મિયાહ ૧૭: ૫-૮*

આ શાસ્ત્રપાઠ કહે છે કે જે વ્યક્તિ નિયમીત ઈશ્વરની શોધ કરે છે અને પ્રશ્નોના નિરાકરણ માટે માણસ પર આધાર રાખતો નથી તે સ્થિર છે. આખા સુકવણા વર્ષમાં તે સારા ફળ ઉત્પન્ન કરશે. હું માનું છુ કે સારા સાક્ષી બનવા માટે આ અતિ મહત્ત્વની બાબત આપણે કરવી પડશે. જો શેતાન પોતાના આક્રમણ દ્વારા આપણા વ્યવહાર પર કાબુ લઈ લેશે તો તે કદી અટકશે નહિ પરંતુ શાંતિ અને જો આપણા વ્યવહાર દ્વારા આપણે દર્શાવીશું કે ઈશ્વર પરના વિશ્વાસથી માન યોગ્ય વ્યવહાર જ નહિં પરંતુ શાંતિ અને પણ ઉત્પન્ન થાય છે તો આપણે શેતાનના ગમે તેટલા હુમલા આવે છતાંએ ઈશ્વરની ઇચ્છામાં જીવવાનું પડશે. આપણું જીવન મીઠું ને પ્રકાશ બની જશે. આપણી પાસે જે છે તે મેળવવાની ઇચ્છા તેમને થશે અને આપણા વિશ્વાસ પ્રત્યે તેઓ ખુલ્લુ મન રાખશે.

જ્યારે નિયમીત રીતે આપણે ઈશ્વરની આરાધના કરીશું, તેની સમક્ષ ધૂંટણીએ નમવા સમય ફાળવીશું તો હંમેશા તેઓ આપણને ઊંચા કરશે.

# અધ્યાય
# ૯

# આરાધના અને બદલાવ

*તે બોલતો હતો એટલામાં, જુઓ, એક ચળકતી વાદળીએ (પ્રકાશની બનેલી) તેઓના પર છાયા કરી, અને જુઓ વાદળામાંથી એવી વાણી થઈ કે, આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્‍ન છું, અને હંમેશા હતો તેનું સાંભળો.* *માત્થી ૧૭:૫*

આગાઉના અધ્યાયમાં આપણે વાંચ્યુ છે કે ઈસુ ત્રણ શિષ્યો સાથે પહાડ પર પ્રાર્થના કરવા ગયા અને ઈશ્વરની આરાધના કરતા તેઓની નજર સમક્ષ ઈસુનું રૂપાંતર થયુ તે ક્ષણે ઈશ્વરે શિષ્યોને ઈસુના વીષે શું કહ્યું તે આ કલમમાં મળે છે : આ મારો વહાલો દીકરો છે એના પર હું પ્રસન્ન છું.

હું માનું છું કે દરેક વ્યક્તિ જેને પ્રભુમાં બળવાન બનવુ છે તે આજ સંદેશ ઈશ્વર પાસેથી સાંભળવો જોઈએ. ઈશ્વરના વહાલા બાળકો તરીકે આપણમાંના દરેકે એ જાણવુ જરૂરી છે કે ઈશ્વર વ્યક્તિગત રીતે આપણ દરેક પર પ્રસન્‍ન છે.

એ મારી ઈચ્છાને પ્રાર્થના છે કે તમે આ પુસ્તક વાંચવાનું પૂરું કરો તે દરમ્યાન તમે જાણી શકશો કે ઈશ્વર તમારાથી પ્રસન્‍ન છે.

હું આવું લખુ છું કારણ મને ખબર છે કે કદાચ તમે કહો છો; ઓહ ના જે રીતે હું વર્તુ છું તે મુજબ તો ઈશ્વર મારાથી પ્રસન્ન થઈ શકે જ નહિ.

તમે બધુ બરોબર કરો છો માટે ઈશ્વર તમારા પર પ્રસન્ન છે તેવુ નથી. તે પ્રસન્ન છે કારણ કે તમે જેણે તમારા વતી બધુ જ સારુ કર્યું છે તેવા ઈસુ પર વિશ્વાસ મૂક્યો છે.

## ઈસુએ આપણા માટે શું કર્યું છે

*આપણે તેનામાં અને તેની મારફતે (પ્રદાન કરાયુ, અંદરના ગણાયા, ઉદાહરણ બન્યા) ઈશ્વરના ન્યાયીપણારૂપ થઈએ. (આપણે જે બનવાનું છે તે, માઉઘતા પામેલા અને સ્વીકારાયેલા અને તેની સાથે તેની ભલાઈના લીધે સારા સંબંધમાં રહીએ), માટે તેમણે ખ્રિસ્તને કે જેણે પાપ જાણ્યું નહોતુ તેને આપણે વાસ્તે પાપરૂપ કર્યો. ૨ કરિંથી ૫:૨૧*

હું માનું છું કે આપણે ખરેખર તે સમજતા નથી કે ખ્રિસ્ત આપણે માટે અવેજીરૂપ બન્યા. તેનો અર્થ કે તેમણે આપણી જગા લીધી અને જેને યોગ્ય આપણે હતા તે બધુ તેમણે સહન કર્યું કે જેથી આપણે તેમનું સ્થાન લઈને અને તેમની બધી બાબતોનો આનંદ માણીએ.

એક સ્કુલ શિક્ષણનું ઉદાહરણ લઈએ. જો કોઈ દિવસે તે સ્કુલમાં ન આવી શકે તો તેની જગા, અવેજી શિક્ષક લે છે. હવે જો અવેજી શિક્ષણ લાયકાત ધરાવતા હશે અને સોંપેલુ બધુ જ શિખવશે તો પછી કાયમી શિક્ષકે અવેજી શિક્ષકે જે શીખવ્યુ તે ફરીથી શીખવવુ પડશે નહિ — તે બધુ અવેજી શિક્ષકે તેના બદલે શીખવી દીધુ છે.

ઈસુ આપણા અવેજી બન્યા છે. તેમણે આપણા માટે જે કર્યું છે તે દ્વારા આપણે ઈશ્વરના વારસદાર બન્યા છીએ અને ખ્રિસ્ત સાથે સહવારસ બન્યા છે. (રોમન ૮:૧૭) બાઈબલ કહે છે આપણે વિજેતા કરતા વિશેષ બન્યા છીએ અને જેમણે આપણા પર પ્રેમ કર્યો અને આપણે સારુ પોતાને આપી દીધો તેના દ્વારા વિશેષ જય પામીએ છીએ. (રોમન ૮:૩૭)

તમને ખબર છે આપણે વિજેતા કરતા વિશેષ છીએ તેનો શો અર્થ છે ? તેનો અર્થ કે ઈસુએ ચઢાઈ કરી અને વિજય આપણને મળ્યો છે.

ઈશ્વરના વારસદાર અને ખ્રિસ્ત સાથે સહવારસનો અર્થ શું તમને ખબર છે ? તેનો અર્થ કે ઈશ્વરપિતાના વારસદાર બનવા જરૂરી બધી જ કાર્યવાહી ઈસુએ કરી અને પછી તે આપણને કહે છે. 'જો તમે મારા પર વિશ્વાસ કરશો, તો તમે મારી સાથે સહવારસદાર બનશો. વિશ્વાસના કારણે આપણે ઈસુ જે કમાયા ને જેને યોગ્ય છે તે આપણને મળે છે.

જો કદાચ મને ધન વારસામાં મળ્યુ હોય તો આપોઆપ મારા બાળકો વારસામાં સહવારસ બને છે. આપણા માટે બરોબર તેજ બન્યુ છે. પિતાનું જે કાંઈ છે તેના ઈસુને વારસદાર બનાવવામાં આવ્યા છે અને આપણી જગાએ ઈસુએ લીધે અને તે રીતે તેમનામાં આપણે બધાના સહવારસ બન્યા છીએ.

જો આપણે ખરેખર રીતે ઈસુખ્રિસ્તના અવેજીરૂપ કાર્યને સમજીશું તો આપણે ઈશ્વરે જે ભરપૂર આનંદને શાંતિ ઈશ્વરે રાખ્યા છે તેમાં જીવવાનું શરૂ કરી દઈએ. જો આપણે તારણનો ખરો અર્થ સમજતા હોત તો આપણું તારણ થયા પછી આપણે ખૂબ જ ખુશ થાત.

## તારણનો અર્થ

લૂક ૧૦:૨૦ ઈસુએ શિષ્યોને કહ્યું કે 'ભૂતો તમારે સાબિત થયા માટે હરખાશો નહિ પરંતુ તમારા નામ આકાશમાં લખાએલા છે માટે આનંદ કરો.

તારણ પામવાના અર્થની જાણકારીના ઊંડાણ જેટલો તેટલો વિશ્વાસ  અને આપણા આનંદના ઊંડાણનું સ્તર હશે. તેનો અર્થ કે આપણે ઈશ્વરના દીકરા ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો તેથી આપણે નર્ક, નાશ, પાપ, દોષ, વિનાશથી બચી ગયા છીએ. પરંતુ તેનો અર્થ એ પણ થયો કે સર્વશક્તિમાન ઈશ્વર આપણા પક્ષે છે કારણ કે આપણામાં સર્વશક્તિમાન ઈશ્વરનું નચીમળાનાર બીજ છે અને આપણને ખાત્રી છે કે આપણામાં બદલાવ આવશે કે જે કોઈ ઈશ્વરથી જન્મેલો છે તે પાપ કર્યા કરતો નથી કેમ કે ઈશ્વરથી જન્મેલો છે,

*જે ઈશ્વરથી જન્મેલો છે (જાણીજોઈને, સ્વેચ્છાએ, ટેવ તરીકે પાપ કરતો નથી કારણ તેનામાં ઈશ્વરનો સ્વભાવ(જીવનના સિદ્ધાંતો, દૈવી બીજ, તેનામાં હંમેશના માટે રહે છે.)        ૧ યોહાન ૩:૯*

બાઇબલ કહે છે કે ઇસુ ખ્રિસ્તે આપણા માટે ક્રુસ પર જે કર્યું છે તેના લીધે મરણ જીવનમાં ગરકાવ થઈ ગયું છે. ઈશ્વર જે આપણામાં જીવન ઉત્પન્ન કરી રહ્યા છે તેની સામે દેહમાં બાકી રહેલા મૃત્યુના અંશ ટકી શકતા નથી.

તમારા અને મારામાં ઈશ્વરનું જીવન છે તેના લીધે આપણે દરરોજ બદલાયા કરીએ છીએ અને દુશ્મન તે બાબતે કંઈ જ કરી શકે તેમ નથી. ઈશ્વર આપણામાં કાર્ય કરે છે અને તેમણે જે શરૂઆત કરી છે તે તેને પૂર્ણ કરે છે.

જ્યારે શેતાન આપણા પર દોષ મુકી અને આપણને પોતાના માટે ખરાબ અનુભવવા પ્રયાસ કરે છે ત્યારે આપણે તેને કહેવાનું કે, 'શેતાન તું જુઠો છે.' હું દરરોજ આત્મિક રીતે

વૃદ્ધિ પામુ છુ હું દરરોજ સુંદર બનતો જાઉ છું હું લોકો પર વધુ પ્રેમ કરવા લાગી છું. હું વધુ ને વધુ કાળજી લેનારને ઉદાર બનતી જાઉ છું. અને ઈશ્વર મને આપવાનું કહે તો તરત જ આપુ છું હું વધુ આનંદી, દયાળુ, કાળજી રાખનાર, માયાળુ, શાંત બનતી જાઉં છુ. શેતાન હવે તુ કંઈ કરી શકે તેમ નથી ઈશ્વર મારામાં છે તે મને બદલી રહ્યા છે ! ભલે તુ મને ગમે તેટલી સડેલી કહે પરંતુ મારે તને કહેવુ છે કે હું ખ્રિસ્તમાં છું.

શેતાનના બધા જ આડોયો તે વચ્ચે આપણે તેને કહેવાનું કે પ્રભુ તમારો આભાર તમે મને બદલી રહ્યા છે હું તમારી આરાધના કરું છું.

તમારા નામને મોટુ મનાઉ છું. તમારા જેવું કોઈ નથી. હું તમારા પર પ્રેમ કરું છું. પ્રભુ હુ તમને ચાહું છું હું તમને ચાહુ છું હું તમને ચાહુ છું.

## એકાંત સ્તુતિનું સામર્થ્ય

*પણ જ્યારે તું પ્રાર્થના કરે, ત્યારે તારી (ખૂબ જ) અંદરની ઓરડીમાં પેસ અને તારુ બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા બાપની પ્રાર્થના કર અને ગુપ્તમાં જોનાર તારો બાપ તને જાહેરમાં બદલો આપશે.* *માત્થી ૬:૬*

હું પ્રમાણિકપણે માનું છું કે જો તમે દાઉદ રાજાની માફક ઘૂંટણીએ પડીને ઈશ્વરની આરાધના કરવાનું શરુ કરશો તો તમારા જીવનમાં નવાઈ પમાડે તેવી બાબતો બનતી તમે જોશો. તમને બંધનમાંથી છુટકારાનો અનુભવ થશે.

ઈસુએ આપણને કહ્યું છે કે, અમુક બાબતો આપણે ખાનગીમાં કરવાની છે. એવો સમય આવે છે જયારે હું એકલી મારા સુવાના ખંડમાં જાઉ છું બારણું બંધ કરું છું અને ઈશ્વરની આગળ સ્તુતિ કરું છું, આરાધના કરું છું, કોઈ કોઈ વાર એકલી એકલી તેની સમક્ષ હસુ છું તો રડુ પણ છું. કદાચ જો કોઈ મને જુએ તો કહે કે આને પૂરી ઈશ્વરાની જરૂર છે. ખાનગીમાં હું મારી જાતને કોઈ બંધન વીના મુક્ત પણે વ્યક્ત કરું છું અને પ્રાર્થનામાં ખલેલ યા ગુંચવણ થશે તેવી ચિંતા કરવાની મારે જરૂર નથી.

જો તમે જાહેરમાં આમ કરો તો લોકો તમને ગાંડા કહેશે. તમારે જેવો સંબંધ ઈશ્વર સાથે છે તેવો સંબંધ તેમને ન હોવાથી તેઓ તમારા જેમ સમજતા નથી. પરંતુ તમે ખાનગીમાં ને તમે ને ઈશ્વર એકલાજ તે કરી શકો છો અને તમારા જીવનમાં ફળનો વિકાસ થતો દેખાશે. ઈશ્વર શું જુએ છે તેનાથી ફળ આવે છે નહી કે લોકો જે જુએ છે તેનાથી.

હું માનુ છુ કે આપણે બધાએ ખાનગી સ્થળે જવાની જરૂર છે અને ઈશ્વર સમક્ષ આનંદ કરવાને તેની આગળ નમી પડવાનું આપણામાં હાથ ઊંચા કરવાના અને સ્તુતિ કરવાની અને

જરૂર હોય તો તેની હજૂરમાં રડવુ પણ પડે. આરાધના અને સ્તુતિ માત્ર પ્રભુમંદિરની ભજનસેવા પુરતી મર્યાદિત નથી.

જ્યારે લોકો એક્ત્ર થયા હોય ત્યારે જાહેરમાં હું ઈશ્વરની આરાધના કરું છું અને ઘરે એકલા આરાધના કરું છું. ખાનગી અને જાહેર સ્તુતિ આરાધના બંને ઘણાં જ મહત્ત્વના છે. તમે આ બંનેમાં વારંવાર સામેલ થાવ તેવુ હુ ઉત્તેજન આપું છું.

## ઈશ્વરને પ્રસન્ન કરવા મારે શું કરવું જોઈએ ?

*ત્યારે તેઓએ તેને પૂછ્યુ કે, અમે ઈશ્વરના કામ (નિયમસર) કરીએ તે સારુ અમારે શુ કરવું જોઈએ ? (ઈશ્વરની જે અપેક્ષા છે તે કરવા માટે અમારે શું કરવાનું છે.)*

*ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે, જેણે મને મોકલ્યો છે તેના પર તમે વિશ્વાસ કરો (તેને તમે વળગી રહો, ભરોસો રાખો આધાર રાખો, તેમના સંદેશવાહકમાં વિશ્વાસ રાખો) એજ ઈશ્વરનું કામ (સેવા) છે. ઈશ્વર તે તમારી પાસેથી ઈચ્છે છે. યોહાન ૬: ૨૮, ૨૯.*

ઈશ્વર તમને બદલી રહ્યા છે મને બદલી રહ્યા છે. તે આપણાથી પ્રસન્ન છે. પ્રભુનો આભાર કે આપણે જ્યાં પહેલા હતા ત્યાં નથી જો કે જ્યાં હોવું જોઈએ ત્યાં નથી. પ્રભુ આપણી પ્રગતિ જુએ છે નહીં કે આપણે કેટલે પહોંચ્યા છીએ તે.

યોહાનના છઠ્ઠા અધ્યાયમાં અમુક લોકોએ ઈસુને પૂછ્યુ કે, 'ઈશ્વરના કામ કરવા માટે અમારે શું કરવું જોઈએ ? ખરેખર તો તેઓ એમ પૂછતા હતા કે 'ઈશ્વરને પ્રસન્ન કરવા અમારે શું કરવાનું છે ?'

ઈસુએ ઉત્તર આપીને કહ્યું, 'વિશ્વાસ કરો.'

ઈસુએ તેમને વિશ્વાસ કરવાનું કહ્યું એટલે કે ઈસુ તેમને કહેતા હતા કે શાસ્ત્ર ઈસુ માટે જે વાત કરે છે તેના પર તમે વિશ્વાસ કરો.

ઈસુ વિષે શાસ્ત્ર આપણને શું કહે છે ? તેઓ આપણને જણાવે છે કે જેણે કદી પાપ જાણ્યુ નહોતુ તે આપણા માટે પાપી બન્યો કે જેથી આપણે તેની સમક્ષ ન્યાયી ઠરીએ. (૨ કરિંથી ૫:૨૧) અને જેમ આપણે જોયુ તેમ શાસ્ત્ર આપણને જણાવે છે કે તે આપણને બદલી રહ્યા છે અને આપણે વધારે ને વધારે મહિમાનો અનુભવ કરીએ છીએ (૨ કરિંથી ૩:૧૮) ધીમે ધીમે આપણા શત્રુઓ હારવા માંડયા છે (પૂર્નનિયમ ૭:૨૨) બદલાવ એક પ્રક્રિયા છે તેને સમય લાગે છે.

જો આ બધુ સત્ય છે તો પછી આપણામાં વસનાર પવિત્ર આત્માના સામર્થ્યથી આપણું રૂપાંતર ને ચહેરા ફરક દરરોજ થઇ રહ્યા છે તે માનવુ શા માટે મુશ્કેલ લાગે છે ? આપણે જોયા પહેલા માનવુ પડશે — ઈશ્વરની વ્યવસ્થામાં તે રીતે જ કાર્ય થાય છે. દુનિયામાં આપણે

શિખ્યા છીએ જે જુઓ તે માનો પરંતુ ઈશ્વર આપણને શીખવે છે કે તે જે કરે છે તે માનો અને પછી તમને તે જોવાનું મળશે.

સાંસારીક રીતે આપણે કહીએ છીએ કે ‘અમારે શું કરવું ?’ આપણે એ શીખી લેવાની જરૂર છે કે જે કાર્ય આપણને સુપ્રત કરાયુ છે તે આત્મિક છે — આપણે માનવુ પડશે. આપણે ‘વિશ્વાસી’ છીએ ‘હાંસલ કરેલા’ નથી. આપણે વિશ્વાસ કરીએ છીએ અને પવિત્ર આત્મા આપણામાં કાર્ય કરે છે.

આપણે ઈશ્વરના વિશ્રામમાં પ્રવેશ કરવાનો છે અને વિશ્વાસ કરવાનો કે તે આપણા બદલે કાર્ય કરે છે. (હેબ્રી ૪:૩,૧૦,૧૧). તે સ્વર્ગીય સ્થાનોમાં બિરાજમાન છે અને આપણે તેની સાથે બેઠા છીએ. (એફેસી ૨:૬) બેસવુ વિશ્રામની સ્થિતી દર્શાવે છે. ઈશ્વરપિતા તેમના સર્વ શત્રુઓને તેમનું પાયાસન બનાવે તેની ઇસુ રાહ જોઇ રહ્યા છે (હેબ્રી ૧:૧૩). આપણા જીવનોમાં પણ આપણે આજ બાબતની રાહ જોઈએ છીએ. દરરોજ આપણે વિજયની નજદીક જઈએ છીએ. હાલેલૂયા !

બદલાવ આપણા અગાઉ આપણે સ્તુતિ કરીએ છીએ. ત્યારે આપણા કૃત્ય દ્વારા દર્શાવીએ છીએ કે વિશ્વાસ કરીએ છીએ. આપણે તેમના વિશ્રામમાં પ્રવેશ્યા છીએ. આપણા પગોને સારુ દુશ્મન પાયાસન બને ત્યાં સુધી રાહ જોતા બેઠા છીએ. આપણી રાહ જોવાના સમય દરમ્યાન આપણે સ્તુતિ કરીએ છીએ.

આપણે જાહેર કરીએ છીએ કે આપણને ખાત્રી છે કે વિજય આપણો છે અને માત્ર તે પ્રગટ થવાની રાહ આપણે જોઈએ છીએ. આપણે એ વાતનું પ્રમાણ આપીએ છીએ કે આપણું માનવુ છે કે યુધ્ધ યહોવાનું છે.

## અધ્યાય
## ૧૦

# શુદ્ધ અંતઃકરણથી આરાધના કરો

*વંશપરંપરાથી જે મારા પૂર્વજોને ઈશ્વર છે, જેને હું શુદ્ધ અંતઃકરણથી ભજું છુ, તેની આભાર સ્તુતિ કરું છું કે, મારી પ્રાર્થનાઓમાં હું રાતદહાડો તારુ નિત્ય સ્મરણ કરું છું. ૨ તિમોથી ૧:૩*

ખરી આરાધના આરાધકના હૃદયમાંથી નીકળે છે તે કદીજ કોઈ શીખેલો વ્યવહાર બની શકતી નથી.

બધાથી વિશેષ ઈશ્વરને માનવીના હૃદયમાં રસ છે. જો હૃદય શુદ્ધ નથી તો મનુષ્યમાંથી આવતી કોઈપણ બાબત ઈશ્વરને સ્વીકાર્ય નથી.

અશુદ્ધથી ઈરાદાથી કરેલ કોઈપણ કાર્ય ઈશ્વરને સ્વીકાર્ય નથી. તેવુ જ બનાવટી આરાધના જે શુદ્ધ હૃદય અને અંતઃકરણમાંથી નથી આવતી તેને માટે છે.

અંતરાત્મા ખરેખર તો માનવીનો શ્રેષ્ઠ મિત્ર છે જે સતત અને કઠોર બનીને વિશ્વાસીને એ જાણવામાં મદદ કરી છે કે ઈશ્વરને શું પ્રસન્ન કરશે અને શું પ્રસન્ન નહિ કરે. આપણા જીવનમાં ઈશ્વરની ઈચ્છા શીખવવા માટેનો તે શ્રેષ્ઠ શિક્ષક છે.

ઈશ્વરના વચન દ્વારા અંતરાત્મા પ્રકાશિત થાય છે. તેથી વ્યક્તિ જેમ વધુઈશ્વરના વચન શીખશે તેમ તેનો અંતરાત્માં વધુ કાર્યશીલ બનશે. થોડા વર્ષો જે બાબતો વિષે મને થોડુ

અથવા જરાય ખરાબ હોય તેવુ લાગતુ નહોતુ તે બાબતો વિષે હવે મને દોષીતપણાની ભાવના થાય છે. જો કે નવ વર્ષની ઉંમરથી હું ખ્રિસ્તી છું છતાંએ ૧૯૭૬માં હુ ખરેખર સાચે જ ગંભીર સમર્પિત ખ્રિસ્તી બની. હું માનુ છું કે ૧૯૭૬ અગાઉ પણ હું આત્મિક રીતે વૃદ્ધિ પામતી હતી પરંતુ તે વૃદ્ધિ ત્યારપછીના અનુભવની સરખામણીમાં ઓછી હતી.

તેનું મુખ્ય કારણ એ છે કે મારા જીવનમાં પવિત્ર આત્માની ભરપૂરી બાદ ૧૯૭૬થી મેં ખરેખર નવી રીતે ઈશ્વરના વચનનો અભ્યાસ કરવાનું શરુ કર્યું. જો કે અગાઉના સમયોમાં મારો નવો જન્મ થયો હતો પરંતુ હું પવિત્ર આત્માથી ભરપૂર નહોતી. મારા જીવનમાં પવિત્ર આત્મા હતો પરંતુ હું જેમ કરુ છું તેમ 'પવિત્ર આત્માએ મને લીધી નહોતી.'

ઘણી બાબતમાં હું સમાધાન કરતી હતી. એક પગ ઈશ્વરના રાજ્યમાં ને બીજો પગ જગતમાં રાખતી હતી. હું હુફાળો વિશ્વાસી હતી. નર્કથી બચવા જેટલા જ ઈસુને મેં ગ્રહણ કરેલા પરંતુ તેઓ મને વિજયમાં દોરી જાય માટે ગ્રહણ કર્યા નહોતા. દેખીતી રીતે ઈસુ કોઇ કટકે કટકે આવે નહીં તેથી વાસ્તવિક રીતે મારી વાસ્તે તેનું બધુ જ હતુ પરંતુ તેની પાસે મારુ બધુ જ નહોતુ. તેથી હું સાંસારિક હતી અને ખ્રિસ્તના માટે સારો સાક્ષી નહોતી બની.

## <u>પ્રકાશિત અંતરાત્મા</u>

*હું ખ્રિસ્તમાં સત્ય બોલું છુ — હું જૂઠુ બોલતો નથી, મારુ અંતઃકરણ પણ પવિત્ર આત્મામાં મારો સાક્ષી છે કે. રોમન ૯:૧*

આપણે જોઇએ છીએ કે પાઉલ અહીં પવિત્ર આત્માથી પ્રકાશિત થયેલો છે તેવો ઉલ્લેખ કરે છે. પાઉલ પોતાના અંતઃકરણ દ્વારા કહી શક્યો કે તેનો વર્તાવ ઈશ્વરની સમક્ષ સ્વીકાર્ય હતો અને મને ખાત્રી છે કે જ્યારે તે સ્વીકાર્ય નહોતો તે પણ પાઉલ પારખી શકતો હતો. આ અંતરાત્માનું કાર્ય છે.

વ્યક્તિના અંતરાત્માને શુદ્ધ રાખવાના મહત્ત્વ વિષે પાઉલે કહ્યું છે. આપણા જીવનમાં પવિત્ર આત્માનું એક મુખ્ય કાર્ય એ છે કે તે આપણને સર્વ સત્ય શીખવે, પાપનું ભાન કરાવે અને ન્યાયપણા વીષે ખાત્રી કરાવે. (યોહાન ૧૬: ૮,૧૩)

*એમ માનીને હું ઈશ્વરની તથા માણસોની પ્રત્યે હંમેશા નિદોર્ષ અંતઃકરણ (શુદ્ધ અને ન હલાવી શકાય તેવુ) રાખવા માટે, હું હંમશા (મારા શરીરને સંયમમાં રાખુ છું, મારી દૈહીક ઈચ્છાઓને, અને મારી નાંખુ છું, શરીરનો અન્ય મોજશોખની ઈચ્છા અને જગીક ઈચ્છાઓને*

*સંયમમાં રાખવાનો પ્રયત્ન કરું છું.) સ્વાધ્યાય કરું છુ અને શિસ્તમાં રહું છું.ન ી િત વ ચ ન ૨૪:૧૬*

જ્યારે શુદ્ધ અંતઃકરણ રાખવા પાઉલ આટલો બધો પ્રયાસ કરે છે તેનો અર્થ કે તે અતિ મહત્ત્વનું છે. ૨ તિમોથી ૧:૩ આપણે જોવુ છે કે પાઉલ શુદ્ધ અને ખુલ્લા અંતઃકરણથી ઈશ્વરની આરાધના કરે છે. અને આજ એક રીત છે જે દ્વારા આપણે સ્વીકાર્ય એવી આરાધના કરી શકીએ.

મારા માટે એ મહત્ત્વનું છે કે હું આ મુદ્દો સ્પષ્ટ રીતે દર્શાવું. હું ઈશ્વર પાસેથી આશીર્વાદ પ્રાપ્ત કરવાની પધ્ધતિ તરીકે 'આરાધના' રજુ કરવા ઈચ્છતી નથી. પરંતુ જેમ અગાઉ કહ્યું તેમ જ્યાં સુધી શુદ્ધ અને નિર્મળ અંતઃ કરણ વીના. આરાધના કરનાર તે ખરો આરાધક નથી. સાદા શબ્દોમાં કહીએ તો જીવનમાં જાણીતા પાપની ઉપસ્થિતી સાથે આપણે ઈશ્વરનું ભજન યોગ્ય રીતે કરી શકીએ નહિ. આરાધનાના આરંભમાં પાપની કબુલાત થવી જોઇએ. ઈશ્વર પાસે શુદ્ધ અંતઃકરણ સાથે જાવ દોષીત અંતઃકરણવાળી વ્યક્તિને શાંતિ નથી. તેનો વિશ્વાસ કાર્યાન્વિત થશે નહિ તેથી તેની પ્રાર્થનાના ઉત્તર મળશે નહીં. આ બે શાસ્ત્રપાઠ તેનું પ્રમાણ આપે છે.

*અને વિશ્વાસને મજબુત રીતે પકડી રાખે (એટલે સંપૂર્ણ વ્યક્તિત્વને ઈશ્વર પરના પૂર્ણ ભરોસો ને ખાત્રી આધારીત કરી દે.) અને નિર્મળ અંતઃકરણ (શુદ્ધ) રાખે; તેનો નકાર કરવાથી અને ધકેલી ઈશ્વરથી (તેમના અંતરાત્માને) કેટલાક લોકોએ તેમના વિશ્વાસરૂપી વહાણને ભાંગ્યુ છે. ૧ તિમોથી ૧:૧૯*

*તેઓની વિશ્વાસી ધર્મનો મર્મ (ખ્રિસ્તી સત્ય જે ઈશ્વરરહીત લોકોથી સંતાડેલુ છે) ને શુદ્ધ અંતઃકરણથી માનનાર હોવા જોઈએ. ૧ તિમોથી ૩:૯*

## સંપૂર્ણ બનો

*એ માટે જેવો તમારો આકાશમાંનો બાપ સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ (મનમા અને ચારિત્ર્યમાં ઈશ્વરમાં પૂર્ણ રીતે પરિપકવતા સુધી વૃદ્ધિ પામો અને સદગુણ અને ન્યાયનિષ્ઠા, પ્રામાણિકતામાં યોગ્ય ઊંચાઈ સુધી પહોંચો બનો. માથ્થી ૮:૪૮*

જેમ આપણો સ્વર્ગીય પિતા સંપૂર્ણ છે તેવા સંપૂર્ણ થવા બાઇબલ આજ્ઞા આપે છે. જો આપણે તેને યોગ્ય રીતે સમજીએ નહીં તો તરત જ આપણને ભય લાગશે અને હારવાની

લાગણી અનુભવાશે. આ તરજૂમાએ જેમ સ્પષ્ટ કર્યું છે 'સંપૂર્ણ' એ એવી આત્મિક સ્થિતી છે કે જેમાં આપણે વૃદ્ધિ પામીએ છીએ દરરોજની ભૂલોને પાછળ રહેવા દઈ. પ્રમાણીક હૃદયથી ઈશ્વરને પ્રસન્ન કરવાની ભાવના સાથે આપણે સંપૂર્ણતાના નિશાન ભણી આગળ ધપવાનું છે.

બીજા શબ્દોમાં કહીએ તો આપણું હૃદય સંપૂર્ણ હશે પરંતુ આપણી વર્તણુક નહિ હોય. આપણને તેમાં સુધારો કરવાનો ને ઈશ્વરનો આભાર માનવાનો છે પરંતુ આપણે હજૂ પહોંચ્યા નથી બાઈબલ કહે છે કે આંખના પલકારામાં આપણે બદલાઈ જઈશું. હું માનું છું કે જ્યારે ઈસુ પાછા આવશે ત્યારે આપણામાં જે કાંઈ કરવાનું હશે તે બધુ આંખના પલકારામાં થશે. પરંતુ તે સમય દરમ્યાન આપણે વૃદ્ધિ પામતા રહીએ અને નિશાનની ભણી આગળ વધીએ.

## શુદ્ધ અંતઃકરણનો માર્ગ

પાપ ન કરવાથી અથવા જો વ્યક્તિ ચુકી જાય અને ભૂલ કરી બેસે તો માફી માંગી લેવાથી વ્યક્તિ શુદ્ધ અંતઃકરણ રાખી શકે છે. આપણે જેમ વૃદ્ધિ પામીએ છીએ તેમ જ કાળાંત્તરે આપણે ઓછા પાપ કરીએ છીએ. છતાંએ બાઈબલ આપણને શીખવે છે કે થોડુ ખમીર આખા લોંદાને ખમીરી કરી નાખે છે. નાનકડા પાપ માટે પણ શુધ્ધિકરણની આવશ્યક્તા છે.

હું પ્રભુની આભારી છું કે તેમણે પસ્તાવાની ભેટ આપેલી છે પરંતુ દરરોજ પ્રગત્તિ સાધવી તે મોટી બાબત છે. પહેલું યોહાન ૧:૯ જણાવે છે કે જો આપણે આપણા પાપ સ્વીકારીએ અને તેમને કબૂલ કરીએ તો ઈશ્વર આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને વિશ્વાસુ છે. કેવા સારા સમાચાર, આપણે ઈશ્વરની સમક્ષ શુદ્ધ અંતઃકરણ સાથે જીવી શકીએ છીએ.

પાઉલ કદી જ ભૂલ કરતો નહોતો માટે તે ઈશ્વર અને માણસો સમક્ષ શુદ્ધ અંતઃકરણથી જીવી શક્યો તેમ નથી. આપણને ખબર છે તેનાથી તદ્દન વિપરીત હતુ. તેણે ભૂલો કરી હતી. તેણે તો એમ કહ્યુ હતું કે હજુ તે સંપૂર્ણતા સુધી પહોંચ્યો નથી અને તે પાપીઓમાં મૂખ્ય પાપી છે.

ઈશ્વર અને માનવી સમક્ષ પાઉલ હૃદયપૂર્વકની આધિનતા અને પસ્તાવાની ભેટનો ઉપયોગ કરી, શુદ્ધ અંતકરણથી જીવી શક્યો. અને તેથી તે વિશ્વાસથી જોઈ શકતો હતો કે તેની જરૂરિયાત સંતોષાશે તથા તે ઈશ્વરની આરાધના કરી શકતો હતો.

હું પસ્તાવાને ભેટ કેમ ગણું છું ? મેં એવા લોકોને જોયા છે જેઓ પોતાના પાપ માટે દુઃખ અનુભવતા નથી અને આ ભયાનક બાબત છે. જ્યારે માનવીનો અંતરાત્મા જડ (કડક) થઈ ગયો હોય ત્યારે તેને પોતાની ખોટા વ્યવહારની ગંભીરતા યા બોજ લાગતો નથી. તેથી

આપણે બધાએ ઈશ્વરને પ્રાર્થના કરવાની કે તે આપણને માયાળુ અંતરાત્મા આપે.

## જ્યારે તમારો અંતરાત્મા તમને ખાત્રી કરાવે ત્યારે શું કરવું

ખાત્રીનો અર્થ દોષારોપણ નથી. તે આપણને પસ્તાવા માટે પ્રેરે છે. મારા અને તમારા માટે આપણને સારુ લાગે નહીં કે માઠુ તે માટે મદદરૂપ થવા ખાત્રી કરાવાય છે. વર્ષો સુધી હું આ સત્ય જાણતી નહોતી. જ્યારે પણ પવિત્ર આત્મા મને મારા પાપનું ભાન કરાવતા તરત જ હું દોષ અને ગુનેગારની લાગણી અનુભવતી હતી. ખરેખર મારા માટે તે ભયાનક હતું. હું ઈશ્વરના વચનનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી બની ગઈ. જેમ વધુ ને વધુ મને મારા પાપની ખાત્રી થઈ તેથી આખો વખત દોષ ને ગુનેગારની લાગણી હું અનુભવવા લાગી.

છેવટે જ્યારે મને સત્ય પ્રાપ્ત થયું ત્યારે તે છુટકારાનો અજાયબ દિવસ હતો જેમ યોહાન ૮:૩૨ કહે છે તેમ સત્ય આપણને મુક્ત કરે છે. હવે મને મારા જીવનમાં પાપની ખાત્રી થાય ત્યારે હું ખુશ થાઉ છું. હું પાપ કરું છું માટે ખુશ થતી નથી પરંતુ હું ખુશ છું કે હવે હું પાપનો પસ્તાવો કરી શકીશ અને તેથી આગળ વધવા ઈશ્વરની મદદ મેળવી શકી. હવે હું એ પારખી શકુ છું કે ક્યારે શેતાન માત્ર મને દોષીતપણાની લાગણી કરાવે છે અને ક્યારે પવિત્રઆત્મા દ્વારા પ્રકાશીત થઈને મારો અંતરાત્મા મારા પાપી અવસ્થાનું ભાન કરાવે છે.

તમારે એ બાબતે સજાગ રહેવાનું છે કે શેતાન જડ નિયમવાદી છે અને ભાઇ પર દોષ મુકનારો છે. ઈશ્વર તરફથી થતી ખરી ખાત્રી અને શેતાનના ખોટા દોષારોપણ વચ્ચે ફેર છે.

જે બાબત કરવાની તમને શાંતિ ન હોય તે ન કરવા હું તમને ઉત્તેજન આપું છું. યાતના આપનાર આત્માને નહીં પરંતુ તમારા અંતરાત્માને તમારો મિત્ર બનાવો. કલોસી ૩:૧૫ કહે છે જ્યારે પણ આપણા મનમાં કોઈ પ્રશ્ન થાય તો શાંતિ એ જીવનનું આખરી નિર્ણાયક બળ છે. બીજા શબ્દોમાં કહીએ તો જે બાબતથી શાંતિ અનુભવાય તેને અંદર લો અને જેનાથી શાંતિ ન અનુભવાય તેને બહાર ફેંકી દો. પાપ કરવું અને પરિક્ષણ થવુ તે બંને એક બાબત નથી. પરિક્ષણ તે પાપ નથી. શેતાન એ વાતની ખાત્રી કરે છે કે આપણ બધાને ખોટુ કરવાનું પરિક્ષણ થાય. તેનો મુકાબલો કરવા માટે પવિત્ર આત્માની મદદ માંગો. તમારી પોતાની તાકાત અને બળમાં મુકાબલો કરવાનો પ્રયત્ન કરશો નહિ. તમારા જીવનમાં તમારે જે કાંઈની જરૂર હોય તે માટે મદદ કરવા પવિત્ર આત્મા ખડેપગે તૈયાર છે.

## દાઉદ રાજાના જીવનનું ઉદાહરણ

*જેણે ઉલ્લંઘનની માફીનો અનુભવ સતત કર્યો છે અને જેનું પાપ ઢંકાઈ ગયુ છે તેને ધન્ય છે. (સુખી, ભાગ્યવાન, જેની અદેખાઈ આવે તેવો છે)*

*જેને યહોવા અન્યાયી ગણતો નથી અને જેના આત્મામાં કંઈ કપટ નથી. તે માણસને ધન્ય છે*

*(સુખી, ભાગ્યવાન, જેની અદેખાઈ આવે તેવો છે)*

*હું છાનો રહ્યો (કબુલાત કર્યા અગાઉ) ત્યારે આખો દિવસ કણવાથી મારા હાડકાં જીર્ણ થયાં.*

*કેમ કે રાતદહાડો મારા ઉપર તારો હાથ (નાપસંદગી) ભારે હતો, મારો રસ જાણે કે ઉનાળાની ગરમીથી સુકાઈ ગયો સેલાહ (વિરામ, તે વિષે શાંતિથી વિચાર કર.) મેં મારા પાપ તારી આગળ કબૂલ કર્યા છે, અને મારો અન્યાય મેં સંતાડ્યો નથી; મેં કહ્યું કે, યહોવાની આગળ હું મારાં ઉલ્લંઘન કબુલ કરીશ. પહેલાથી શરૂ કરી બધા કહેવાનું પૂરું ન થાય ત્યાં સુધી કબુલ કર્યા છે. અને તે (તરત જ) મારા પાપ માફ કર્યા. સેલાહ (વિરામ, તે વિષે શાંતિથી વિચાર કર)*

*તે માટે તું મળે છે એવે સમયે દરેક ભક્ત તારી પ્રાર્થના કરેઃ (આ માફીને માટે) નિશ્ચે ઘણા પાણીની રેલની રેલની માફક (પરિક્ષણ) ત્યારે તે તેને પહોચશે (આત્મામાં) નહીં.*

*તું મારી સંતાવાની જગા છે. તુ મને સંકટમાંથી ઉગારશે તું મારી આસપાસ ગીતો ગવડાવશે. અને હુકારાના પોકારો પડાવશે. સેલાહ (વિરામ તે વિષે શાંતિથી વિચાર કર.*
*ગીતશાસ્ત્ર ૩૨ઃ ૧-૭*

પોતાના પાપની કબુલાત કરી તે અગાઉ દાઉદ રાજા ભારે કફોડી હાલતમાં હતો. આ કલમો આપણને સ્પષ્ટ દર્શાવે છે કે જ્યારે તેણે પસ્તાવો કર્યો ત્યારે તેનો આનંદ પાછો મળ્યો. દાઉદે બાથશેબા સાથે વ્યભિચાર કર્યો અને તેના પતિનું ખૂન કરી નાખ્યું હતું. એક વર્ષ વીતી ગયું ને તે આ બાબતની અવગણના કરતો હતો. જ્યારે આપણે પાપ કરી નાંખીએ છીએ ત્યારે જે કરવાનું પરિક્ષણ આપણને પાપ છે તે જ કદાચ તે કરતો હશે. તે બહાના કાઢતો હતો તે પોતાની દલીલોથી પોતાની જાતને છેતરતો હતો. કદાચ દાઉદ જેટલા ગંભીર પાપનો સામનો આપણે કરતા ન હોઈએ પરંતુ પાપ એ પાપ છે, ને ગમે તે પ્રકારનું પાપ હોય તેની સરખી અસર જ થાય છે. મુદ્દો એ છે કે જ્યાં સુધી આપણે તે સ્વીકારી, કબુલ કરી પસ્તાવો કરીએ (સંપૂર્ણપણે ફરીને બીજી દિશામાં જવું) ત્યાં સુધી આપણે શુદ્ધ હૃદય અથવા ચોખ્ખા અંતઃકરણથી ઈશ્વરની આરાધના કરી શકીશું નહીં.

સાતમી કલમમાં દાઉદ કહે છે કે હવે ઈશ્વરે તેને છુટકારાના ગીતોથી ઘેરી લીધો છે, પોતાના પાપની કબુલાત કર્યા બાદ તે ગાય છે અને સ્તુતિ કરે છે. મને આ સ્તુતિ અને આરાધનાનો અવાજ જેવુ લાગે છે.

## **આજ્ઞાધિનતા સર્વોત્તમ છે**

જેઓ પોતાને ખ્રિસ્તી ગણાવે છે તેઓના અનઆજ્ઞાકિતપણાનું પ્રમાણ ખરેખર આઘાતજનક છે. આજે આપણા સમાજમાં નૈતિકતાનું ધોરણ ખૂબ જ નીચું બનતુ જાય છે તે બાબતે તમે સભાન હશો. ઈસુએ જે કહ્યું છે તે મુજબ આપણે આ જગતમાં હોવા છતાં જગતના જેવા બનવાનું નથી. જેઓ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસીઓ છે. અને જગતના લોકો

વચ્ચેનો ફેરફાર સ્વાભાવિક રીતે દેખાવો જોઈએ. જગતના લોકો પોતાનું જીવન જાતે જીવે છે. બીજાને તેની કેવી અસર થશે અથવા ઈશ્વર તે માન્ય રાખશે કે કેમ તેની પરવા રાખ્યા વિના તેમને ફાવે તેમ તેવો જીવે છે.

બીજી બાજુ ખ્રિસ્તીઓએ તો ઈશ્વરની ઇચ્છા મુજબ ચાલવાનું છે તેમણે તો પવિત્ર આત્માના દોરવણી હેઠળ અને ઇચ્છા અનુસાર જીવવાનું છે કારણ પવિત્ર આત્માની દોરવણી હેઠળ અને ઇચ્છાનુસાર જીવવાનું છે કારણ પવિત્ર આત્મા તેમને હંમેશા ઈશ્વર ઇચ્છા અનુસાર દોરવણી આપશે.

દરરોજ સેંકડો બાબતો બને છે જે માટે નિર્ણય કરવો પડે છે. આપણો અંતરાત્મા તે નિર્ણય કરવામાં મદદ કરે છે. આ નિર્ણયો કરવામાં ઈશ્વરનું વચન અને પવિત્ર આત્માની દોરવણી આપણને મદદરૂપ બને છે. ઈશ્વરની ઇચ્છા છે કે આપણે તેમની ઇચ્છા પસંદ કરીએ પરંતુ તેઓ આપણને ફરજ પાડતા નથી.

ઈસુએ યોહાન ૧૪:૧૫ કહ્યું છે : જો તમે (ખરેખર) મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળશો (અમલ કરશો). કૃપા કરીને નોંધ લો કે તેમણે એમ નથી કહ્યું કે 'જો તમે મારી આજ્ઞા પાળશો તો હું પ્રેમ રાખીશ.' આપણા પરનો ઈશ્વરનો પ્રેમ બિનશરતી છે. આપણે કાંઈક કરીએ છીએ અથવા નથી કરતા તેના લીધે તે આપણા પર પ્રેમ રાખે છે તેવુ નથી. છતાંએ તેમની આજ્ઞા પાળવા દ્વારા આપણે તેમના પરનો પ્રેમ પ્રગટ કરીએ છીએ. આજ્ઞાધિનતામાં હાની થાય છે.

આપણી રીતે થતુ નથી અથવા આપણે જે નથી કરવું તે કરવું પડે છે ત્યારે વાગે છે. જ્યારે આપણી લાગણીઓ તેમાં સહકાર નથી આપતી ત્યારે તે કરવુ મુશ્કેલ બની જાય છે. આપણે લાગણીઓ છે પરંતુ ઇચ્છાશક્તિ પણ છે. તમારી ઈચ્છા શક્તિ મોટો અધિકારી છે તે એવું 'અંગ' છે જે છેવટે નક્કી કરે છે શું કરવું યા ના કરવું. તે મન અને લાગણી કરતા વધુ બળવાન છે. જ્યારે આપણા વિચારોને લાગણીઓ સહકાર નથી આપતા છતાંએ ઈશ્વર જે કહે છે તે કરવા ઇચ્છાશક્તિથી પસંદગી કરીએ છીએ ત્યારે તે ઈશ્વર પ્રત્યેનો આપણો પ્રેમ પ્રગટ કરે છે.

આજ્ઞાધિનતા એ એક પ્રકારની ભક્તિ છે. જ્યારે પણ હું મુશ્કેલ પરિસ્થિતીમાં મુકાઉ છું અને મારા માર્ગ પસંદ કરવાના બદલે ઈશ્વરનો માર્ગ પસંદ કરુ છું.ત્યારે હું ઈશ્વરની ભક્તિ કરું છું તેમને માન આપું છું. તે હું ઈશ્વરના ભય પ્રત્યે, આદરને પૂજયભાવ દર્શાવુ છું અને મારા કાર્ય દ્વારા કહું છું કે મારી પોતાની લાગણીઓ ને જાત કરતા ઈશ્વરને હું ઊંચા સ્થાને બેસાડું છું.

હું માનું છુ ઘણા લોકો એવું વિચારે છે કે તેઓ ભક્તિનું અર્પણ ચઢાવી રહ્યા છે પરંતુ તેવા પ્રકારની ભક્તિની ઇચ્છા ઈશ્વરને નથી. કારણ કે તેઓ જાહેર અનઆજ્ઞાકિંતપણા સાથે અથવા દોષીત અંતઃકરણ સાથે અર્પણ ચઢાવે છે. યાદ રાખો યોહાન ૪:૨૪ તે કહે છે કે ઈશ્વર એવા ભજનીકોને શોધે છે જેઓ આત્માને સત્યતાથી તેમનું ભજન કરે પોતાના પાપ માટે બહાના કાઢવા અથવા પોતાને છેતરવુ તે સત્ય નથી.

## ક્ષમા માટે ઈશ્વરનો આભાર માનો

જેમ મેં કહ્યું તેમ આજ્ઞધિનતા સર્વોત્તમ છે. પરંતુ મેં કહ્યું તેમ આપણે બધા ભૂલ કરીએ છીએ. એવા પ્રસંગો બને છે જ્યારે સમર્પિત ખ્રિસ્તીઓ પણ ખોટી પસંદગી કરી બેસે છે. તે સમયે આપણે તરત જ પસ્તાવો કરી ઈશ્વરની માફી માગી ને મેળવી લેવી જોઈએ. હું કોઈ એવો નિયમ અથવા કાનુન બનાવતી નથી પરંતુ કદાચ સારી બાબત એ બનશે કે આપણી પ્રાર્થનાની શરૂઆત હંમેશા પાપના પસ્તાવાથી કરીએ. તમે જે કાંઈ ખોટુ કર્યુ છે તે માટે ઈશ્વરની માફી માગો તમને કોઈ ખાસ સંજોગો યાદ હોય તો તે જણાવો. જો કદાચ કંઈ ખાસ યાદ ન આવે તો તમારા જીવનના કોઈપણ પાપ માટે માફી માગો કે જે તમે હજી થતા જોયા નથી. તો ઈશ્વરને જણાવો કે તે તમને પાપનું ભાન કરાવે અને તેને કહો કે તમારે યોગ્ય બાબતો જ કરવી છે. તમારે જેમાં સુધારાની જરૂર તે દર્શાવે છે તે કરવા માટે તેની શક્તિ મદદરૂપ બને માટે ઈશ્વરની કૃપાની માગણી કરો.

ઉપર મુજબનું કાર્ય કર્યા બાદ હું અને તમે શુદ્ધ અંતઃકરણે ઈશ્વરની ભક્તિ કરી શકીશું.

## અધ્યાય
## ૧૧

# પરિવર્તન અને રૂપાંતર

*આ જગતનું (આયુગનું) રૂપ તમે ન ધરો (તેના બ્રાહ્ય દેખાવના રિવાજોઃ પરંતુ તમે રૂપાંતર પામો* *રોમન ૧૨ઃ૨*

આપણે જોયું છે તેમ બાઈબલ પરિવર્તન અને રૂપાંતરની વાત કરે છે. જો આપણે આ બંને શબ્દોનો અભ્યાસ કરીએ તો મૂળ ગ્રીક શબ્દ 'મેટામોરફુ' જેનો અર્થ છે. 'બીજા આકારમાં બદલવુ' છે.

આરૂપગુણના બદલવાની પ્રક્રિયાનું ઉદાહરણ (શારીરિક વિકાસના પ્રથમ કક્ષાનું દેડકાનું બચ્ચું (જેને માત્ર માથુ ને લાંબી પૂછડી હોય છે) અને ઈયળ જે પતંગિયામાં પરિવર્તન પામે છે તે છે.

આ મેટામોરફોસીસનો વિભાગ લખવાની તૈયારી કરતા મેં તે વિષયનો અભ્યાસ કર્યો. ઈયળ જેનું પતંગિયામાં રૂપાંતર થાય છે તે મોટામોરફોસીસનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ઈયળ અમુક કદની થાય ત્યાં સુધી ખાયા કરે છે. પછી એક તબક્કો તે પોતાની આસપાસ જાતે વણીને એક આવરણ બનાવી દે છે જેને કોશેટો કહે છે તે જમીનમાં બખોલમાં અથવા થડ પાછળ સંતાઈ જાય છે. તમે તેને એક પ્રકારની દફનક્રિયા કહી શકો.

હું દફનક્રિયા સાથે સરખાવુ છું કારણ કે બાઈબલ આપણને શીખવે છે કે જો ખ્રિસ્ત

માટે સંપૂર્ણ રીતે જીવવા માટે આપણે પોતાની જાતમાં મરવુ પડશે પ્રેરિત પાઉલ ગલાતી ૨:૨૦ કહે છે. **હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો (તેનામાં હું તેના ક્રુસે જડાવાનો ભાગીદાર બનું છું) અને હવે દેહમાં જે મારું જીવન તે ઈશ્વરના દીકરા પરના વિશ્વાસથી જ (તેના પર પૂરો ભરોસો રાખવામાં તેને વળગી રહેવામાં અને તેના પર આધારીત રહેવામાં) છે, તેણે મારા પર પ્રેમ રાખ્યો અને મારે સારું પોતાનું અર્પણ કર્યું.**

જ્યારે મને લાગે છે આ બાબત મારા માટે ઈશ્વરની ઇચ્છા નથી પરંતુ ઈશ્વર તે બાબતે મારી સાથે વ્યવહાર કરે છે ત્યારે હું પોતાની જાતમાં મરવાનો અનુભવ કરું છું અને હજુ કર્યા જ કરું છું એવી બાબતો છે કે જેના માટે આપણે મરવું જોઈએ જેમ કે વલણ, વિચારવાની રીત, કાર્ય કરવાની પધ્ધતિ, બોલવાની ઢબ, આપણી પોતાની યોજના અને ઇચ્છાઓ. તેની યાદી જોવા કરતાં તેની ચર્ચા કરવી વધુ આસાન છે. શારીરિક અથવા આત્મિક ક્ષેત્રમાં મૃત્યુ પીડાકારક તબક્કો છે. પીડા વિનાનો કોઇ વધસ્તંભની બાબત નથી ઇસુએ કહ્યું છે તમારો વધસ્તંભ ઊંચકીને ચાલો.

*અને તેણે પોતાના શિષ્યો સહ્રાં લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યું, જો કોઈ મારી પાછળ આવવા ચાહો, તો તેણે પોતાનો નકાર કરવો (તેણે પોતાની દ્દષ્ટિને રસને ભૂલી જવા, અવગણના કરવી, બાકાત કરી નાખવી) ને પોતાનો વધસ્તંભ ઊંચકીને (મારા શિષ્ય તરીકે સામેલ થઈ, અને મારા પક્ષમાં રહીને) મારી પાછળ ચાલવું (સતત, વળગી રહીને, સ્થિરતાથી મારી સાથે.)*
*માર્ક ૮:૩૪*

જે રીતે ઇયળને પતંગિયુ બનતા અગાઉ બદલાવમાંથી પસાર થવુ પડે છે તેવી જ રીતે આપણે એવા બદલાવમાં પસાર થવુ પડશે જે એક જાતનું મત્યુ છે. આ ફેરફારો કે જેની ઈશ્વર અપેક્ષા રાખે છે આપણામાં થવા લાગે છે ત્યારે પીડા થાય છે. જેમ કીડો બાકોરામાં ચુપચાપ સંતાઇ જાય છે. ઈશ્વર આપણા માટે પૂરું પાડે છે.

પોતાની જાત માટે મરવું મુશ્કેલ કાર્ય છે. તેની વાત વધારે કહી શકાય નહિ. હું માનું છુ આપણા દરેકને ઈશ્વરે ખાસ વર્ષો જેને હું ‘શાંત વર્ષ’ કહું છું તે આપ્યા છે.

આ વર્ષોમાં ઈશ્વર આપણને સંતાડી રાખે છે અને તે આપણામાં મોટુ કાર્ય કરે છે. તે આપણને તેની પ્રતિમામાં પરિવર્તીત કરે છે જેથી આપણે તેના મહિમા માટે જીવી શકીએ.

## શાંતવર્ષો

બાઇબલ અભ્યાસમાં હું શીખી છું કે જે પુરુષ ને સ્ત્રીનો ઈશ્વરે ખૂબ જ ઉપયોગ કર્યો છે તેઓ થોડા શાંત વર્ષોમાંથી પસાર થયા છે આતો તેમના જીવનનો એવો સમય હતો જ્યારે

ઈશ્વર જાણે કે તેમને દૂર લઈ જઈને સંતાડી દે છે અને તેમનામાં કાર્ય કરે છે અને તેમના ભવિષ્યના કાર્ય માટે જરૂરી ચારિત્ર્ય તેમનામાં ઘડે છે. તેઓ સમયના આ તબક્કામાં એક રીતે પ્રવેશ કરે છે અને પરિવર્તીત થઈને બહાર આવે છે.

દાખલા તરીકે મૂસાને લાગ્યું કે ઈશ્વરે તેને તેડું આપ્યું છે. પરંતુ તેણે જાતે જ પરિસ્થિતી હલ કરવા પ્રયાસ કર્યો. તેણે તેના જાતિ હેબ્રુ ભાઈના પર એક ઉપર મિસરી દ્વારા જુલમ થતો જોયો. તેણે મિસરીને મારી નાખ્યો. ઈશ્વરે આવુ કરવા મૂસાને દોરવણી આપી નહોતી. તેણે લાગણીના આવેગમાં તે કર્યું જો કે તેના અંતરની ઈચ્છા સારી હતી કે નિર્દોષ લોકો પર જુલમ થાય નહિ — પરંતુ તેનો સમય ખોટો હતો. ઈશ્વરના સમયની બહાર હોવું તે તેમની ઈચ્છાની બહાર હોવા બરોબર છે. ઈશ્વર મૂસાનો ઉપયોગ કરે તે અગાઉ મૂસાને અમુક અઘરા પાઠ શીખવાના હતા.

જ્યારે તેના કૃત્યની ખબર પડી ને તેને સામનો કરવાનો થયો. મૂસા બીકમાં મિસર દેશથી નાસી ગયો. આતો બીજુ કૃત્ય હતુ કે જે માટે ઈશ્વરે તેને દોરવણી આપી નહોતી. મૂસાના ઉદાહરણમાં આપણે જોઈએ છીએ કે મૂસા બીનધીરજવાન અને બીકણ હતો આ તેના ચારિત્ર્યની ખાસિયતો કાઢી નાખ્યા સિવાય ઈશ્વરે મૂસા માટે રાખેલ મોટી યોજના તેનામાં કદી પૂરી થઈ શકે નહિ.

મૂસા અરણ્યમાં નાસી ગયોત્યાં ચાલીસ વર્ષ રહ્યા. તે પરણ્યો ને બાળકો થયા પરંતુ મને ખાત્રી છે કે તે આ 'શાંત વર્ષો'માં ઘણો સમય ઈશ્વર સાથે વીતાવતો હશે કે તેનું ભાવિ તો ઈસ્ત્રાએલ પ્રજાને વચનના દેશમાં લઈ જવાનું હતુ. અને અહીં તે અરણ્યમાં ઘેટાં સાચવતો હતો. મને ખાત્રી છે કે જેમ આપણે પણ અમુક પરિસ્થિતીમાં મુકાઈએ ત્યારે સમજાતુ નથી તેમ મૂસાને પણ આ સમજાયુ નહિ હોય.

બાઈબલ તે વર્ષોથી વિગતવાર માહિતી આપતુ નથી દેખીતી રીતે લાગે છે કે આ વર્ષો દરમ્યાન ઈશ્વરને મૂસા વચ્ચે ઘણો ઘનિષ્ટ ને પીડાકારક સંબંધ બંધાયો હશે મૂસાએ પોતાની બધી જ જાણીતી બાબતો જેવી કે કુટુંબને મિત્રો મૂકી દીધા હતા. મારી ખાત્રી છે કે તેને એવું લાગતુ હશે કે તે પોતાના તેડાથી દૂર જઈ રહ્યો છે. તે તૈયાર થઈ રહ્યો છે તેની તેની થોડી જ જાણકારી હતી.

જે સમયે મૂસા અરણ્યમાં ગયો ત્યારે આપણે કહી શકીએ કે 'પોતાનાથી ભરેલો' હતો તે જાતે ખાત્રીબંધ હતો તેને આત્મવિશ્વાસ હતો ને તે જાતે કાર્ય કરવા માગતો હતો. જ્યારે ઈશ્વરે તેને બળતા ઝાડવા પાસે દર્શન આપ્યું ને કહ્યું કે લોકોને ગુલામીમાંથી છોડાવવા તારી પસંદગી કરવામાં આવી છે ત્યારે આપણને એક જુદો જ માનવી નજરે પડે છે. હવે તો એટલો બધો નમ્ર, ને તુટી ગયો હતો કે તેને વિશ્વાસમાં લેવા માટે ઈશ્વરે ગુસ્સે થવુ પડયું (નિર્ગમન ૨-૪ અધ્યાય જુઓ) બાઈબલ ગણના ૧૨:૩ કહે છે હવે તે માણસ મૂસા પૃથ્વીની પીઠ

પરના સર્વ લોક કરતાં નમ્ર હતો (માયાળુ દયાળુ કરુણાળુ) — તે અરણ્યમાં પોતાની યોજનાને ઇચ્છા સાથે ગયો હતો અને તે પૃથ્વીની સૌથી વધુ નમ્ર વ્યક્તિ બનીને બહાર આવ્યો નમ્રતા તે નબળાઇ નથી. તે તો કાબુમાં રાખેલ તાકાત છે. પહેલા તેનામાં તાકાત હતી પરંતુ તે કાબુમાં નહોતી. તે લાગણીથી દોરવાતો હતો પરંતુ હવે જુદો માનવી બન્યો છે. તે બળવાન હતો પરંતુ ઈશ્વર તે કાર્યમાં તેની સાથે છે કે કેમ તેની ખાત્રી કર્યા વીના કશુ કરતો નથી.

તમે કહી શકો કે તે ઇયળમાંથી પતંગીયુ બન્યો હતો દેડકાના બચ્ચામાંથી દેડકો બન્યો હતો બીજા શબ્દોમાં તે ચોક્કસ બદલાઈ ગયો હતો તેનું રૂપાંતર થયું હતું !

## ઈબ્રાહીમ, યુસફ, યોહાન બાપ્તિસ્મી અને ઇસુ

આજ સિદ્ધાંત ઈબ્રાહિમના જીવનમાં જોવાનો મળે છે. ઉત્પત્તિ ૧૨ આપણને શીખવે છે ઈબ્રાહિમ નામના એક માણસને ઈશ્વરે તેનું કુટુંબ, તેનું ઘર, અને જેનાથી તે પરિચીત હતો તે સ્થળ છોડીને ઈશ્વર બતાવે ત્યાં જવાને બોલાવ્યો.

કલ્પના કરો – તેણે બધુ જ મુકી દીધુ અને ક્યાં જવાનું છે તેની ખબર પણ તેની ખબર પણ તેને નહોતી. આવી પ્રચલિત પ્રણાલિકામાં જડમૂળથી પરિવર્તન લાવનાર આજ્ઞાધિનતાને લીધે ઈશ્વરે તેવા જ વચનો તેને આપ્યા – આશીર્વાદનું વચન, ઘન, કીર્તિ, આગેવાની, વંશજો અને ઘણુ બધુ ઈશ્વર ઇબ્રાહિમ સાથે કરારના સંબંધ જોડાયા કે જો તે વિશ્વાસ કરશે તો ઈશ્વર સમક્ષ તે યોગ્ય સંબંધમાં ગણાશે અને દરેક રીતે તેની સંભાળ રાખવામાં આવશે.

ઈબ્રાહિમે ઈશ્વરે પર વિશ્વાસ કર્યો, કેવુ મહાન વિધાન આપણ સર્વ પાસે ઈશ્વર આજ માગે છે. 'વિશ્વાસ' માત્ર વસ્તુઓ માટે નહિ પરંતુ વસ્તુઓથી પર ઈબ્રાહિમ વિશ્વાસ કરતો હતો કે ઈશ્વર તેને બાળક આપશે જે તેનો વારસ બનશે પરંતુ વચનના બાળકના પ્રગટ થયા અગાઉ અમુક મુશ્કેલ સંજોગોને લાંબા સમય સુધી તેણે ઈશ્વર પર 'વસ્તુઓથી પર' વિશ્વાસ રાખવો પડ્યો આ રાહ જોવાના વર્ષોને તમે કદાચ 'શાંત વર્ષો' કહી શકો.

આ વર્ષો દરમ્યાન તેનું નામ ઇબ્રામ હતું (ઇબ્રામનું નામ ઈશ્વરે બદલ્યું તે પહેલાનું નામ જુઓ ઉત્પત્તિ ૧૭:૫ જેનો અર્થ સમુદાયનો પિતા હતો. ઈશ્વરે તેને ઘણી દેશજાતિનો પિતા બનાવ્યો) તેની પત્નીની સલાહ માની તેણે ગુલામને ઉપપત્ની બનાવી અને તે માટે ઈશ્વરની સલાહ લીધી નહી. વચનની રાહ જોતા તેઓ થાકી ગયા હતા તેથી પરિસ્થિતી તેમણે પોતાના હાથમાં લીધી. ઈબ્રામ ઇશ્માએલ પર ખૂબ જ પ્રેમ રાખતો હતો પરંતુ તે તેનો વચનનો દીકરો ન હતો અને આખરે ઈબ્રામના માટે તે પીડાકારક બનશે અને તેના જીવનમાં તકલીફ લાવનાર બન્યો.

ઘણી વખતે આપણા જીવનમાં "આપણા માર્ગો" કામના નથી તે શીખવવા ઈશ્વર

આપણને આપણા માર્ગે જવા દે છે કે અનુભવ દ્વારા શીખીએ. આપણે તે વર્ષોમાં દુઃખ ભોગવીએ છીએ. આપણને ગુંચવાડા, હતાશા ને દરેક પ્રકારની પીડાનો અનુભવ થાય છે છેવટે આપણી યાતનાના કોશેટામાંથી બદલાઈને બહાર નીકળીએ છીએ. છેવટે આપણે ઈશ્વરના માર્ગે કાર્ય કરવા તૈયાર બનીએ છીએ (ઉત્પત્તિ ૧૨-૧૭ અધ્યાયમાં ઈબ્રાહિમની આ વાર્તા વાંચવાની મળે છે.)

યૂસફ વિષે શું ? ઈશ્વર તરફથી આ યુવાનને સ્વપ્ન અપાયુ હતું. અધીરા બનીને તેણે તેના ભાઈઓને સ્વપ્ન કહ્યું તેઓ તેની ઈર્ષા કરવા લાગ્યા ને તેને ધિક્કારવા લાગ્યા તેમણે યૂસફને ગુલામ તરીકે વેચી દીધો ને તેના પિતાને કહ્યું કે જંગલી જનાવરે તેને ફાડી ખાધો છે.

યૂસફને મિસર દેશમાં લઈ ગયા ને ઘણા વર્ષો તે ત્યાં રહ્યો. જે ગુનો તેણે કર્યો નહોતો તે માટે જુઠાણાથી તેને કેદમાં પુરવામાં આવ્યો પરંતુ આ બધામાં ઈશ્વરની યોજના હતી. બાઈબલ બ્રાહ્ય રીતે યૂસફના જીવનમાં શું વીત્યુ તે દર્શાવે છે પરંતુ આપણે જાણતા નથી તથા આપણે કલ્પી શકતા નથી તેના પર આંતરિક રીતે શી વીતી હતી. બહારના સંજોગો કરતા આપણી આંતરિક વેદના ઘણી ખરાબ હોય છે.

ઘણા વર્ષોથી શા માટે લોકો આપણા વિષે ગેરસમજ કરે છે અથવા આપણી ટીકા કરે છે તે આપણને સમજાતુ નથી. આપણે વિચારવા લાગી છીએ. હું તો ઈશ્વરની ઇચ્છા પૂરી કરવા ચાહું છુ તો શા માટે આટલી મુશ્કેલી ? છતાંએ આપણે મેટામોરફોસીસના તબક્કે સમજી શકતા નથી કે આપણે માત્ર દેડકાના બચ્ચા અથવા ઇયળ જેવી સ્થિતીમાં છીએ. આપણે કહીએ અમારે તો યોગ્ય બાબતો જ કરવી છે પરંતુ આપણા ચારિત્ર્ય તે કરતા આપણને અટકાવે છે. ઈશ્વરે આપણને બદલવા જોઈએ બીજો કોઈ રસ્તો નથી. તે પીડાકારક છે પરંતુ પ્રક્રિયા છેવટે સ્વતંત્રતા ને આનંદ લાવશે. ઈસુની માફક આપણે ક્રુસ સહન કરવો પડશે જેથી આપણે માટે રાખી મુકેલ ઇનામ નો આનંદ મળી શકે.

શાંત વર્ષોમાં આપણે ઘણી પરિક્ષાઓ પસાર કરવી પડશે. જરા વિચારો યૂસફે કેટલા બધા લોકને માફી આપવી પડી. વર્ષો સુધી તે ભુલાઇ ગયેલો હોય તેવું લાગ્યું છતાં કડવાશ અને વેરવૃત્તિથી પર રહ્યો. પરંતુ અચાનક તેના માટે ફેરફાર થવા લાગ્યો.

યૂસફ સ્વપ્નના અર્થ કરનાર તરીકે જાણીતો હતો. ફારુનને સ્વપ્ન આવ્યુ તેથી તે મુશ્કેલીમાં મૂકાયો અને તેણે યૂસફને બોલાવ્યો. ઈશ્વરે યૂસફને જ્ઞાન આપ્યું. તેણે સ્વપ્નનો બરોબર અર્થ કહ્યો અને રાજાએ તેને સર્વ ઉપર મુખ્ય કારભારી ઠરાવ્યો દુષ્કાળ આવનાર હતો. ઈશ્વરે યૂસફને તૈયાર કર્યો કે તે સમયના ઈતિહાસના લોકોને બચાવવા યૂસફના હોદ્દાનો ઉપયોગ થાય. યૂસફ શાંત વર્ષોમાં ટકી રહ્યો – તેણે મુશ્કેલ પરિક્ષા પાસ કરી – છેવટે તેને બઢતી મળી અને જેઓ કોઈ પડતું મુકવાનો ઇન્કાર કરે છે તેમને પણ બઢતી મળે છે.

યોહાન બાપ્તિસ્મી પણ શાંત વર્ષોમાંથી પસાર થયો લૂક અધ્યાય –૧માં યોહાનના જન્મ વિષે લખેલુ છે કલમ ૮૦માં કહ્યું છે **'નાનો છોકરો મોટો થયો, અને આત્મામાં બળવાન થતો ગયો. અને ઈસ્ત્રાએલમાં તેના પ્રગટ થવાના દિવસ સુધી (તેની જાહેર સેવાની શરૂઆત સુધી) તે રાનમાં (અરણ્યમાં) રહ્યા.**

યોહાનના જન્મના સમયથી શરૂ કરીને તેની સેવાનું વર્ણન લૂક ૩:૨ મુજબ તેણે ઘણા વર્ષો રાનમાં ગાળ્યા તે સિવાય ખરેખર આપણે યોહાન વિષે કશુ જાણતા નથી. હું માનું છું કે આ વર્ષો દરમ્યાન પવિત્ર આત્માએ યોહાનને ભવિષ્ય માટે તાલીમ આપી. તેનો સેવાકાળ ટુકો પરંતુ. ઘણો શક્તિશાળી હતો. તે તો ઈતિહાસનો ખાસ સમય હતો. બધુ જ બરોબર થવું જોઈએ. હું માનું છુ કે જેટલું મોટું આપણું ભાવિ હશે તેટલી ઘનિષ્ટ તાલીમ આપણે લેવી પડશે.

આજ બાબત ઈસુ માટે બની છે. તેમના જન્મ બાદ યરુશાલેમમાં આઠમે દિવસે સુન્નત (લૂક ૨:૭-૩૯) અને અર્પણ માટે તેઓના લાવ્યા તે સીવાય કશુ વિશેષ વાંચતા નથી છેવટે બાર વર્ષથી ઉંમરની ઘટના નોંધેલી છે. (લૂક ૨: ૪૧-૫૧)

બારવર્ષની ઉંમરથી ત્રીસવર્ષની ઉંમર સુધીની તેમના વિષેની કશી જ નોધ લખેલી નથી. બાઈબલ આ વર્ષો એટલુ જ જણાવે છે કે તેઓ ઈશ્વરની તથા માણસોની પ્રસન્નતામાં વધતા ગયા. (કલમ ૪૦,૫૨)

**બાળક મોટુ થયુ** તે વિધાન ઘણુ કહે છે કે હેબ્રી ૫:૮,૯ આપણને શીખવે છે કે તેમણે સંકટો સહન કર્યા તેથી તે આજ્ઞાપાલન શીખ્યા અને અનુભવમાં પરિપૂર્ણ થઈને તે અનંતકાળીક ઉધ્ધારના કર્તા અને સ્તોત્ર બન્યા. આપણી જેમ માનવી તરીકે ઇસુએ વૃદ્ધિ પામવા માટે શીખવાનું હતું સહન કરવાનું હતુ અને અનુભવ મેળવવાનો હતો. તેઓ આપણા અગ્રેસર બન્યા પરંતુ તેમણે આપણી જેમ કદી પાપ કર્યું નહિ. તે પહેલા જાય છે આપણે તેમની પાછળ છીએ. તે આપણને વિજયનો માર્ગ બતાવે છે. તેમાંથી જ બહાર જવાનો માર્ગ છે, આપણે મુશ્કેલ બાબતોથી નાસી જઈ શકીએ નહિ. આત્મવિશ્વાસથી તેનો સામનો કરો, યાદ રાખશો ઈશ્વર આપણા પક્ષે છે અને તે આપણને કદી ત્યજી દેશે અથવા મુકી દેશે નહિ. ભલેને આપણને તેની હાજરીનો અનુભવ જાણીતા થાય આપણે જાણીએ છીએ કે ઈશ્વર આપણી સાથે છે.

હું માનું છું કે આ વર્ષો દરમ્યાન આ બધા લોકો તથા ઇસુએ ઘણો સમય સ્તુતિ અને આરાધનામાં ગાળ્યો હશે. તેમણે અરણ્યમાં આરાધના કરી ને વચનનો દેશ પ્રાપ્ત કરવામાં તે મદદરૂપ બની. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે જીવન સારુ ન લાગે પરંતુ જો આપણે ઈશ્વરની આરાધના કરીશું તો ઈશ્વરનું વચન આપણામાં પ્રગટ થતુ નીહાળીશું. મને લાગે

છે કે અરણ્યમાં આપણો વર્તાવ કેટલો સમય ત્યાં રહેવુ પડશે તે નક્કી કરે છે.

## મારા જીવનના શાંત વર્ષો

આપણે જેઓના વિષે વાંચ્યુ તેઓના કરતા હું કે તમે જરાય જુદા નથી. ઈશ્વરે મને તૈયાર કરવી પડી તે પીડાકારક હતું. તે બહુ ઝડપી નહોતું.

હકીકતમાં તો મારી અપેક્ષા અથવા યોજનાથી આ સમયગાળો લાબો અને કષ્ટદાયક હતો કે હું સહન કરી શકીશ તેવી મારી કલ્પના નહોતી. ઈશ્વરે મને સેવાનું તેડુ આપ્યું તે ઉત્તેજનાભર્યુ હતુ. પરંતુ તેડા માટે તૈયાર થવા શા માંથી મારે પસાર થવુ પડશે તેની મને ખબર નહોતી. જો મને ખબર હોત તો કદાચ મેં ના પાડી હોત. હું માનું છુ આજ કારણના લીધે ઈશ્વર અમુક બાબતો આપણાથી છુપાવી રાખે છે અને તે પ્રત્યેકમાંથી પસાર થવાની કૃપા આપે છે. એવી બાબતો છે જે અગાઉથી જાણવાની ન જરૂર નથી. માત્ર આપણે એટલુ જાણી લઇએ કે ઈશ્વરે કહ્યું છે આપણે સહન ન કરી શકીએ તેવું આપણા પર આવવા દેશે નહિ.

અત્યારે જ્યારે કોનફરન્સમાં સેવા માટે આવુ ત્યારે હું સારી લાગતી હોઈશ. પરંતુ જ્યારે મને સેવા માટે તૈયાર કરવામાં આવતી હતી તે વર્ષોમાં તમારે મને જોવાની હતી. મારે તમને જણાવવુ છે તે કંઇ સારુ દશ્ય નહોતું.

હું કંઈ હંમેશથી વિશ્વાસની સ્ત્રી નહોતી. મેં લાગણીની ઘણી ચઢ-ઉત્તર અનુભવી છે – મારી ઇચ્છા મુજબ બધુ ના થાય ત્યારે ખૂબ જ ગુસ્સો. અધિકારને આધીન થવુ મારે માટે ઘણુ મુશ્કેલ હતુ. શરૂઆતમાં મારામાં પવિત્ર આત્માના બધા ફળ કાર્ય કરતા નહોતા આત્મામાં તેનું બીજ હતું પરંતુ વૃદ્ધિ પામ્યુ નહોતું. આપણે હંમેશા યાદ રાખી એ ભેટ અપાય છે પરંતુ ફળનો વિકાસ થાય છે.

આપણને દાન હોય જે આપણે કોઈક સ્થાને લઇ જાય પરંતુ ત્યાં ટકી રહેવા જરૂરી ચારિત્ર્ય ઈશ્વરના તાલીમ કેમ્પમાં આધીન થઇ તૈયાર કરવું પડે.

હું આંતરરાષ્ટ્રીય રેડિયો અને ટેલિવીઝનના કાર્યક્રમમાં આવી, ઘણા લોકો મને ઓળખતા થયા તે પહેલા મેં ‘શાંત વર્ષો’નો અનુભવ કર્યો. તે દરમ્યાન મને ઈશ્વરે સ્વપ્નને દર્શન આપ્યા પરંતુ મારા માટે કોઇ મોટુ દ્વાર ઉઘાડાયુ નહોતું. મને બહુ નાની તક મળતી પરંતુ મારુ દર્શન નાનું નહોતુ તેથી મને જે પરંતુ મારુ દર્શન નાનું નહોતુ તેથી મને જે સોંપાતુ તેનાથી હું ઘણી બેચેન અને બીનઆભારી રહેતી.

ઓહ હાજી, મારામાં હજુ ઘણા બદલાવની જરૂર છે હું બદલાઈ રહી છું છતાં હવે મને તે પ્રક્રિયા સમજાઈ ગઈ છે. મને એ લોકો માટે દુઃખ થાય છે જેઓ ઈશ્વર તેમના માટે ખરેખર શું કરી રહ્યા છે તે કદી સમજ્યા વીના ઈશ્વર સાથે જીવનભર લડ્યા કરે છે. મુશ્કેલ સંજોગોમાં તેના પર વિશ્વાસ રાખો વચનના દેશમાંજ નહિ પરંતુ અરણ્યમાં તેની આરાધના કરો. ઈસ્ત્રાએલીઓ એ લાલ સમુદ્ર પસાર કરી સલામત જગાએ આવીને આરાધના કરી. તેઓએ ગીત ગાયુ ને નૃત્ય કર્યું. તેમણે ખરુ ગીત ગાયુ પરંતુ નદીની ખોટી બાજુ પર તે ગાયુ આપણને વિજય મળે તે અગાઉ ઈશ્વર આપણી સ્તુતિ સાંભળવા ઈચ્છે છે. જો કદાચ તેને ન સંભળાય તો આપણે વિજયનો અનુભવ કદાપી કરી ન શકીએ.

ઘણાં વર્ષો સુધી શેતાન વારંવાર મને એમ કહેતો કે તારુ ખસી ગયું છે તને ઈશ્વરે તેડુ આપ્યું જ નથી અને તુ મૂર્ખ બનીને નિષ્ફળ જવાની છું. તે મને ખાત્રી કરાવતો કે જે કાંઈ હું કરું તેમાં સારા ફળ આવશે નહિ. તે મને કહેતો કે દુઃખનો કદી અંત નથી અને વેદના અટકવાની નથી. તે મને કહેતો કે જે તુ આંખે જોતી નથી. તે માનવાની મુર્ખાઈ કરીશ નહીં.

ધીમે ધીમે ઈશ્વરે મને કૃપા આપી કે હું મહિમાથી મહિમાં આગળ વધુ. તેજ રીતે મારામા બદલાવ આવ્યો તથા જીવનમાં ફેરફારો આવવા માંડયા. મેં શોધી કાઢ્યુ છે કે આપણે જેટલુ યોગ્ય રીતે સાચવી શકીએ તેટલુ જ ઈશ્વર આપે છે. હવે હું મારા જીવનમાં એવા તબક્કે આવી છું જ્યાં ઈશ્વર જે નથી ઈચ્છતા તે હું મારા જીવનમાં કરવા માંગતી નથી. એવી કોઈ બાબત હું માગુ જે માટે ઈશ્વરને ખબર છે કે હું યોગ્ય સંચાલન નહી કરી શકુ, હું પ્રાર્થના કરું છું કે તમે મને તે આપશો નહીં. ઈશ્વરે જે બાબત માટે વ્યક્તિને તૈયાર નથી કર્યા તેવા કાર્યમાં વ્યક્તિ સામેલ થાય છે ત્યારે તેની સ્થિતી કફોડી થઈ જાય છે.

હું બદલાઈ ગઈ છું પહેલા હુ કેવી હતી તે લગભગ હું ભૂલી ગઈ છુ. મને ખબર છે તે ઘણું અણગમતુ હતું.

આજે 'પેલી વ્યક્તિ જે હું પહેલા હતી' તે મારા માટે તો ઘણા વર્ષો અગાઉ ઓળખતી હતી તેવી વ્યક્તિ બની ગઈ છે. ઈશ્વરે તેની કૃપાથી શાંતવર્ષમાં જે કાર્ય કર્યુ તેથી હું ખુશી છું. પરંતુ જ્યારે હું તે પ્રક્રિયામાં હતી ત્યારે મને તે ગમતુ નહોતુ તથા હું સમજતી પણ નહોતી. પરંતુ તેઓના વિના જ્યાં અને જે હું છુ તે બની શકી ન હોત.

## ઈશ્વરનો વિશ્રામ

*એ માટે ઈશ્વરના (ખરા) લોકોને સારુ પુરો અને સંપૂર્ણ વિશ્રામનો વાર હજી આરક્ષીત છે.*

*કેમ કે જેમ ઈશ્વરે પોતાના કામોથી વિશ્રામ લીધો, તેમ ઈશ્વરના વિશ્રામમાં જેઓ એકવાર પ્રવેશ્યા છે તેમણે પણ પોતાના કામથી વિશ્રામ લીધો છે. (માનવીની ચિંતા અને વેદના)*
*હેબ્રી ૪ : ૯, ૧૦*

મેટા મોરફોસીસ વિષે જે સાહિત્ય મેં વાંચ્યુ છે તેમાં ઇયળ ડાળી અથવા બીજી કોઇ સંતાવાની જગામાં તે કોશેટો બનાવે છે. તેમાં જુદા તબક્કામાંથી પસાર થાય છે. તે વિશ્રામના તબક્કામાં પ્રવેશે છે અને તેનામાં મોટો બદલાવ આવવાનું શરુ થાય છે. ઈયળ પુક્તવયની થાય છે અને એક નવુ સર્જન બનીને બહાર આવે છે.

જો તમે તમારામાં જરૂરી ફેરફારો થઈ રહ્યા છે તેથી તમે બેચેન અને મુશ્કેલી અનુભવો છો, ચિંતા કરો છો ને થાકી ગયા છો તો શા માટે ઈશ્વરના વિશ્રામના પ્રવેશ કરતા નથી ? જેટલા વધુ તમે ઈશ્વરમાં વિશ્રામ લેશો તેટલા ઝડપથી તમે પરિવર્તન જોશો. જો કદાચ ચિત્રકારની રંગની પીછીંની નીચે કેનવાસ સંઘર્ષ કર્યા કરે તો ચિત્ર કદી પૂરું થઈ શકે નહિ. કેનવાસ ચિત્રકારના જ્ઞાન ને સર્જનાત્મકતાને આધીન થઈ સંપૂર્ણ શાંત ને સ્થિર રહે છે, તેની તેમને ખબર છે અને શું અને કેવી રીતે કરે છે તેની તેને ખબર છે. આપણે તેમનામાં વિશ્વાસ રાખીએ અને તેના વિશ્રામમાં પ્રવેશ કરીએ.

આખો વખત પોતાના શરીર સાથે લડવાનું બંધ કરો. ઈશ્વરના વિશ્રામમાં પ્રવેશે અને કહો, ‘‘પ્રભુ હું મારી જાતને બદલી શકતી નથી. જો તમે નહિ બદલો તો કોઈ બદલી શકશે નહીં. મારામાં શા ફેરફારની જરૂર છે તેની પ્રભુ તમને ખબર છે હું તમારા હાથમાં મારુ જીવન સોંપુ છુ ને વાટ જોઈશ.’’ ઈશ્વર પિતા, હું તમારા માર્ગો પર ભરોસા સાથે તમારા સમય પર પણ વિશ્વાસ રાખુ છું. પછી તમે ઈશ્વર સાથે સંગતનો આનંદ માણો અને તેમના હાથમાં વિશ્વામ લો.

મેટામોરફોસીસની પ્રક્રિયા દુઃખદાયક છે. દુઃખ થવા દો જેમ તમે વધુ સંઘર્ષ કરશો તેમ તે લંબાશે ને વેદના વધશે. ગર્ભવતી સ્ત્રી બાળકને પ્રસુતિ કરતી હોય છે ત્યારે તેને શ્વાસ લેવાનુંને હળવાશ અનુભવવાનું કહેવામાં આવે છે. પ્રસુતિનું દરેક દુઃખ બાળકના જન્મને નજદીક લાવે છે પરંતુ દરેક દુઃખ વખતે તેને શ્વાસ લેવાનું ને હળવાશ અનુભવવાનું ફરીથી કહેવામાં આવે છે. સતત નિરાશા અને યાતનામાં જીવવા કરતા તો દુઃખદાયક ફેરફારો વધુ સારા તમારામાં ઈશ્વરને જે જરૂરી ફેરફાર કરવા હોય તે તેમને કરવા દો.

તેમને કહો; ‘‘પ્રભુ મારામાં તમારુ કાર્ય પૂરું કરો, હું પોતાને ઓળખવા માંગતી નથી, હું એવું કરવા માંગતી નથી કે નથી મને મારો ભૂતકાળ યાદ આવે. હું જૂના માણસ જેમ વર્તવા નથી ઇચ્છતો. નવા જન્મથી જે નવુ સર્જન બને છે તે મારે જોવું છે.’’

## **તમે ભક્તિ કરો છો અથવા ભયમાં છો ?**

*ઈસુની તરફ લક્ષ રાખીને (વિક્ષેપ કરનારાથી દૂર રહી) કે જે આપણા વિશ્વાસનો આગેવાન અને શ્રોત છે (આપણા વિશ્વાસને પ્રત્સાહત આપનાર) અને તેને પૂરો કરનાર છે. તેને*

*પુક્તતામાં અને સંપૂર્ણતામાં લાવનાર છે.) હેબ્રી ૧૨:૨*

કોઈકોઈ વાર આપણા જીવનમાં સારુ બનતુ જોતા મુશ્કેલી પડે છે. તેનું કારણ એ છે કે આપણે ખોટા બાબત જોઈએ છીએ. આપણામાં શું ખોટુ છે તે જોવામાં વધુ સમય ગાળીએ છીએ. બાઈબલ આપણને પોતાના તરફ નહિ પરંતુ ખ્રિસ્ત તરફ જોવા કહે છે. સંદેશો છે ''જૂઓ અને જીવો''

ગણના ૨૧માં જ્યારે ઈસ્ત્રાએલીઓ અરણ્યમાં હતા ત્યારે તેમના પાપના પરિણામે સર્પના અનર્થથી મોટી સંખ્યામાં લોકો મરી ગયા મૂસા ઈશ્વરની સમક્ષ નમી પડયો ને ભક્તિ કરી. તેણે પ્રશ્નના નિરાકરણ માટે ધ્યાન પોતા પર અથવા બીજા કોઇ પર ધ્યાન કેન્દ્રિત ન કરતા ઈશ્વર પર કેન્દ્રિત કર્યું.

બાઇબલમાં જ્યારે પણ પ્રશ્ન ઉપસ્થિત થયો હોય ત્યારે તેમણે ભક્તિ કરી છે. (મેં એ શોધી કાઢ્યુ છે) જેઓ વિજયી થતા હતા તેમણે ચિંતા ન કરી – ભક્તિ કરી. હું તમને આજે પૂછું છું તમે ભયમાં છો કે ભક્તિ કરો છો?

મૂસાએ સર્પના પ્રશ્ન બાબતે ઈશ્વરની સલાહ માગી. તેણે પોતાની યોજના બનાવી તેને આશીર્વાદ આપવા કહ્યું નહિ, તેણે પ્રશ્નનો ઉત્તર શોધવા પ્રયાસ કર્યો નહીં. તેણે આરાધના કરી તેના કૃત્યથી ઈશ્વર તરફથી ઉત્તર મળ્યો.

*અને યહોવાએ મૂસાને કહ્યું, તુ એક આગિયો સર્પ (પિત્તળનો) બનાવ ને એક ઝંડા પર તે મૂક; અને એમ થશે કે જે કોઈ ડંખાયેલું હોય, તે તેને જોઈને જીવતું રહેશે. ગણના ૨૧:૮*

આપણે જાણીએ છીએ કે ઝંડા પરનો સર્પ ક્રુસ અને ઈસુએ આપણા પાપ પોતાના પર લીધા તે દર્શાવે છે. સંદેશો આજે પણ એજ છે 'જુઓ અને જીવો' ઈસુ તરફ જૂઓ.

તમે શું કર્યુ અથવા કરી શકો, અથવા તમારા તરફ નહિ પરંતુ તેણે શું કર્યું છે તે જુઓ.

તમારી સમસ્યા ગમે તે હોય પરંતુ તેનો ઉત્તર ભય નથી પરંતુ ભક્તિ છે. ઈશ્વરની ભલાઈ માટે તેની સ્તુતિ કરો અને તમારા જીવનમાં તેમની ભલાઈ આવશે. યાદ રાખો, યુધ્ધ યહોવાનું છે.

## અધ્યાય
## ૧૨

# સતત નિહાળો અને આનંદ કરો

*પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે (કારણ આપણે) આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને (ઈશ્વરના વચનમાં), પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતા તેમની આબેહુબ પ્રતિમા જેવા રૂપમાં રૂપાંતર પામીએ છીએ.*
*૨ કરંથી ૩:૧૮*

આ કલમ જણાવે છે કે આપણું સ્વરૂપ સતત ઈશ્વરની પ્રતિમા જેવું બનતુ જાય છે કેવી રીતે ? તેમની તરફ સતત નિહાળીને.

શબ્દ નિહાળો તેનો અર્થ ‘‘સતત તાકી રહેવું’’ [૧] ‘દૃષ્ટિ ચોંટેલી રાખવી’ [૨] કોઈ તરફ નજર નાંખવા કરતા વિશેષ આપણે આપણા પ્રશ્ન પર માત્ર નજર નાંખવાની અને ઈસુ તરફ તાકી રહેવાની જરૂર છે. નહીં કે આપણી સમસ્યા તરફ તાકી રહેવાનું ને ઈસુ પર માત્ર નજર નાખવાની.

હું એ કહેવાનું સાહસ કરુ છું કે મોટા ભાગના લોકો તેમણે જે ખોટુ કર્યું છે તેનો વિચાર કરવામાં, ઈસુએ શું સારુ કર્યું છે તે વિચારવા કરતા વધુ સમય ગાળે છે. યાદ રાખો ઈસુએ શું કર્યું છે. તે આપણા માટે મૃત્યુ પામ્યા આપણું સ્થાન લીધુ. આપણી શિક્ષા પોતા પર લીધી.

તેઓ આપણા અવેજ બન્યા. આ બાબતો પર આપણે મનન કરવું જોઈએ.

## **<u>સતત નિહાળો</u>**

*તેથી જે યહૂદીઓએ તેના પર વિશ્વાસ કર્યો હતો, તેઓને ઈસુએ કહ્યું કે, જો તમે મારા વચનમાં રહો, તો ખરેખર તમે મારા શિષ્યો છો;*

*અને તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે.    યોહાન ૮:૩૧,૩૨*

બીજો કરિંથી ૩:૧૮ કહે છે જેમ જેમ આપણે ઈસુની તરફ નીહાળીશુ તો આપણું પરિવર્તન થશે. જો આપણે પ્રભુની પ્રતિમામાં પરિવર્તીત થવાની અપેક્ષા રાખએ છીએ તો આપણે 'સતત' નો સિદ્ધાંત સમજીએ.

સતતના માટે લાંબા ગાળાનું સમર્પણ જરૂરી છે. તેનો અર્થ કે આપણે લાંબા ગાળાની વાત કરીએ છીએ. આપણે કંઈ એક અઠવાડિયા માટે 'પ્રયાસ' કરતા નથી કે જો સારૂ પરિણામ આવે તો ખરૂ નહીં તો પાછા જેમ રહેતા હતા તેમ રહીશું. જ્યાં સુધી ઈશ્વરનું સત્ય આપણુ પ્રકટીકરણ બની ન જાય ત્યાં સુધી વચનનો અભ્યાસ કરો. જ્યારે વચન તમારામાં વાસ્તવિક અને જીવંત બની જશે ત્યારે તમારા દૈનિક જીવનમાં ફેરફાર લાવવાની શરૂઆત થશે.

ઈશ્વરના વચનમાં પડતું નહીં મુકવા માટેના ઘણા ઉત્તેજનના વચનો છે. ગલાતી ૬:૯ શીખવે છે કે સારુ કરતા થાકવું નહીં. જો આપણે પડતુ નહિ મુકીએ ને કાયર નહીં થઈએ તો યોગ્ય સમયે લણીશું. આપણે સતત ચાલુ રહેવાનું, ટકી રહેવાનું અને દૃઢ રહેવાનું, મુશ્કેલ સંજોગોમાં ટકી રહીશુ તો વૃદ્ધિ પામીશું. માત્ર વિશ્વાસ જ નહીં પરંતુ વિશ્વાસ અને ધીરજ ઈશ્વરના વચન તરીકે મેળવીશુ. આપણા જીવનના ફેરફારો વખતે આપણે ધીરજ રાખવાની. ધીરજ માટેનો બીજો શબ્દ સહન શીલતા છે. જે તે કહે છે તેજ આ શબ્દનો અર્થ છે લાબુ સમય સહન કરનાર શિસ્ત ફરજીયાત છે !

જો આપણે સાચેજ રૂપાંતરીત થવુ હશે, દેખાવ બદલવો હશે, ઈશ્વરની પ્રતિમા જેવા બનવુ હશે તો આપણે ઈશ્વરના વચનોનો અભ્યાસ કરીશુ અને તેમની આરાધના કરવી પડશે.

તમને થોડા ઉદાહરણ આપવા દો.

## સતત આરાધના કરો

નોરવેલ હેઈઝ પોતાના પુસ્તક 'આરાધના - તમારા જીવનમાં ઈશ્વરનું અલૌકીક સામર્થ્ય વહેવુમાં' એક હવાઈ ટાપુના એક સજ્જન તેમની પાસે સલાહ લેવા આવ્યા તેની અદભૂત વાત કરે છે. [૩]

આ સજ્જને નોરવેલને જણાવ્યું કે તેને ત્રણ બાળકો હતા અને બે વર્ષથી નોકરી નહોતી. તેને ૧૫,૦૦૦ ડૉલર્સનું ઈશ્વરુ હતુ અને ધન કમાવવા માટે સર્વ પ્રયત્ન તેણે કરી જોયા હતા.

આ સજ્જન પાસે શેરડીની કાપણી માટે વાપરવાના મોટા સાધનો હતા. પરંતુ કોઈ મોટી કંપનીએ આવીને બધો જ શેરડીનો ધંધો કબજે કરી લીધો હતો તેથી તેના મશિનો બે વર્ષથી નકામા પડી રહ્યા હતા.

આ સજ્જન પાસે બાળકોને જમાડવાના નાણાં પર ન હોવાથી તેમણે ધર્માદા ભોજનનો આશરો લીધો. તેણે કહ્યું મિત્રો પાસેથી બને તેટલું ઉધાર તેણે લીધુ હતુ અને હવે કોઈ ધીરે તેમ નહોતુ તેથી તે નોરવેલની મદદ માગવા આવ્યો હતો.

નોરવેલે તેને કહ્યું, "તમે દરરોજ સવારે ઈશ્વરની આરાધના શરૂ કરો. તમારા મુખથી તેની સ્તુતિ કરતા શીખો. તમારા માટે ઈશ્વર કાર્ય કરે તે અગાઉ વિશ્વાસ કરો. તમે તે છે તે માટે તેનો આભાર માનો. દરરોજ તેનો આભાર માનવામાં સમય ગાળો આરાધનાને સ્તુતિમાં તેની તરફ જૂઓ. તમારા માટે તેમણે જે કર્યું છે તે માટે તેનો આભાર માનો."

થોડા સમય બાદ નોરવેલની મુલાકાત આજ સજ્જન સાથે થઈ તેમણે જણાવ્યું કે પતિ પત્નિએ નોરવેલના જણાવ્યા અનુસાર ઈશ્વરની આરાધના કરવા લાગ્યા પાંચ મહિના સુધી કશું થયુ નહીં.

પાંચ મહિના બાદ સવારની આરાધના પછી તે ઘૂંટણેથી ઊભો થતો હતો ત્યારે એક ફોન આવ્યો. તે તો એક મોટા કોર્પોરેશનનો હતો જેણે તેનો વેપાર લઇ લીધો હતો હવે તેઓ આવતા છ અઠવાડિયા સુધી તેના સાધનો વાપરવા માગતા હતા. તે માટે તેમણે તેને ૮૦,૦૦૦ ડૉલર આપવાનું કહ્યું. અને છ અઠવાડિયા પછી ફરી બીજો ૮૦,૦૦૦ ડૉલરનો ઓર્ડર તેને મળ્યો.

આ સજ્જને જણાવ્યું કે એક ઈશ્વરની આરાધના અને સ્તુતિના લીધે તે વર્ષમાં ઈશ્વરા મુક્ત બની ગયો. અને તેના બચત ખાતામાં ૪૦,૦૦૦ ડૉલર હતા અને બીજા ૮૦,૦૦૦ ડૉલર કામના તેને મળવાના હતા.

પાછળથી નોરવેલને ખબર પડી ઈશ્વરની આરાધના કરવાનું શરૂ કર્યાને માંડ દોઢ વર્ષમાં આ સજ્જને મંડળીને ૬૫,૦૦૦ ડૉલર દશાંશ આપ્યો !

નોરવેલ કહે છે આ બનવાનું કારણ એ હતું કે આ સજ્જન સત્ય સાંભળીને તે મુજબ કરવા લાગ્યા અને ઈશ્વરને શોધવા વખત ગાળવા લાગ્યા. ઘૂંટણે પડી તેમની સ્તુતિને આરાધના કરવા લાગ્યા. આપણે એ વાત નોંધવી જોઈએ કે પાંચ મહિના કશુ જ થયુ નહીં છતાંએ આ ભાઈ ચાલુ રહ્યા પછી અચાનક વિજય મળ્યો. જો ચાર મહિને આ સજ્જને પડતુ મુક્યુ હોત તો શું થાત ? ઘણા લોકો  તેવું જ કરે છે. તેઓ ઘણા ઝડપથી મુકી દે છે અને દેવની અદ્ભૂતઅ યોજના ગુમાવી દે છે.

## <u>આપણે દશાંશ અને દાન દ્વારા આરધના કરીએ છીએ</u>

અમારા ઈશ્વર સાથેના સંબંધના શરૂઆતના વર્ષોમાં તેમણે મારી અને મારા પતિ સાથે વધુ ને વધુ આપવા વીષે જણાવ્યું. જો અમે વધાર્યુ ન હોત તો શુ, હકીકતમાં તો થોડો સમય તેમાં ઘટાડો થયો. નાણાંકીય બાબતે છ વર્ષ ખરેખર મુશ્કેલીમાંથી અમે પસાર થયા.

મને યાદ છે જ્યારે કંઈ કરવાના પ્રયાસમાંથી નીકળીને મેં ભલે ગમે તેટલો સમય લાગે ચાલુ રહેવાનો દૃઢ નિશ્ચય કર્યો.

એક દિવસે મારો મિત્ર આવ્યો અને અમારી વાતચિતમાં જણાવવા લાગ્યો કે વિવિધ રીતે ઈશ્વર તેમને નાણાંકીય રીતે આશીર્વાદિત કરતા હતા. મારે તેમની સાથે ખુશી થવુ હતુ પરંતુ તેજ સમયે મને થયુ કે હું શા માટે સંઘર્ષ કરુ છું. મારા ઉપર જાણે નિરાશા વાદળ જેમ બેસી ગઈ તેવુ મને લાગ્યું. હું જઈને મારી દિકરીના ખાટલામાં પડીને અમારી નાણાંકીય સ્થિતી માટે આક્રંદ કરવા લાગી. અને અચાનક મારામાં કંઈક થયુ અને મેં નિર્ણય કર્યો; પ્રભુ તમારા વચન મુજબ અમે તો તમે અમારી પાસે પાછા નહિ આવો ત્યાં સુધી આપ્યા જ કરીશું. ભલેને અમને પરિણામ જોવાના મળે તમને સન્માન આપતા અમે આપીશું. તમે જે છો તે માટે, તમે તમારા વચનમાં અમને તેમ કરવા કહ્યું છે માટે હું તો તે કરવાનું ચાલુ જ રાખીશ. પરિણામ એ અમારી સમસ્યા નથી તેતો તમારી છે !

શેતાન માટે જે દ્વાર ખુલ્લુ હતુ જે દ્વારા તે અમને સતાવતો હતો તે મારા અને ડેવના નિર્ણયથી બંધ થઈ ગયુ. તે દિનથી આજ સુધી અમે પ્રગતિ સાધી રહ્યા છીએ.

અમારા આપવા દ્વારા અમે ઈશ્વરની ભક્તિ કરીએ છીએ. આપણા જીવનમાં ઈશ્વરના આશીર્વાદોને કાર્યાન્વીત કરવાની આરાધના કોઈ એક પધ્ધતિ નથી. આપણા ઈરાદા શુદ્ધ હોવા જોઈએ. ઈશ્વર આપણા હૃદયને જાણે છે. માત્ર સારા પરિણામ મેળવવા માટે જ યોગ્ય બાબતો કરી શકાય નહીં.

તે ખરુ છે માટે આપણે ખરી બાબત કરવી જોઈએ. ન્યાયી માણસ ન્યાયી કાર્યો જ કરે છે કારણ તે બીજુ કશુ કરી શકતો નથી. પરિણામ તે ઈશ્વર પર છોડી દે છે અને હંમેશા તે સારુ જ હોય છે. હંમેશા કસોટીનો કાળ આવશે પરંતુ જેઓ ટકી રહે છે તેઓ હંમેશા ફસલ લણે છે.

હું તમને વિનંતી કરું છુ કે ભયમાં જીવવા કરતા ભક્તિ કરો. તમારા જીવનમાં અને વ્યક્તિગત જીવનમાં હકારાત્મક પરિણામો આવે તે માટે ભલે ગમે તેટલો સમય લાગે પરંતુ તેમા ટકી રહેવાનો નિર્ણય કરો.

## **આ ઈશ્વર તરફથી છે**

હું અને તમે પોતાના જીવ માટે દુઃખી બનીએ છીએ, દરેક ઓળખીતા પાસે સલાહ માટે જઈએ છીએ, શેતાનને ધમકાવીએ છીએ, પ્રાર્થના માટે વિનંતી કરીએ છીએ અને જે કંઈ વિચારીએ તે બધુ જ કરી છુટીએ છીએ પરંતુ જો આપણે ઈશ્વરની આરાધના નથી કરતા તો ખૂબ જ મહત્ત્વનો ભાગ છોડી દઈએ છીએ તેમ કહેવાય.

બાઈબલ કહે છે કે ઈશ્વરના વચનમાં અરીસાની માફક આપણે સતત ઈશ્વરનો મહિમા નિહાળવાનો છે. જો આપણે તે સતત કરીશુ તો આપણે સતત બદલાતા જઈશુ અથવા તો તેમની પ્રતિમામાં વધુ ને વધુ મહિમામાં આપણું રૂપાંતર થતુ જશે.

આ કયાંથી આવે છે ? તેનો ઉત્તર ૨ કરિંથી ૩:૧૮ના અંતમાં જોવાનો મળે છે.......**હવે આ પ્રભુ તરફથી આવે છે જે આત્મા છે.**

આ પરિવર્તન તે આપણે કોઈ કરીએ તે નથી **આતો ઈશ્વરનું કાર્ય છે અને આપણી દષ્ટિમાં તે આશ્ચર્યકારક લાગે છે** (માત્થી ૨૧:૪૨)

# અધ્યાય
# ૧૩

## ઈશ્વર આપણા માટે છે

*તો એ વાતો પરથી આપણે શું અનુમાન કરીએ ? જો ઈશ્વર આપણા પક્ષનો છે તો આપણી સામો કોણ ? (જો ઈશ્વર આપણી પડખે હોય તો આપણો શત્રુ કોણ?)રોમન ૮:૩૧*

ઈશ્વર મોટા ઈશ્વર છે અને તેમના માટે કશુ અશક્ય નથી અને તે આપણા પક્ષે છે. આપણ ઈશ્વર જેટલા મહાન છે તેમના જેટલુ મહાન કોઈ નથી તેથી આપણે દુશ્મનોથી ગભરાવવાની જરૂર નથી.

બાઈબલ કહે છે; **જેઓ યહોવા પર ભરોસો રાખે છે, તેના પર આધારીત છે, ઈશ્વરમાં આત્મવિશ્વાસપૂર્વક આશા રાખે છે તેઓ સિયોન પહાડ જેવા છે જે કદી ખસનાર નથી તે સદા અડગ રહે છે જેમ યરૂશાલેમની આસપાસ પર્વતો આવેલા છે તેમ આ સમયથી તે સર્વકાળ સુધી પોતાના લોકોની આસપાસ યહોવા છે.** (ગી.શા. ૧૨૫:૧,૨)

ઈશ્વર આપણી આસપાસ છે માટે સિયોન પર્વતની માફક આપણને ખસેડી શકાશે નહિ. અને જો આટલુ પૂરતુ ન હોય તો શ્રેષ્ઠ વાત મેં છેલ્લી રાખી છે; તે આપણામાં છે અને તેણે કહ્યું છે હું તમને મુકી દઈશ નહીં ને ત્યજી દઈશ નહિ.

તેથી જો માત્ર શેતાન આપણી વિરૂદ્ધ હોય પરંતુ ઈશ્વર આપણા સાથે, આપણી ઉપર, આપણી નીચે આપણી આસપાસ અને આપણામાં હશે, તો મને કહેવા દો આ ખૂબ સારી સ્થિતી છે. તો પછી આપણે કોનાથી ગભરાવાનું ?

## ઈશ્વરની બીક રાખો માનવીની નહીં

*જેઓ હવે આદરપૂર્વક અને ભક્તિભાવથી ઈશ્વરનું ભય રાખે છે તેની કૃપા અને પ્રેમાળ માયાળુપણુ સર્વકાળ ટકે છે.*

*સંકટમાં મેં યાહને વિનંતી કરી, એટલે યાહે મને ઉત્તર આપીને વિશાળ જગામાં બેસાડયો.*

*યહોવા મારા પક્ષનો છે, હું બીવાનો નથી. માણસ મને શુ કહી શકશે ?*

*ગીતશાસ્ત્ર ૧૧૮: ૪-૬*

આ ફકરાની પહેલી કલમમાં ગીતકર્તા કહે છે કે, "હું ઈશ્વરનો આદર ને ભક્તિ કરતા કહીશ કે તેની કૃપા અને માયાળુપણુ સર્વકાળ ટકે છે" ત્યારે તે શું કરે છે ? જેમ આપણે ચર્ચા કરી તેમ ઈશ્વરના અમુક ગુણ માટે તેની ભક્તિ કરે છે. તે ઈશ્વરની કૃપા તથા પ્રેમાળ માયાળુપણા માટે સ્તુતિ કરે છે.

ઈશ્વરના મહાન ગુણોનું મનન જ્યારે આપણે કરીએ છીએ અને તેની વાત કરીએ છીએ ત્યારે આપણો આપણો વિશ્વાસ મજબૂત કરીએ છીએ.

બીજી કલમમાં તે કહે છે કે તેના સંકટના સમયે તેણે ઈશ્વરને પોકાર કર્યો. પરંતુ ધ્યાન રાખો પ્રથમ તે ઈશ્વરની આરાધના અને સ્તુતિ કરે છે અને તે જણાવે છે કે અમારા સંકટના સમયે તમે તમારા ગુણો પ્રગટ કરો.

છેવટે ત્રીજી કલમમાં ગીતકર્તા જણાવે છે કે યહોવા મારા પક્ષનો છે હુ બીવાનો નથી. આપણે શા માટે ગભરાવુ જોઈએ ? જો સર્વશક્તિમાન ઈશ્વર મારી સાથે હોય અને તે છે. તો પછી પામર મનુષ્ય મને શુ કરનાર છે ? જ્યારે આપણે તેની સરખામણી કરીએ છીએ ત્યારે ચોક્કસ રીતે એ સમજી લેવુ જોઈએ કે ઈશ્વર કેટલા મોટા છે અને આપણા શત્રુ કેટલા વામળા છે.

તમે ગભરાતા હો કે માનવી તમને શું કરશે તમે એમ માનો કે મનુષ્ય તમારી નોકરી ઝુંટવી લેશે. તમારે જેની જરૂર છે તે પેલી વ્યક્તિ આપશે નહીં. માણસો તમારી સાથે અયોગ્ય વ્યવહાર કરે અથવા તમારો તિરસ્કાર કરે. તમે ચિંતા કરતા હશો કે માનવી તમારા માટે શુ વિચારશે અને કહેશે.

જો કદાચ તમને એવું લાગે છે તો તમારે સમજી લેવુ જોઈએ કે આપણે ઈશ્વરનું અપમાન કરીએ છીએ કારણ આપણે લોકોની ઈશ્વરના કરતાં વધારે કાળજી લઈએ છીએ.

બાઈબલ આપણે કહે છે કે આપણે માનવીથી ગભરાવવાનું નથી. પરંતુ આપણે આદરપૂર્વક અને ભક્તિભાવપૂર્ણ રીતે ઈશ્વરનો ભય રાખવાનો છે. જ્યારે આપણે માનવીનો ભય રાખવાનો ઈન્કાર કરીશું પરંતુ આદરપૂર્ણ રીતે ઈશ્વરનો ભય રાખીશુ ત્યારે ઈશ્વર આપણા

વતી કાર્ય કરશે અને માનવી આપણને નુકસાન પહોંચાડવા ગમે તે કરે તે કાયમી રીતે આપણને હાની પહોંચાડી શકશે નહિ. તેઓ એક રીતે આપણી સામે ચઢી આવશે પરંતુ સાત રસ્તેથી ભાગી જશે. (પૂનનિર્યમ ૨૮:૭)

થોડો સમય એવું લાગશે કે જાણે કોઈ આપણો ફાયદો ઉઠાવી રહ્યું છે. પરંતુ જો આપણે આપણી દૃષ્ટિ ઈશ્વર પર રાખીશુ અને સતત આરાધના કરીશુ તથા આપણી વાતચિત તેના વચનોનુસાર કરીશુ તો અંતે ઈશ્વર આપણને બદલો આપશે અને તે ન્યાયી ઈશ્વર હોવાથી આપણને ન્યાય અપાવશે. તેઓ ન્યાયને ચાહે છે ને દુષ્કૃત્યોને ધિક્કારે છે.

આપણે આપણી તકલીફો એવુ માનીને લંબાવવા દઈએ છીએ કે આપણા માટે તે જ હતું. આપણે તેમન ન કરવુ જોઈએ તેના બદલે ઈશ્વરની વાટ જોવી જોઈએ. અને આપણું જે છે તે ઈશ્વરને લાવવા ઈશ્વરુ જોઈએ ઈશ્વર બદલો વાળનાર છે આપણે બદલો લેવાનો નથી આપણે ખરેખર તો જાતે પ્રયત્ન કરી પરિસ્થિતી બગાડી નાંખીએ છીએ.

એવુ લાગે છે કે જાણે કોઈ આપણો લાભ ઉઠાવી લેશે તેની ચિંતા આપણે બહુ કરીએ છીએ. આપણે પોતાની સંભાળમાંથી નિવૃત થઈ સર્વ સંભાળ ઈશ્વર પર નાંખી દઈએ. જો આપણી દૃષ્ટિ ઈશ્વર પર હશે તો કોઈ ગેરલાભ ઉઠાવી શકશે નહીં – વધુ લાંબો સમય નહીં. ઈશ્વરે હજારો રસ્તે આપણને આશીર્વાદ આપી શકે છે. જો એક દ્વારા બંધ થાય તે બીજું ઉઘાડે છે. જો દ્વાર નહીં હોય તો તે બનાવશે. તેથી આપણે તો 'જો ઈશ્વર મારા પક્ષનો છે તો મારી સામો કોણ' સ્થિતીમાં જ રહેવાનું છે.

## <u>મનુષ્ય શું કરી શકે ?</u>

ઈશ્વરના વચનમાં ઘણા ખાત્રીદાયક વચન આપેલા છે કે ઈશ્વર આપણી કાળજી લેશે. તેમાનુ એક વચન એટલુ બધુ સુંદર રીતે દર્શાવે છે કે મને લાગે છે તે વાંચ્યા પછી આપણે ભયગ્રસ્ત રહી શકીએ જ નહીં.

> *.....કેમ કે તેણે (ઈશ્વરે) કહ્યું છે કે, હું તને મદદ વિહીન અવસ્થામાં કદી મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ. (હું તને કોઈ સંજોગોમાં પરિસ્થિતીમાં મદદવિહીન રાખીશ નહીં, અથવા તને તજીશ નહીં. તને નીચો પડવા દઈશ નહિ. (નિરાંત અનુભવ મેં તને ઊંચક્યો છે !) ચખાત્રીપૂર્વક નહીં!*
>
> *તો આપણે દિલાસીત થઈને અને ઉત્તેજન પામીએ અને વિશ્વાસપૂર્વક અને હિંમતથી કહીએ કે, 'યહોવા મારો મદદગાર છે.' હું ચેતવણીથી ઘેરાવાનો નથી (હું ગભરાઈશ નહિ, ભયભીત નહીં થવુ, હિંમત નહીં હારું) માણસ મને શુ કરનાર છે ? હેબ્રી ૧૩:૫,૬*

આ શાસ્ત્રવચન મારા માટે ખૂબ જ દિલાસાદાયક છે. તે ખૂબ જ ભારપૂર્વક ત્રણવાર જણાવે છે કે ઈશ્વર આપણને મદદવિહીન રાખશે નહિ. જ્યારે ઈશ્વર એકવાર કંઈક કહે ત્યારે આપણે માની લેવું જોઈએ. તે પોતાની બાબતે ગંભીર હોય છે. પરંતુ ત્રણવાર વાત રજુ કરી તેઓ તેમનું વચન કે તે આપણને મદદવિહીન અવસ્થામાં કદી મૂકશે નહીં. ને ખૂબ જ ભારપૂર્વક જણાવવા ઈચ્છે છે. તમારા ભવિષ્ય બાબતે અથવા માનવી તમને શુ કરશે તે વિષે જો તમને

બીક લાગે તો આ શાસ્ત્રપાઠ પર મનન કરશો. ઈશ્વરના વચનમાં આંતરિક તાકાત છે. માત્ર તેનુ મનન કરવાથી સારુ લાગશે. વિશ્વાસ ઈશ્વરનું વચન સાંભળવાથી આવે છે. જ્યારે શેતાન બીક લાવે ત્યારે ઈશ્વરના વચન પાસે દોડી જાય. માનવીના ભય ના કારણે આપણું ભાવિ ગુમાવી શકીએ છીએ.

જૂના કરારમાં શાઉલે ઈશ્વરના કરતા લોકોનો ભય વધારે રાખ્યો અને પરિણામે રાજગાદી ગુમાવી (૧ શમુએલ ૧૩:૮-૧૪) શાઉલ ભયના લીધે પોતાનું ભાવિ પૂર્ણ કરી શક્યો નહિ.

આપણી માફક શાઉલને ઈશ્વરે લોકો પર અમલ ચલાવવાને રાજ કરવા નિમ્યો હતો. નવો કરાર આપણને શીખવે છે કે આપણે ઈશ્વરના રાજાઓ અને યાજકો છીએ.

આપણા પ્રત્યેકના મનમાં છેવટે આશીર્વાદનું સ્થાન રાખેલ છે. તે ઇચ્છે છે કે આપણે અમલ ચલાવીએ નહીં કે ભય અને પોકાળતા આપણા પર અમલ ચલાવે. પરંતુ જો આપણે ઈશ્વરના કરતા માનવીનો ભય વધુ રાખીશુ તો શાઉલની માફક આપણા હક્કનું સ્થાન અમલ અને રાજ કરવાનું ગુમાવી બેસીશું.

## ઈશ્વરનો આદરપૂર્ણ ભય

*પણ હું તો તારી પુષ્કળ કૃપાથી ને દયાથી તારા મંદિરમાં પ્રવેશીશ; હું આદરપૂર્ણ ભય ને અંચબો રાખીને તારા પવિત્ર મંદિર ભણી ફરીને ભજન કરીશ.*
*ગીતશાસ્ત્ર ૫:૭*

જ્યારે આપણે ઈશ્વરના ભયની વાત કરીએ છીએ ત્યારે તે ખોટા પ્રકારનો ભય નથી. આપણે આદરપૂર્ણ ભયની વાત કરીએ છીએ. જે આપણને તેની હાજરીમાં નીચા નમાવી દે છે અને તેની સમક્ષ સાષ્ટાંત દંડવત્ કરાવે છે ને આપણે કહીએ છીએ; "તમે મારા માટે છો તો પછી માનવી મને શુ કરી શકે ?"

પાઉલ પ્રેરિત ગલાતી ૧:૧૦માં કહે છે **હમણાં હું માનવી કે ઈશ્વરની પ્રશંસા મેળવવા પ્રયત્ન કરુ છું ? શું માનવીને પ્રસન્ન કરવા બોલુ છું ? જો હજુએ હું માનવીની લોકપ્રિયતા શોધુ છુ તો હું ખ્રિસ્તનો (મસિહાનો) બંદિવાન નોકર નથી.**

માનવીનો તિરસ્કાર આપણને કેવી રીતે ઈશ્વરના તેડામાં આગળ ધપતા અટકાવે છે તે મારા જીવનમાં મેં જોયું છે. તેથી આ શાસ્ત્રપાઠ હંમેશા મારા હૃદયમાં ખૂપી ગયુ છે.

શું તમે નકારના હુમલાનો સામનો કર્યો છે ? ચોક્કસ જરૂર આપણે બધાએ કર્યો છે. આપણને આગળ વધતા અટકાવવાની તે શેતાનની રીત છે. તે માનવીના નકારનો ઉપયોગ કરી આપણને પાછવ પકડી રાખવા માંગે છે જેથી આપણે ઈશ્વરની ઈશ્વરમાં ન રહીએ કારણ તેને ખબર છે કે ઈશ્વરમાં રહેવાથી આશીર્વાદિત થઈશું.

જ્યારે ૧૯૭૬માં હું પાઉલ આત્માથી ભરપુર થઈ ત્યારે મે મોટાભાગના મિત્રો ગુમાવી દીધા, મને મંડળીમાંથી ચાલ્યા જવાનું કહેવામાં આવ્યું અને અમારા કુટુંબીજનો એ અડચણો ઊભી કરી તેમણે વિચાર્યુ કે અમને છેતરવામાં આવ્યા છે. વળી જ્યારે ઈશ્વરે મને ઈશ્વરનું

વચન શીખવવા ને ઉપદેશ કરવા તેડુ આપ્યુ ત્યારે તે વધુ ભયાનક બની ગયુ. બધાએ પીઠ ફેરવી લીધી. જેમના પર હું પ્રેમ કરતી જેમની કાળજી લેતી હતી તેમણે મારો તિરસ્કાર કર્યો. તેમ આગળ વધવુ ખૂબ મુશ્કેલ હતુ. ઘણીવાર મને થતુ કે લોકોના દબાણને વશ થઈને તેમને ગમે છે તેવુ કરુ. હું અત્યારે પાછા ફરીને જોઉ ત્યારે સ્તબ્ધ બની જાઉ છુ કે જો હું દબાણને વશ થઈ ગઈ હોત તો કેટલુ વધુ ગુમાવી દેત.

શેતાને નકારનો હુમલો મારી વિરુદ્ધ મારી સેવા ને જીવનના ઘણાં પ્રસંગોમાં કર્યો છે. અને મારા જીવનમાં ઈશ્વર મને બીજા તબક્કમાં લઈ જઇ બઢતી આપવાના હોય ત્યારે જ તેણે હુમલો કર્યો છે.

જે કોઈ ઈશ્વરની ઇચ્છા પૂરી કરવા ચાહે છે તેણે માનવી કરતાં ઈશ્વરનું ભય રાખવાની જરૂર છે. મારે સ્વીકૃતિ જોઈએ છે. પરંતુ તે ઈશ્વરની ઇચ્છાની બહાર નહિ અને મને ખબર છે જો મારા મિત્રો જે કહે તે હું કરુ તો મને સ્વીકૃતિ મળશે. હું ઈશ્વરનો આભાર માનુ છું કે તે મુશ્કેલ કસોટીના સમયોમાં ઈશ્વરે ટકાવી રાખી ને બળ પૂરું પાડયું છે.

જે કોઈ ઈશ્વરની ઇચ્છા પૂરી કરવા ઇચ્છે છે તેમણે ઇસુને શિષ્યોને જે કહ્યું છે તે યાદ રાખવું. ચાકર પોતાના શેઠ કરતાં મોટો નથી; જો તેઓ મારી પૂઠે પડયા, તો તેઓ તમારી પૂંઠે પણ પડશે, જો તેમણે મારી સતાવણી કરી, તો તેઓ તમારી સતાવણી પણ કરશે. (યોહાન ૧૩:૧૬, ૧૫:૨૦) પરંતુ તેમણે એમ પણ કહ્યું કે, "તેઓ તમારો નકાર કરશે તો તેમણે મારો નકાર કર્યો ગણાશે બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે આપણે સારુ કાર્ય કરીએ છીએ અને લોકો તમારો નકાર કરે છે તો ઈશ્વર તેને વ્યક્તિગત રીતે પોતા પર લઈ લે છે. તે તમારો બદલો લેનાર છે. તમારું ઇનામ તેની પાસેથી આવે છે.

ઈશ્વર તમને અને મને માનવીના ભય અને નકારના ભયના બંધનમાંથી છોડાવવા માગે છે. તે જાણે છે કે જો આપણામાં ભય હશે તો આપણે તે ચાહે છે. તેવા કદી બની શકીશુ નહિ આપણે લોકો શુ વિચારશે તે નહીં પરંતુ ઈશ્વર શું વિચારશે તેની કાળજી રાખવાની જરૂર છે. કારણ કે ઈશ્વર આપણુ પૂરું પાડનાર છે, માણસો નહિ.

# અધ્યાય
# ૧૪

# ઈશ્વર પૂરું પાડશે

*યહોવાની સ્તુતિ કરો; (હાલેલૂયા !) હું ન્યાયી પુરુષોની સભામાં અને મંડળીમાં ખરા હૃદયથી ઈશ્વરની સ્તુતિ કરીશ અને તેનો આભાર માનીશ.*

*યહોવાના કૃત્યો મહાન છે જેઓ તેથી આનંદ માને છે તેમણે તેઓને શોધી કાઢ્યા છે.*

*તેનુ કામ તેજસ્વી તથા શોભાયમાન છે, અને તેનુ ન્યાયીપણું સદાકાળ ટકે છે.*

*તેણે તેના ચમ્તકારી કાર્યોને યાદ રાખવા જેવા બનાવ્યા છે યહોવા કૃપાળુ, દયાથી ભરપૂર ને કરુણાળુ છે.*

*જેઓ આદરપૂર્વકને ભક્તિભાવથી તેનુ ભય રાખે છે તેમને તે ખોરાક પૂરો પાડે છે અને તેમનુ પોષણ કરે છે. તે પોતાના કરારનું સદાકાળ સ્મરણ રાખશે ને તેને (તેમના મનમાં) કોતરી નાખશે.* *ગીતશાસ્ત્ર ૧૧૧: ૧-૫*

શું તમારા જીવનમાં આ ક્ષણે તમે પોષણ બાબતે ચિંતીત છો. શું તમારે કોઈ ક્ષેત્રમાં પોષણની જરૂર છે. અને તમને ખબર નથી ને ખાત્રી નથી કે ક્યાંથી તે આવશે ?

મારી કોનફરન્સમાં કરેલ સર્વે દર્શાવે છે કે ૫૦ ટકા લોકો ભરણપોષણ બાબતે ચિંતામાં હોય છે.

ઉપરના ફકરામાં ગીતકર્તા તેમના લોકો વતી ઈશ્વરના મહાન કૃત્યો માટે તેમની સ્તુતિ અને આરાધના કરે છે તેની નોંધ લો.

જેઓ આદરપૂર્વક ને ભક્તિભાવપૂર્ણ રીતે તેમનો ભય રાખે છે. તેમના માટે તે પોતાનો કરાર સદાકાળ યાદ રાખશે અને તેને (તેમના મનમાં) કોતરી નાંખશે. (કલમ ૫)

આ આપણને જણાવે છે કે જ્યાં સુધી આપણે ઈશ્વરની આરાધના કરીશુ ત્યાં સુધી તે પૂરુ પાડનાર છે. ઈશ્વરના વચનમાં આજ વિચાર સતત જોવાનો મળે છે – આરાધનાથી યુધ્ધ જીતાય છે !

તમારા શાસ્ત્રમાં તે કલમ નોંધી લો. તેનુ મનન કરો અને તેને કંઠસ્ત કરી લો તે તમારી જરૂરિયાતો પ્રાપ્ત કરવાની ચાવી છે. આ રીતે તમારા જીવનમાં જરૂરના સમયે તમારા હ્રદયમાં ઈશ્વરનું વચન સંતાડેલુ હશે. તે તમને ભયના બદલે વિશ્વાસમાં ટકી રહેવા શક્તિ પૂરી પાડશે.

કદાચ તમને એમ કહેવામાં આવ્યું હોય કે તમે નોકરી અથવા મકાન ગુમાવી ઈશ્વરાના છો. કદાચ તમે ઉંમરવાન છો ને સરકારી સહાયતા પર જીવો છો અને તમને થશે હવે મારુ ભવિષ્યમાં શુ થશે ? દરેક વસ્તુની કિંમતો વધી રહી છે શેતાન તમારા કાનમાં કહે છે, ''તારા પાસે જીવવા પૂરતું નથી.'' અથવા તારી આવક એટલી પૂરતી નથી કે તું પોતાનું ભરણપોષણ કરી શકીશ. ને છતાંએ તું એનું એજ કર્યા કરે છે.

તમારા પોષણ બાબતે તમારી પાસે ગમે તે કારણ હોય પરંતુ આ કલમ લો અને તેને પચાવી જાવ યર્મિયાહ કહે છે મને તારા વચનો મળ્યા હું તેમને ખાઈ ગયો અને તમારા વચનો મારા માટે આનંદરૂપ બન્યા અને મારા હ્રદયને તેમણે પ્રફુલ્લીત કર્યું. (યર્મિયાહ ૧૫:૧૬) તેથી આપણે ઈશ્વરના વચનને 'વાગોળવુ' જોઈએ. ગીતકર્તાના લખાણમાં એક શબ્દ સેલાહ આવે છે. જેનો અર્થ છે વિરામલે, શાંત ચિત્તે વિચારો. તેણે પોતાના વાચકોને જે કહ્યુ છે તેને તેઓ ધીમે ધીમે પચાવે માટે તે ઉત્તેજન આપે છે. આપણે ઘણીવાર કેટલું વાંચવુ તે જોઈએ છીએ પરંતુ આપણે કેવુ વાંચ્યુ તે પર ધ્યાન આપીએ. એવી રીતે વાંચો કે શબ્દો તમારા અંતરમાં પહોચી જાય અને તમને જમાડે.

તે વચનો જણાવે છે કે જેઓ આદરપૂર્વક ઈશ્વરનો ભય રાખે છે અને તેમની આરાધના કરે છે તેમને ઈશ્વર સઘળી બાબતો પૂરી પાડે છે. તેનો અર્થ કે જ્યાં સુધી તમે ઈશ્વરની આરાધના કરશો અને તેના નામને તેજોમય કરશો ત્યાં સુધી તમે ગમે તે પરિસ્થિતીમાં હશો ઈશ્વર પૂરુ પાડશે.

આરાધનામાં ખરેખર આનંદ આવે છે ને તાકાત મળે છે. ચિંતા આપણા હ્રદયોને ભારે બનાવી દે છે અને આપણો આનંદ હણી લે છે. ભક્તિ કરો. ગભરાશો નહિ ! યુધ્ધ યહોવાનું છે.

## <u>આરાધના જ્ઞાન છે</u>

*યહોવાહનો આદરયુક્ત ભય અને આરાધના તે બુદ્ધિનો આરંભ છે.*
*ગીતશાસ્ત્ર ૧૧૧:૧૦*

જો તમે પ્રકટીકરણનું પુસ્તક વાંચશો તો ત્યાં તમને જ્ઞાનમાં ચાલનારા વ્યક્તિ માટે ક્રાંતિકારી વચનો આપ્યા છે. અને તમને સમજાશે કે આદર અને આરાધના તો જ્ઞાનની શરૂઆત છે. તમે જોઈ શકશો કે શા માટે આરાધના અને આદર મહત્ત્વના છે.

બાઈબલ કહે છે કે જેઓ જ્ઞાનમાં ચાલશે તેઓ ધનવાન બનશે. તેમનું દીર્ધાયુશ થશે. તેઓ ખૂબ જ ખુશી હશે. તેઓ આશીર્વાદિત હશે અને એટલા બધા આશીર્વાદિત બનશે કે લોકો તેમની ઈર્ષા કરશે. (નીતિવચન ૩:૧-૧૮)

પરંતુ આરાધના વિના જ્ઞાન જેવી કોઈ બાબત નથી. ઘણાં લોકો આજકાલ જ્ઞાન શોધે છે તે સારી બાબત છે. જ્ઞાન એટલે ડહાપણનો યોગ્ય ઉપયોગ. ડહાપણ વિનાનું જ્ઞાન ગર્વિષ્ઠ બનાવે છે અથવા ફુલાવી દે છે. તેનો અંત  છેવટે જીવનનો નાશ છે. ડાહ્યો પુરુષ જ્ઞાનથી ભરપૂર હશે પરંતુ બધા જ જ્ઞાની લોકો ડાહ્યા હશે નહિ.

હું માનું છું કે આજના આપણા સમાજમાં આપણે જરૂર કરતા વધુ જ્ઞાનથી ભરપૂર બન્યા છીએ. મોટા ભાગના લોકોના જીવનનું લક્ષ્ય શિક્ષણ છે છતાંએ વિશ્વ નૈતિક રીતે ઝડપથી પતનમાં ઘકેલાઈ રહ્યું છે. શિક્ષણ સારું છે પરંતુ તે જ્ઞાનથી વિશેષ નથી. ઈશ્વરનું વચન કહે છે કે જેમ તમે સોનું ચાંદી શોધો છો તેમ જ્ઞાનને શોધો તેને જીવવાની અતિઆવશ્યક જરૂરત બનાવી દો. જ્ઞાન કરતા વિશેષ મહત્ત્વનું કશું જ નથી અને આદર અને આરાધના તે જ્ઞાનનો આરંભ છે. આરાધકને ઈશ્વર જ્ઞાન શીખવશે.

## <u>આરાધનમાં કોઈ આવશ્યક્તા નથી</u>

*યહોવાનું ભય રાખનારા (જેઓ અહોભાવ સાથે આદરથી તેમની આરાધના કરે છે, ની આસપાસ તેનો દૂત છાવણી કરે છે અને તેમને છોડાવે છે.*

*અનુભવ કરો અને જુઓ કે યહોવા (અમારો ઈશ્વર) ઉત્તમ છે. જે માણસ તેના પર ભરોસો રાખે છે અને તેનામાં આશ્રય લે છે તેને ધન્ય (સુખી, ભાગ્યવાન, ઈર્ષા થાય તેવો) છે.*

*યહોવાના સંતો (તેને આદર અને આરાધના કરો) જેઓ સાચેજ ઈશ્વરનું ભય રાખતા આદરભાવથી આરાધના કરે છે તેમને કોઈપણ સારા વાનાની અછત હોશે નહિ.*
*ગીતશાસ્ત્ર ૩૪: ૭-૯*

તમારા જીવનમાં તમારો ઈશ્વરદૂત તમારા માટે કામ કરે તેવી તમારી ઇચ્છા છે ? તો પછી ઈશ્વરની આરાધના કરવાનું શરૂ કરી દો. કારણ કે બાઈબલ કહે છે જેઓ તેનો આદર અને આરાધના કરે છે તેમની ચોકી કરવા અને તેમને છોડાવવા તેના દૂતો તેમની આસપાસ છાવણી કરી રાખે છે. જેઓ ભક્તિ કરે છે તેમના માટે ઘણાં બધા ખાત્રીદાયક વચનો આપવામાં આવ્યા છે.

શુ તમારી બધી જરૂરિયાત પૂરી પાડવામાં આવે તેવુ તમે ઇચ્છો છો ? તો આરાધના કરવાનું શરૂ કરો કારણ બાઈબલ કહે છે કે જેઓ સાચેજ ઈશ્વરનું ભય રાખતા આદરભાવથી આરાધના કરે છે તેમને કશાની ખોટ પડશે નહીં ને તેમની કશી જરૂર બાકી નહીં રહે.

કદાચ તમને થાય જો આવુ છે તો પછી મારા જીવનમાં કેમ ઈશ્વર કશુ કરતા નથી !

હું માનુ છું તમારા જીવનમાં ઈશ્વર કાર્ય કરી રહ્યા છે. હું માનુ છું કે તમારા જીવનમાં તેઓ મોટુ કાર્ય કરી રહ્યા છે જો આપણે જોઈએ તો મોટા ભાગે આપણી પાસે શું છે તેના બદલે આપણી પાસે શુ નથી તે ગણવામાં આપણે સમય ગાળીએ છીએ. આપણી પાસે કેટલુ બાકી છે તેને જોવાના બદલે આપણે કેટલુ ગુમાવી દીધું તેનો જ વિચાર કરીએ છીએ. આથી આપણે ખરેખર કેટલા આશીર્વાદિત છીએ તે સમજતા અટકી જઈએ છીએ.

આભારી હૃદય એ આરાધનાનો એક ભાગ છે. અને 'આરાધક'નું તેવુ વલણ હોવુ જોઈએ. ઈશ્વર ઘણુ વધુ નાનકડી રીતે કરે છે. તે શૂન્યમાંથી સર્જન કરે છે. તે કણમાંથી મણ કરે છે. ૧ કરિંથી અધ્યાય ૧ મુજબ ઈશ્વર તેનુ કાર્ય નહીં જેવા, વિસાત વીનાના લોકો દ્વારા કરાવે છે. તેથી જો આપણી પાસે કશુ જ ન હોય, આપણું કશુ નહિ ઈશ્વરને આપીએ અને તેમાંથી તે કશુ જ બનાવી આવશે. આપણા જીવનમા જેની જરૂર છે તે સર્વ પૂરું પાડવામાં ઈશ્વરને કોઈ વિટંબણા નથી. જો આપણે તેની આરાધના કરીશુ અને આપણી સઘળી ચિંતા તેના પર નાખીશુ, તેની સૂચના પાળીશું તો આપણી સર્વ જરૂરિયાત ભરપૂરીપણાથી પૂરી પાડવામાં આવશે.

મેં મારા જીવનમાં ઘણું ગુમાવ્યું છે. મારી બાલ્યાવસ્થામાં મારુ શોષણ થયુ હતુ હવે બાળક બનવાની મને તક મળવાની નથી. લાંબા સમય સુધી મેં જે ગુમાવ્યું છે તેનો રંજ મને હતો. જે વર્ષો હું પાછા મેળવી શકતી નથી તેનો મને રજ હતો કારણ મોટા થઈને મને સમજાયુ કે મારી ઘણી સમસ્યાનું મૂળ મારા જીવનની ખોટી શરૂઆત હતી.

આખરે મને સમજાયુ કે જે ગુમાવ્યું છે તે બાબતે મારાથી કશુ થઈ શકે તેમ નથી.અને હવે કેટલું બાકી રહ્યું છે તે વિષે મેં વિચારવાનું શરૂ કર્યું. એક બાબત જે મારી અને તમારી પાસે છે તે છે ભૂતકાળની જિંદગી ભલે ને તે વર્ષો તમે જીવ્યા તે આનંદદાયક નહોતા છતાંએ તમારા પાસે ભવિષ્ય પડયુ છે.

હું જ્યાં હતી ત્યાંથી મેં ઈશ્વરની આરાધના શરૂ કરી અને તેમના વચનો બાબતે તેઓ વિશ્વાસુ છે તેવો ભરોસો રાખ્યો. મારી પાસે જે બાકી હતું તે મેં ઈશ્વરને આપી દીધુ અને કહ્યું, ''પ્રભુ હું આ રહી, મારી પાસે વધારે બાકી નથી પરંતુ હું તમારી છુ તમે મારો ઉપયોગ કરી શકો છો.''

તમે જ્યાં છો ત્યાંથી ઈશ્વરની આરાધના શરૂ કરો તે માટે હું તમને ઉત્તેજન આપુ છુ. અને તમારી પાસે જે નથી તે ભૂલી જાવ. આરાધનામાં કશી જરૂર નથી. જેમ આપણે તેમની આરાધના કરીશું તે આપણી જરૂરત પૂરી કરશે.

## <u>સ્તુતિ બચાવ કરે છે</u>

*હે યહોવા, મારા સામર્થ્ય હું તારા પર સતત અને ભક્તિભાવથી પ્રીતિ રાખુ છું.*

*યહોવા મારો ખડક, મારો ગઢ, મારો છોડાવનાર, મારો પ્રેમ, મારુ બખ્તર, અને મારુ સામર્થ્ય છે તેના પર હું ભરોસો રાખીશ. તે મારી ઢાલ છે અને મારા તારણનું શીંગ અને મારો ઊંચો બુરજ છે તેનામાં હું આશ્ચર્ય લઈશ.*

*યહોવા સ્તુતિપાત્ર છે તેમને હુ વિનંતી કરીશ અને એમ હું મારા શત્રુઓથી બચી જઈશ. ગીતશાસ્ત્ર ૧૮: ૧-૩.*

તેના શત્રુઓથી બચવા ગીતકર્તા શું કરવાનું કહે છે... **યહોવા સ્તુતિપાત્ર છે તેમને હું વિનંતી કરીશ.**

જો હું અને તમે સ્તુતિના દરવાજા મારફતે ઈશ્વરની હજુરમાં પ્રવેશીશુ અને તેમની આરાધના કરીશુ તો આપણા શત્રુઓ ગુંચવાઈ જઈને એકબીજા પર આક્રમણ કરવા માડશે

આપણે ગિદીયોન અને યહોશાફાટના દુશ્મનોનું શું થયું તે જોયું છે.

જ્યારે શેતાન આપણને બેચેન કરવા પ્રયત્ન કરે અને આપણે તેના પ્રતિભાવમાં ઈશ્વરની સ્તુતિ કરવા લાગીશું તો શેતાન અને તેના ભૂત ગુંચવાઈ જશે અને તેઓ અંદરોઅંદર એકબીજા પર હુમલા કરશે. અને તે પ્રક્રિયા દ્વારા આપણે પ્રસન્નતાના નવા સ્તર પર પહોચી જઈશું.

આપણે જોયુ છે કે ઈશ્વરના લોકોને ઘણી બધી બીક હોય છે. પરંતુ પ્રભુ આપણને જણાવે છે કે **ગભરાશો નહિ, હું તમારી સાથે છું.**

જૂના કરારમાં ઈશ્વર તેના લોકોની સાથે હતા — અને કેવા મહાભારત વિજય તેમણે મેળવ્યા હતા. પરંતુ આપણે તો તેનાથી આગળ જઈ શકીએ તેમ છીએ. કારણ કે ઈસ્ત્રાએલીઓને ઈશ્વરે તેમના દુશ્મનો સામે વિજય આપ્યો. તે આપણી સાથે છે એટલું જ નહિ પરંતુ આપણામાંના જેઓ ખ્રિસ્તી છે તેઓમાં તે છે.

મને એ વિચારવું ગમે છે કે મારા શ્વાસોશ્વાસ જેટલા તે મારી નજદીક છે. જેમ જીવવા માટે શ્વાસની જરૂર છે. તેટલી જ મારે ઈશ્વરની જરૂર છે. ઈશ્વર આપણું જીવન છે. જેમ પાઉલ કહે છે. **તેનામાં અમે જીવીએ છીએ અને હલનચલન કરીએ છીએ અને અમારુ અસ્તિત્વ છે.** (પ્રે.કૃ. ૧૭:૨૮) ઈશ્વર આપણુ સર્વસ્વ છે અને તે આપણી સ્તુતિ અને આરાધનાને યોગ્ય છે.

# અધ્યાય
# ૧૫

## ઈશ્વર મારા પક્ષે છે

*બાળકો તમે ઈશ્વરના છો અને તમે તેઓને હરાવ્યા છે અને જીત મેળવી છે (ખ્રિસ્ત વિરોધી એજેન્ટો ઉપર) કારણ કે જગતમાં જે છે તેના કરતા તમારામાં જે છે તે મોટો (બળવાન) છે. ૧ યોહાન ૪:૪*

લોકોને ઘણી જાતના ભય હોય છે જો કદાચ તેમનુ નામ લેવાનો પ્રયત્ન આપણે શરૂ કરીએ તો કદાચ લોકોની બીકની બાબતોની યાદી ખૂટી જાય.

બીજા બધાને જેની બીક હોય છે તે જ બીક ઘણા વિશ્વાસીઓને લાગે છે. તેથી જ ૧ યોહાન ૪:૪ જેવું શાસ્ત્રવચન આપણને અપાયુ છે – આપણને ખાત્રી કરાવવાને માટે કે સર્વશક્તિમાન ઈશ્વરની હાજરી સામર્થ્ય આપણામાં હોવાથી આપણે ગભરાવાની જરૂર નથી.

જ્યારે તમને બીક લાગે ત્યારે તમે તમારું બાઈબલ ઉઘાડી મોટેથી વાંચવા લાગો અને કહો, 'શેતાન મારે તારાથી ગભરાવાની જરૂર નથી કારણ કે ઈશ્વરનું વચન કહે છે કે મેં તને હરાવ્યો છે શેતાન. ઈશ્વર કે જે તારુ દુઃસ્વપ્ન છે તે મારા પક્ષે છે.'

ઈસુખ્રિસ્ત દ્વારા આપણે વિજેતાથી વિશેષ છીએ તેવુ બાઈબલ કહે છે તેનો અર્થ તમને ખબર છે ? હું ખરેખર માનું છુ કે આપણે ભયમાં જીવવાનું નથી. યુધ્ધની શરૂઆત થાય તે અગાઉ આપણને જણાવી દેવામાં આવ્યું છે કે આપણે જીતી ગયા છીએ. આપણને

પરિણામની ખબર છે – આપણે જાણીએ છીએ કે આપણે વિજયી બનીશું !

આપણને યુધ્ધ કરવું ગમતુ નથી. ભયની સામા થવું કંઈ હંમેશા સહેલુ નથી. પરંતુ આપણે ઉત્તેજન પામીએ કે શેતાને જે કાંઈ આપણને હેરાન કરવા ગોઠવ્યું છે ઈશ્વર તે દ્વારા આપણું ભલુ કરનાર છે.

જો ઈશ્વર આપણા પક્ષે છે અને જો આપણે તેમના પક્ષે છીએ તો અંતે બધુ જ આપણા ભલા માટે થનાર છે કારણ કે જે ઈશ્વરના પક્ષે હોય છે તેને વિજય મળનાર છે. આ પ્રસ્થાપીત કરાયેલ સત્ય છે. ઈશ્વરનો પક્ષ જીતનાર પક્ષ છે !

## "<u>પરંતુ ઈશ્વર....</u>"

*પણ જ્યારે આપણે પાપી હતા, ત્યારે ખ્રિસ્ત (મસિહા, અભિષીક્ત) આપણે સારુ મરણ પામ્યા એમ કરવામાં ઈશ્વરે આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કર્યો છે અને સ્પષ્ટ રીતે એ સત્ય સાબિત કર્યું છે. કે તે આપણા પર પ્રેમ રાખે છે.*
*રોમન ૫:૮*

જ્યારે બાઈબલમાં એક શબ્દ હું વાચું છુ ત્યારે ઘણી ઉત્તેજના અનુભવું છું. તે તો બે નાના શબ્દો છે પરંતુ સમસ્ત બાઈબલમાં તે વાંચવાના મળે છે અને કદાચ સૌથી વધુ શક્તિશાળી બે શબ્દો હશે.

તે આ છે : પરંતુ પ્રભુ......

બાઈબલમાં વાંચીએ તો સતત એવુ વાંચવા મળે છે કે ઈશ્વરના લોકો માટે શેતાન ઘણી ભયાનક વિનાશક યોજનાઓ બનાવી હતી. તે પછી આ નાનકડા શબ્દ આવે છે. પરંતુ ઈશ્વરે અને તે પછી વિજયની વાર્તા વાંચીએ છીએ.

ઉપરના શાસ્ત્રવચનમાં જે સત્ય દર્શાવ્યુ છે તે એ છે કે આપણે બધા પાપી છીએ. એવી સ્થિતી કે જે મૃત્યુ અને શિક્ષા માટે યોગ્ય છે તે પછીના શબ્દો પરંતુ ઈશ્વર.....પ્રક્રિયામાં ખલેલ પહોંચાડે છે. પરિસ્થિતીમાં ઈશ્વરનો પ્રેમ લાવવામાં આવે છે અને બધુ જ બદલાઈ જાય છે જ્યારે આપણે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યા અને એમ પોતાનો પ્રેમ સાબિત કર્યો છે. તેમણે એ સાબિત કર્યું છે કે પાપની વિનાશકતામાંથી તેમનો પ્રેમ દખલઅંદાજી કહી શકે છે.

*અહીંયા એક બીજુ ઉદાહરણ છે જેમાં શેતાનની દુષ્ટ યોજનામાં ઈશ્વર દખલઅંદાજી કરે છે.*

*પછી પૂર્વજોએ (યાકુબના દિકરાઓએ) યૂસફ પર ક્રોધીત, થઈ અદેખાઈ અને તિરસ્કાર રાખીને તેને મિસરમાં લઈ જવા સારુ ગુલામ વેંચી દીધો, પરંતુ ઈશ્વર તેની સાથે હતો. તરીકે*

*તેણે તેના સર્વ સંકટોમાંથી તેને છોડાવ્યો અને તેને એવી બુદ્ધિ, સારી શાખ, જ્ઞાન આપ્યા કે મિસરનો રાજા ફારુન તેના પર પ્રસન્ન થયો. તેણે તેને મિસર પર તથા પોતાના આખા મહેલ પર અધિકારી નીમ્યો. પ્રે.કૃ. ૭:૯,૧૦*

શેતાને યૂસફના ભાઈઓના મન તેની વિરુદ્ધ ઈર્ષાને તિરસ્કારથી ભરી દઈને યૂસફનો નાશ કરવાની યોજના કરી હતી. તેઓએ યૂસફને ગુલામ તરીકે વેચી દીધો અને માની લીધુ કે હવે યૂસફની બલા ટળી ગઈ. પરંતુ ઈશ્વરની બીજી યોજના હતી. ઈશ્વર શેતાનની યોજનામાં હસ્તક્ષેપ કરે છે અને યુસફના જીવનમાં અજાયબ જેવા આશીર્વાદ લાવે છે.

આજ રીતે આપણા દૈનિક જીવનમાં બનવું જોઈએ. કદાચ દાખલા તરીકે કોઈ વાર્તા આ પ્રમાણે બની શકે. તમને દશ વર્ષથી નોકરી કરો છો અને એમ માનો છો કે આજ તમારુ ભવિષ્ય છે અને પછી કંપનિ બંધ થઈ જાય છે. તમને લાગે છે મારુ ભવિષ્ય ખલાસ થઈ ગયું. પરંતુ ઈશ્વર તમને તમારી અગાઉની નોકરી કરતા વધુ સારી નોકરીમાં મુકશે. ઈશ્વર તમારા પર પોતાની મહેરબાની દર્શાવવા. જે માટે યોગ્યતા ન ધરાવતા હો તેવી નોકરી તમને અપાવશે જે માટે તમારામાં કુદરતી તાકાત નથી પરંતુ તે નોકરી યોગ્ય રીતે કરવા ઈશ્વર કૃપા પૂરી પાડશે અને તમારી પાસે એવુ કાર્ય કરાવશે જે તમે કરી શકવાને સક્ષમ છો તેવી કલ્પના તમે અથવા બીજા કોઈએ કદી નહીં કરી હોય.

મારા પોતાના જીવનમાં આવી જ પરિસ્થિતી બની હતી. અમારુ વતન સેંટ લુઈસ મીસુરીમાં હું ૧૯૮૦માં નોકરી કરતી હતી. મારા પતિ ડેવ પણ તેજ વિસ્તારમાં કામ કરતા હતા તેથી અમે એક જ વારમાં કામે જતા હતા નોકરી ઘણી સારી હતી, પગાર અને ઘણાં લાભ મળતા હતા અને મને થયુ હું આ નોકરી મેળવીને આશીર્વાદિત થઈ છુ પછી કસોટી આવે છે.

મારા અધિકારી કે જેઓ ખ્રિસ્તી નહોતા તેમણે મને એક છેત્તરપીંડીમાં ભાગીદાર બનવામાં મદદ કરવા જણાવ્યું એક ગ્રાહકના ખાતામાં નાણાં જમાં બોલતા હતા કારણ તેમણે એક બીલ બે વાર ભર્યુ હતુ. તેનો અર્થ કે અમારે તેને નાંણા આપવાના હતા. અમારા અધિકારીને પૈસા પાછા નહોતા આપવા માટે તે ગ્રાહક તેના ખાતામાં જમા પૈસા છે તેવુ ન જાણે તેમ ઈચ્છતા હતા. તે ઈચ્છતા હતા કે ફરીથી હું આ પૈસા ઉધારી નાખુ ને તેના ખાતામાં શુન્ય જમા દર્શાવું.

હું રાત્રે ઘરે ગઈ અને પરિસ્થિતીથી બેચેન બની ગઈ હતી. મારો અંતરાત્મા મને સ્પષ્ટ જણાવતો હતો કે મારાથી આવુ ન થાય પરંતુ મને નોકરી ગુમાવવાનો ભય હતો. અમારે નાણાંકીય જરૂરિયાત હતી માટે મારે કામ કરવું જરૂરી હતું.

મેં નક્કી કર્યુ કે હું અધિકારીને જણાવીશ કે મારાથી આવુ થઈ શકશે નહિ. ખરેખર

આ નિર્ણયના લીધે હું ઈશ્વરની આરાધના કરવા લાગી. કદાચ મેં મારા હાથ ઊંચા કરી અથવા નમી પડીને પ્રાર્થના સ્તુતિ અથવા આરાધના કરી નહીં હોય પરંતુ મારી પ્રવૃતિ તેની આરાધના હતી. મેં ઈશ્વર તથા તેમના સિદ્ધાંતોને પ્રથમ સ્થાન આપ્યુ. તેનો અર્થ કે મારે નોકરી ગુમાવવી પડે તેમ હતું.

જ્યારે મારા અધિકારીને મેં વાત કરી ત્યારે તેઓ ઈશ્વરની જેમ દેખાતી રીતે ગુસ્સે થયા પરંતુ મને પાછા કામ પર જવા કહ્યું. મેં તો તેમને કહ્યું કે હું ખ્રિસ્તી છું જો કે હું જાણતી હતી કે તેઓ મારા વિશ્વાસના નહોતા મેં કહ્યું ગ્રાહકને છેતરવા માટે મારો અંતરાત્મા મને ના પાડે છે.

મેં તેમને જણાવ્યું કે મારે નોકરી ગુમાવવી નથી પરંતુ હું જે ખરૂ માનુ છુ તે જ કરવા ઈચ્છુ છું.

મને ચોક્કસ ખાત્રી હતી કે દિવસ દરમ્યાન તે મારા ઑફિસમાં આવીને મને છુટી કરી દેશે પરંતુ દિવસના અંતે તેઓ આવ્યા અને મને કહ્યું કે તે ગ્રાહક પર ચેક મોકલી આપો. તેમણે ફરીથી તેની વાત કરી નહીં મેં પણ કશું જ કહ્યું નહિ. પરંતુ ઈશ્વરે તે જોયુ અને મને કંપનિમાં બઢતી આપી અને છેવટે હું કંપનીની બીજા નંબરની અધિકારી બની ગઈ.મારી સ્થિતી યૂસફના જેવી જ બની હતી. વારંવાર અમારા અધિકારી બહાર જતા અને આખી કંપનિની જવાબદારી મારા પર રહેતી હતી. આ કાર્ય કરવાનું શિક્ષણ મારી પાસે નહોતુ જેને દુનિયા લાયકાત ગણે તે મારી પાસે નહોતી પરંતુ અલૌકીક રીતે ઈશ્વરે મારા માટે દ્વાર ઉઘાડ્યુ અને મને કાર્ય કરવા માટેની કૃપા આપી.

જે પરિસ્થિતી ભયંકર લાગતી હતી તેને ઈશ્વર, શેતાનની નાશની યોજનામાં હસ્તક્ષેપ કરીને આશીર્વાદમાં પલટી નાંખી હતી.

કુદરતી દૃષ્ટિ કરતા વિશ્વાસની દૃષ્ટિથી વસ્તુઓને જોવાનું આપણે શીખવું જોઈએ. જ્યારે ઈશ્વર દશ્યમાં પ્રવેશ કરે છે ત્યારે જે પરિસ્થિતી સામાન્ય ઘટના લાગતી હોય તે સંપૂર્ણપણે બદલાઈ જાય છે.

જ્યારે ઈશ્વરે મને સેવા માટે તેડુ આપ્યું ત્યારે લોકો મને કહેવા લાગ્યા, “જોઈસ અમે જૂથ તરીકે ચર્ચા કરી છે અને અમને લાગે છે કે તમે જે કહો છો કે ઈશ્વર તમને આ કાર્યો કરવા બોલાવ્યા છે તે થવાની કોઇ શક્યતા દેખાતી નથી. આવું કાર્ય કરવા તમારુ વ્યક્તિત્વ યોગ્ય નથી.”

મને યાદ છે જ્યારે મને આવુ જણાવવામાં આવ્યું ત્યારે મને ખુબ ખરાબ લાગ્યુ. હું નિરાશ થઈ ગઈ ભાંગી પડી પરંતુ ઈશ્વરે મને બોલાવી છે તે મને યોગ્યતા બક્ષે છે. જેને

બીજાઓ એ નકામું ગણ્યુ તેમાં ઈશ્વરે મૂલ્ય જોયું છે. તેમણે મારી મદદ કરી અને તેવુ જ તે તમારા માટે કરશે.

## <u>તેઓ ઊંધા પડયા</u>

*અને આખી જમાતે મોટો ઘાંટો પાડીને પોક મૂકી; અને તે રાત્રે લોક રડયા.*

*અને સર્વ ઈસ્ત્રાએલપુત્રોએ મૂસાની વિરુદ્ધ તથા હારુનની વિરુદ્ધ કચકચ કરી, અને આખી જમાતે તેઓને કહ્યું, અમે મિસર દેશમાં મરી ગયા હોત તો સારુ, અથવા આ અરણ્યમાં મરી ગયા હોત તો સારું !*

*અને તરવારથી મરી જઈએ માટે યહોવા અમને આ દેશમાં કેમ લાવ્યો છે ? અને અમારાં સ્ત્રી બાળકો લૂટરૂપ થશે, મિસરમાં પાછા જવું એ શું અમારે વધારે સારું ન હોય ?*

*અને તેઓએ એકબીજાને કહ્યું, આપણે સરદાર ઠરાવીને મિસરમાં પાછા જઈએ.*

*ત્યારે ઈસ્ત્રાએલ પુત્રોની એની જમાતની આપી સભાની આગળ મૂસા તથા હારુન ઊંધા પડયા.* *ગણના ૧૪: ૧-૫*

ઈસ્ત્રાએલી જમાતની કચકચ ને ફરિયાદના પ્રત્યુત્તરમાં હારુન અને મૂસાની પ્રતિક્રીયા નોંધવા લાયક છે – તેઓ ઊંધા પડયા.

આ ઊંધા પડવાની ક્રિયા સમસ્ત બાઇબલમાં વાંચવા મળે છે. જો બધા ઇસ્ત્રાએલીઓ ઊંધા પડયા હોત તો, તેમણે ઘણા ચમત્કારો જોયા હોત પરંતુ નાજી, તેઓ તો પોતાની દયા ખાવામાં વ્યસ્ત હતા અને ઈશ્વર અને મૂસાની ભૂલ શોધતા હતા. નકારાત્મક વાત કરી તેઓ મિસર પાછા જવા માગતા હતા.

પરંતુ મૂસા અને હારુન માટે પ્રભુનો આભાર તેઓ ઊંધા પડીને ઈશ્વરની આરાધના કરવા લાગ્યા. તેમની ક્રિયાથી તેમણે ઈશ્વર પ્રત્યે આદર દર્શાવ્યો. આ ક્રિયા તેમણે સમસ્ત જમાત સમક્ષ કરી. મને ખાત્રી છે કે આતો પદાર્થપાઠ હતો કે લોકો તેમાંથી શીખે.

ઉત્પત્તિ ૧૭માં આવુ બીજ ઉદાહરણ ઇબ્રામ વિષે જોવાનું મળે છે. જ્યારે તે **નવાણુ વર્ષની ઉંમરનો હતો, પ્રભુએ તેને દર્શન આપીને કહ્યું, “હું સર્વશક્તિમાન ઈશ્વર છું, મારી સમક્ષ સંપૂર્ણતામાં જીવન જીવ (દોષ રહીત, પૂર્ણ હૃદયથી, પૂરેપૂરી રીતે)** ઇબ્રામ તેના પ્રતિક્રીયારૂપે જમીન પર ઊંધો પડયો. મને આ ઉદાહરણ ગમે છે. કારણ કે ઇબ્રામ જાણતો હતો કે ઈશ્વરની મદદ વીના તે ઈશ્વર સમક્ષ સપૂર્ણતામાં ચાલી શકે નહિ. ઈશ્વર દ્વારા વીના જે અશક્ય હતુ તે ઈશ્વર દ્વારા શક્ય બને તેમ હતું તેથી તેણે આરાધના કરી. તે એટલું જ

કરી શકે તેમ હતો અને બાકીનું ઈશ્વરે પૂરું કર્યું.

જ્યારે આપણે અશક્યતાઓનો સામનો કરીએ ત્યારે આપણે મૂકી ના દેવું પરતુ આપણે આરાધના કરવાની અને આપણા બદલે ઈશ્વરને કાર્ય કરતા જોવાના યાદ રાખો, જેઓ વિશ્વાસ કરે છે તેમને માટે સર્વ કાંઈ શક્ય છે.

## <u>યહોવા આપણી સાથે છે !</u>

*અને નૂનનો દીકરો યહોશુઆ તથા યફૂન્નેહનો દીકરો કાલેબ, જેઓ દેશની જાસુસી કરનારાઓમાં હતા, તેઓએ પોતાના વસ્ત્ર ફાડયાં.*

*અને તેઓએ ઈસ્ત્રાએલપુત્રોની આખી જમાતને કહ્યું કે, જે દેશની જાસૂસી કરવા અમે જઈ આવ્યા તે અત્યુત્તમ દેશ છે.*

*જો યહોવા આપણા ઉપર પ્રસન્ન થશે, તો તે આપણને તે દેશમાં લાવશે, ને તે આપણને આપશે; તે તો દૂધ-મધની રેલછેલવાળો દેશ છે.*

*ફક્ત યહોવાની વિરુદ્ધ તમે દંગો ન કરો, તેમ જ દેશના લોકોથી તમે ન બીહો, કેમ કે તેઓ તો આપણો ભક્ષ છે; તેઓનો આશ્રય તેઓની પાસેથી જતો રહ્યો છે, ને યહોવા આપણી સાથે છે, તેઓથી ન બીહો. ગણના ૧૪: ૬-૯*

નકારાત્મક અને અવિશ્વાસથી ભરપૂર એવા લોકોના સમૂહથી યહોશુઆ અને કાબેલ ઘેરાયેલા હતા. યહોશુઆ અને કાબેલે લોકોની નકારાત્મક અસર પોતાના પર પડવા દીધી નહિ. તેઓન પૂર્ણ વિશ્વાસ અને ખાત્રીથી ભરેલા હતા કે તેમના દુશ્મનો પર વિજય મળશે. આપણે પણ સંકલ્પબધ રહેવાનું કે આવા લોકો આપણું હકારાત્મક વલણ અને આનંદ છીનવી ન જાય. તેઓને તમારા વિશ્વાસને ખાત્રી કે ઈશ્વર ભલા છે તેનો તેનો નાશ કરવા ન દો. ઈશ્વરની તમારા જીવન માટે સારી યોજના છે. શેતાન આવા લોકોનો ઉપયોગ કરી આપણને ખેંચવા માગે છે તેમની દુદર્શાને નકારાત્મક વલણ આપણા આનંદને અસર ન કરી શકે.

જીવનમાં એવા સમયો આવે છે જ્યારે સંજોગો ઉત્તેજનાભર્યા નથી હોતા આપણે પ્રશ્નોને જોઈએ તો તે રાક્ષસ જેવા લાગે છે પરંતુ આપણે યાદ રાખીએ કે ઈશ્વર રાક્ષસ કરતા પણ મોટા છે.

યહોશુઆ કાબેલ આવી જ સ્થિતીમાં મુકાઈ ગયા. મૂસાએ તેમને તથા બીજા દસને વચનના દેશ કનાનની જાસુસી કરવા મોકલ્યા હતા અને અહેવાલ આપવાનો હતો. દસે પાછા આવીને કહ્યું, ‘દેશ ફળોથી ભરપૂર છે પરંતુ ત્યાં રાક્ષસો રહે છે અને આપણે તેમને

હરાવી શકીએ તેમ નથી.

પરંતુ યહોશુઆ ને કાબેલનું વલણ જુદુ હતું. તેમણે પણ રાક્ષસો જોયા હતા પરંતુ તેમણે પોતાની દૃષ્ટિ ઈશ્વર તરફ રાખી, જેઓ પર તેઓનો વિશ્વાસ હતો તે રાક્ષસોથી મોટો છે તેમણે કહ્યું, ‘‘ચાલો અત્યારે જ જઈએ અને આપણે તેમને હરાવીએ કારણ આપણે સક્ષમ છીએ.’’ નકારાત્મક લોકોએ કહ્યું, ‘આપણે સક્ષમ નથી.’

જીવનમાં પણ આવુ જ બને છે. ઘણા લોકો હકારાત્મક હોય છે તેઓ આગળ વધવા માગે છે. અને અમુક નકારાત્મક લોકો હોય છે તેઓ પોતાના વર્તાવથી બધી જ સારી બાબતને બગાડી નાંખવા પ્રયાસ કરે છે. દસ જાસુસો નકારાત્મક હતા બે જાસુસો હકારાત્મક હતા. આંકડાની દૃષ્ટિએ જોઈએ તો ૮૦% લોકો કહે છે. તેઓ રાક્ષસોને હરાવી શકશે નહિ. માત્ર ૨૦% લોકો એ પ્રશ્ન કરતાં પ્રભુ પર વિશ્વાસ રાખ્યો. આજે પણ આજ આંકડો એટલોજ છે. જો વધુ લોકો ઈશ્વરનાં મહાન તાકાત પર વિશ્વાસ કરશે તો આપણે જોઈએ છીએ તેનાથી વધારે લોકો સફળ થતા હોત.

દુઃખ સાથે કહેવુ પડે છે કે આપણી દૃષ્ટિ ઈશ્વર તરફ નહીં પરંતુ રાક્ષસો પર હોય છે. આપણે આપણું ધ્યાન ગુમાવી દઈએ છીએ આપણે સમસ્યામાં ભરાઈ જઈએ છીએ અને ઈશ્વરે જે કરવા બોલાવેલા હતા તે વિસરી જઈએ છીએ. હું માનું છુ કે જો આપણે વધુ સમય આરાધના અને સ્તુતિમાં ગાળીશુ ઈશ્વર આપણને સ્પષ્ટ દૃષ્ટિ રાખવા મદદ કરશે અને હકારાત્મક વલણ સાથે આગળ વધવાને મદદરૂપ બનશે, કે ઈશ્વર જે કહે તે આપણે કરી શકીશું.

યહોશુઆ અને કાબેલે લોકોને યાદ કરાવ્યું કે ઈશ્વરે તેમને તે દેશ આપી દીધો છે. તેમણે લોકોને ઈશ્વરની વિરુદ્ધ બળવો ન કરવા ને લોકોથી ન બીવા માટે ઉત્તેજન આપ્યું. તેઓએ કહ્યું; ‘‘ઈશ્વર અમારા પક્ષમા છે.’’

ઈશ્વર શત્રુઓ સાથે નથી. તે આપણી સાથે છે જો ઈશ્વર આપણી સાથે છે તો આપણી સામે કોણ ? હું તમને ઉત્તેજન આપવા ચાહુ છુ કે તમે સારા વર્તાવ રાખવાનો મહાવરો રાખો, સંતોષી, આભારી રહો. તમે શું માનો છો તે તમારા માટે તે કરે છે એમ નહીં પરંતુ તે ઈશ્વર ખરેખર કરે છે તે જૂઓ ફરીયાદ કરવા બાબતે, સાવધાન રહો તેના બદલે ઈશ્વરની આરાધના કરો અને જીવનમાં પરિવર્તન આવે ત્યાં સુધી તમે કરો. તમો સારો વર્તાવ કરશો. એટલે પરિવર્તન આવશે ઢીલા ન રહેતા ઝડપથી વધુ કરવા માંગો ભલેને લાંબો સમય રાહ જોવાની હોય પરંતુ રાહ જોતી વખતે ખુશી રહી શકીએ છીએ. આ પ્રક્રિયાને ‘‘તમે જ્યાં જવાના છે ત્યાં જવાના રસ્તે આનંદ માણો’’ કહેવાય છે.

પાઉલ પુષ્કળતામાં અને તંત્રાશમાં સંતોષી રહેતા શીખ્યો હતો અને આપણે પણ તેમ જ કરી શકીએ છીએ.

*હું વ્યક્તિગત જરૂરતમાં છું એમ નથી; કેમ કે જે અવસ્થામાં હું છું, તેમાં સંતોષથી રહેવાને હું શીખ્યો છું (હું સંતુષ્ટ છું કે બેચેન અથવા અધીરો બનતો નથી.)ફિલીપી ૪:૧૧*

પાઉલ અનુભવથી શીખ્યો હતો કે શું કાર્ય કરશે અને શું કાર્ય નહીં કરે. હું શીખી છું અને હજુ પણ શીખ્યા કરુ છું કે અસંતોષી રહેવુ તે આરાધના નથી. હું એ વાત મનમાં ઠસાવુ છું કે તે મારુ કશુ સારુ કરશે નહિ. અસંતોષી રહી સમય વેડફવા માગતી નથી. જો બધી સમસ્યા હલ થાય ત્યારપછી ખુશી થવાને રાહ જોઈશુ તો પછી હમણાં ખુશ થવાની તક મળશે જ નહિ !

પાઉલની માફક ભલેને વર્તમાન પરિસ્થિતી ગમે તે હોય આપણે જાણીએ કે ઈશ્વર અમારી સાથે છે. હકીકતમાં તો આપણી આગળ છે. તેમને ખબર છે શું બનનાર છે અને તેમની યોજના નિષ્ફળતા માટેની નથી પરંતુ ભલાઈ માટેની છે.

## ગભરાશો નહીં - ઈશ્વર તમારી આગળ જાય છે

*બળવાન તથા હિંમતવાન થાઓ અને સ્થિર રહો, બીહો મા, ને તેઓથી ભયભીત ન થાઓ, કેમ કે જે તારી સાથે જાય છે તે તો યહોવા તારો ઈશ્વર છે; તને તે છોડી દેશે નહિ ને તને તજી દેશે નહિ.*

*અને મૂસાએ યહોશુઆને બોલાવીને સર્વ ઈસ્ત્રાએલના દેખતાં તેને કહ્યું કે, બળવાન તથા હિંમતવાન થા, સ્થિર રહે, કેમ કે જે દેશ આ લોકોને આપવાને યહોવાએ તેઓના પિતૃઓની આગળ સમ ખાધા છે. તેમાં તું તેઓને સાથે જશે; અને તું તેઓને તે દેશનો વારસો અપાવશે.*

*અને જે તારી આગળ જાય છે તે તો યહોવા છે. (બીકણ ના બનીશ) પરંતુ તે તારી સાથે રહેશે, તે તને છોડી દેશે નહિ, ને તને તજી દેશે નહિ બીશ મા તે હબકી જઈશ મા (હતાશ થતો નહી, ગેરમાર્ગે જતો નહીં, ખોટો સાવધ બનતો નહીં)પૂર્નનિયમ ૩૧: ૬-૮*

આ ફકરામાં મૂસા ઈસ્ત્રાએલીઓને જણાવે છે કે તમે બળવાન, હિંમતવાન બનો અને સ્થિર રહો. તમને ખબર છે સ્થિર રહેવુ એટલે શું ? તેનો અર્થ કે જેને ખરૂ માનો છો તેમાં ચીકટી રહેવુ કોઇ તમોને તેમાંથી હરાવી શકે નહિ.

મૂસાએ યહોશુઆને બળવાન, હિંમતવાન ને સ્થિર રહેવા જણાવ્યું કારણ તે લોકોને વચનના દેશમાં દોરી જવાનો હતો. તેણે તેને ખાત્રી આપી કે ઈશ્વર કદી નિષ્ફળ નહિ જાય

અથવા તેને ત્યજી દેશે નહિ, પરંતુ તે તેમની આગળ જઈ તેમના માટે વિજય પ્રાપ્ત કરશે. આપણે જોયુ છે તેમ આજ વચન તમને અને મને અપાયુ છે.

એવુ વિચારવું દિલાસાદાયક છે કે જ્યાં કાંઈ આપણે જઈએ છીએ ત્યાં ઈશ્વર આપણી અગાઉ માર્ગ તૈયાર કરવા ગયા છે સમસ્ત વિશ્વમાં અમે જે કોનફરન્સ ભરીએ છીએ તે માટે અગાઉ કોઇ માર્ગ તૈયાર કરવા જાય છે. તેઓ એ વાતની ખાત્રી કરી લે છે કે હું અને ડેવ ત્યાં પહોંચીએ તે અગાઉ બધી વ્યવસ્થા બરોબર થયેલી છે. દા.ત. તરીકે વિશ્વના એક બીજા ભાગમાં અમે કોનફરન્સનું આયોજન કર્યું હતુ. અમારો કર્મચારી ત્યાં ગયો ત્યારે તેણે જોયુ કે જે સ્થળે સભાનું આયોજન કરવામાં આવેલુ તે સ્થળે શહેરમાંથી જવુ આવવુ ઘણુ મુશ્કેલ હતું. એકમાર્ગી રસ્તાના લીધે સભામાંથી પાછા જવામાં મુશ્કેલી પડે તેમ હતુ કદાચ ચાર કલાક જેટલો સમય જાય.

અમે તેમને થોડા મહિના અગાઉ મોકલ્યા હતા. તે ફળવંત રહ્યું. તેમણે સભાનું સ્થળ બદલી નાખ્યું અને ઘણો સમય બચી ગયો અમારા પહોંચ્યા અગાઉ શહેરમાં બે દિવસ અગાઉ અમે ટીમને જે તે શહેરમાં મોકલીએ છીએ. તેઓ એ વાતની ખાત્રી કરી લે છે કે તેઓ બધી જગાના જરૂરી માહિતી મેળવે છે. તેઓ બધી વ્યવસ્થાને હૉટલની માહિતી અમારા આગમન અગાઉ તપાસી લે છે. તેથી જ્યારે અમે પહોંચીએ છીએ ત્યારે અમે લોકોની સેવા કરવા તરફ ધ્યાન આપીએ છીએ.

વધારાની માહિતીમાં સામેલ થતા નથી. આના લીધે ખરેખર અમારી સેવા વધુ ફળદાયક બને છે.

આ જાણકારી મને દિલાસો હળવાશ આપે છે, તે મને આત્મવિશ્વાસ આપે છે. તેજ રીતે મારા જીવનની દરેક પરિસ્થિતીમાં મારી અગાઉ ઈશ્વર પસાર થયા છે તે જાણવાથી મને ખૂબ મોટો આત્મવિશ્વાસ આવે છે અને હું ગભરાયા વીના જીવી શકુ છુ.

દાખલા તરીકે જો તમારે કોઈ કોર્ટ કેસમાં જવાનું હોય તો તમારે સમજી લેવાનુ કે ઈશ્વર તમારી અગાઉ ત્યાં પહોંચી ગયા છે. અથવા જો તમારે માલિક સાથે કામની કોઇ બાબતે સંઘર્ષ થયો છે. તો વચન જે કહે છે તે માનો વિશ્વાસ રાખો કે ઈશ્વર તમારા અગાઉ જઇને માર્ગ તૈયાર કરશે તે તમને તરફદારી અપાવશે અને સમય આવે ત્યારે યોગ્ય શબ્દ પૂરા પાડશે.

આવી પરિસ્થિતીનો સામનો કરતી વખતે તમારા વિચારો બાબતે ખૂબ સંભાળ રાખવા હું તમને ઉત્તેજન આપુ છું. મોટે ભાગે આપણે પ્રાર્થના કરી ઈશ્વરની મદદ માગીએ છીએ. આપણે ચમત્કારની માંગણી કરીએ પરંતુ આપણા વિચારો અને કલ્પનામાં આપણે હોનારત ને નિષ્ફળતા જોઇએ છીએ. બધી જ કલ્લ્પનાઓને ફેંકી દો અને જે કોઈ બાબત ઈશ્વરના

વચન સાથે સંમત ન થાય તેને ફગાવી દો.

દાઉદ ગીતકર્તાએ કહ્યું છે.....મારા મુખના શબ્દો તથા હૃદયના વિચારો તારી આગળ માન્ય થાઓ. (ગીત ૧૯:૧૪) જ્યારે આપણા વિચારો અને શબ્દો ઈશ્વરના વચન સાથે સંમત થાય છે ત્યારે ઈશ્વર પ્રસન્ન થાય છે.

જ્યારે આપણને કોઈ પરિસ્થિતીમાં ઈશ્વરના સામર્થ્યની જરૂર હોય ત્યારે કંઈક હકારાત્મક માંગી અને પરિસ્થિતી વિષે નકારાત્મક બોલી શકાય નહિ. આપણે જેની જરૂર હોય તેજ માંગીએ અને ઈશ્વરના વચન અનુસાર આપણા વિચારો ને શબ્દો તેજ લાઈનમાં રાખીએ.

વિશ્વાસ રાખ અને તું ઈશ્વરનો મહિમા જોઈશ !

# અધ્યાય
# ૧૬

## સ્થાનમાં રહો

*આ લડાઈમાં તમારે યુધ્ધ કરવું નહિ પડે; હે યહૂદિયાના તથા યરૂશાલેમના લોકો સ્થિર થઈને ઊભા રહો, અને યહોવા તમારુ કેવુ રક્ષણ કરે છે તે જુઓ, બીશો નહિ, તેમ ગભરાશો પણ નહિ કાલે નીકળીને તેઓની સામે જાઓ, યહોવા તમારી સાથે છે. ૨ કાળવૃત્તાંત ૨૦:૧૭*

એફેસી ૫ અધ્યાયમાં આપણે આત્મિક યુધ્ધ વિષે વાંચીએ છીએ. ત્યાં આપણને કહેવામાં આવેલુ છે કે અતિ આવશ્યક સર્વ બાબતો કર્યા બાદ ઊભા રહો. પછી ૨ કાળવૃત્તાંત ૨૦ કહ્યુ છે આપણે પોતાનું યુધ્ધ લડવાનું નથી, કારણ યુધ્ધ આપણુ નથી યહોવાનું છે. આપણે તો માત્ર આપણુ સ્થાન ગ્રહણ કરી ત્યાં ઊભા રહી વિજય જોવાનો છે.

આપણુ સ્થાન શું છે ? મને લાગે છે ઈશ્વરની આરાધના છે.

યહૂદાહ અને ઈસ્ત્રાએલના શત્રુઓની માફક શેતાને આપણા પર હુમલો કરવાનો ને નાશ કરવાની યોજના બનાવી છે. તે યોજના મુજબ કાર્ય કરે છે પરંતુ ઈશ્વર.......તેના માટે આશ્ચર્ય રાખ્યું છે.

મારો એક સારો મિત્ર ગ્રીક ભાષાનો નિષ્ણાંત છે તેણે તાજેતરમાં યોહાન ૧૦:૧૦ મારા પર લખી મોકલી છે. તે હું તેમને જણાવવા ઈચ્છુ છું. તે દર્શાવે છે કે ખૂન કરવા, ચોરી કરવા અને નાશ કરવા શેતાન કેટલો દૃઢ નિશ્ચયી છે પરંતુ ઈસુ પાસે બીજી યોજના છે.

ચોર તે આત્મિક બંદિ તમારા જીવનમાં બધા જ સારા વાના પર હાથ સાફ કરવા માગે છે આ ખિસ્સાચોર તમારા ખાનગી જીવનમાં તમે જે બધુ ખૂબ પ્રેમથી ને જતનથી સાચવી રાખો છો,

તે કાઢી લેવા માગે છે અને માત્ર આટલુ જ નથી. તમારી માલમિલકતના લૂંટી લીધા પછી તે તમોને તે બીજા તબક્કે અંધ બનાવી લૂટવા માટે યોજના બનાવે છે. તે એવી સ્થિતી અને સંજોગો ઊભા કરશે જે તમને સમસ્યાના હલ માટે માર્ગ દેખાશે જ નહિ. તમને તે એવા દબાણ હેઠળ મુકવા પ્રયાસ કરશે કે તમારો ટુવાલ પણ ફેકી દેશે અને તમારુ જે હજુ ચોરયુ નહિ તે બધુ તેને આપી દેશે. આ ચોરનું લક્ષ સંપૂર્ણ બગાડ ને તમારા જીવનનો સત્યાનાશ છે. જો કોઈ તેને રોકશે નહીં તો તે તમને તમારા જીવનના બધા જ ક્ષેત્રોમાં સંપૂર્ણ સાફ, તળીયા ઝાટક કરી, સંપૂર્ણ તોડી નાખી, જડ બનાવી દેશે. તમને અંતે એવી લાગણી થશે કે તમે ખતમ થઈ ગયા છો અને હવે કશુ કરી શકો તેમ નથી ! કદી ભૂલ કરશો નહી તેનું અંતિમ લક્ષ તમારુ નામનિશાન મીટાવી દેવાનું છે.

“પરંતુ હું એટલા માટે આવ્યો છુ  જીવવા માટે તે તેમના અંદરથી ફુટે છે. કે તેઓ સતત જીવંતતા જાળવી રાખે, થનગનાટવાળા રહે, ઉત્સાહી અને ઉતકૃષ્ટ અભિરૂચીવાળા રહે એવુ જીવન કે જે સહેલાયથી બ્રાહ્ય પરિબળોથી ડગી અથવા હચમચી જતુ નથી – હું એટલા માટે આવ્યો છુ કે તેઓ આ બીનહરિફ, અદ્વિતીય, અજોડ, સરખામણી ન થાય તેવો, ખૂબ જ પુષ્કળતાથી ને ભરપૂરાપણાથી ઊભરાતુ જીવન તેને શ્રેષ્ઠ કક્ષા સુધીનું જીવે.” ૧

હું આ શબ્દો માટે ઘણી ખુશ છું ‘પરંતુ હું આવ્યો છું.” જે ઈસુ જાતે જ બોલ્યા હતા. ફરી એક વાર આપણે જોઈએ છીએ કે ઈસુ શેતાનની યોજનામાં હસ્તક્ષેપ કરે છે.

## દુકાળમાં એલિયા વરસાદની આગાહી કરે છે

*પછી એલિયાએ આહાબને કહ્યું કે, ઉપર જઈને ખા તથા પી; કેમ કે પુષ્કળ વરસાદનો અવાજ સંભળાય છે.*
*(૧ રાજા ૧૮:૪૧)*

જેમ પુસ્તકમાં મેં અગાઉ ચર્ચા કરી છે તેમ ત્રણ વર્ષથી દેશમાં દુકાળ પડ્યો હતો. અને ઈશ્વરે એલિયાને કહ્યું હતું કે આહાબને કહે કે વરસાદ પડશે. પરંતુ હજુ એ વરસાદના કોઈ એંધાણ નહોતા. આજ્ઞાધીન થઈને એલીયાએ આહાબને કહ્યું કે તું તૈયાર થઈ જા કારણ કે મેં પુષ્કળ વરસાદનો અવાજ સાંભળ્યો છે.

જો કે પુસ્તકમાં આગળ મેં એલિયા વિષે અમુક બાબતો જણાવી છે છતાં આ અધ્યાયમાં અમુક મુદ્દા જણાવવા ચાહુ છુ કે એલિયા કેવી રીતે સ્થાનમાં ઊભો રહ્યો. પ્રથમ તમે એ

વાતની નોંધ લો કે દુકાળ ત્રણ વર્ષ ચાલ્યો છે. આપણા જીવનમાં અમુક કસોટી એવી આવે છે કે જે લાંબો સમય ચાલે છે. આપણી ઈચ્છા હોય છે કે બધી કસોટી ટૂંકા સમયની હોય પરંતુ હંમેશા તેવુ બનતુ નથી. તે લાંબા ગાળાની કસોટીના સમયમાં આપણે ચિંતાતુર બની જઇએ છીએ. આપણને લાગે છે કે ઈશ્વર તરફથી કંઈ નિશાની મળવી જોઈએ નાનકડી નિશાની કે તે આપણી પરિસ્થિતીમાં કાર્ય કરે છે અને ટુંક સમયમાં પરિવર્તન જોવાનું મળશે.

આવા સમયોમાં આપણે શું કરવાનું છે ? સારુ એક વાત આપણે કહી શકીએ કે આપણે શુ જોઈએ છે નહીં કે આપણી પાસે શુ છે ?એલિયાની માફક આપણે કહીએ, વરસાદ પડવાની શરૂઆત થઈ ચુકી છે. બીજા શબ્દોમાં કહીએ તો જે આશીર્વાદની વૃષ્ટિ ઈશ્વર વરસાવે તેવી આપણી ઈચ્છા છે તે બની રહ્યા છે તેવી રીતે બોલીએ. આપણે આવુ બોલીએ ત્યારે જુઠુ બોલતા નથી કારણ આત્મિક ક્ષેત્રમાં તે બની રહ્યું છે. માત્ર તેને પ્રગટ થવાની રાહ જોવાય છે કે જે બહાર આપણે નરી આંખે જોઈ શકીએ.

જરૂરિયાતના સમયમાં આપણે કહેવાનું કે "હું આશીર્વાદિત છું." મારી બધી જરૂરિયાત પૂરી કરવામાં આવી છે. જ્યાં કંઈ હું જાઉં છુ મને સદભાવ પ્રાપ્ત થાય છે. જ્યારે અંદર જાઉં ત્યારે અને બહાર આવું ત્યારે આશર્વાદિત છું. ઈશ્વરના આશીર્વાદ મારી પાછળ પડયા છે અને તે મારી આગળ થઈ જાય છે. હું આશીર્વાદિત, આશીર્વાદિત, આશીર્વાદિત છું.

જ્યારે આપણે આવી રીતે વાત કરીએ છીએ મને થાય છે શેતાનને કેવુ લાગતુ હશે. તે કદાચ માનતો હશે કે આપણે ગુંચવાઈ ગયા છે અને તે જે કરે છે તે આપણને દેખાતુ નથી અને મને ખાત્રી છે કે તે બેચેન બની જતો હશે કે તે આપણને બેચેન બનાવી શકતો નથી.

જ્યારે આપણી ઈશ્વરના વચનની આપણી કબુલાત મજબૂત રીતે પકડી રાખીએ છીએ; ત્યારે જેમ તેણે શાદ્રાખ, મેશાખ અને અબેદનગો એ રાજાની મૂર્તિને નમન કરવાની ના પાડી હતી ત્યારે કરેલુ તેમ ઘણી વખતે તે ભઠ્ઠી સાતગણી ગરમ કરે છે. સંજોગોની માંગ મુજબ તેમણે કર્યું અને તેઓ અડગ ઊભા રહ્યા. કસોટી પછી ભઠ્ઠીમાંથી તેઓ બહાર આવ્યા ત્યારે તેઓ દાઝયા નહોતા. અરે ધુમાડાની વાસ પણ નહોતી આવતી. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ કશલમાંથી પસાર થયા ચે તેનો અણસાર સુદ્ધાં ત્યાં નહોતો. ઈશ્વરનો છુટકારો સપૂર્ણ છે. (દાનીયેલ ૩)

એલીયાએ આત્મામા કંઈક સાંભળ્યું. તમને હજુ કંઈ દેખાતુ ન હોય પરંતુ શું તમે આત્મામાં સાંભળો છો ? શું વિશ્વાસથી તમે માની શકો છો કે તમારો આશીર્વાદ રસ્તામાં છે ? શેતાન તમારા આશીર્વાદ રોકી રાખવા માગે છે પરંતુ પવિત્ર આત્મા તે અવરોધ સામે દબાણ કરે છે અને હવે તે ફાટી જશે. એલિયાની માફક તમારે પોકારવાનું 'શેતાન હવે નાસી જા હવે વરસાદ વરસશે અને મારો આશીર્વાદ તુટી પડશે.'

## એલિયા સ્થાનમાં ટકી રહ્યો

*માટે આહાબ ખાવાપીવા સારુ, ઉપર ગયો, અને એલિયા કાર્મેલના શિખર પર ચઢી ગયો; અને જમીન પર નીચા નમીને તેણે પોતાનું મુખ પોતાના ઘૂંટણો વચ્ચે રાખ્યુ.*

*અને તેણે પોતાના ચાકરને કહ્યું કે, ઉપર જઈને સમુદ્ર તરફ નજર કર. તેણે ઉપર જઈને નજર કરીને કરી કે કંઈ પણ નથી. તેણે કહ્યું કે ફરી સાત વાર જા.*

એલિયા કાર્મેલ પહાડ પર ગયો અને પોતાનું સ્થાન ગ્રહણ કરી ઊભો રહ્યો.

તે નીચો વળીને આરાધના કરતો હતો. તેણે પોતાનું મુખ ઘૂંટણ વચ્ચે રાખીને પોતાના નોકરને કહ્યું, ''સમુદ્ર તરફ નજર કર અને મને ખબર આપ કે તે શું જોયુ છે.''

નોકર ગયો જોઈને પાછો આવી એલીયાને કહ્યું ''ત્યાં કંઈ પણ નથી.'' તેથી એલિયાએ ફરીથી કહ્યું 'પાછો જા.' સાત વાર આમ બન્યુ પરંતુ એલિયા પોતાના સ્થાનથી ખસ્યો નહીં.

ઈશ્વર એવુ ઈચ્છે છે કે હું અને તમે આપણું સ્થાન લઈએ અને પછી થોડો સમય ભલે ગમે તેવુ લાગે પરંતુ આપણા સ્થાન પર ટકી રહીએ.

આપણી તકલીફ એ છે કે આપણે સ્થાન ગ્રહણ કરીએ છીએ પરંતુ જ્યારે આપણી પરિસ્થિતી ઝડપથી બદલાતી નથી ત્યારે આપણે સ્થિતી બદલી નાખીએ છીએ. આપણે જે બધાને ઓળખીએ છીએ તેમને બોલાવીએ છીએ, કે તેમણે આવી પરિસ્થિતીમાં શુ કર્યું તે પૂછીએ છીએ અથવા જો તેઓ આવી સ્થિતીમાં મુકાય તો શું કરશે તે પૂછીશુ. આપણે આપણી સ્થિતિમાંથી કેવી રીતે બહાર આવી શકાય તે માટે દલીલ કરીએ છીએ આપણે એ યાદ રાખવુ રહ્યું કે જેઓ માંસના બનેલા હાથ પર આધાર રાખે છે તેઓ હારી જશે પરંતુ જેઓ પોતાનો ભરોસો ઈશ્વર પર રાખે છે તેઓ કદી નિરાશ થશે નહી અથવા ઝંખવાણા પડશે નહિ.

આપણે તો સ્થાન ગ્રહણ કરીને અડગ ઊભા રહેવાનું છે ઈશ્વરે કહ્યું છે વરસાદ વરસશે ને તે પડશે જ. આપણી સ્થિતી બદલવાને બદલે આપણે ફરીથી જોવાનું છે અને આપણને ઈશ્વરનો હાથ કાર્ય કરતો દેખાશે.

શું તમે તે જોતા નથી ? એલિયા ઊધો પડયો છે ને તેનો નોકર તેના કહ્યા મુજબ કરે છે. જ્યારે તે ક્ષિતીજમાં વરસાદ જોવા જાય છે ત્યારે વિચારે છે 'આ વખતે એલિયા ચુકી ગયો છે. કશુ જ થતુ નથી અને ક્યાં સુધી આવી માથાકુટ કર્યા કરવાની છે ?''

તે પાછો આવીને એલિયાને અહેવાલ આપે છે. એલિયા નક્કી કરીને બેઠેલો કે તે પડતુ મુકશે નહિ. ઈશ્વરનું વચન કહે છે આપણા મન ગોઠવી રાખીએ ને તેમને લક્ષ પર રાખીએ. તે બે મનવાળા વિષે આપણને ચેતવે છે કે બે મનવાળી વ્યક્તિ ઈશ્વર પાસેથી કશુ મેળવી શકે નહીં.

કદાચ નોકરે એલિયાને કહ્યું હશે; ''એલિયા વરસાદ નથી. હકીકતમાં કોઈ વાદળ દેખાતુ નથી અને સૂરજ બરોબર પ્રકાશી રહ્યો છે એલિયા હું તો દોડી દોડીને થાકી ગયો. હવે કંઈ ભલુ થવાનું હોય એમ મને લાગતુ નથી. મને લાગે છે કે ઈશ્વર પાસેથી કંઈક તુ બીજુ વચન મેળવ આ કંઈ કામ કરતુ લાગતું નથી.''

પરંતુ એલિયા પોતાના સ્થાનથી ડગ્યો નહિ. તેણે આરાધના ચાલુ જ રાખી. તેણે આ શંકાસ્પદ સંજોગોમાં ઊભા થઈ જોવાની પણ પરવા કરી નહીં. તેણે માત્ર એમજ કહ્યું, 'ફરીથી જા.'

જ્યારે તેનો નોકર પાછો આવીને એલિયાને કહેતો કે વરસાદ નથી. એલિયા નકારાત્મક અહેવાલ સાંભળી પડતુ મુકતો નથી. તે વિશ્વાસમાં લાગુ રહ્યો અને તેણે ભરોસો રાખ્યો કે ઈશ્વર વરસાદ લાવનાર છે અને તે પોતાના હ્રદયમાં જાણતો હતો કે ઈશ્વરે તે કહ્યું છે માટે તે કરશે જ.

## એલિયા પોતાના શત્રુઓથી આગળ નીકળી ગયો

*અને સાતમે વખતે એમ થયુ કે તેણે કહ્યું કે, જો માણસની હથેલી જેવડો નાનો મેઘ સમુદ્રમાંથી ઉપર ચઢે છે. તેણે કહ્યું કે ઉપર જઈને આહાબને કહે કે તારો રથ જોડીને નીચે ઉતરી પડ કે, વરસાદ તને અટકાવે નહિ.*

*થોડીવારમાં એમ થયુ કે આકાશ મેઘ તથા વાયુથી અંધરાયું, ને વરસાદ બહુ વરસ્યો, આહાબ રથમાં બેસીને યિઝ્રએલ ગયો. અને યહોવાનો હાથ એલિયા પર હતો; તે પોતાની કમર બાંધીને આહાબની આગળ આગળ યિઝ્રએલની ભાગળ સુધી દોડયો. ૧ રાજા ૧૮:૪૪-૪૬*

છેવટે સાતમી વાર એલિયાને નોકરે જણાવ્યું કે મનુષ્યની હથેલી જેટલો મેઘ સમુહમાંથી ઉપર ચઢતો દેખાય છે. ભલે ને અત્યારે સંજોગો ગમે તેવા લાગે, મને ખાત્રી છે કે એટલી આશા તો છે કે આપણે ટકી રહી શકીએ.

સમસ્ત આકાશમાં એલિયાના નોકરે જે વાદળુ જોયુ તે ટચુકડુ લાગે છે પરંતુ તેટલાથી એલિયા ઉત્તેજીત બની ગયો. કદાચ આપણે પણ જે જોઈએ છીએ તેના લીધે ઉત્સાહી બનીએ પછી ભલેને તે નાનકડુ હોય અને જે દેખાતુ નથી તેનાથી નિરાશ ના થઈએ.

નોકર પાસેથી એલિયાને અહેવાલ મળ્યો કે તરત જ તે હિંમતથી આહાબ પાસે તેને મોકલીને કહેવડાવે છે કે ઘરે જવાની તૈયારી કરવા માંડ કારણ વરસાદ આપવાનો છે. અને સાચે જ થોડા જ સમયમાં આકાશ કાળા વાદળોથી ભરાય ગયુ અને મુશળધાર વરસાદ

વરસ્યો. પછી બાઈબલ કહે છે એલિયા પોતાની કમર બાંધીને એટલુ ઝડપથી દોડયો કે યિઝ્રએલ જે વીસ માઈલ દૂર હતુ ત્યાં સુધી દોડયો અને આહાબ તથા રથની આગળ પહોંચી ગયો.

તમે કલ્પના કરી શકો છો જ્યારે એલિયા દોડતો દોડતો તેની આગળ નીકળી ગયો હશે ને કદાચ પોતાનો હાથ હલાવતો હલાવતો કહેતો હશે, "મેં તને કહેલુ આપણે યિઝ્રએલમાં મળીશું !" ત્યારે આહાબનો ચહેરો કેવો થઈ ગયો હશે.

એલીયા પોતાના શત્રુઓથી આગળ નીકળી ગયો. તેણે કસોટીનો સમય પસાર કર્યો અને તે પૂરો થયા બાદ તે હજુ પોતાના સ્થાન ઉપર ઊભો હતો.

કસોટીના કાળ દરમ્યાન તેણે ઈશ્વરની આરાધના કરી છે અને આપણે પણ તેમજ કરવાનું છે.

જ્યારે ઈશ્વરનો આત્મા એલિયા ઉપર આવ્યો તે શત્રુઓની આગળ જઈ શકયો ને તેમની આગળ નીકળી ગયો. તેજ મુજબ જ્યારે તમારા અને મારા ઉપર ઈશ્વરનો આત્મા આવે છે ત્યારે આપણે આપણા શત્રુ શેતાનથી આગળ દોડી જઈશુ. જ્યારે આપણે આરાધના કરીએ છીએ ઈશ્વરનો આત્મા આપણા પર આવે છે તે આપણને અભિષિક્ત કરે છે કે આપણે શત્રુઓથી આગળ જતા રહીએ.

## અધ્યાય
## ૧૭

# ઈશ્વર તેની સાથે હતો

*અને તેઓએ યૂસફને મિસરમાં આણ્યો અને ત્યા જે ઈશ્માએલીઓ તેને લઈને આવ્યા હતા તેઓની પાસેથી પોટીફારનો નામનો એક મિસરી, જે ફારુનનો એક અમલદાર તથા રક્ષકોનો સરદાર હતો, તેણે તેને વેચાતો લીધો.*

*ઉત્પત્તિ ૩૯:૧*

શું તમને યાદ છે યૂસફ કેવી રીતે મિસર દેશમાં આવ્યો ? તેના પોતાના ભાઈઓએ ઈર્ષાના કારણે ઇશ્માએલી વેપારીઓને વેચી દીધો અને તેઓ તેને ત્યાં લઈ ગયા હતા.

જ્યારે તે મિસરમાં આવ્યો યૂસફને એક મિસર અધિકારીએ વેચાતો લીધો. જોકે યૂસફ પોટીફારના ઘરમાં ગુલામ હતો ઈશ્વરે તેને આશીર્વાદ દીધો અને આબાદ કર્યો કારણ કે જ્યાં કંઈ તે ગયો ત્યાં તે તેમની સાથે હતા.

જ્યારે આપણે મુશ્કેલ સંજોગોમાંથી પસાર થઈએ છીએ ઈશ્વર આપણને તેમનામાં તે સંજોગો પૂરા થશે ત્યારે નહીં પરંતુ તે સંજોગો દરમ્યાન આશીર્વાદિત કરશે. મહત્ત્વની બાબત એ છે કે આપણે સારુ વલણ રાખીએ આપણી પાસે છે તે માટે આભારવશ બની ઈશ્વરની સ્તુતિ કરીએ અને જે તે છે તે માટે તેની આરાધના કરીએ.

## પોટીફારના ઘરમાં

*અને યહોવા યૂસફની સાથે હતો, ને તે ભાગ્યવાન હતો; અને તે તેના શેઠના એટલે તે મિસરીના ઘરમાં રહ્યો. અને તેને શેઠે જોયુ કે, યહોવા તેની સાથે છે, ને તે જે કંઈ કરે છે તેમાં યહોવા તેને સફળ કરે છે. ઉત્પત્તિ ૩૯:૨,૩*

તમારા માટે પણ આવું જ હોવુ જોઈએ. જો તમારા અધિકારી તમારી સાથે અયોગ્ય વ્યવહાર કરે, તમારુ ખરૂ મૂલ્ય ના જુએ અને ફક્ત તમારી પાસે પોતુ કરાવે, પરંતુ જો ઈશ્વર તમારી સાથે છે, તે તમારી આબાદી કરશે અને તમને બીજી બધી ઘણી રીતે તે તમને સફળ બનાવશે. દરેક ખરી બઢતી યહોવા પાસેથી આવે છે (ગીતશાસ્ત્ર ૭૫ : ૬,૭) અને ચોક્કસ ઈશ્વર તેના સમયે તમને બઢતી આપશે. આ જગત પર તમારા સ્ત્રોત તરીકે કશી વસ્તુને લેશો નહિ, માત્ર ઈશ્વર જ તમારો સ્ત્રોત છે.

ઈશ્વર આપણી સાથે છે તે થોડા જ વખતમાં જગત જાણી જશે. ભૂતકાળમાં જેઓએ આપણો તિરસ્કાર કર્યો હતો તેજ લોકો આપણામાં ઈશ્વર જુએ છે. તેઓ ઈશ્વરનો મહિમા આપણા જીવનમાં પ્રગટ થતો જુએ છે. આપણે તેની વાટ જોઈએ છીએ તે દરમ્યાન આપણુ સ્થાન ગ્રહણ કરી તેને વિશ્વાસુ રહીશુ તો તે તેના સમયે આપણને ઊંચા કરશે.  અને જે કોઈ આપણને જોશે તે દેખીતી રીતે જ કહી શકીશે કે ઈશ્વરનો હાથ આપણા પર છે.

મેં તે મારા જીવનમાં બનતુ જોયુ છે. અને હું ઘણા બધા લોકોને ઓળખુ છું જેમના જીવનમાં તેવું જ થયું છે.

જેઓએ અમે અમારા પર કાબુ જાવવા દીધો નહીં તેવા લોકો જેમણે અમારો તીરસ્કાર કર્યો ને મજાક ઉડાવી. જેમણે અમને ખરાબ લાગે તેવી વાતો કહી અને અમારા માટે વાતો કરી અને જેમને અમારી સાથે સંબંધ પણ રાખવો નહોતો તેવા લોકો અંતમાં કંઈ તદ્દન જુદુ જ કહેતા જોવાના મળે છે.

ખરેખર મેં અનુવ્યુ છે કે જેમણે મારા શરૂઆતના જીવનમાં મારો નકાર કર્યો પછી ખૂબ જ પ્રયાસ કરી મારા મિત્ર બન્યા કારણ તેમણે ઈશ્વરને અનુગ્રહ અમારી સાથે જોયો. મારે એવા મિત્રો નથી જોઈતા જેઓ જ્યારે અમે ઉપર હોઈએ ત્યારે જ સાથે હોય છે.

જો આપણને કટોકટીના સંજોગોમાં બધુ કરીને આપણા વિશ્વાસના સ્થાને ટકી રહીશુ. આરાધના ને સારી કબુલાત કરીશુ તો જેમ ઈશ્વર યૂસફની સાથે હતો તેમ આપણી સાથે રહેશે. પણ જ્યાં કોઈ જઈશુ ને જે કાંઈ કરીશુ તેમાં ઈશ્વર આપણી સાથે રહેશે.

## કેદખાનામાં

*અને યૂસફના શેઠે તેને પકડ્યો, ને જે ઠેકાણે રાજાના બંદીવાન કેદ કરાતા હતા, તે કેદખાનામાં તેને નાંખ્યો, અને ત્યાં કેદખાનામાં રહ્યો.*

*પણ યહોવા યૂસફની સાથે હતો, ને તેણે તેના પર દયા કરી, ને તેને કેદખાનામાં દરોગાની દૃષ્ટિમાં કૃપા પમાડી.*

*અને જે કેદીઓ કેદખાનામાં હતા તેઓ સર્વ ને દરોગાએ યૂસફના હાથમાં સોંપ્યા, અને ત્યાં જે કામ તેઓ કરતા તેનો કરાવનાર તે પોતે હતો.*

*અને કેદખાનામાં દરોગો તેને સોંપેલા કોઈપણ કામ પર દેખરેખ રાખતો નહોતો, કેમ કે યહોવા તેની સાથે હતો, અને તે જે કાંઈ કામ કરતો તેમાં યહોવા તેને ફતેહ પમાડતો. ઉત્પત્તિ ૩૯: ૨૦-૨૩*

યૂસફની જેમ તમે અંતે ઉપર જ રહો તો પછી તમારે ખરેખર કશાની ચિંતા અથવા બેચેન થવાનું નથી ભલેને તમે ગમે ત્યાં જાવ અથવા ગમે તે કરો.

હું માનું છુ આપણે આજ રીતે જીવવુ જોઈએ જ્યા કંઈ આપણે જઈએ અને જે કાંઈ આપણે કરીએ તેમાં ઈશ્વરની ભલાઈ અને મહિમા આપણા જીવનમાં પ્રગટ થવા જોઈએ. આપણા સોદા શ્રેષ્ઠ હોવા જોઈએ. શ્રેષ્ઠ જગા અને બધાની તરફદારી મળવી જોઈએ અને આપણી કોઇ ભલાઈની યોગ્યતાના લીધે નહિ પરંતુ ઈશ્વરની ભલાઈના લીધે હોવી જોઈએ કારણ ઈશ્વર ભલા છે અને તેઓ પોતાની ભલાઈ ને તરફદારી તેમના બાળકોમાં દર્શાવવા ઇચ્છે છે આપણે કસોટીમાંથી પસાર થઈશુ પરંતુ તે કાંઈ સદાકાળ રહેવાની નથી અને જ્યારે તે પૂરી થશે ત્યારે આપણે આપણા વિશ્વાસમાં અડગ ઉભા હોઈશું.

હું માનું છુ કે આપણા જીવનોમાં તે ન થવાનુ કારણ એ છે કે આપણે સ્થાનમાં ટકતા નથી. ઈસ્ત્રાએલીઓના જેવુ જ આપણે કરીએ છીએ. આપણી સ્થિતીની અવગણના કરીએ છીએ, કચકચ, ટીકા, ફરિયાદ, નકારાત્મક બાબતો કહેવી, ઈશ્વર પર દોષ મુકવો, આપણા જીવનના માટે બીજા લોકોને દોષીત ઠરાવવા, પવિત્ર આત્માના સારા ફળ દર્શાવવાના બદલે જેઓ આપણાથી સારી સ્થિતીમાં હોય તેમના પ્રત્યે ગુસ્સો, ઈર્ષા, બીજાની અદેખાઈ કરવી.

માત્ર સત્ય આપણને મુક્ત કરી શકે છે. આપણે જ્યાં છીએ ત્યાંથી આપણે જ્યાં જવુ છે ત્યાં પહોચવા માટે સત્યનો સામનો કરવો પડશે. હવે આવી બાબતો આપણને લાગુ કરવી આસાન નથી પરંતુ જો આપણે તેનો સામનો નહીં કરીએ તો આપણે સતત પોતાને છેતરતા રહીશુ અને સદાકાળ બંધનમાં રહીશું.

મારા પોતાના જીવનમાં હું એવા સ્થળે આવી ગઈ. જ્યારે મારે કબુલવુ પડયુ કે મારો વર્તાવ સારો નથી. મારી સમસ્યાનું કારણ બીજાઓની ભૂલ નહોતી તે તો મારી ભૂલો હતી કારણ કે ઈશ્વર મને જે કરવાનું કહેતા હતા તે હુ કરતી નહોતી. આપણ પાસે જે તે કરાવવા ઇચ્છે છે તે ઘણુ મુશ્કેલ નથી. જો આપણે પોતાના જીવનો માટે તેના પર આધાર રાખીશુ ને તેની રીતે કાર્ય કરવા તૈયાર થઈશુ તો તેમના પવિત્ર આત્માના સામર્થ્યથી તે ખરાબ પરિસ્થિતીમાં સારો વર્તાવ રાખવા આપણી મદદ કરશે.

આપણે ખરાબ વલણ રાખીએ અને પછી નવાઈ પામીએ કે કેમ આશીર્વાદિત થતા નથી.

જીવવા માટે વધુ સારો માર્ગ છે.

## અધ્યાય
## ૧૮

# શેતાન એટલે ભૂંડાઈ પરંતુ ઈશ્વર એટલે ભલાઈ

*તમે તો મારુ ભૂંડું કરવા ચાહ્યું હતુ પણ ઈશ્વરે તેમા ભલુ કરવાનું ધાર્યું કે, જેમ આજે થયુ છે તેમ તે ઘણા લોકોના મન બચાવે.* *ઉત્પત્તિ ૫૦:૨૦*

ફારુનના હાથ નીચે બીજા નંબરના મુખ્ય અધિકારી તરીકે મિસરમાં યૂસફ બન્યો પછી જે ભાઈઓએ તેને ગુલામ તરીકે વેંચ્યો હતો તેઓ મિસરમાં દુકાળના સમયે અનાજ લેવાને આવ્યા. યૂસફે આ દુકાળની આગાહી કરી હતી. પાછળથી યૂસૂફ દુકાળના બાકીના વર્ષોમાં શાંતિ ને સમૃદ્ધિમાં જીવવા માટે તેના પિતા, ભાઈઓ તથા કુટુંબને મિસરમાં બોલાવી લીધુ હતું.

તેઓના પિતા યાકૂબના મૃત્યુ બાદ યૂસફના ભાઈઓએ વિચાર્યુ કે હવે જુવાનીમાં આપણે તેને જે કર્યું હતુ તેનો બદલો તે લેશે. આ કલમમાં યૂસફ તેમને ખાત્રી આપે છે કે તેણે તેમના દુષ્કૃત્યની માફી આપી છે. ખરેખર તો યૂસફનું સારુ ચારિત્ર્ય અહીં રજુ કરાયુ છે. તેણે શુ કહ્યું તે જુઓ; તમે મારુ ભૂંડું કરવા ધાર્યું પરંતુ ઈશ્વરે ભલુ કરવાનું ધાર્યુ જે ભૂખમરાથી ઘણા લોકોના જાન બચાવે.

એ નવાઈ પમાડે તેવી વાત છે કે શેતાન કેટલી બધી વાર આપણને નુકશાન ને નાશ કરવા છટકુ ગોઠવે છે પરંતુ જ્યારે ઈશ્વર તેમાં સામેલ થાય છે. શેતાને આપણો નાશ કરવા જે વાપરવાનો હતો તેને ઈશ્વર હાથમાં લઈને આપણા ભલા માટે વાપરે છે.

ઈશ્વર વીના બીજુ કોઈ આવુ કાર્ય કરી શકે નહી. તે ગમે તેવી નકારાત્મક પરિસ્થિતી લઈને પોતાની ચમત્કારીક કાર્ય શક્તિથી તેનો ઉપયોગ આપણને મજબૂત અને તેના વિના આપણો પહેલા કદી નહોતા તેવા ભયાનક શત્રુ સામે બનાવે છે.

મારી પોતાની સ્થિતી આ દર્શાવે છે. મારા બાળપણામાં જાતિય રીતે, માનસિક રીતે, લાગણીની રીતે મારુ શોષણ ઘણા વર્ષો સુધી થયુ હતું ખરેખર બાળક માટે આવુ બનવુ ઘણી ભયાનક બાબત છે ચોક્કસ શેતાનનું તે કાર્ય છે પરંતુ ઈશ્વરે તેમાથી ભલાઈ કાઢી છે.

મારી મૂંઝવણ મારો સંદેશો બની ગઈ છે મારુ દુઃખ મારી સેવા બની ગઈ છે. અને સેકડો જેઓ ઘાયલ થયેલા છે તેમને હું મારા વેદનાના અનુભવમાંથી શું શીખી તે જણાવુ છું. હું તમને ઉત્તેજન આપુ છુ કે તમારી વેદના વેડફશો નહિ. જો તમે તે ઈશ્વરને આપશો તો ઈશ્વર તેનો ઉપયોગ કરશે. જેમ તેમણે યશાયાહ ૬૨ઃ૩મા વચન આપ્યુ છે તે મને રાખને બદલ મુંગટ આપ્યો છે. પરંતુ મારે રાખને ખંખેરી નાખવી પડી છે. યૂસફની માફક મારે સારો વર્તાવ રાખતા શીખવુ પડયું છે. જેમણે મને નુકસાન કર્યું હતુ તેમની પ્રત્યે કડવાશ, વૈરવૃત્તિ ન યોગ્ય માફીની ભાવના મારે ત્યજવી પડી છે.

જો શેતાને તમને નુકશાન પહોચાડ્યું છે તો હવે ખરાબ વર્તાવ રાખી તે વેદનાને ચાલુ ને ચાલુ રાખશો નહિ. એ રીતે આપણે પોતાને વધુ નુકસાન પહોંચાડીએ છીએ. મોટે ભાગે જેમના પર આપણે ગુસ્સે હોઈએ છીએ તેઓ તો જીવનની મઝા લેતા હોય છે ને આપણે તેમના વિષે શુ વિચારીએ છીએ તેમની તેમને પડી હોતી નથી યાદ રાખો ઈશ્વર તમારો બદલો છે સમય આવશે ત્યારે તે ન્યાય સ્થાપશે અંતે તો નમ્ર લોકો પૃથ્વીનું વતન પામશે ને ઈશ્વરના શત્રુઓનો નાશ થશે. (ગીતશાસ્ત્ર ૩૭)

ચાલો એસ્તર અને તેના લોકોની વાર્તાનું ઉદાહરણ જોઈને શીખીએ કે ઈશ્વર કેવી રીતે ભૂંડાઈને ભલાઈમાં ફેરવે છે.

## <u>ભૂંડાઈ માટે શેતાનની યોજના</u>

*જ્યારે હામાને જોયુ કે મોર્દખાઈ તેને નમન કરતો હતો તે ગુસ્સે થયો ને બદલો લેવાનું નક્કી કર્યું. પણ એકલા મોર્દખાય ઉપર હાથ નાંખવો એ તેને હલકું લાગ્યું; કેમ કે મોર્દખાય કઈ જાતનો છે તે તેઓએ તેને જણાવ્યું હતુ; તે માટે હામાને અહાશ્વેરોશના આખા રાજ્યમાંના સર્વ યહૂદીઓનો, એટલે મોર્દખાયની આખી કોમનો, વિનાશ કરવાની કોશિશ કરી. એસ્તર ૩ઃ ૫,૬*

જો તમે આ વાર્તાથી પરિચિત હશો તો તમને યાદ હશે કે અહાશ્વેરોશ રાજાએ રાજરાણીના પદ પર એસ્તરને પસંદ કરી છે જે યહૂદી મોર્દખાયની ભત્રીજી અને દત્તક પુત્રી હતી. તેણીને રાજાના રાણીવાસમાં યુવાન કન્યા તરીકે લઈ જવામાં આવી હતી. અને મને ખાત્રીપૂર્વક એવું લાગે છે કે તેણીની પોતાના જીવન માટેની આ યોજના નહોતી. આ પરિસ્થિતીથી તે ગભરાઈ ગઈ હતી અને મને ખાત્રી છે કે તે સમયે તેને આ બાબત ખરાબ લાગી હશે. તેણીને અમુક

મુદત સુધી ત્યાં રાખી રાજાની સમક્ષ લઈ જવા તૈયાર કરવામાં આવી. જ્યારે સમય આવ્યો ત્યારે ઈશ્વરે તેનામાં આની પસંદગી કરવાની ઈચ્છા મુકી ને તે રાણી બનવા પસંદગી પામી ઈશ્વર તેને આ હોદ્દા પર દેશને બચાવવા મોકલી રહ્યા હતા તે વિષે તેણીને થોડી જ ખબર હતી.

ઘણીવાર આપણા જીવન માટે આપણી પાસેમનમાં યોજના હોય છે પરંતુ કોઈક બને છે ને આપણી યોજનામાં હસ્તક્ષેપ થાય છે. આપણે તેનો પ્રતિકાર કરીએ છીએ, બદલાવ માટે ખુશ નથી પરંતુ ભલે ને આપણે ગમે તે કરીએ આ નવી બાબત આપણા માટેની ઈશ્વરની યોજના છે. આપણે કલ્પી શકતા નથી કે કેવી રીતે તે સારામાં પરિણમશે, પરંતુ ઈશ્વરના મનની યોજના આપણી યોજના કરતા સારી હોય છે.

આ પરિસ્થિતીમાં બાઈબલ જણાવે છે કે એસ્તર જે હોદ્દા પર હતી ત્યાં બેસવા રાજી નહોતી અને ગભરાતી હતી. છતાંએ મોર્દખાય તેને કહે છે કે આવા સમયના માટે જ કદાચ ઈશ્વર તેને રાજ્યમાં લાવ્યા છે. બીજા શબ્દોમાં કહીએ આ તેનું ભાવિ હતું. તેણે એસ્તરને એ પણ જણાવ્યું કે ઈશ્વર જે કરવાનું કહે છે તે નહી કરે તો તેણી પણ બીજાઓ સાથે નાશ પામશે. એસ્તર જે કાંઈ જરૂરી હોય તે કરવા માટે તૈયાર થઈ ગઈ.

રાજાનો સર્વોચ્ચ અધિકારી નામે હામાન, મોર્દખાયનો શત્રુ હતો. મોર્દખાય રાજાના દરબારમાં હજૂરીઓ હતો. મોર્દખાય હામાનને નમન નહોતો કરતો તેથી હામાન ગુસ્સે હતો ને તેણે માત્ર મોર્દખાય નહી પરંતુ તેની સાથેના બધા જ ને યહૂદીઓ મારી નાખવા માટેની યોજના તૈયાર કરી – તેને ખબર નહોતી કે એસ્તર રાણી જાતે યહૂદી છે અને મોર્દખાયની ભત્રીજી છે. (એસ્તર ૨: ૫-૨૩, ૩: ૧-૯)

બાઈબલમાં એવા પાત્રો આવે છે જેઓ ઈશ્વરના શત્રુના પ્રતિનીધિ, પ્રતિછાયા, પ્રતીક છે. તેમાંનો એક દુષ્ટ હામાન છે જે શેતાનનુ પ્રતીક છે. જેમ આપણે ઈશ્વરના લોકો છીએ માટે શેતાન આપણો નાશ કરવા યોજના બનાવે છે તેવી જ રીતે હામાને ઈશ્વરના લોક યહૂદીઓનો નાશ કરવા યોજના બનાવી.

જ્યારે મોર્દખાયને હામાનની યોજનાની ખબર પડી તેણે એસ્તર રાણીને વાત કરી. તેણીએ રાજાને અને હામાનને ખાસ સાંજના ભોજન માટે નિમંત્ર્યા તેણીની ઇચ્છા હતી કે ત્યાં તે રાજા સમક્ષ હામાનનો યોજના ઉઘાડી પાડી દેશે.

હામાનને રાજાએ બઢતી આપી તથા રાજ્યમાંથી યહૂદીઓનો નાશ કરવાનો અધિકાર આપ્યો પછી જ્યારે હામાન ઘરે પોતાના કુટુંબને મિત્રો માસે પાછો આવ્યો, ત્યારે શું બન્યુ તે વિષે એસ્તર ૫: ૧૧-૧૩માં આપણે વાંચીએ છીએ.

*હામાને તેઓની આગળ પોતાની ભારે સમૃદ્ધિ, પોતાના સંતાનોની મોટી સંખ્યા રાજા તરફથી મળેલી પદવીઓ, અને તેને રાજાના સરદારો તથા દરબારીઓથી શ્રેષ્ઠ ઠરાવવામાં આવ્યો હતો તે સર્વ કહી સંભળાવ્યું.*

*વળી હામાને કહ્યું, એસ્તર રાણીએ જે મિજબાનીની તૈયારી કરી હતી તેમાં મારા સિવાય બીજા કોઈને પણ રાજાની સાથે આવવાનું કહેણ મોકલ્યું નહોતુ, કાલેપણ તેણે મને રાજા સાથે નોતર્યો છે.*

*પણ જ્યા સુધી પેલા યહૂદી મોર્દખાયને હું રાજાના દરવાજામાં બેઠેલો જોઉં છુ ત્યાં સુધી આ સર્વ મને કંઈ કામનું નથી. એસ્તર ૫:૧૧-૧૩*

*મોર્દખાય ઈશ્વરનું ભય રાખનાર અજાયબ વ્યક્તિ હતો. એક વખત રાજાના ખોજાઓએ તેને મારી નાખવાનુ કાવતરુ કરેલુ તેમાંથી તેણે રાજાને બચાવ્યા હતા. આ વાત રાજાના ઈતિહાસના પુસ્તકમાં નોંધવામાં આવી હતી પરંતુ મોર્દખાયને કશુ ઈનામ આપ્યું નહોતું.*

જે પ્રમાણે તમને અને મને ઈશ્વરે અભિષિક્ત કર્યા છે કે આપણા સમયના લોકોનો છુટકારો કરીએ ને બીજાઓને મદદ કરીએ તેજ રીતે ઈશ્વરે મોર્દખાયને તેડુ આપ્યુ હતુ તથા ઈશ્વરના લોકોનો છુટકારો કરવા તેને અભિષિક્ત કર્યો હતો.

આપણે જોયુ તેમ હામાન શેતાનનું પ્રતિક છે. જેમ હામાન પાસે મોર્દખાય ને યહૂદી કોમનો નાશ કરવાની યોજના હતી તેવી જ રીતે શેતાન પાસે આપણો નાશ કરવાની યોજના છે.

એસ્તર ૫:૧૪માં મોર્દખાયનો નાશ કરવાની હામાનની યોજના આપણે વાંચીએ છીએ.

*માટે તેની સ્ત્રી ઝેરેશે તથા તેના સર્વ મિત્રોએ તેને કહ્યું કે, પચાલ હાથ ઊંચી એક ફાંસી ચોઢાવ, અને સવારે રાજાને કહે કે મોર્દખાયને તે પર ફાંસી ઈશ્વરી જોઈએ. પછી આનંદે તું રાજાની મિજબાનીમાં જજે. એ વાત હામાનને ઠીક લાગી; અને તેમના કહેવા પ્રમાણે તેણે ફાંસી ઊભી કરાવી. એસ્તર ૫:૧૪*

રાજાની પરવાનગીથી મોર્દખાયના મોત સાથે હામાને સમસ્ત રાજ્યમાં હુકમ મોકલ્યો હતો કે અમુક ચોક્કસ દિવસે બધાની યહૂદીઓની કતલ કરવામાં આવે અને તેમની માલમિલકત લૂંટી લેવામાં આવે.

તેથી હામાને ઈશ્વરના લોકોનું સપૂર્ણ નિકંદન કાઢી નાખવાની યોજના કરી હતી અને તે બદલાવવાની કોઈ દેખીતી શક્યતા નહોતી કારણ રાજાના નામના અધિકારથી તે મોકલાયો હતો.

પરંતુ ઈશ્વરને બીજી યોજના હતી અને તેમણે તે કાર્યન્તવીત કરવાની શરૂઆત કરી.

## ઈશ્વરની યોજના સારા માટે છે

*તે રાત્રે રાજાને ઊંઘ આવી નહિ; તેથી તેણે કાળવૃત્તાંતોની નોંધનું પુસ્તક લાવવાની આજ્ઞા કરી, ને રાજાની આગળ તે વાંચવામાં આવ્યું.*

*તેમાં એવું લખેલું માલૂમ પડયું કે રાજાના દરવાનોમાંના બે ખવાસો નામે બિગ્યાના તથા તેરેશ, જેઓ અહાશ્વેરોશ રાજાના જાન ઉપર હાથ નાખવાની કોશિશ કરતા હતા, તે વિષે મોર્દખાયે ખબર આપી હતી.*

*રાજાએ પૂછ્યું, એને માટે મોર્દખાયેને શું માન તથા મોભો આપવામાં આવ્યા છે ? ત્યારે રાજાના ખિજમતગારોએ કહ્યું કે, તેને સારુ કંઈ જ કરવામાં આવ્યું નથી. એસ્તર ૬:૧–૩*

હું તમારી સાથે એક સત્ય વહેંચવા ઈચ્છુ છું. જે કોઈ સારુ કાર્ય આપણે છુપાઈને કરીએ છીએ તેની નોંધ ઈશ્વર પાસે છે. તે તેને ભૂલવાના નથી એક દિવસ આપણા સારા કાર્યોને જાહેરમાં લાવવામાં આવશે.

આપણા દરેક આજ્ઞાધીનતાના કૃત્યની નોંધ કરાઈ છે અને તેનું ઈનામ મળનાર છે – દરેક પ્રાર્થના જે આપણે કરી છે, જ્યારે અધિકારી સામે બળવો કરવાનું મન થાય ત્યારે તેને આધીન થયા છીએ, જ્યારે આપણી લાગણીઓ નકારાત્મક ચિસ્સો પાડતી હતી ત્યારે આપણે ઈશ્વરના વચન કબુલ કર્યા છે. દરેક વખતે જ્યારે વિશ્વાસથી સ્થાન ગ્રહણ કર્યું છે. આરાધના અને સારી કબૂલાત કરી છે. દરેક સમયે ઈશ્વરને સ્તુતિનું અર્પણ ચઢાવ્યુ છે. ઈશ્વર તે યાદ રાખે છે. જે સારુ કર્યું છે તે ઈશ્વર કદી ભૂલતા નથી. જેમ હેબ્રી ૬:૧૦ લખ્યું છે. કેમ કે ઈશ્વરે તમારા કામને તથા તેના નામ પ્રત્યે તમે જે પ્રીતિ દેખાડી છે અને સંતોની જે (તેના પોતાના કરાયેલા લોકો)ની જે સેવા કરી છે અને હજુ કરો છો, તેને વીસરે એવો અથવા ધ્યાનમાં ન રાખે એવો અન્યાયી નથી.

મોર્દખાય કંઈક સારા કામ કરતો હતો પરંતુ તેની કંઈ બડાઈ મારતો નહોતો. ભૂતકાળમાં જાણે ઈશ્વર માટે હોય તેમ તે ખાનગીમાં આ કરતો. ઈશ્વરનું વચન શીખવે છે તમે જે સારુ કાર્ય જમણા હાથે કરો છે. તે તમારો ડાબો હાથ ન જાણે. તેનો અર્થ શો છે ? તેનો અર્થ કે ઈશ્વર જે કરવાની દોરવણી આપે તે કરવું. તેના મહિમા માટે તે કરવું, પછી ભૂલી જવુ અને આપણા કાર્યમાં લાગી જવું. તેનો અર્થ કે આપણે પોતાની પીઠ થાબડવી નહિ અથવા જે કર્યુ તેના બણગા ફુકવાના નહીં પરંતુ ઈશ્વર તેના યોગ્ય સમયે ઈનામ આપશે તેમ માનવું.

*રાજાએ પૂછ્યુ કે આંગણામાં કોણ છે ? હવે જે ફાંસી હામાને મોર્દખાયને સારુ તૈયાર કરાવી હતી તે પર એને ફાંસી ઈશ્વરાનું રાજાને કહેવા સારુ તે રાજમહેલના બહારના આંગણામાં આવતો હતો. એસ્તર ૬:૪*

હવે આખુ દશ્ય યોગ્ય રીતે બની રહ્યૃ છે. હામાન શેતાન તરીકે પોતાની યોજના કારગત બનાવવા તૈયાર છે અને ઈશ્વર પોતાની યોજના કારગત કરે છે.

## બે યોજના વચ્ચે ઘર્ષણ

*રાજાના સેવકોએ એને કહ્યું કે, આંગણામાં હામાન ઊભો છે. રાજાએ કહ્યું કે, તેને અંદર આવવા દો.*

*ત્યારે હામાન અંદર ગયો. રાજાએ તેને પૂછ્યું કે, જે માણસને માન આપવાની રાજાની ખુશી હોય તેને માટે શું કરવું જોઈએ ? હવે હામાને મનમાં વિચાર્યુ કે, મારા કરતાં બીજા કોને માન આપવા રાજા વિશેષ ખુશ થાય ?* *એસ્તર ૬: ૫,૬*

હામાન એટલો બધો અભિમાની બની ગયો હતો કે તે એવુ કલ્પી શક્યો જ નહીં કે તેના વીના બીજા કોઈને રાજા માન આપી શકે. તેથી તેણે વિચાર્યું ''હવે તો સાચે જ મને આશીર્વાદ મળવાનો છે માટે મારે કંઈક ખૂબ જ સારી વાત જણાવવી પડશે.''

*હામાને રાજાને કહ્યું કે, જે માણસને માન આપવાની રાજાની ખુશી હોય.*

*તેને સારુ તો, જે રાજપોષાકરાજાને પહેરાવવાનો રિવાજ છે તે, તથા જે ઘોડા પર રાજા સવાર થાય છે, ને જેને માથે રાજમુગટ મુકાય છે, તે લાવવા.*

*તે પોષાક તથા તે ઘોડો રાજાના સૌથી નામીચા સરદારોમાંના એકના હાથમાં આપવા કે જે માણસને માન આપવાની રાજાની ખુશી હોય તેને તે પહેરાવીને ઘોડા પર સવારી કરાવે અને નગરમાં ફેરવે, અને તેની આગળ એવી નેકી પોકારવામાં આવે કે, જેને માન આપવાની રાજાની ખુશી છે, તે માણસને આ પ્રમાણે કરવામાં આવશે. એસ્તર ૬: ૭-૯*

હવે જુઓ જ્યારે શેતાનની યોજના અને ઈશ્વરની યોજના વચ્ચે ઘર્ષણ થયુ ત્યારે શુ થયું.

*ત્યારે રાજાએ હામાનને કહ્યું કે, તાકીદથી તારા કહ્યા પ્રમાણે પોષાક તથા ઘોડો લાવ. યહૂદી મોર્દખાય રાજાના દરવાજા આગળ બેસે છે, તેને એજ પ્રમાણે તું કર; તું જે બોલ્યો છે તે સઘળામાંથી કંઈ જ રહી જવું ન જોઈએ.* *એસ્તર ૬:૧૦*

વાર્તામાં રાજા નો ઈશ્વર પ્રતીનીધિ છે તે હામાનને કહે છે ''દરેક આશીર્વાદ જે તારા માટે આયોજીત કર્યા હતા તે બધા હવે મોર્દખાયના બનશે. તું જોશે હું તેને કેવો આશીર્વાદ આપુ છું.'' ''જ્યારે ઈશ્વર કોઈને આશીર્વાદ આપવાનું નક્કી કરે છે ત્યારે પૃથ્વી પરની કોઈ વ્યક્તિ અથવા નર્કમાં શેતાન પણ તેને અટકાવી શકશે નહીં.''

જો ઈશ્વર આપણી સાથે હોય તો આપણી સામે કોણ ? જો ઈશ્વર આપણા પક્ષમાં હોય તો માનવી આપણને શું કરી શકે ?

ઓહ હું તમને ખાત્રીથી કહું છું કે શેતાને આપણા બધાના માટે મનમાં વિચીત્ર યુક્તિઓ વિચારી રાખી છે. જેમ હામાને મોર્દખાય યહૂદી પ્રજા માટે બનાવી હતી તેમ આપણા સંપૂર્ણ વિનાશની યોજના પરંતુ ઈશ્વરે પણ આપણ દરેક માટે યોજના બનાવી છે અને ઈશ્વરની યોજના ઊંધી વાળી શકાય નહીં.

## ઈશ્વરની યોજના નિરર્થક નથી

*ત્યારે હામાને તે પોશાક મોર્દખાયને પહેરાવ્યો, અને તે ઘોડા પર તેને બેસાડીને તેને નગરને રસ્તે ફેરવીને તેની આગળ નેકી પોકારવી કે, જેને માન આપવાની રાજાની ખુશી છે તે માણસને આ પ્રમાણે કરવામાં આવશે.*

*માર્દખાય રાજાના દરવાજા આગળ પાછો આવ્યો, પણ હામાન શોક કરતો કરતો પોતાનું મોં ઢાંકીને ઘરે જલદી જતો રહ્યો.* *એસ્તર ૬:૧૧,૧૨*

પરંતુ આ વાર્તાનો અંત નથી. ઈશ્વરે હામાનનું ટેબલ ઊંધુ વાળીને જે માનની યોજના પોતા માટે બનાવી હતી તે મોર્દખાયને અપાવી અને હામાનની ભૂંડી યોજના જે મોર્દખાય માટે બનાવી હતી તેને પણ ઊંધી વાળી નાખી.

એસ્તર રાણીની મિજબાની જે તેણીએ રાજા અને હામાનમાં ગોઠવી હતી તેમાં હામાન ગયો. તેણીએ હામાનની પોતાને તથા પોતાના લોકને મારી નાખવાની યોજના ખુલ્લી પાડી. પરિણામે રાજાએ હામાનને જે શુધી તેણે મોર્દખાય માટે બનાવી હતી તેના પર ચઢાવી દીધો. એસ્તર જે પરિસ્થિતી તેના માટે ખુશકારક નહોતી તેમાં આજ્ઞાધીન થઈને સ્વેચ્છાએ ને ઈશ્વરની આરાધના કરતી હતી. જો કે તેને સમજાતુ નહોતી છતાંએ પોતાની યોજના પડતી મુકી તેણે ઈશ્વરની યોજના સ્વીકારી હતી. દરેક આજ્ઞાધીનતાનું પગલુ ને આરાધનાનું પ્રતિક છે જેને ઈશ્વરે કદી અવગણી શકે નહિ.

જેવી રીતે યહોશાફાટના શત્રુઓ અને ગિદીયોનના શત્રુઓ અંદરોઅંદર કાપાકાપી કરી નાશ પામ્યા તે જ રીત હામાનની યોજનાની ઊંધી અસર થઈ. તે જે મોર્દખાય અને યહૂદીઓને કરવા ઈચ્છતો હતો તે તેને મળ્યું.

*તે દિવસે અહાશ્વેરોશ રાજાએ યહૂદીઓના શત્રુ હામાનનું ઘરબાર એસ્તર રાણીને સોંપ્યુ, મોર્દખાય રાજાની હજૂરમાં આવ્યો; કેમ કે તે પોતાનો શો સગો થતો હતો તે એસ્તરે રાજાને જાહેર કર્યું હતું.*

*રાજાએ પોતાના મુદ્રિકા હામાનની પાસેથી લઈ લીધી હતી, તે કાઢીને તેણે મોર્દખાયને આપી એસ્તરે મોર્દખાયને હામાનના ઘરબારનો કારભારી ઠરાવ્યો.* *એસ્તર ૮:૧,૨*

તેથી રાજાએ એસ્તરને હામાનનું મકાન આપ્યું તે છેવટે મોર્દખાયનું નિવાસસ્થાન બન્યુ.

રાજાએ પોતાની પરવાનગી અને અધિકાર એસ્તર રાણી અને મોર્દખાયને આપ્યા કે તેઓ રાજ્યમાં હામાનનો હુકમ કે યહૂદીઓને મારી નાખવા ને માલમિલકત લૂંટી લેવી તેને ફેરવી નાંખવા માટે હુકમ મોકલાવે.

જ્યારે આપણે આપણી દૃષ્ટિ ઈશ્વર પર રાખીશુ વિશ્વાસમાં સ્થિર રહીશુ, સતત આરાધના કરીશુ અને સારી કબુલાતને વળગી રહીશુ ત્યારે હંમેશા આપણે માટેની શેતાનની ભૂંડાઈ માટેની યોજના આપણા જીવનોમાં ભલાઈ માટે કાર્ય કરશે અને તેનું ભૂંડું કરશે.

*તેમાં રાજાએ પ્રત્યેક નગરમાં યહૂદીઓને એવી પરવાનગી આપી હતી કે, તેઓ એકઠા થઈને પોતાના જીવના રક્ષણને માટે એટલે સુધી સામા થાય કે, જે લોક તથા પ્રાંત તેઓ પર હુમલો કરે તેના સર્વ બળનો, તેઓના બાળકોનો તથા સ્ત્રીઓનો, વિનાશ કરે, તેમને મારી નાખે, તથા નષ્ટ કરે, અને તેઓને લૂંટી લે.*

*યહૂદીયો તેજોમય (નવી આશાનો ઉદય), ખુશી અને આનંદી થયા તથા તેમને માન આપવામાં આવ્યું.*

*સર્વ પ્રાંતોમાં અને સર્વ નગરોમાં, એટલે જ્યાં જ્યાં રાજાની આજ્ઞા અને તેનો હુકમ ગયો, ત્યા ત્યાં, યહૂદીઓને હર્ષ અને આનંદને પ્રદર્શિત કરવા માટે મિજબાની કરવાનો શુભ દિવસ બની રહ્યો. અને તે દેશના લોકમાંના ઘણાક તો યહૂદી થઈ ગયા; કેમ કે તેઓએ યહૂદીઓને ડર લાગ્યો. એસ્તર ૮: ૧૧,૧૬,૧૭*

જ્યારે બધુ પૂરું થયુ ત્યારે યહૂદીઓને માન અને આશીર્વાદ મળ્યા. રાજાએ એસ્તર રાણીની વધુ પ્રશંસા કરી અને આદર કર્યો. મોર્દખાયને રાજાના દરબારમાં બીજા નંબરનો અધિકારી બનાવવામાં આવ્યો.

નોંધ કરો, મેં કહ્યું જ્યારે બધુ પૂરું થયુ. હાલમા તમારા જીવનમાં જે કાંઈ બની રહ્યુ છે તે તમને મુશ્કેલ લાગે છે પરંતુ છેવટે તે પૂરું થશે – આ પણ પૂરું થશે ! હું તમને ઉત્તેજન આપુ છુ કે ભૂતકાળની વેદના ભૂલી મળનાર ઇનામમાં આનંદીત બનો.

*કેમ કે યહૂદી મોર્દખાય અહાશ્વેરોશ રાજાથી બીજા દરજ્જાનો તથા યહૂદીઓમા મહાન પુરુષ ગણાતો હતો અને પોતાના દેશબંધુઓનો માનીતો હતો; કારણ કે તે પોતાના લોકોનું હિત શોધતો અને તેઓ વધારે ને વધારે આબાદ થાય તે માટે યત્ન કરતો હતો. એસ્તર ૧૦:૩*

જેમ હું માનું છુ કે જે કાંઈ મેં શીખવ્યું છે તે આપણા જીવનના આ સમયના માટે છે જેની હાલમાં આપણને જરૂર છે.

તમારુ સ્થાન ગ્રહણ કરી લો, મોરચો સંભાળો, પડતુ મુકશો નહિ, સ્થિર ઊભા રહો. ઈશ્વરના વિશ્રામમાં પ્રવેશ કરો. ઈશ્વરના તારણને જૂઓ. તમારા જીવનમાં જે બને છે તે શોધી કાઢવાનું પડતુ મુકો ચિંતા ત્યજી દો. જ્યારે કસોટી આવે ત્યારે તમારુ સ્થાન ગ્રહણ કરી લો (મોરચો સંભાળો) અને ઈશ્વરે તમારા માટે જે ઉધ્ધારનું આયોજન કર્યું છે તે જુઓ. યુધ્ધ તમારુ નથી. યુધ્ધ યહોવાનું છે.

# સમાપન

# સમાપન

હું માનું છુ કે આ પુસ્તક વાંચવાના પરિણામે આ દિવસ તમારા માટે નવો દિવસ બની ગયો છે. હવે તમે કસોટીઓને જુદી જ રીતે હલ કરશો. અગાઉ કરતા વિશેષ રીતે હવે તમે તમારુ જીવન અને તમારો ઈશ્વર સાથેનો સંબંધમાં વધુ આનંદ માંણશો. દરેક વિશ્વાસીનું ઉચ્ચતમ તેડુ તો ઈશ્વરમાં તેનો આનંદ છે. ઈશ્વરે આપણને તેની પ્રસન્નતા માટે, તેની સાથે સંગત માણવા સૃજ્યા છે.

જો આપણે ચિંતા કરીએ છીએ તો સંગત માણતા નથી. મને યાદ છે સવારે મારી ખુરશીમાં બેસી હું દૈનિક પ્રાર્થના કરતી હતી. અને મારી હાલની પરિસ્થિતી અને તે માટે શુ કરવું તે બાબતે ચિંતા કરવા લાગી. અચાનક એક ઝીણો, શાંત અવાજ મારા આત્મામાં સંભળાયો, ‘‘જોઈસ, શું તું તારી સમસ્યા સાથે સંગત કરવા માગે છે કે મારી સાથે ?’’ જો હું ઈશ્વર સાથે સમય ગાળવા તૈયાર થાઉ અને મારી સમસ્યાને ભૂલી જાઉ તો ઈશ્વર મારી સમસ્યા હલ કરવા તૈયાર હતા. યાદ રાખો ભય નહિ પરંતુ ભક્તિ.

તમારા જીવનમાં આવતા પરિક્ષણોનો સામનો કરવા માટે ઈશ્વરની આરાધના દ્વારા પ્રતિકારાત્મક તાકાત તમને મળશે.

હું તમારે વિષે આગાહી કરુ છુ કે તમે ઝડપથી પ્રગતિ સાધશો. એટલી બધી પ્રગતિ કે તમે નવાઈ પામી જશો. આજ ક્ષણથી તમારુ જીવન આસાન બની જશે. તેનો અર્થ એમ નથી કે પરિક્ષણો ને કસોટી નહી આવે પરંતુ જેમ તમે આરાધના કરશો તેમ તમે જેને હું ‘પવિત્ર હળવાશ’ કહુ છુ તે તમારામાં આવશે. આરાધક માટે સઘળુ આસાન બને છે આરાધનાથી બોજો ઊંચકાઈ જાય છે અને જે માર્ગ આપણે જઇ રહ્યા છે તેમાં આનંદ માણવા સ્વતંત્ર બનીએ છીએ.

આવો મારી સાથે યહોવાની આરાધના કરો તેને મોટો મનાવો. કારણ જો ઈશ્વર આપણી સાથે છે તો આપણી સામો કોણ !

# ઈશ્વર સાથે
# વ્યક્તિત્વ સંબંધ માટે પ્રાર્થના

## ઈશ્વર સાથે
## વ્યક્તિગત સંબંધ માટે પ્રાર્થના

ઈશ્વર ઈચ્છે કે તમે તેના ઉદ્ધારની ભેટ વીનામૂલ્યે મેળવો. ઈશ્વર તમારો ઉદ્ધાર કરવા તથા તમને પવિત્ર આત્માથી ભરપુર કરવા માંગે છે જો તમે શાંતિના રાજકુમાર ઈસુને તમારા જીવનના પ્રભુ અને તારનાર થવા કદી આમંત્રણ આપ્યું નથી, તો હું તમને આ નીચેની પ્રાર્થનામાં જોડાવા આમંત્રણ આપું છું. જો તમે તે બાબતે ખરેખર પ્રમાણીક હશો તો ખ્રિસ્તમાં નવા જીવનનો અનુભવ તમને પ્રાપ્ત થશે.

પિતાજી તમે જગત પર એટલો બધો પ્રેમ કર્યો કે તમારા એકના એક પુત્રને અમારા પાપ માટે મૃત્યુદંડ ભોગવવા મોકલ્યા કે જેથી જે કોઇ તેમના પર વિશ્વાસ મુકે તેમનો નાશ ન થાય પરંતુ સદાકાળનું જીવન પ્રાપ્ત થાય.

તમારા વચન કહે છે કે અમે કૃપાથી ઉદ્ધાર પામ્યા છીએ તે તમારી બક્ષિસ છે. અમે ઉદ્ધાર કમાઈ શકતા નથી.

હું વિશ્વાસ કરુ છુ અને મોથી કબુલાત કરુ છુ કે ઈસુ ખ્રિસ્ત તમારા પુત્ર છે તે જગતના ઉદ્ધારક છે. તે મારા માટે વધસ્તંભ પર જડાયા અને મારા પાપ તેમણે પોતા પર લીધા મારી કિંમત તેમણે ચુકવી. હું હૃદયપૂર્વક માનું છું કે તમે ઈસુને મૃત્યુમાંથી સજીવન કર્યા.

તમે મને મારા પાપની ક્ષમા આપો. હું ઈસુને પ્રભુ તરીકે કબુલ કરું છું. તમારા વચન મુજબ મારો ઉદ્ધાર થયો છે અને હું અનંતકાળ તમારી સાથે વીતાવીશ. પિતાજી તમારો આભાર હું આભારવશ છું. ઈસુના નામમાં આમેન.

વાંચો :— યોહાન ૩:૧૬, એફેસી ૨: ૮,૯, રોમન ૧૦ : ૯,૧૦, ૧ કરંથી ૧૫ : ૩, ૪, ૧ યોહાન ૧: ૯, ૪:૧૪-૧૬, ૫:૧,૧૨,૧૩.

# નોંધ

# નોંધ

**અધ્યાય - ૩**

[૧] ડબલ્યુ ઈ વાઈન, વાઈનસ કમ્પલીટ એક્સપોઝીટરી ડીક્ષનેરી જૂનો નવો કરાર વર્ડસ્ટ (નેશવેલે : થોમસ નેલસન ઇન્કક ૧૯૮૪)

નેલસન્સ એક્સપોઝીટરી ડિક્ષનેરી જૂનો કરાર પાન ૧૮૪, ૧૮૫, 'ટુ પ્રેઇઝ', 'બી. નાઉન.'

[૨] વાઈન 'એક્સપોઝીટરી ડિક્ષનેરી, ઓફ ન્યુટસ્ટામેન્ટ વર્ડસ' પાન ૪૭૯ 'પ્રેઈઝ' ''એ નાઈન'',

[૩] વાઈન ન્યુટસ્ટામેન્ટ પાન ૪૭૯ 'પ્રેઈઝ' ''એ નાઉન''

[૪] વાઈન, ઓસ્ટટેસ્ટામન્ટ પાન ૨૯૫ 'ટુવરશીપ'

[૫] વાઈન, ન્યુ ટેસ્ટામેન્ટ પાન ૬૮૬ 'વરશીપ' (ક્રિયાપદ અને સંજ્ઞા) ''વરશીપીંગ'' એ ક્રિયાપદ

[૬] વાઈન, ન્યુટેસ્ટામેન્ટ પાન ૬૮૬ '૧' નોંધ '૨' પ્રે.કૃ. ૧૭:૨૫ એમ્પલીફાઈડ બાઇબલ

[૭] વાઈન. પાન ૬૮૬ '૧'

[૮] 'ઇન ધ ગાર્ડન' વર્ડઝ અને ટયુન બાય સી. ઓસ્ટીન માઇલ્સ્ટ ૧૧-૧૨ કોપીરાઈટ © ૧૯૧૨ હોલ મેક કંપની © કોપીરાઈટ રીન્યુઅલ ૧૯૮૦, રોડહીવર બધા હક્ક સ્વાધીન પર વાનગીથી વાપર્યુ બાપ્ટિસ્ટ હીમવલ © ૧૯૭૫ કન્વેનશન પ્રેસ ચર્ચ મટીરીયલ નવીઝન, વેરવિલ ટેનીસ્ટ

**અધ્યાય - ૧૧**

[૧] વાઈન, ન્યુ ટેસ્ટામેન્ટ પાન ૬૩૯ આધારીત વ્યાખ્યા 'પરિવર્તન' 'રૂપાંતર'

**અધ્યાય -૧૨**

[૧] મરીયમ વેબસ્ટર ઓનલાઈન :/WWWebster dictionay. ૨૦૦૨ <http://www.m-w.com.s.v 'બીહોલ્ડ'

[૨] અમેરિકન ડિક્ષનેરી ઓફ ઇંગલીશ લેંગવેજ ૧૦મી આવૃત્તિ (સાનફ્રાન્સ સીસ્કો ફાઉન્ટેશન ફોર ક્રિશ્ચિયન એરજ્યુકેશન ૧૯૯૮) અફેસ્માઇલ ઓફ નોહા વેબસ્ટર ૧૮૨૮ આવૃત્તિ પુનઃમૂજણની પરવાનગી ૭:૧-૨ સ્ત મરીયમ કંપની કોપી રાઈટ ૧૯૬૯, ૧૯૯૫ રોસાલ જે સ્લેટર 'બીહોલ્ડ'

[૩] નોરવેલ હેઝ, નરશીપ અનલીગસીંગ ધ સુપરનેચરલ પાવર ઓફ ઇન ઓર લાઇફ

(તુલસ) હેરીસન હાઉસ ૧૯૯૩) પાન ૪૭-૫૩

**અધ્યાય - ૧૬**

[૧] રીક રેનર

## લેખક વીષે

જોઈસ માયર ૧૯૬૬થી શાસ્ત્ર શીખવે છે અને ૧૯૮૦ તેઓ પૂર્ણ સમયી સેવામાં છે. તેમણે ૫૪ થી વધારે પ્રેરણાદાયી પુસ્તકો લખ્યા છે. જેમાં અદ્રિતીય જીવનનું રહસ્ય, વિશ્વાસ સભર પ્રાર્થનાનો આનંદ, માનવ મન કુરુક્ષેત્ર જેવા પુસ્તકોનો સમાવેશ છે. વળી ૨૨૦થી વધુ ઓડિયો કેસેટ અને ૯૦થી વધુ વિડીયો આલબમ તૈયાર કરેલા છે વચનમાં જીવન છે. નામનો રેડીયો અને ડેલિવીઝન કાર્યક્રમ સમસ્ત વિશ્વમાં પ્રસારીત થાય છે. તેઓ સમગ્ર વિશ્વમાં તેમની ખુબ જ લોકપ્રિય કોનફરન્સ ‘વચનમાં જીવન’ છે. શીખવવા પ્રવાસ કરે છે. જોઈસ અને તેમના પતિ ડેવને ચાર સંતાનો છે. તેઓ સેંટ લુઈસ મસુરીમાં નિવાસ કરે છે.

## તેમને તમારે માટે જીતવા દો

વિશ્વમાં ઘણી બાબતો આપણને ગભરાવે છે. પરંતુ આપણો મોટામાં મોટો શત્રુ 'ત્યાં બહાર' નથી — તે તો 'અહીંયા' છે. આપણા હૃદયમાં, મનમાં. અને જેમ ભય પોતાની પકડ મજબૂત બનાવે છે આપણે તેમાંથી છુટવા મિથ્યા ફાંફા મારીએ છીએ.

ભય ને ચિંતામાં જીવવું તે તો કષ્ટદાયક છે. ઈશ્વરે તમારા માટે વિજયવાન જિંદગી રાખી છે તેથી તે જોજનો દૂર છે. નાશકારક વિચારધારાઓને તમે કેવી રીતે અટકાવી શકો ? ભયના કિલ્લાને તમે કેવી રીતે ભેદી શકો ? તમે તમારો સંઘર્ષ ઈશ્વરને સોંપો. તમારા વતી તેમને યુદ્ધ કરવા દો.

આ નવા ક્રાંતિકારી પુસ્તકમાં, લોકપ્રિય લેખક અને સંદેશવાહક જોઈસ માયર દર્શાવે છે કે તમે જે જાતે કદી કરી શકતા નથી તે કરવાને માટે ઈશ્વર પર કેવી રીતે વિશ્વાસ રાખી શકો — તમારા સંઘર્ષમાં જીત મેળવી સ્વતંત્રતા અને વિજયમાં જીવન જીવી શકો.

શોધી કાઢો કેવી રીતે........

- ભક્તિ દ્વારા ઈશ્વરની હાજરી ને સામર્થ્ય મેળવવા
- વિજય માટે તમારા સંઘર્ષ તેને સોંપવા
- ભય અને ચિંતાનો પ્રતિકાર અને વિજય
- બદલાયેલા જીવનમાં ઈશ્વરના સામર્થ્યની પ્રાપ્તિ

ઈશ્વર માટે કોઈ કિસ્સો આશાવીહીન નથી કોઇ એવી પરિસ્થિતી નથી કે જેમાંથી છુટકારો ને ઉદ્ધાર તે મેળવી ન શકે, ભલે તેમ ગમેતે પરિસ્થિતીમાં હો ઈશ્વરને તમને તાકાત ને સામર્થ્ય બક્ષવા દો કે તમે સંપૂર્ણ આનંદમયને શાંતીમય જીવન જીવી શકો યુદ્ધ યહોવાનું છે. તે તમારે માટે હંમેશા જીતનાર છે.



જોઈસ માયર વચનમાં જીવન છે સેવાના સ્થાપક છે. તેમના ટીવી અને રેડિયો કાર્યક્રમ સમગ્ર વિશ્વમાં લોકો માણે છે. તેમણે ૫૦ થી વધારે પુસ્તકો લખ્યા છે. તેમના પુસ્તકોમાં પાંત્રીસથી વધુ ભાષામાં ભાષાંતરીત થયા છે.

JOYCE MEYER
MINISTRIES
Nanakramguda, Hyderabad - 500 008